# કાળની ગતિ

લેખક

મોતીલાલ જેઠાલાલ મહેતા


પ્રકાશક

છોટાલાલ જીવણદાસ શાહ

# કાળની ગતિ


ॐ

# કાળની ગતિ



લેખક

મોતીલાલ જેઠાલાલ મહેતા

પ્રકાશક

છોટાલાલ જીવણદાસ શાહ

ગ્રંથ સ્વામીત્વના સર્વ હક લેખકને સ્વાધીન છે.

આવૃત્તિ પહેલી પ્રત ૧૦૦૦

કાગદી પુરૂષોત્તમ પરમાણંદ એન્ડ સન્સના
"લીબરલ લક્ષ્મી" પ્રિન્ટીંગ પ્રેસમાં છાપ્યું.
રાજકોટ.

# પ્રસ્તાવના.

કાળનો સ્વભાવ સહેલાઇથી સમજી શકાય તેવો નથી. આ પુસ્તકના કોઇ કોઇ પ્રકરણ, કોઇ વાંચનારને સમજવા મુશ્કેલ પડશે. એ બાબત ધ્યાનમાં રાખી અઘરા વિષયો દ્રષ્ટાંતોથી સહેલા કરવા પ્રયત્ન કર્યો છે.

કાળનો સ્વભાવ સમજાવવામાં, પોતાના અનુભવ ઉપરાંત કોઇ કોઇ જગ્યાએ પુરાણોની હકીકત અને નવા સાયન્સની શોધોનો ઉપયોગ પણ કરેલ છે.

કોઇવાર કોઇ માણસમાં એવી લાગણી ઉત્પન્ન થાય છે કે જાણે થોડી મીનીટમાં ઘણા વર્ષોના બનાવ પોતાની નજર આગળ બની જતા લાગે છે અને કોઇ વખતે કોઇને એવી લાગણી રહે છે કે તેનો વખત જતો નથી; છતાં ઘડીઆળનો કાંટો કહે છે કે વખત ચાલ્યો જાય છે. આ પ્રમાણે લાગણીથી કાળમાં ફેરફાર થાય છે તોએ ઘણા માણસો એક પ્રકારના કાળની ગતિથી એટલે ઘડીઆળના કાંટાથી પોતાના જીવનના

બનાવ માપે છે. ઘડીઆળ માત્ર એક ભાગના જીવનનો વખત બતાવે છે, તેથી તે વખતનો ભાગ બતાવે છે, અને તેથી તેને અંગ્રેજી ભાષામાં ટાઇમ-પીસ કહે છે. વળી, આપણી જગ્યા માટે પણ એવીજ ભૂલ થાય છે. કેટલીક વખતે બહુ ઉંડા વિચારમાં આપણે આપણા શરીરમાં હોતા નથી અને બહુ સુખની લાગણી વખતે આપણા શરીરમાં સમાઇ શકતા નથી. છતાં, વ્યવહારિક ટેવથી એમ માનીએ છીએ કે આપણે શરીર જેવડા છીએ.

નિશાળોમાં અને કોલેજોમાં પણ માત્ર એક પ્રકારનો દેશ અને એક પ્રકારના કાળની ગતિ શીખવવામાં આવે છે. ભૂગોળમાં પોતાના શરીરથી બહાર રહેલ પ્રદેશની હકીકત અને ઇતિહાસમાં બીજા માણસોન જીવન જાણવા પડે છે. પણ વિદ્યાર્થીના પોતાના શરીરમાં, પ્રાણમાં કે મનમાં જે બનાવો બને છે તે શા માટે ઉત્પન્ન થાય છે તેનો પુરો ખુલાસો નિશાળોના શિક્ષણથી મળતો નથી. નિશાળોમાં પદાર્થ પાઠ શીખવવામાં આવે છે તે વખતે પદાર્થોના ગુણ આપણી ઇંદ્રિયોના સાધન દ્વારા માપવામાં આવે છે. પણ કોઇનું નાક એવું હોય કે સુગંધ આવે નહિ તો ગુલાબની સુગંધ કેવી છે તે

તે કહી શકે નહિ અને કોઇ જન્મથી અંધ હોય તો લીમડાનો રંગ કેવો છે તે બરાબર જાણી શકે નહિ, છતાં તે કાંઇક વસ્તુઓ છે અને તેને ઇંદ્રિયોની મદદ વગર અથવા આત્મજ્ઞાન ઉમેરીને જાણી શકાય છે. આ રીત કેટલેક અંશે ધાર્મિક સંપ્રદાયો બતાવે છે.

ધાર્મિક સંપ્રદાયોમાં માણસના સ્વભાવના ગુણ-દોષ, અંતઃકરણની વૃત્તિઓ અને આત્માના ક્ષેત્ર વિષે કેટલીક સમજણ આપવામાં આવે છે. છતાં ત્યાં પણ ભૂલનો સંભવ છે. પ્રાચીન કાળમાં કોઇ સંપ્રદાય, ભગવાન આપણી ઉપર કોઇ જગ્યાએ રહેલા છે એમ મનાવતા હતા અને હાલના કાળમાં નવા સંપ્રદાય એમ સમજાવે છે કે ભગવાન જગતમાં છે પણ હમણા નથી; અમુક અમુક પ્રકારની ક્રિયા કરશો એટલે તે પછી ભગવાન મળશે. પ્રાચીન કાળના કેટલાક વિદ્વાનો ભગવાનની જગ્યાના સંબંધમાં ભૂલ કરતા હતા, હાલના કાળના કેટલાક વિદ્વાનો ભગવાનના કાળના સંબંધમાં ભૂલ કરે છે. જે ભગવાન ઉપર છે અથવા જે હવે પછી મળશે તે સાચા ભગવાન નથી. તે પોતાની માન્યતાના ભગવાન હોય છે.

જીવભાવે ઇશ્વરનો વિચાર કરવા બેસીએ છીએ અને જ્યારે બરાબર જવાબ મળતો નથી ત્યારે એમ

માનીએ છીએ કે સત્ય કોઇને મળ્યું નથી, અથવા મળે તેમ નથી. પણ તે સમજવા માટે જેવી બુદ્ધિની જરૂર છે અને તે પ્રાપ્ત કરવા માટે જેટલા પ્રેમની જરૂર છે તે મેળવવાનો પ્રયત્ન થતો નથી.

પણ પ્રયત્ન કેવી રીતે કરવો? આત્મા ઉપર આવરણ કે અજ્ઞાન ચડતું નથી. જે વસ્તુની પુરી જરૂરીઆત ઉત્પન્ન થઇ ન હોય તેના ઉપર આવરણ છે એમ ભૂલથી જણાય છે. જે વસ્તુ પુરા પ્રેમ પૂર્વક જોઇએ છીએ તેના ઉપરથી આવરણ ખસતું જતું હોય એમ જણાય છે, તેનો સ્વભાવ ખુલ્લો થતો જાય છે અને તે વિષેનું જ્ઞાન વધતું હોય એમ લાગે છે. ખરૂં જ્ઞાન વધતું નથી પણ ખોટું જ્ઞાન ઘણીવાર ફેરવવું પડે છે તેથી જ્ઞાન વધે છે એમ બોલાય છે અને આવરણ દૂર થાય છે એમ કહેવાની ટેવ થઇ હોય છે. તેથી ખોટું જ્ઞાન દૂર કરવાની જરૂર છે. ભણેલું ભૂલવાની જરૂર છે. આ બાબત બહુ થોડા સમજે છે.

માણસનું જીવન અલ્પ છે તેમજ મહાન છે. દેહભાવે વિશ્વમાં તે એક નાના જીવરૂપે ચાલે છે, આત્મભાવે તે પ્રભુ છે, વિશ્વ તેનામાં ચાલે છે. દરેક

કાળે જે જે મહાત્માઓ થયા છે તે માણસની પ્રભુતા પ્રગટ થાય તેવા ઉપાય બતાવી ગયા છે. તે પ્રાપ્ત કરવામાં કાળનો નિયમ નથી. કોઇને તે અનુભવ તરત થાય છે, કોઇને તરત થતો નથી. તેનું કારણ એમ નથી કે પ્રભુ ઉપર છે અથવા ભવિષ્યમાં છે પણ બહુ થોડા માણસને તેની ખરી જરૂર લાગે છે. જે માણસને જે કામ કરવામાં બહુ પ્રીતિ હોય છે તે કામ પુરૂ કરતાં તેને બીજા માણસ કરતાં ઓછો વખત લાગે છે.

સાચી સમજણ મળી હોય તો અંતર્દશા જુદા પ્રકારની થાય છે, ખોટા પ્રશ્નને ખોટા પ્રશ્ન તરીકે જોઇ શકાય છે અને જ્યાં પ્રશ્ન ઉત્પન્ન થાય છે ત્યાંજ ઉત્તર મળે છે અથવા બહુ સારી દશા હોય તો તેજ વખતે ત્યાંજ ઉત્તર મળે છે.

સત્સંગ વખતે સત્સંગ પુરો થયા પછી કરવાના કામની જરૂરીઆત સત્નો સંગ થવા દેતી નથી. આપણે અમુક કામ અમુક દિવસે કરવાનું આજથી નકી કરીએ તો તે દિવસે તે કામ યાદ આવશે. તે આપણા જીવન માટે આપણે ઉત્પન્ન કરેલો આપણા કામનો વખત છે. વળી અમુક જગ્યાએ અમુક કામ કરવાનું

હુમણાથી નકી કરીએ તો તે જગ્યાએ તે કામ યાદ આવશે. તે આપણા જીવન માટે આપણે ઉત્પન્ન કરેલો આપણા કામનો પ્રદેશ છે. બધી જગ્યાએ બધે વખતે ભગવાન મળશે એવી દ્રઢતા રાખી હોય તો બધે વખતે બધી જગ્યાએ ભગવાન મળે છે. ભગવાન સીવાય બીજા કામની જરૂરીઆત, ભગવાનથી જીવને જુદા કરવાનો પ્રયત્ન કરે છે.

જેનો સંગ થયા પછી જેનાથી કોઇ દિવસ જુદા ન થઇએ તેનો સંગ થયો કહેવાય. સંસારના સંબંધ કાયમ રહેતા નથી. તેમાં ખરો સંબંધ થતો નથી. તેથી રાસલીલામાં જ્યારે શ્રી કૃષ્ણે ગોપીઓને કહ્યું કે તમે ઘેર જાઓ અને પતિ સેવા કરો ત્યારે ગોપીઓએ જવાબ આપ્યો કે "અમે પતિ સેવા કરવા ખુશી છીએ પણ મરે નહિ એવો પતિ આપો તો જીંદગી સુધી પતિ સેવા થઇ શકે, વળી દરેક જન્મે પતિ ફેરવવો પડે તો એક પતિવૃત રહી શકે નહિ". નિત્ય વસ્તુની પ્રાપ્તિ માટે ગોપીઓના જેવી ઉત્કંઠા જોઇએ. અર્જુનમાં એવી ઉત્કંઠા નહોતી. તેને સંઘધર્મ અથવા કુલધર્મ ઉપર મોહ હતો, સમાજની માન્યતા પ્રમાણે નકી થએલ અનુ-કુળ ધર્મ અને પ્રતિ-કુલ ધર્મમાં મમતા હતી. તેથી તેનો મોહ નીકળે તેવો

રસ્તો શ્રી કૃષ્ણે બતાવ્યો પણ ગોપીઓ મોહ છોડીને નિત્ય અને અનિત્ય વસ્તુનો સ્વભાવ સમજીને અનન્ય ભાવે પતિના પતિ અને સર્વના પતિ પાસે આવી હતી. જે વસ્તુનો સંબંધ કદી છૂટે નહિ તે વસ્તુ તેઓએ માગી હતી. આવી દશામાં ભક્તને સાધનની શરૂઆતમાં ભગવાનનો અનુગ્રહ મળે છે અને તેના પરિણામે સર્વાત્મભાવ ઉત્પન્ન થવાથી જેવું જગત પહેલાં દેખાતું હતું તેવું લાગતું નથી. સંઘ અથવા સમાજ જેવું જગત દેખાય છે તેવું સાચું માની ચાલે છે. તે ધર્મમાં આત્મજ્ઞાન ન હોવાથી તેના સંબંધ કાચા રહે છે, ત્યાં ખરા સંબંધ થતા નથી અને જીવનના યુદ્ધ માટે હમેશાં તૈયારી રાખવી પડે છે.

જીવભાવે આખું જગત જોઇ શકાતું નથી અને જેટલું દેખાય છે તેટલું હમેશાં સારૂં લાગતું નથી. થોડુંક ગમે અને થોડુંક ન ગમે ત્યારે ભેદબુદ્ધિ ઉત્પન્ન થાય છે. તે વખતે તે માણસ પોતાનું જગત ઉત્પન્ન કરે છે, વળી તે કેવી રીતે ઉત્પન્ન થયું તે ખબર પડતી નથી, પણ જ્યારે એ બુદ્ધિ જાય છે ત્યારે એ બુદ્ધિનું જગત પણ જતું રહે છે.

ખરા જગત માટે એક પ્રકારનું માપ નથી. દરેક જગ્યાએ દરેક વખતે દરેક બનાવ માટે પોતાનું માપ

રહે છે. તે માપ તે વખતે મળી શકે તો જગત એ ભગવાનની લીલા છે એમ અનુભવમાં આવશે. પણ સાધારણ સ્વભાવના માપથી બધા બનાવ સમજવા જતાં લીલાને બદલે આપણો સ્વભાવ દેખાશે.

હાલના વખતમાં સેવાધર્મનો બહુ પ્રચાર થયો છે. જ્યાંસુધી આત્મજ્ઞાન થયું ન હોય ત્યાંસુધી કોઇ માણસો આપણા કરતાં વધારે વિદ્વાન લાગે છે અને કોઇ માણસો આપણા કરતાં ઓછા વિદ્વાન લાગે છે. ખરી સેવામાં, માણસ પોતાના કરતાં વધારે સદ્ગુણ-વાળાની સેવા કરે છે. તેવા ભાવથી સેવાનું રહસ્ય પણ સમજાય છે. પણ હાલ ઘણા માણસો સમાજસેવાના સંપ્રદાયના જોરથી પોતાનાથી ઓછી બુદ્ધિવાળાની સેવા કરી તેમની સ્તુતિથી પોતાને વિદ્વાન માને છે. આવી સ્થિતિમાં ખરી સેવા કઇ કહેવાય તે સમજવામાં આવતું નથી. ખોટી સેવાના દ્રષ્ટાંતો શોધવા જશું તો ઘણા મળી રહેશે. જે સેવાથી આપણો આત્મા દિવસે દિવસે ઉંચ સ્થિતિ પ્રાપ્ત કરતો જાય તે સેવા કરવામાં લાભ છે. સામાન્ય જ્ઞાનથી જે કર્તવ્ય પ્રાપ્ત થાય છે તે ખરૂં કર્તવ્ય નથી.

ખરી ફરજ બજાવતી વખતે માણસ પોતાનું કામ શરૂ કર્યા પહેલાં તે ભગવાનને અર્પણ કરી દે છે

અને તેનો અનુગ્રહ માગીને કામ શરૂ કરે છે. આવો ભાવ દરેક કામની શરૂઆતમાં હોય તો ભગવાનની સેવાનો વખત અને વ્યવહારિક કામનો વખત જુદો થઇ શકતો નથી. ત્યાં ખરી રીતે કામ નથી પણ સેવા છે. જ્યારે આવો ભાવ રાખી શકાતો નથી અને પોતાની મતલબ કામની શરૂઆતમાં આવે છે ત્યારે કામને અંતે પણ તેવીજ દશા રહે છે. માત્ર કર્મનું ફળ ભગવાનને અર્પણ કરવાનું નથી પણ કર્તૃત્વભાવ પણ તેને અર્પણ કરવાનો છે. આ બાબત સમજવામાં ન આવવાથી ઘણીવાર બે ત્રણ ફરજ એક વખતે ભેગી થાય છે અને તેમાંથી કેમ નીકળવું તે સૂઝતું નથી.

દેવજાતિ, સત્યાગ્રહ, આત્મબળ, સ્વરાજ્ય વિગેરે સમાસિક શબ્દો, બે શબ્દોના બનેલા છે. સાચી સમજણ ઉત્પન્ન થઇ ન હોય ત્યારે પહેલા શબ્દો છોડીને બીજા શબ્દોનો અર્થ ગ્રહણ કરવા વૃત્તિ દોડે છે. તેથી પોતાની મતલબનો અર્થ મળે છે; દેવને બદલે જાતિ મળે છે, સત્યને બદલે આગ્રહ મળે છે, આત્માને બદલે બળ મળે છે, સ્વને બદલે રાજ્ય મળે છે. પહેલા શબ્દનો અર્થ મળવાને બદલે બીજા શબ્દનો અર્થ મળે ત્યારે કાળની ગતિ અવળી ચાલતી દેખાશે,

ખોટું ભવિષ્ય ઉત્પન્ન થશે અને તેનો અંત જણાશે નહિ; પણ પહેલા શબ્દોના અર્થ મળે તો જીવનનો છેડો જીવનની શરૂઆતમાં દેખાશે.

છેડાને સમાપ્તિ કહે છે, તે સમભાવની પ્રાપ્તિ છે. સમભાવે એકજ વસ્તુ મળે છે, જ્યાં જ્યાં મન જાય છે ત્યાં ત્યાં સમાધિ પ્રાપ્ત થાય છે, તેના આનંદરૂપ અમૃતના રસાસ્વાદની આસક્તિથી જીવન સમ-આપ્ત થાય છે.

આ પુસ્તકની અંદરના વિષયો ટુંકામાં અનુ-ક્રમણિકામાં આપેલા છે. વાંચનારાઓની રૂચી ભિન્ન ભિન્ન પ્રકારની હોવાથી બધાને સંપૂર્ણ સંતોષ થશે એવું માની શકાય નહિ તોપણ ઘણાને પોતાના જીવનમાં ઉપયોગી થાય એવી થોડીક સૂચના મળી રહેશે. એક નાના પુસ્તકનો લેખક એથી વધારે શી આશા રાખી શકે ?

પેલેસ રોડ, રાજકોટ.
તા. ૧૦-૬-૩૧.

**મોતીલાલ જેઠાલાલ મહેતા.**

# અનુક્રમણિકા.


પ્રકરણ                                                         પાનું

૧. કાળનું માપ અને કાળનો સ્વભાવ .... ૧

મોક્ષના ઉપાય–કાળ વિષે માન્યતા–કાળનું માપ –ઘડીયાળ, સૂર્ય વિગેરેના સાધન–જગ્યાનો કાળ -જગ્યાની ગતિથી ફેરફાર–લાગણીનો કાળ–દ્રષ્ટાનો કાળ –સંવતની ઉત્પત્તિ–નિશાળોમાં ચાલતો ઇતિહાસ–સૌથી પહેલાં શું હતું?–કલ્પનાથી કલ્પ–એક સાથે ચાર યુગ–ઉપયોગથી કાળમાં થતો ફેરફાર–કાળની દિશા –સુખનો વખત–ક્ષેત્રનો કાળ–મહાકાળ–યોગીનો કાળ –પ્રેમનો કાળ–જ્ઞાનીનો કાળ–મરણ પછીનો કાળ–કાળ જીતવાનો ઉપાય.

૨. માન્યતા .... .... .... .... ૪૫

આત્મા શુદ્ધ છે કે અશુદ્ધ?–સાધુઓનું જીવન–જડ અને ચેતન–સાયન્સની શોધો–ખરી સેવા–સત્યાગ્રહનો અર્થ–ભગવાનનો અર્થ–સત્યનો અર્થ–સાચી માન્યતા –ભગવાન ક્યાં છે?–વ્યવહાર અને પરમાર્થ–ભાષાની મુશ્કેલી–ખોટો "હું"–સાચું સુખ–અજ્ઞાનનો અર્થ –સામાજિક ધર્મ–ત્રણ પ્રકારના જ્ઞાન–ધ્યાનનો વિધિ –શ્રદ્ધા–સંપ્રદાયના લાભ અને ગેરલાભ–આત્માના

એ મુખ્ય લક્ષણ—અન્વય અને વ્યતિરેક—મૂર્તિ પૂજા —પ્રેમનું રહસ્ય—સેવકભાવ—મિત્રતા—વાત્સલ્યતા—મધુર પ્રેમ—પ્રેમવશ ભગવાન.

૩. ન્યુસપેપર .... .... .... ૯૩

ન્યુસપેપરનો જન્મ—જાહેર ખબરો—નવા સમાચાર —લોકોની લાગણી ઉપર આધાર—જીવનમાં વધારો કે સુધારો—અભિમાનમાં વૃદ્ધિ—અધિપતિઓની પરતંત્રતા —વાંચનારાઓની દશા—એકાંત અને મૌનથી થતો લાભ—જુની વાતો નવા રૂપમાં—ગુજરાતના માસિકો, પુસ્તકો અને લેખકો.

૪. માયા .... .... .... .... ૧૨૫

માયાની વ્યાખ્યા—વિરૂદ્ધ ધર્મનો સમન્વય—માપના ધર્મ --સ્વપ્ન, સુષુપ્તિ અને જાગ્રત અવસ્થા—માયાના બીજા અર્થ—અલ્પભાવે આખું માપવાની ટેવ—જુનો પ્રશ્ન —ભાષાની મુશ્કેલી-તત્ત્વમસિનો અર્થ—વામનજીનું માપ —અશ્વમેધનો અર્થ—પોતાનો દેશ—નિશાળની ભૂગોળ —ચંચળ ચિત્ત—દ્રષ્ટીના દોષ—નારદજીએ જોએલી માયા —અર્જુને જોએલી માયા—સુદામાજીએ જોએલી માયા —દરેક વસ્તુનું પોતાનું માપ—અક્રુરજીએ જોએલી માયા —શ્રી કૃષ્ણનું સ્વરૂપ—પત્થરમાં જ્ઞાન અને આનંદ—તેની બે પ્રકારની ગતિ—અજ્ઞાન દૂર કરવાના ઉપાય.

૫. પ્રારબ્ધ .... .... .... .... ૧૬૧

જોશીની ગણત્રી–પ્રકૃતિમાં પ્રારબ્ધ–મનની ટેવ–ખેતીનું પ્રારબ્ધ–વેપારનું પ્રારબ્ધ–રાજ્યનું પ્રારબ્ધ–પાપીને સજા–પ્રારબ્ધ જીતવાના ઉપાય–સ્વપ્નાના બનાવો –નિગ્રહ કે સંયમ–આત્મજ્ઞાનીની સરળતા–એક સાથે ઘણી ફરજ–પુરૂષાર્થી માણસનો સ્વભાવ–દરદના ઉપાય –યમરાજા–પ્રકૃતિનો સ્વભાવ–બધી ઇચ્છાથી છૂટવું –વિધાતાની સૃષ્ટી–સંસારમાં પ્રારબ્ધ.

૬. સુધારા .... .... .... .... ૧૯૫

સાયન્સે આપેલ સગવડો અને અગવડો–બ્રાહ્મણોની સત્તા વખતે સુધારા–ક્ષત્રીઓની સત્તા વખતે સુધારા –વેપારીઓના સુધારા–રાજ્ય અને ધર્મ–મહાત્મા ગાંધીજીના જન્મનું કારણ–મજુરોના સંઘ–પ્રમાણિક સેવા–સંઘધર્મની સગવડો અને અગવડો–હક અને જવાબદારી–પૈસો અને સ્ત્રી–પ્રજાની વૃદ્ધિથી ગરીબાઇ –સંઘની નીતિ–ગુરૂ, રાજા અને નગરશેઠ–ભવિષ્યના વિદ્વાનો–સેવાની દિશા–જીવનનો હેતુ–ભવિષ્યમાં સુખ –અંત વગરનું ભવિષ્ય-ભાગમાં સુધારો–ખરી સમજણ –સુધારાનો અંત–વ્યવહાર અને પરમાર્થ–ફેરફાર એ સુધારો નથી–જીવનનો હેતુ–ખરૂં કર્તવ્ય–જીવનમુક્તિ.

૭. માણસ અને રૂષી .... .... .... ૨૩૩

અંગ્રેજી વિદ્યાના સંસ્કાર–માણસની ઉત્પત્તિ–પૃથ્વીની ઉત્પત્તિ–તાંત્રિક મત–વૈદિક મત–નવા સાયન્સની શોધ

–વીજળી અને આકર્ષણ–સ્થૂલ તેજનો સ્વભાવ –સૂક્ષ્મ તેજનો સ્વભાવ–ભરત મુનિની વાસના–યોગીને દેખાતું તેજ–શ્રી અરવિંદની યોગ સાધના–દેવ જાતિની આશા–શરીર ફેરવવાનો પ્રયત્ન–વૈદિક રૂષી મુનિઓનું જ્ઞાન–એ મુખ્ય ક્રિયાઓ–યોગીના દેશ અને કાળ –જ્ઞાનીના દેશ અને કાળ–બાળક કેનો ?–અંક ગણીત અને બીજ ગણિત–તેજ આપનાર સત્તાનો સ્વભાવ –જીવ ભગવાનથી જુદો થયો શી રીતે ?–બધી ક્રિયા એક સાથે–સમજણમાં ભૂલ–પુરૂષનું સૌંદર્ય–આત્મ-જ્ઞાનીની દશા–ખરૂં જ્ઞાન વધતું નથી–સત્સંગ–ગુણ દ્રષ્ટી–પૂર્ણમાંથી પૂર્ણ.



જંગલમાં સાધુઓના સમભાવની સંનિધિમાં પશુઓનો સ્વભાવ
ક્રૂર થાય છે અને જગતના કાયદા તૂટે છે. (પાનું ૧૮૫)

B. 8432—Lakshmi Art, Bombay, 8

# કાળની ગતિ.

## પ્રકરણ ૧ લું.

### કાળનું માપ અને કાળનો સ્વભાવ.

કોઇ કહે છે કે પંચમઆરો કઠણ છે માટે આ કાળમાં કોઇને મોક્ષ મળે તેમ નથી.

કોઇ કહે છે કે ફળની આશા રાખ્યા વગર એટલે નિષ્કામ ભાવે કર્મ કરતા રહો તો બધું બરાબર થઇ રહેશે.

ભક્તિમાર્ગવાળા વળી કોઇ કહે છે કે જીવ અને જગત્ ઉત્પન્ન થયા પહેલાં ભગવાન હતા. તેથી જે થયું છે તે તેની ઇચ્છાથી થયું છે અને જે થશે તે તેની ઇચ્છાથી થશે માટે આપણું કર્તવ્ય ફક્ત ભગવાનને શરણ થવામાં રહેલું છે.

## કાળની ગતિ.

જ્ઞાન માર્ગવાળા કહે છે કે બંધન આત્માના અજ્ઞાનથી થયું છે માટે આત્માના જ્ઞાનથી તે ત્રુટશે.

વળી મહાત્મા ગાંધીજી, યરોડા જેલમાંથી આશ્રમ ઉપર મોકલાવેલા એક પત્રમાં લખે છે કે આ ક્ષણિક દેહે શાશ્વત ધર્મનો સાક્ષાત્કાર સંપૂર્ણ રીતે થવો શકય નથી. તેની દ્રષ્ટીમાં પણ આ ક્ષણિક દેહે કાળ નરમ લાગતો નથી.

જગતની રચના જાણવાની ઇચ્છા વારંવાર માણસોના મનમાં થયા કરે છે. જગત કેવી રીતે ઉત્પન્ન થયું છે, કેવી રીતે ચાલે છે અને ભવિષ્યમાં તેનું શું થશે, એ બાબતો ઉપર વિદ્વાન પુરૂષોએ વિચાર કર્યા છે, કરે છે અને કરશે.

છતાં બધાને સત્ય મળી ગયું છે એમ કહી શકાય નહીં તેમ કોઇને નથી મળ્યું એમ પણ કહી શકાય નહીં.

પ્રકૃતિને લઇને આ પૃથ્વીના ઘણા માણસોના મનમાં જીવનની શરૂઆતમાં કેટલીક ખોટી માન્યતાઓ દાખલ થઇ જાય છે. તેમાં એક ખોટી માન્યતા કાળના સંબંધમાં છે.

પહેલાં માણુસના જોવામાં બે વસ્તુ આવે છે. એક પોતે અને બીજું જગત. પણ પોતે કોણ અને જગત કેવું છે તે તરત તેના સમજવામાં આવતું નથી. તે માને છે કે જગતમાં બધું સમાઇ જાય છે પણ તે તેનું માનેલું જગત હોય છે. તેના માનેલા જગતમાં બધું સમાઇ જતું નથી. ત્યારે જગત કેવું છે?

જગત જોતી વખતે આપણે આપણા વિચાર જગત ઉપર નાખીએ છીએ કે જગતના પદાર્થ આપણી દ્રષ્ટી સાથે મળી જઇને આપણી અંદર વિચાર ઉત્પન્ન કરે છે કે આપણી બુદ્ધિ એવી છે કે તેનાથી સત્ય જાણી શકાયજ નહીં? આ એક ઉપયોગી પ્રશ્ન જગત સાથેના આપણા સંબંધથી ઉત્પન્ન થાય છે.

જ્યારે કોઇ નવી બાબત સમજવાની જરૂર પડે છે ત્યારે જે માણુસો તે બાબત બરાબર સમજ્યા હોય તેમના જેવું મન તૈયાર કરવું પડે છે એટલુંજ નહીં પણ નવું જાણુવામાં કેટલીકવાર જુનું તદન ભૂલવાની પણ જરૂર પડે છે. જે જાણુવા માટે જેવી બુદ્ધિની જરૂર હોય તેવી બુદ્ધિ પહેલાં કરવી જોઇએ. આ ઉપયોગી બાબત નથી સમજાતી તેથી કેટલાક

માણસો કેટલીક બાબત માનતા નથી. દરેક વખતે લોકોના મનમાંથી ખોટી માન્યતાઓ દૂર કરવામાં તે વખતના મહાત્માઓને ઘણી મહેનત પડે છે અને તેમનો ઘણો વખત જાય છે.

આટલી મહેનત કર્યા છતાં બીજા કાળે બીજા પ્રકારના સ્વભાવવાળા માણસોના જન્મથી, થઇ ગએલા નિશ્ચય ફરીથી નવી રીતે કરવા પડે છે. જુદા જુદા ધર્મોએ પોતપોતાની દ્રષ્ટીથી કેટલીક ઉપયોગી બાબતો સમજી દર્શન શાસ્ત્રો રચ્યા છે, છતાં બીજા કાળે જન્મેલ કેટલાક માણસો કહે છે કે હજુ કોઇને સત્ય મળ્યું નથી તેથી ફરીથી વધારે આગ્રહથી તે પ્રાપ્ત કરવાની જરૂર છે. પણ વધારે તપાસ કરતાં એમ જણાશે કે જે માણસ આવું બોલે છે તેને પોતાને સત્ય મળ્યું હોતું નથી.

મુખ્ય મુશ્કેલી એ રહે છે કે એક માણસ એક જગ્યાએ બધે વખતે રહી શકતો નથી અથવા બધી જગ્યાએ એકજ વખતે રહી શકતો નથી. તેથી બીજા માણસના અનુભવ પોતાના અનુભવ સાથે સરખાવતાં ગોટાળામાં પડે છે. વળી, દરેક વખતે

કેટલીક ખોટી માન્યતા ચાલુ હોય છે, કેટલીક દૂર થાય છે અને કેટલીક નવી ઉત્પન્ન થાય છે. બધાની બધી ભૂલો દૂર થાય એવો ઉપાય કોઇ મહાત્મા કે ગ્રંથકાર આપી શકતા નથી કારણ કે સત્ય બધા માણસની બધી લાગણીઓને સંપૂર્ણ રીતે સંતોષ આપે તેવું નથી.

જગત સાથેના આપણા સંબંધથી એક લાગણી કાળ વીષે ઉત્પન્ન થાય છે. સત્ય જાણવામાં તે વિચાર બહુ ઉપયોગી છે.

કાળનું માપ કરવા માટે આપણે કાંઇક સાધન લેવું પડે છે. આગલા વખતમાં જ્યારે ઘડીઆળો ન હોતી ત્યારે માણસો સૂર્યના તડકાથી અથવા રેતીથી ભરેલી શીશીથી અથવા રાત્રે તારાની જગ્યા જોઇ વખત જોતા હતા. તે વખતના નિવૃતિમય જીવન માટે આ સાધનો ઉપયોગી હતા પણ હાલ તેવા સાધનોથી કેટલીક પ્રવૃતિ થઇ શકતી નથી.

તેથી વખત બરાબર બતાવે એવી ઘડીઆળની જરૂર પડી. સૂર્ય, ચંદ્ર અને પૃથ્વીની ગતિથી દીવસ અને રાત્રીના અનુભવ થાય છે. તેની ગતિ પ્રમાણે અને બીજા ગ્રહોની ગતિ પ્રમાણે જ્યોતિષ શાસ્ત્ર

રચવામાં આવ્યું છે. જ્યોતિષ શાસ્ત્રના નિયમ પ્રમાણે ઘડીઆળ રચવામાં આવી છે અને ઘડીઆળ પ્રમાણે જ્યોતિષ શાસ્ત્ર અને માણસનો વ્યવહાર ચાલે છે.

પણ ઘડીઆળ જે વખત બતાવે છે તે ઘણે ભાગે તે જગ્યાનો ખરો વખત હોતો નથી. મુંબઇમાં મુંબઇનો વખત ચાલે છે અને કલકત્તામાં કલકત્તાનો વખત ચાલે છે. લંડનમાં ગ્રીનીચનો વખત ચાલે છે અને અમેરીકામાં ન્યુયોર્કનો વખત ચાલે છે. તેથી લંડનમાં સાંજે થતી વાતચીત જ્યારે આંહી રેડીઓથી સાંભળવાની કોઇની ઇચ્છા થાય છે ત્યારે આંહી લગભગ પાંચ કલાક પછી તે યંત્ર ઉઘાડવું પડે છે. આંહીંથી માણસો ઇંગ્લાંડ જાય છે ત્યારે તેમને પોતાની ઘડીઆળનો વખત ફેરવવો પડે છે. સામાન્ય વ્યવહાર રેલ્વેના વખતથી ચાલે છે પણ જ્યારે અમુક બનાવનો બરાબર વખત જોવો હોય ત્યારે તે બનાવ જે જગ્યાએ બન્યો હોય તે જગ્યાનો વખત ગણત્રીમાં લેવો જોઇએ.

તેથી જ્યારે કોઇ જોશી કોઇ માણસનું ભવિષ્ય અથવા તેની જન્મ પત્રિકા જોવા માંડે છે ત્યારે પહેલાં

તે તેના ગામનો વખત શોધી કાઢે છે. છતાં એક ગામમાં પણ તે માણસનો જન્મ જે જગ્યાએ થયો હોય તે જગ્યાનો વખત ગણત્રીમાં લેવો જોઇએ નહીંતર ખરૂં જન્મફળ આવશે નહીં. આ બાબત બરાબર નથી સમજાતી તેથી કેટલીક જન્મ પત્રિકાઓ સાચી પડતી નથી.

વળી, જ્યારે જગ્યા ગતિમાં હોય ત્યારે કાળનું માપ કાઢવું બહુ મુશ્કેલ પડે છે. ખગોળ શાસ્ત્રીઓ કહે છે કે સૂર્ય ઉગતો નથી અને આથમતો નથી પણ ટ્રેનમાં બેઠેલા માણસોને જેમ ઝાડ ચાલતા લાગે છે તેમ આપણી પૃથ્વી એવી રીતે ફરે છે કે માણસોને સૂર્ય ઉગતો અને આથમતો લાગે છે. ચંદ્રની કળાઓ પણ ચંદ્રમાં નથી અને પૃથ્વી પણ પૃથ્વી ઉપર રહેલા માણસોને ફરતી લાગતી નથી. જેમ ટ્રેનમાં બેઠેલ માખીને ટ્રેન ચાલતી લાગતી નથી અને માણસના માથા ઉપર જુંને માણસ ચાલતું લાગતું નથી તેમ. તેથી માણસને જેવી ગતિ દેખાય છે તેવી સાચી માની માણસનો વ્યવહાર ચાલે છે, અને યુરોપની ભાષામાં અને આંહીની ભાષામાં એમ બોલાય છે કે સૂર્ય ઉગે છે (Sun rises).

## કાળની ગતિ.

જગ્યા પ્રમાણે બનાવ ફરવા લાગે છે તેના બીજા પણ થોડાક દ્રષ્ટાંત સમજવા જેવા છે. એક તોપ ફૂટે ત્યારે તે ફોડનારને તોપના તેજનો ચમકારો અને અવાજ એક વખતે સંભળાય છે પણ દૂર ઉભેલા માણસને તેજ પહેલું દેખાય છે અને અવાજ પછી સંભળાય છે. તેનું કારણ એ છે કે તેજની ગતિ અવાજની ગતિ કરતાં વધારે ઉતાવળી હોય છે.

તેવીજ રીતે બે નજીકના સ્ટેશન વચ્ચે ચાલતી ટ્રેનની સીટી, પહેલા સ્ટેશનના માણસોને ધીમી થતી લાગે છે, જે સ્ટેશને પહોંચવાની હોય ત્યાંના માણસોને તે વધતી લાગે છે અને એન્જીનના ડ્રાઇવરને તે સમાન લાગે છે.

વળી જગ્યા અને ગતિના ફેરફારથી કેટલાક ઉલટા બનાવ જોવામાં આવે છે. જેમકે દૂરથી જોવામાં આવતી કસરત કરતી ટુકડી જોયા પછી કસરતના માસ્તરના શબ્દ સંભળાય છે પણ ખરી રીતે શબ્દ પહેલાં નીકળે છે અને કસરત તે શબ્દ પ્રમાણે થાય છે.

વીજળીનું તેજ પહેલાં દેખાય છે અને ગર્જના પછી સંભળાય છે પણ વીજળીની જગ્યાએ તે બન્ને બનાવ એક વખતે બને છે.

બે વીજળીના ધડાકામાં નજીકની વીજળીનો ધડાકો પહેલાં સંભળાય છે પણ કદાચ તે ધડાકો દૂરની વીજળીના ધડાકા પછી ઉત્પન્ન થયો હોય છે કારણ કે તેજની ગતિ શબ્દની ગતિ કરતાં વધારે હોય છે. જે બનાવ એક જગ્યાએ ઉભેલા માણસ એક સાથે જોઇ શકે છે તે દૂર ઉભેલા માણસ જુદે જુદે વખતે બનેલા હોય તેવી રીતે જાણે છે, અથવા પહેલો બનાવ છેલ્લો અનુભવમાં આવે છે.

આપણી નજીક જે બનાવ બને છે તેનો વખત તરત સમજાય છે પણ આપણી નજીક જે વસ્તુ હોય તે ગતિમાં હોય અથવા આપણે ગતિમાં હોઇએ અથવા બનાવ આપણાથી દૂર બનતો હોય અને તેમાં પોતાની ગતિ હોય ત્યારે વખત સમજવો મુશ્કેલ પરે છે. આપણે એકજ વખતે બે જગ્યાએ હાજર રહી શક્તા નથી, અને ઉપર જણાવ્યું તેમ બે જગ્યાનો એક કાળ હોતો નથી તેથી કેટલીક મુશ્કેલી ઉભી થાય છે.

હાલ સાયન્સવાળા દૂરની જગ્યાના બનાવો તેજની ગતિથી માપવાનો પ્રયત્ન કરે છે અને યોગી લોકો પણ અંતરાત્માના તેજથી દૂરની જગ્યાએ જઇ ત્યાંના બનાવ જાણી શકે છે.

## કાળની ગતિ.

જગતમાં કોઇ ન હોય અને એક માણસ એકલો હોય તો તે કેટલો મોટો છે તે કહી શકે નહીં તેમ કોઇ બનાવ બને નહીં તો કાળની ખબર પડે નહીં અથવા બનાવ બને પણ કોઇના જાણવામાં તે ન આવે તો પણ કાળનો અનુભવ થાય નહીં તેથી કાળના અનુભવ માટે દ્રષ્ટાને દ્રષ્ય સાથે સંબંધ થવો જોઇએ અને સંબંધ વખતે દ્રષ્ટાની ગતિ અને દ્રષ્યની ગતિ જાણવી જોઇએ. અને માપ વખતે માપવાની વસ્તુ સ્થીર રહેવી જોઇએ, અથવા માપમાં ગતિ હોય તોએ માપ વખતે તે સ્થીર છે એમ માનવું જોઇએ.

ઘડીઆળના માપથી કેટલોક વ્યવહાર ઠીક ચાલે છે અને સેકન્ડ, મીનીટ, કલાક, દીવસ, મહીનો, વર્ષ વિગેરેની ગણત્રી થઇ શકે છે પણ કેટલીક બાબતમાં આ માપ કામ આવતું નથી. દુઃખમાં વખત જતો નથી છતાં ઘડીઆળનો કાંટો ફર્યા કરે છે. તેથી જણાશે કે લાગણીથી પણ કાળમાં ફેરફાર જણાય છે.

આ બાબત બરાબર સમજવા માટે એક દ્રષ્ટાંત લઇએ. એમ માનો કે કલાકના ૬૦ માઇલની ઝડપે ચાલતી ટ્રેનમાં તે ટ્રેનનો ગાર્ડ છેલ્લા ડબામાંથી ચાલતી

ટ્રેને ટીકીટો તપાસવા નીકળે છે. તે ગાર્ડ કલાકના ૫ માઇલની ગતિએ ચાલે છે તેથી જમીન ઉપરથી જોનાર માણસની દ્રષ્ટીએ તે કલાકના ૬૫ માઇલ જાય છે. ટીકીટો તપાસી તે પાછો ૫ માઇલની ગતિએ પોતાના ડબા તરફ જાય છે, તે વખતે જમીન ઉપરથી જોનાર માણસની દ્રષ્ટીએ તે કલાકના ૫૫ માઇલની ગતિએ ચાલે છે. આવી રીતે તેની ગતિમાં કલાકના ૧૦ માઇલનો ફેર પડે છે પણ તેને પોતાને તેની ખબર પડતી નથી. કારણ કે તે પોતાના કામ માટે ટ્રેનને સ્થીર માની શકે છે. આંહીં પોતાની લાગણીનો કાળ છે.

લાગણીના કાળનો બીજો દ્રષ્ટાંત લઇએ. કોઇ પ્રેમી જોડું સાથે બેસી પ્રેમની વાતો કરતું હોય અને કદાચ તેમને પરણ્યાને પહેલી રાત હોય, તે વખતે તેમને લાગે કે કાળ જરા થંભી જાય તો કેવું સારૂં. આ બનાવમાં તેઓએ પોતાની લાગણીથી પોતાનો કાળ ઉત્પન્ન કર્યો છે અને તે કાળ તે લાગણી સુધી રહે છે. જેને સવારમાં વહેલા ઉઠીને ઇશ્વર ભજન કરવું હોય તે એમ માનતો હોય કે સવાર વહેલી પડે તો કેવું સારૂં. સંયોગમાં કાળ ઓછો થતો લાગે છે અને

વિયોગમાં કાળ વધી જતો લાગે છે. તેથી જ્યારે કોઇ માણસને એમ લાગે કે તેનો વખત જતો નથી ત્યારે એમ સમજવું કે તેને કોઇ ઉપર પ્રેમ કરતાં આવડતો નથી. જો કોઇ સંન્યાસીને એમ લાગે કે તેનો વખત જતો નથી તો એમ જાણવું કે તેને ભગવાન સાથે સંબંધ થયો નથી અને તેથી જગત સાથે પણ સંબંધ થયો નથી.

માટે કાળનું માપ અને કાળનો સ્વભાવ એ બન્ને એક બાબત નથી. સૂર્ય, ચંદ્ર અને પૃથ્વીની ગતિ ઉપરથી તૈયાર કરેલ ઘડીઆળથી કાળનું માપ સામાન્યરીતે લેવામાં આવે છે અને દૂરના ગ્રહોની ગતિ તેજના કિરણથી મપાય છે. છતાં સૂર્ય, ચંદ્ર, પૃથ્વી કે ગ્રહો ઉત્પન્ન થયા પહેલાં ત્યાં શું હતું તે તે માપથી જાણી શકાતું નથી. જગત ઉત્પન્ન થયું ત્યારે તે બનાવ કોઇએ જોયો ન હોય તો તે કેવી રીતે ઉત્પન્ન થયું છે તેની સાચી ખબર પડે નહીં.

કોઇ બનાવનો વખત બરાબર માપવો હોય ત્યારે માપનાર તે બનાવથી જુદો રહેવો જોઇએ અને માપનાર જુદો રહે ત્યારે બે જાતના કાળ ઉત્પન્ન થાય એક દ્રષ્યનો કાળ અને બીજો દ્રષ્ટાનો કાળ.

દ્રષ્યનો કાળ એ પ્રકૃતિનો કાળ છે. બધું દ્રષ્ય એક સાથે એક વખતે જોઇ શકાતું નથી તેથી માણસ માત્ર થોડો કાળ માપી તે કાળથી આખો કાળ સમજવાનો પ્રયત્ન કરે છે. જ્યારે એક બનાવના કાળના માપથી બીજી ગતિમાં રહેલા બીજા બનાવના કાળનું માપ કરવા જઇએ છીએ ત્યારે કલ્પીત માપ ઉત્પન્ન થાય છે. તે માપ વ્યવહારમાં ચાલે છે. વ્યવહારમાં પણ જો કોઇની લાગણી આપણી લાગણીની વિરૂધ્ધ પડે તો આપણી લાગણી ફરી બેસે છે અને તેટલો વખત આપણો કાળ પણ જુદી ગતિથી ચાલે છે. માના પેટમાં રહેલ બાળકને, બહારના બાળકના જેવી લાગણી હોઇ શકે નહીં. આપણા નવ મહીના તે તેને નવ મહીના લાગે નહીં. તેને ત્યાં દુઃખ હોય તો નવ વર્ષ જેવું લાગે અને સુખ હોય તો નવ દીવસ જેવું લાગે, પણ વ્યવહાર માટે તે માના પેટમાંથી નીકળે છે ત્યારથી તેનાં વર્ષ ગણાય છે.

કેટલાક બનાવ માણસ પોતે ઉત્પન્ન કરી શકે છે અને કેટલાક ઉપર તેની સત્તા ચાલતી નથી. જે બનાવ ઉપર તેની સત્તા ચાલતી નથી તેમાં પણ કેટલાક બનાવ કે જે ઓછી શક્તિવાળા માણસ ઉત્પન્ન

કરી શકતા નથી તે વધારે શક્તિવાળા ઉત્પન્ન કરી શકે છે. જ્યાં કાળનો આધાર માણસ ઉપર રહે છે ત્યાં અનુભવનો અથવા લાગણીનો કાળ રહે છે.

લાગણીના કાળમાં યાદશક્તિથી ભૂતકાળ બને છે અને આશાથી ભવિષ્ય કાળ બને છે. જો આપણી અંદર એવી દશા ઉત્પન્ન થાય કે ભૂતકાળના કોઇ બનાવ યાદ રાખવાની જરૂર ન રહે અને ભવિષ્યના સુખની આશાની જરૂર ન રહે તો આપણે માટે માત્ર એકજ કાળ રહે.

દરેક યુગે વ્યવહારમાં કાળનું જે જે માપ ઉત્પન્ન થાય છે તે આખી વસ્તુને થોડા માપથી જોઇ સાચી બતાવવા પ્રયત્ન કરે છે પણ તેથી માત્ર કાળનું માપ તે વ્યવહાર પુરતું મળે છે. તેનાથી કાળના સ્વભાવની ખબર પડતી નથી.

જીસસ ક્રાઇસ્ટને થઇ ગયા ૧૯૩૧ વર્ષ થયાં છતાં તે પહેલાં પણ કાળ અને વર્ષોની ગણત્રી હતી પણ ક્રીશ્ચીઅન પ્રજાનું રાજ્ય આ પૃથ્વી ઉપર વધારે જામવાથી જીસસ ક્રાઇસ્ટના જન્મ પછીનો કાળ વ્યવહારના ઉપયોગમાં લેવાય છે. આ દેશમાં અંગ્રેજી

રાજ્ય આવ્યા પહેલાં વિક્રમનો સંવત ચાલતો હતો અને હજુ પણ ઘણે ઠેકાણે તેનો ઉપયોગ થાય છે. તેને ૧૯૮૭ વર્ષ થયાં છતાં વિક્રમ રાજાની પહેલાં પણ કાળ અને વર્ષોની ગણત્રી ચાલુ હતી.

સામાન્ય રીતે હાલ નિશાળોના ઇતિહાસથી કાળનું જ્ઞાન શરૂ થાય છે તેમાં અંગ્રેજ વાઇસરોયોનાં નામ અને તેમનાં કામ, તેમના માનેલા અને કરેલા સુધારા, તે પહેલાં ઇસ્ટ ઇન્ડીઆ કંપનીનું વેપાર માટે આંહીં આવવું, અને અંગ્રેજી રાજ્યની શરૂઆત, તે પહેલાં મોગલ શહેનશાહનું ઉત્તર હિંદુસ્થાનમાં રાજ્ય અને દક્ષિણમાં મરાઠાઓનું રાજ્ય, તે પહેલાં ઘોરી વંશ અને તે પહેલાં હિંદુઓનાં રાજ્યો. તે પહેલાં એમ શિખવવામાં આવે છે કે આંહીંના લોકો જંગલી હતા અને નદી, સૂર્ય, સર્પ વિગેરેની પૂજા કરતા હતા.

જે ઇતિહાસ નિશાળોમાં શિખવવામાં આવે છે તે તદન સાચો નથી અને તદન ખોટો પણ નથી. અંગ્રેજી સંસ્કાર અને મુસલમાની સંસ્કાર આ દેશમાં આવ્યા પહેલાં આંહીંના લોકો જંગલી ન હોતા. આંહી

તે વખતે રામાયણ અને મહાભારતના ઇતિહાસ ચાલતા હતા. તેમાં વ્યવહારિક જ્ઞાન ઉપરાંત પરમાર્થિક જ્ઞાન સમાએલું છે. તેમાં બહુ લડાઇઓની વાતો નથી પણ માણસના સ્વભાવનાં વર્ણન છે. તે વખતે લોકો નિશ્ચિંત અને ધાર્મિક હતા. દુનીઆમાં શું બને છે તેની તેઓને બહુ ચિંતા ન હોતી પણ પોતાના સ્વભાવની અંદર શું બને છે તે તેઓ બારીક રીતે જોતા હતા.

આંહી જ્યારે રામાયણ અને મહાભારત જેવા અદ્ભૂત ગ્રંથો લખવાવાળા ઋષીમુનીઓ હતા ત્યારે યુરોપમાં અક્ષરજ્ઞાન રહીત જંગલી માણસો હતા. તેથી તેઓ તે વખતનો પોતાનો ઇતિહાસ આપી શકતા નથી. તે વખતે આંહીના માણસો એટલા વિદ્વાન હતા કે હાલમાં થયેલી સાયન્સની શોધો જેવી શોધો કરી જીવનને બહિર્મુખ કરવું એ તેમને યોગ્ય લાગ્યું નહોતું.

જો કાપડની મીલોને બદલે હાલ ચરખો સારો લાગે છે તો જે માણસો સાયન્સની શોધોથી થતા પાપ તે વખતે સમજી શકયા હતા અને તેથી એ દીશામાં જેઓએ લક્ષ ન રાખ્યુ તેનામાં કેટલી બુદ્ધિ હોવી

જોઇએ. આ બાબત વધારે વિગતથી મારા પુસ્તક " આર્યોના સંસ્કાર " માં સમજાવેલી છે.

હાલના વિમાનોમાં, ધર્મી અને અધર્મી બન્ને પ્રકારના માણસ બેસી શકે છે. રામાયણમાં બતાવેલ પુષ્પક વિમાનમાં ફક્ત રામચંદ્રજી અને તેના ભકતો બેસી શકતા હતા. તે હાલના વિમાન જેવું નહોતું. તેનો ખરો અર્થ એ છે કે માત્ર પૂણ્યશાળી માણસોજ ઉર્ધ્વગતિ કરી શકે છે.

રામાયણ અને મહાભારતમાં આપેલા કેટલાક બનાવ હાલની દ્રષ્ટીએ અશકય લાગે છે પણ તે ઇતિહાસો આત્માના અનુભવ સમજાવવાના હેતુથી લખેલા હોવાથી તેની મુખ્ય ભાષા અને પુરાણોની મુખ્ય ભાષા એ સમાધિ ભાષા કહેવાય છે. સમાધિ ભાષાની દ્રષ્ટીએ તે ઇતિહાસો અને પુરાણોના બનાવો સમજી શકાય તેવા છે, કારણ કે સમાધિ પ્રાપ્ત થયા પહેલાં માણસના સ્વભાવમાં દૈવી અને આસુરી પ્રકૃતિનું જે યુદ્ધ ચાલે છે તેનું વર્ણન કોઇ વિદ્વાન માણસ કરવા બેસે તો તેમાંથી રામાયણ અને મહાભારત અને પુરાણોની કથા ઉત્પન્ન થઇ શકે. ખરીરીતે રામાયણ વાલ્મીક

રૂષીને સમાધિમાં મળ્યું હતું અને મહાભારત પણ વ્યાસ મુનિને સમાધિમાં મળ્યું હતું.

તે ઇતિહાસ અને પુરાણોમાં માત્ર માણસના સામાન્ય જીવનનું વર્ણન નથી પણ માણસને ભગવાન સાથે કેવો સંબંધ છે, જગત કેવીરીતે ઉત્પન્ન થયું છે, કેવી સ્થીતિમાં છે અને ક્યાં તેનો લય છે વિગેરેનું વર્ણન આપેલું છે. તેનો આંહી વિસ્તાર થઇ શકે તેમ નથી.

પૃથ્વીની ઉત્પતિ પહેલાં જળ હતું એમ શાસ્ત્રો કહે છે, જળ પહેલાં સૂર્ય, સૂર્ય પહેલાં વાયુ, તે પહેલાં આકાશ, આકાશ પહેલાં મન, મન પહેલાં તન્માત્રા, તે પહેલાં અહંકાર, અહંકાર પહેલાં મહ-તત્વ, તે પહેલાં પ્રકૃતિ, તે પહેલાં બ્રહ્મ અને બ્રહ્મ પહેલાં ?

આંહી બુદ્ધિ અટકી પડે છે. બ્રહ્મ પહેલાં શું ? એને અતિપ્રશ્ન કહે છે કારણ કે જે માપથી બીજી વસ્તુના કાળ માપી શકાય છે તે માપથી બ્રહ્મનો કાળ માપી શકાય નહિ. જો બ્રહ્મ પહેલાં કાંઇક હોય તો તે પહેલાં પણ કાંઇક હોવું જોઇએ, એટલુંજ નહિ

પણ તે નિત્ય રહે તેવું હોવું જોઇએ અને જે નિત્ય હોય તે હાલ નથી એમ પણ કહી શકાય નહિ.

પુરાણોમાં મન્વંતરો અને કલ્પ વિષે કેટલીક હકીકત આપેલી છે એટલુંજ નહિ પણ કલ્પ ના ત્રણ ભાગ કરેલા છે તેને બ્રાહ્મ કલ્પ, પાદ્મ કલ્પ અને વારાહ કલ્પ કહે છે.

જેમ જીસસ ક્રાઇસ્ટથી તેનો કલ્પ ચાલે છે, વિક્રમ અને શાલિવાહનથી તેમનો સંવત ચાલે છે, તેમ બ્રાહ્મ કલ્પ, વારાહ કલ્પ અને પાદ્મ કલ્પ એ તે તે વખતના રૂષીઓના જન્મથી ગણત્રીનાં વર્ષ છે. તેજ પ્રમાણે જૈનોનો સંવત મહાવીર સ્વામીથી શરૂ થાય છે અને પારસી અને મુસલમાનોએ પણ પોતાના ધર્મ ગુરૂઓથી પોતાનો સંવત શરૂ કરેલ છે. નવું વર્ષ પણ હિંદુઓનું કે મુસલમાનોનું કે પારસીઓનું કે ખ્રિસ્તીઓનું એકજ દીવસે આવતું નથી. આ બધા કલ્પિત કાળ છે અને વ્યવહાર માટેજ ઉપયોગી છે. આ પ્રમાણે ભવિષ્યમાં પણ કોઇ મહાત્મા આવે અને તેનો કલ્પ ચાલે તો નવાઇ નથી.

કલ્પ વ્યવહાર પ્રમાણે એટલે જેવી કલ્પના કરી હોય તે પ્રમાણે જણાય છે. તેવીજ રીતે પુરાણોમાં જુદા જુદા લોકની કલ્પના કરેલ છે. લુક એટલે જોવું. તે ઉપરથી લોક શબ્દ થએલ છે. તેથી જેની જેવી દ્રષ્ટી તેવો તેનો લોક બને છે. ભોગીની દ્રષ્ટીમાં ભોગનો લોક દેખાય છે અને યોગીની દ્રષ્ટીમાં યોગનો લોક દેખાય છે.

આ પ્રમાણે પોતાની દ્રષ્ટીથી પોતાની જગ્યા બને છે અને પોતાની કલ્પનાથી પોતાનો કાળ બને છે. જૈન ધર્મમાં પણ ક્ષેત્ર અને કાળની બાબત કલ્પ-સૂત્રમાં લખેલી છે.

જે કાળ કલ્પનાથી ઉત્પન્ન થાય છે તેમાં માણસ કાળને ઉત્પન્ન કરે છે, કાળ માણસને ઉત્પન્ન કરતો નથી.

કલ્પનામાંથી કાળ કેવી રીતે ઉત્પન્ન થાય છે તે નીચેના કારણોથી જણાશેઃ—

૧. કાળનો અનુભવ ઘણી વસ્તુ એક સાથે જોવાથી અથવા વારંવાર જોવાથી થાય છે. આ ક્રિયા બહારની વસ્તુમાંથી ઉત્પન્ન થતી નથી પણ જોનારની

દ્રષ્ટીમાંથી ઉત્પન્ન થાય છે તેથી કાળ માણુસના સ્વભાવમાંથી બને છે.

૨. એમ માનો કે જગતની બધી ક્રિયા બંધ થઇ જાય, બધી ઘળીઆળો બંધ થઇ જાય અને સૂર્ય અને પૃથ્વીની ગતિ પણ બંધ થઇ જાય તોપણ જો માણુસના મનમાં વિચાર આવ્યા કરશે તો વિચારથી કાળ ઉત્પન્ન થશે.

૩. કાળની ગણત્રી માટે વિચારની જરૂર છે. જે બની ગયું તેજ બરાબર ફરીથી બનશે નહિ. છતાં જે બની ગયું તે યાદ ન રહે તો ન બન્યા જેવું છે. તે યાદ કરવાનું કામ માણુસના સ્વભાવમાં છે. બનાવ પોતે કહેતો નથી કે હું કયારે બન્યો. યાદશક્તિમાં ભૂલ હોય તો તે ભૂલ ભૂતકાળના બનાવ સુધારી શકતા નથી.

૪. ગણીતના દાખલાઓ મનમાં ગણી શકાય છે. વારંવાર ગણાતી રકમ યાદ ન રહે તો દાખલા ગણી શકાય નહિ, કોઇ રકમ ભૂલી જવાય તો તે આવીને કહેતી નથી કે મને કેમ ભૂલી ગયા. આ પ્રમાણે ગણીતનો કાળ મનમાં ઉત્પન્ન થાય છે.

૫. કોઇપણ માણસની દ્રષ્ટીમાં કોઇપણ વસ્તુ અમુક વખત રહે ત્યારે તેનો અનુભવ થાય છે. તે વખત દરમ્યાન ઘણા વિચાર આવે છે. તે વિચારને પરસ્પર સંબંધ નથી પણ બધાને દ્રષ્ટા સાથે સંબંધ છે. આ સંબંધ કાળથી ઉત્પન્ન થાય છે અને તે સ્વભાવની અંદર રહે છે.

૬. સામાન્ય રીતે કાળનો અંત જણાતો નથી. બહારના અનુભવથી તે અનંતતાની ખાત્રી થતી નથી તેથી કલ્પનાથી તેનું અનંતપણું જણાય છે.

આ બધા પ્રમાણોથી જણાશે કે માણસની લાગણીથી માણસનો કાળ ઉત્પન્ન થાય છે. બીજા પ્રાણીઓને તેમની લાગણીના પ્રમાણમાં કાળ રહે છે.

માણસની લાગણીથી ઉત્પન્ન થએલ કાળ, જ્યાં-સુધી તેવી લાગણી રહે છે ત્યાંસુધી ટકે છે. માણસની કલ્પનાનો કાળ પરમાત્માનો અંત આણવાને સમર્થ નથી પરંતુ દેહ અને ઘર વિષે અભિમાનવાળા પ્રાણીઓનો સંહાર કરવાને સમર્થ છે, એટલે કે જેની જેટલી કલ્પના રહે છે તેને માટે તેટલો વખત રહે છે. દુ:ખમાં વખત બહુ લાગે છે પણ ભગવાન સુખરૂપ

હોવાથી માણુસના દુઃખનો વખત તેને નિમેષ માત્ર છે. ટુંકામાં, ઇચ્છાઓની શરૂઆત છે અને તેનો અંત છે. આત્માની શરૂઆત નથી અને તેનો અંત નથી.

માણુસના અમુક હજાર વર્ષ પુરા થાય ત્યારે કલિયુગ પુરો થશે એમ કહેવાય છે. તે પછી સત્યુગ, દ્વાપર, ત્રેતા એમ ચાર યુગનું ચક્ર ચાલ્યાં કરે છે, એ પ્રમાણે પુરાણો કહે છે. પણ માણુસના વર્ષ ક્યારથી ગણવા ? જીસસ ક્રાઈસ્ટના કે વિક્રમના સંવત તે ગણત્રીમાં ચાલે તેમ નથી. કારણકે તે પહેલાં પણ માણુસ હતા.

પુરાણોમાં એમ પણ કહેલું છે કે સત્વ, રજ અને તમ આ ત્રણ ગુણો ચિત્ત વિષે ફર્યા કરે છે. જ્યારે મન, બુદ્ધિ અને ઇંદ્રીઓ સત્વગુણમાં રહે ત્યારે સત્યુગ જાણવો કારણ કે તે વખતે જ્ઞાન અને વૈરાગ્યમાં રૂચી થાય છે. જ્યારે સકામ કર્મ ઉપર રૂચી થાય ત્યારે રજોગુણની વૃતિવાળો ત્રેતાયુગ જાણવો અને પ્રાણીઓમાં લોભ, અસંતોષ, માન, દંભ, મત્સર થાય ત્યારે રજોગુણ અને તમોગુણ મિશ્રીત દ્વાપરયુગ આવ્યો જાણવો. જ્યારે લોકોમાં કપટ, મિથ્યાભાષણ,

આળસ, નિદ્રા, હિંસા, દુઃખ, શોક, મોહ, ભય, વિગેરે આવે ત્યારે તમોગુણ જેમાં મુખ્ય છે એવો કલિયુગ આવ્યો જાણવો.

સત્વગુણી લાગણીથી જ્ઞાન પ્રમાણે કાળની દિશા નક્કી થાય છે રજોગુણી લાગણીથી વાસના પ્રમાણે કાળની ગતિ ઉત્પન્ન થાય છે, અને તમોગુણી લાગણીથી જીવની સ્થીતિનો કાળ બંધાય છે. આ ત્રણે ગુણ સાથે રહે છે. કોઇ વખતે એક ગુણનું જોર રહે છે, કોઇ વખતે બીજા ગુણનું જોર રહે છે.

આ ઉપરથી એ સમજી શકાય છે કે એકજ વખતે જે જે પ્રકૃતિના જે જે માણસો હોય છે તેમને માટે તે તે યુગ લાગે પડે છે. સાધુ પુરૂષો કલિયુગમાં પણ સત્વ ગુણથી પોતાના કાળની દિશા ફેરવી સત્યુગનો અનુભવ કરી શકે છે.

કોઇ માણસ સવારના પ્રાર્થના વખતે ભક્ત થાય છે, બપોરે વેપારી કે નોકર થાય છે, સાંજે બાળકોને રમાડવા પિતા થાય છે, રાત્રે પતિ થાય છે તેમ જે વખતે જેવી લાગણી તે વખતે તેને માટે તેનો કાળ સમજવાનો છે. જે મહાત્માઓને વ્યવહારિક સંબંધની

જરૂર નથી પણ જેમને નિત્ય પરમાત્મા સાથે સંબંધ રહે છે તેનો સંબંધ ફરતો નથી. તેથી તેમની જીંદગીમાં કેટલાં વર્ષ ગયાં કે કેટલાં રહ્યાં કે કયો યુગ ચાલે છે તેનો હિસાબ કરવાની તેમને જરૂર રહેતી નથી.

આ ઉપરથી જણાશે કે કાળની ગતિ માણસ પ્રમાણે એટલે જીવ પ્રમાણે અને તેની લાગણી પ્રમાણે ફરે છે. તેથી તે સમજવા પહેલાં શું જોઇએ છે તે નકી કરવું પડશે. જ્યારે અનિત્ય વસ્તુ જોઇએ ત્યારે અનિત્ય વસ્તુના કાળની અસર થશે અને નિત્ય વસ્તુ જોઇએ ત્યારે નિત્ય વસ્તુના કાળની અસર થશે. જેટલા વખતમાં દ્રષ્ય ફરે છે તેટલા વખતમાં દ્રષ્ટા ફરતો નથી. તેથી તે બન્નેનો કાળ એક નથી. જોકે જ્ઞાન થયા પછી આ ભેદ રહેતો નથી તોપણ સામાન્ય માણસના અનુભવના કાળનો વિચાર કરવા માટે આ ભેદની જરૂર છે.

સૂર્ય ઉગે છે, ઘળીઆળ ચાલે છે, સ્ટેશન આવ્યું એ શબ્દોમાં જેમ ઉગવાપણું, ચાલવાપણું કે આવવાપણું હોતું નથી છતાં વ્યવહાર માટે તેવી વાણીનો ઉપયોગ થાય છે, તેમ આત્મા બંધાય છે અને છૂટે છે એ ગુણ દ્રષ્ટીથી એટલે વ્યવહારિક દ્રષ્ટીથી બોલાય છે.

## કાળની ગતિ.

ગંજીપાના પાના બધા ફાટીને તેના ટુકડા થઈ ગયા પછી તેનું શું થાય છે તે કોઈ જોતું નથી અને જોવાની જરૂર નથી. તેવીજ રીતે ગંજીપો બન્યા પહેલાં તેની શી દશા હતી, તેમાં કેવા કાગળ વપરાયા હતા અને તે કાગળ કેવા ચીંથરામાંથી બન્યા હતા તે બાબત પણ કોઈ જાણવાની મહેનત કરતું નથી અને તેની જરૂર પણ નથી. તેના ઉપયોગ વખતે તેનો કાળ શરૂ થાય છે અને ઉપયોગ પુરો થયે તેનો કાળ પુરો થાય છે.

પુરૂષના વીર્યમાંથી અને સ્ત્રીના રજમાંથી નવ મહીને બાળક ઉત્પન્ન થાય છે અને બાળકમાંથી માણસ થાય છે તે સમજવું સહેલું છે કારણ કે તેમાં સામાન્ય અનુભવનો કાળ છે પણ પુરૂષમાં વીર્ય અને સ્ત્રીમાં રજ કયારે અને કેવી રીતે ઉત્પન્ન થાય છે અને બન્નેમાં પ્રેમ કયારે અને કેવી રીતે ઉત્પન્ન થાય છે અને તે પ્રેમને કોણ ગતિ આપે છે અને ગતિ આપનારનો સ્વભાવ કેવો છે, તેનો વખત કેવો છે વિગેરે બાબત સમજવી સહેલી નથી. નાની જગ્યાના ફેરફારનો કે નાની લાગણીના ફેરફારનો વિચાર સહેલાઇથી થઈ

શકે છે પણ મોટી જગ્યાના ફેરફારનો વિચાર કે મોટી લાગણીના ફેરફારનો વિચાર સહેલાઇથી થઇ શકતો નથી; બહારની લાગણી જાણવી સહેલી છે પણ જેમ જેમ અંદરની લાગણી જાણવા પ્રયત્ન થાય છે તેમ તેમ મુશ્કેલી વધે છે. માણસમાં ઇચ્છા ઉત્પન્ન થતીજ ન હોય તો તેના કાળનું પણ કયાં ઠેકાણું રહેત! ઇચ્છાનું પરિણામ જાણવું સહેલું છે પણ ઇચ્છાનું કારણ જાણવું સહેલું નથી.

જગત ચાલ્યા કરે છે એ એક કાળ છે, અને એટલુંજ સત્ય હોય તો વધારે વિચાર કરવાની જરૂર નથી. પણ કોઇ માણસને તે જગતનો ઉપયોગ પચીસ વર્ષ સુધી રહે છે, કોઇને પચાસ વર્ષ સુધી રહે છે. કોઇ જન્મથી અંધને બીલકુલ ઉપયોગ રહેતો નથી. તેથી જ્યારે સામાન્ય કાળમાં ઉપયોગનો વિચાર ઉમેરવામાં આવે છે ત્યારે કાળનો સ્વભાવ સમજવો મુશ્કેલ પડે છે. જેવા પ્રકારની ઇચ્છા અને તે પુરી કરવા જેવા પ્રકારનું શરીર ધારણ કર્યું હોય તે ઉપર તે માણસનો કાળ બંધાય છે. શિવાજી મહારાજને હિંદુઓનું રાજ્ય સ્થાપવાની ઇચ્છા હતી પણ

તે ઇચ્છા તેના જીવનમાં બરાબર પુરી થઇ ન શકી તેથી તે પુરી કરવા માટે ફરીથી જન્મ અને વખત લેવાની તેને જરૂર પડે તે સંભવ છે પણ તેમના ગુરૂ રામદાસ સ્વામીને જે આત્મ જ્ઞાનની ઇચ્છા હતી તે તેને આ જીવનમાં પુરી થઇ હતી તેથી તેને તે પુરી કરવા માટે બીજા શરીરની જરૂર નહોતી. તેને શિવાજી મહારાજે પોતાનું રાજ્ય અર્પણ કર્યું હતું તોપણ તે સ્વીકાર્યું નહોતું.

છતાં જગત ચાલે છે, ફરે છે, ભવિષ્યમાં તેનું કાંઇક થશે પણ જે ચાલે છે, ફરે છે, બને છે તે આખું જગત નથી. જે આખું નથી તેને આખું માનવાથી સત્ય મળશે નહિ. કાળની જગ્યા જગતના એક ભાગમાં રહે છે. આખું જગત ફરતું નથી તેથી આખા જગતને કાળ નથી. આપણે જે જગત જોઇએ છીએ તે આપણું જગત છે, તે આખું જગત નથી.

વળી જગતનો અનુભવ જે પ્રમાણે માણસ લે છે તે પ્રમાણે જગત ઉત્પન્ન થતું નથી. બાળકના જન્મ વખતે બાળક ઉત્પન્ન થતું નથી. મુંબઇ જેણે ન જોયું હોય તે મુંબઇ જાય ત્યારે મુંબઇ ઉત્પન્ન થતું નથી.

આત્માનો અનુભવ જે વખતે થાય તે વખતે આત્મા ઉત્પન્ન થતો નથી.

તેથી જ્યાંસુધી આત્માનો અનુભવ થયો ન હોય ત્યાંસુધી બે પ્રકારનો કાળ રહે છે. એક દ્રષ્યનો કાળ અને બીજો દ્રષ્ટાનો કાળ. તે બે કાળના સ્વભાવ પણ નીચે પ્રમાણે જણાવેલ સ્થીતિમાં ફરતા રહે છે:—

| | |
|---|---|
| | દ્રષ્યનો કાળ |
| ૧. જગ્યાની સ્થીતિ અને લાગણીની સ્થીતિ. | કાળની સ્થીતિ |
| ૨. જગ્યાની ગતિ અને લાગણીની ગતિ. | કાળની ગતિ |
| ૩. ઉપયોગના ૩ પ્રકાર એટલે કે અર્થ, કામ અને ધર્મ. | કાળની દિશા |
| ૪. મોક્ષનો અથવા આત્માનો ઉપયોગ. | દ્રષ્ટાનો કાળ. |

જગ્યાની સાથે માણસનો સંબંધ થાય ત્યારે જો જગ્યા ચાલતી ન હોય તો સમજણમાં ભૂલ આવતી નથી પણ બે સાથે ચાલતી ટ્રેન વખતે જ્યારે જગ્યાની ગતિને માણસ સાથે સંબંધ થાય છે ત્યારે ગતિનો સાચો વખત જાણવો મુશ્કેલ પડે છે. એજ પ્રમાણે

જો કે આપણે આ પૃથ્વી ઉપર રહી પૃથ્વીને સ્થીર માની આપણો વ્યવહાર કરી શકીએ છીએ પણ આ પૃથ્વી સૂર્યની આસપાસ એક સેકંડના ૧૮ માઇલની ઝડપે ફરે છે. તેથી જો કોઇ માણસ આ પૃથ્વીથી અલગ રહી આ પૃથ્વીનો સ્વભાવ જુએ તો બધી વસ્તુમાં તેને ચેતન જણાય એટલે કે જે વસ્તુઓ આપણને જડ લાગે છે તે પણ તેને ચેતન રૂપ લાગે અને તેની લાગણી પ્રમાણે તે કાળની ગણત્રી કરે.

જગ્યાના સંબંધ વીના માત્ર લાગણીથી પણ કાળનો સ્વભાવ ફરતો લાગે છે તે વિષે થોડીક હકીકત ઉપર આપેલ છે. તે ઉપરાંત, સ્વપ્નામાં લાગણી ફરવાથી, ઘણા દીવસનું કામ થોડા સમયમાં થઇ જતું લાગે છે અને ઉંઘમાં ૭-૮ કલાક કેવી રીતે જાય છે તેની ખબર પડતી નથી કારણ કે તે સુખની લાગણીનો વખત છે. સ્વપ્નામાં જેમ આપણી વાસનાથી વસ્તુઓ બની જાય છે તેમ તે તે ક્રિયાનો જરૂર પડતો કાળ પણ તેવી વાસનાથી બની જાય છે.

જ્યારે લાગણી ઉપરાંત ઉપયોગનો વિચાર તેમાં ઉમેરાય છે ત્યારે જાગ્રત અવસ્થામાં પણ જેવો જે

માણસનો પુરૂષાર્થ તે પ્રમાણે તેનો વખત જાય છે અર્થ એટલે પૈસાની તૃપ્તીમાંજ જેણે જીવનનું ધ્યેય રાખ્યું હોય એવા સટોરીઆ માણસને એક ક્ષણ પણ તે વિચાર વગર જાય તે ગમતું નથી. મુંબઇ જેવા શહેરમાં રાત્રે પણ બિછાના પાસે તેઓ ટેલીફોન રાખે છે. પણ જે સાધુઓને પૈસામાં મન નથી તેમને શેર બજારમાં પાંચ મીનિટ રહેવું ભારે થઇ પડે છે. તેવીજ રીતે નવા પરણેલા માણસોને એટલે સ્ત્રીને પુરૂષમાં અને પુરૂષને સ્ત્રીમાં એટલું સુખ લાગે છે કે તે વખતે એક ક્ષણ પણ તે લાગણી વગર જાય તે તેમને ઠીક લાગતું નથી પણ સાધુ પુરૂષોને આવા વિચારમાં રસ ન પડવાથી તેઓને સંસારી માણસો સાથે પાંચ મીનિટ ગાળવી મુશ્કેલ પડે છે, અને ત્રીજો પુરૂષાર્થ કે જેમાં પરોપકાર, દેશભક્તિ વિગેરેનો સમાવેશ થાય છે તેમાં પણ જે રાજદ્વારી નેતા દેશનું ભલું કરવા તૈયાર થાય છે તે જો પ્રમાણિકપણે સેવા કરે તો હમેશાં ન્યુસ પેપરમાં કાંઇક નવું જીવન ઘડાય તેવું લખાણ પ્રસિદ્ધ કરે છે અથવા પ્રસિદ્ધ થાય એવું ઇચ્છે છે અને લોકોને હમેશાં એમજ થયા કરે કે આજે ન્યુસ પેપરમાં શું આવશે? હવે શું થશે?

વિગેરે. આવા નેતાઓને પણ પરોપકારના વિચાર સિવાય એક ક્ષણ જાય તો નકામી લાગે છે, છતાં કેટલાક માણસો કે જેનો સ્વભાવ જુદા પ્રકારનો હોય તે આવી વાતોમાં રસ લઇ શક્તા નથી. જીવનના બધા લાભની કિંમત માત્ર રાજદ્વારી વિચારોથી માપી શકાય નહિ.

પોતાના જીવનમાં ફીકી ક્ષણ જાય છે તે કોઇને ગમતું નથી.

ન્યુસ પેપર વાંચીને તેમાં આપણા સ્વભાવને ગમે તેવું કાંઇ લખાણ આવે નહિ તો દુઃખ થાય છે, તે દુઃખ સાથે ન્યુસપેપરના અધિપતિને કાંઇ સંબંધ નથી. રેડીઓમાં ગવાતા ગાયનમાંથી કોઇને તે પસંદ ન પડે તો તે સાથે ગાનારને કાંઇ સંબંધ નથી. તેવીજ રીતે જગતમાં કોઇ બનાવ કોઇને પસંદ ન આવે તેની સાથે ભગવાનને સંબંધ નથી. ભગવાનના રાજ્યમાં નિરપેક્ષ કાળ છે. તેને મહાકાળ પણ કહે છે. તે મહાકાળ જ માણસની વૃતિથી ત્રણ કાળ રૂપ ભાસે છે તેથી તે મહાકાળનો અનુભવ વૃત્તિ વિરોધની પહેલાં મળી શકે નહિ.

વૃત્તિ એક ભાગનો પરિચય આપે છે અને તેથી દ્રવ્યનો કાળ બતાવે છે પણ જે સતાથી દ્રવ્ય બની રહ્યું છે તે આખી વસ્તુ છે. આખી વસ્તુનો સ્વભાવ, સામાન્ય વૃતિથી જાણી શકાય નહિ. એમ ન કહી શકાય કે આખી વસ્તુ અમુક ભાગમાંજ સમાઇ ગઇ છે, અથવા અમુક વખતેજ પુરી થઇ ગઇ છે. માણસ પોતાના નખમાં કે વાળમાં સમાઇ જતો નથી. નખ કે વાળને માણસનું નામ આપવામાં આવતું નથી. માણસના હાથ, પગ, મોઢું, પેટ, નાક, કાન, જીભ, વિગેરે તપાસવામાં આવે અને માણસને ચીરવામાં આવે તો પણ ખરો માણસ મળશે નહિ. સંસારી વૃત્તિઓથી ગાયન સંભળાય છે પણ ગાવાવાળો દેખાતો નથી.

પારમાર્થિક સતાના કાળમાં દ્રષ્ટા પહેલો છે અને જે પહેલો છે તેનાથી પાછળનું જગત ઉત્પન્ન થયું છે, તેમાં રહેલું છે અને તેમાંજ સમાશે. તે દ્રષ્ટા પુરૂષનું શરીર માણસ જેવું હોય નહિ. બ્રાહ્મણો એટલે બ્રહ્મ-જ્ઞાન તે પુરૂષના મુખમાંથી નીકળેલ છે, ક્ષત્રીઓ અથવા રક્ષણ શક્તિ અથવા સત્વ ગુણ એ પુરૂષના હાથમાંથી નીકળેલા છે. વૈશ્યો અથવા રજોગુણ એ પુરૂષના

પેટમાંથી નીકળેલા છે અને શુદ્રો અથવા તમોગુણ એ પુરૂષના ચરણમાંથી નીકળેલા છે. ચંદ્ર એ પુરૂષનું મન છે, સૂર્ય તેની આંખ છે. પ્રાણમાંથી વાયુ, નાભિમાંથી અંતરીક્ષ, મસ્તકમાંથી દ્યુલોક, પગમાંથી ભૂલોક, કાનમાંથી દિશાઓ થઇ છે. તેવીજ રીતે જુદા જુદા લોકની ઉત્પતિની કલ્પના વેદના કાળના રૂષીઓએ કરી છે. આ બધી કલ્પનાઓ બધા ધર્મવાળાને બધા પ્રકારે સાચી લાગે નહિ એ સંભવીત છે, પણ આત્મા કાળથી અતીત છે, તેથી સૌથી પહેલો છે અને જે પહેલો હોય તેમાંથી બીજું ઉત્પન્ન થાય એ બાબત સમજી શકાય તેવી છે. વળી આત્માના સંબંધથી બીજી વસ્તુઓ જોવામાં આવે ત્યારે તે વસ્તુઓના નવા અર્થ કરવા પડે છે.

પણ જગતમાંથી અથવા માણસમાંથી આત્મા ઉત્પન્ન થશે એ વાત સમજી શકાય તેવી નથી. છતાં સાયન્સ-વાળા બહારની ક્રિયાથી અને યોગવાળા અંદરની ક્રિયાથી એમ માનતા આવ્યા છે કે જેમ બીજી વસ્તુઓની શોધ થઇ શકે છે તેમ આત્માની શોધ પણ ભવિષ્યમાં થઇ શકશે. સ્વરાજવાદી એમ માને છે કે સ્વરાજ મળ્યા પછી મોક્ષને માટે વધારે સગવડ થશે.

ભવિષ્યના વિચારમાં દ્રષ્યના કાળનો સ્વભાવ આવે છે. તે કાળની ચોકસ ગતિ નથી, કારણકે તેમાં ઉપયોગનો વિચાર સમાએલો રહે છે. ઇ. સ. ૨૯૩૧ ની સાલમાં સૂર્યનું ગ્રહણ થવાનું હોય તે આગળથી નકી કરી શકાય તેમ છે કારણ કે સૂર્ય, ચંદ્ર અને પૃથ્વીની ગતિના માપ નીકળી શકે છે અને આપણી દ્રષ્ટીએ તે માપ ફરતા નથી પણ ઇ. સ. ૨૯૩૧ માં જે જે બનશે તે બધું આગળથી નકી કરી શકાય તેમ નથી. કારણ કે તે બધું નકી કરવામાં ઉપયોગનો વિચાર આવી જાય છે અને ઉપયોગના વિચારમાં કાળનો સ્વભાવ તે માણસ પ્રત્યે ફરી જાય છે. યોગી લોકો થોડુંક ભવિષ્યનું જીવન કહી શકે છે પણ તેમની બધી બાબતો સાચી પડતી નથી. તેમની સતા તેમની શક્તિના બંધાએલ ક્ષેત્ર ઉપર ચાલે છે.

સાયન્સવાળા સ્થૂળ તેજની મદદથી અને યોગીઓ અંદરના સૂક્ષ્મ તેજની મદદથી બહારની અને અંદરની કેટલીક ક્રિયાઓનું ભવિષ્ય જાણી શકે છે, પણ જ્યાં-સુધી જે શક્તિની મદદથી બહારનું અને અંદરનું તેજ ચાલે છે તે શક્તિનો અનુભવ ન થાય ત્યાંસુધી ખરા

કાળની ખબર પડતી નથી. તેજથી કાળનું માપ થાય છે પણ કાળનો સ્વભાવ તેનાથી અનુભવમાં આવતો નથી. આગલા વખતમાં કેટલાક વિદ્વાનો ભગવાનને આપણી ઉપર બતાવતા હતા. હાલના કેટલાક વિદ્વાનો તેને ભવિષ્યમાં બતાવે છે.

ઉપર કહ્યું તેમ કાળનો સ્વભાવ લાગણીથી ફરે છે, લાગણી ઉપયોગ પ્રમાણે ફરે છે અને ઉપયોગ ભગવાન તરફ વળે છે ત્યારે કાળનો આધાર ભક્તિ ઉપર રહે છે. જગતમાં ઉત્પન્ન થએલ વસ્તુઓ જે ક્રમ પ્રમાણે ઉત્પન્ન થઇ હોય તે ક્રમ તે માણસ માટે ચાલતો નથી. એક માણસને પાંચ પુત્ર હોય અને તેને છેલ્લા પુત્ર ઉપર અધિક સ્નેહ હોય તો તેના સ્મરણમાં પાંચમો પુત્ર પહેલો રહેશે. મા અને પુત્રના સંબંધમાં પુત્ર માને ભૂલી જાય તોએ મા પુત્રને ભૂલતી નથી, અને પુત્રના દોષ ગ્રહણ કરતી નથી. જેના ઉપર આપણને પ્રેમ હોય તેના દોષ આપણે ગ્રહણ કરી શકતા નથી; એટલુંજ નહિ પણ આપણે તેને સૌથી પહેલાં યાદ કરીએ છીએ. પ્રેમમાં કઇ વસ્તુ પહેલી ઉત્પન્ન થઇ તે જોવાતું નથી પણ કઇ વસ્તુ ઉપર કેટલો સ્નેહ છે તે જોવાય છે.

તેથી વાત્સલ્ય પ્રેમમાં નિરપેક્ષ ભાવ કાંઇક અંશે અનુભવમાં આવે છે. એ પ્રેમ જ્યારે ભગવાન ઉપર ઉતરે છે એટલે કે જ્યારે ભક્ત ભગવાનને મા તરીકે માને છે ત્યારે બાળક જેમ પોતાના ભવિષ્યની ચિંતા છોડે છે તેમ ભક્ત પણ પોતાના ભવિષ્યની ચિંતા છોડે છે. બાળકનું રક્ષણ કરવું એ માની ફરજ છે અને તેવો ભાવ હોય ત્યારે ભગવાન પણ તે પ્રમાણે પ્રત્યુત્તર આપે છે, એટલે કે બાળકની માફક ભક્ત પણ જો કોઇ વખત ભૂલ કરે તોએ માની માફક ભગવાન તેનો દોષ ધ્યાનમાં લીધા વગર તેની સંભાળ લે છે. આ સંબંધમાં જેટલો પ્રેમ હોય તેટલા પ્રમાણમાં ફળ નથી કારણ કે બાળકના પ્રેમના પ્રમાણમાં મા ફળ આપતી નથી. આ સંબંધમાં પ્રેમનું માપ જોવાનું નથી પણ પ્રેમનો પ્રકાર જોવાનો છે.

જગતના નિયમનના કાયદા જગતમાંથી ઉત્પન્ન થતા નથી, પણ જીવમાંથી ઉત્પન્ન થાય છે. જગત પહેલાં ઉત્પન્ન થએલ નથી. મકાન ઇજનેરના પહેલાં ઉત્પન્ન થતું નથી. પવનના ઝપાટાથી ઘર પડી જાય છે પણ પવનના ઝપાટાથી પથ્થર અને લાકડા ભેગા

થઇને ઘર ઉત્પન્ન થતું નથી. નાટકના બીજા અંકથી જોએલું નાટક બરાબર સમજાતું નથી. તેથી જ્યારે એવું જગત જોવામાં આવે કે જે ઉત્પન્ન કરનારના પહેલાં ઉત્પન્ન થયું ન હોય ત્યારે ઉપયોગનો અર્થ બરાબર સમજવો જોઇએ. જેને જગતનો કોઇ ભાગ ઉપયોગી નથી તેની દ્રષ્ટીમાં તેટલું જગત ઉત્પન્ન થયું નથી. તેથી જેમ દીકરો બાપના વિવાહ જોઇ શકે નહિ તેમ જગતની ઉત્પતિનો વિચાર થઇ શકે તેવો નથી પણ જગતના ઉપયોગનો વિચાર થઇ શકે તેવો છે. પહેલા વિચારમાં કાળના માપનો વિચાર સમાયેલો છે. કાળની ગતિ માટે કાંઇક માપ લેવું જોઇએ. માપ લાગણી અને ઉપયોગ પ્રમાણે ફરે છે. તે વખતે કાળના સ્વભાવની ખબર પડે છે. જ્યારે પ્રેમ ઉત્પન્ન થાય છે ત્યારે શું ઉત્પન્ન થયું છે તે જાણવાની પ્રેમી માણસને પરવા નથી પણ શું જોઇએ છે તે નકી કરવાની જરૂર રહે છે.

સામાન્ય માણસ જગતમાં જેવા વિષયો દેખે છે તે પ્રમાણે ઇચ્છા ઉત્પન્ન કરે છે અને આ દ્રષ્ટીએ કાર્યકારણ ભાવ હમેશાં નિયત લાગે છે, પણ કોઇ

મહાત્માને વિષય જોયા છતાં ઇચ્છા ઉત્પન્ન ન થાય તો એમ ન કહી શકાય કે વિષયનું કામ હમેશાં ઇચ્છા ઉત્પન્ન કરવાનું છે. તે બનાવમાં હમેશાંનો અર્થ ફરી જાય છે.

તેજસ્વી માણસ કાર્યકારણ ભાવ માનતા નથી એટલે કે વિષયો માણસને હમેશાં દબાવી શકે એ વાત માનતા નથી. અંગ્રેજોની અથવા ધનવાનોની સતા આ દેશમાંથી કેમ ઓછી થાય એ બાબત સામાન્ય માણસોને થોડા વર્ષ સુધી સૂઝતી ન હોતી પણ જેનો આત્મા સત્ય તરફ વળેલો હોય તેને એ વાત મુશ્કેલ લાગતી નથી. તેવીજ રીતે ભગવાનનો સાક્ષાત્કાર કે જે સામાન્ય માણસને મુશ્કેલ લાગે છે તે વાત્સલ્ય ભાવથી અથવા મધુર પ્રેમથી મહાત્માઓને સરળ લાગે છે. જે કામ કરતાં મજુરોને બહુ વખત લાગે છે તે કામ બુદ્ધિશાળી માણસો થોડા વખતમાં કરી શકે છે. તેથી કાળની ગતિ નિયત છે એમ કહી શકાય નહિ. અમુક કામ માટે અમુક વખત લાગવોજ જોઇએ એમ નકી માની શકાય નહિ. નિશ્ચય અને પ્રેમથી કાળની ગતિ અને કાળની દિશામાં ફેરફાર થાય છે.

## કાળની ગતિ.

ભગવાનના સાક્ષાત્કારમાં ભગવાન તરફથી કાળની જરૂર નથી. તે નિરપેક્ષ સ્વભાવવાળા છે. તેનો અનુગ્રહ બધા માણસ ઉપર કાયમ રહે છે; પણ જે માણસને સાક્ષાત્કાર કરવો હોય તેને પોતાના તરફથી પોતાના સ્વભાવ પ્રમાણે વખત લાગે છે. સાધારણ વસ્તુના ઉપયોગમાં દૂરની વસ્તુ અને થોડા વખત પછી મળવાની વસ્તુની કિંમત રહે છે પણ આત્માના અનુભવમાં નજીકની વસ્તુ અને હમણાં જે હોય તેની કિંમત રહે છે; કારણ કે તે સુખ આપી શકે છે અથવા તેનું સુખ લઇ શકાય છે. સ્વભાવથી સંજોગો જીતવાના છે અને તે જીતથી કાળ પણ જીતી શકાય છે.

નિષ્કામ થયા પહેલાંના કર્મમાં પરિણામ પાછળથી આવે છે. નિષ્કામ થયા પછીના કર્મમાં પરિણામ શરૂઆતમાં આવે છે. પહેલામાં કર્મનું ફળ દેખાય છે, બીજી દશામાં કર્મનું કારણ દેખાય છે.

નિષ્કામી મહાત્માઓની દ્રષ્ટીમાં જેવું જગત છે તેવું બરાબર છે, જેવું હતું તેવું બરાબર હતું અને જેવું થશે તે બરાબર થશે. તેઓને જે હોય તેમાં સંતોષ રહે છે અને જે થશે તેમાંથી વધારે સંતોષ લેવાનો હોતો નથી.

કેટલાક માણસ કહે છે કે પુરૂષ બળવાન નથી પણ કાળ બળવાન છે કારણ કે ઘણે વખતે માણસ પોતાનું ધાર્યું કામ કરી શકતા નથી. પણ જે સુખ માટે વખત જોઇએ તે સુખ માટે વખતની જરૂર પડે છે અને જેને વખતની જરૂર પડે છે તે કાળની સતા નીચે દબાય છે. જેને પોતાના સુખ માટે કોઇ વસ્તુની કે વખતની જરૂર નથી તેને માટે કાળ બળવાન નથી પણ પુરૂષ બળવાન છે.

કોઇ માણસ શરીર છોડે છે એટલે પાછો થાય છે ત્યારે જૈન ધર્મમાં એમ લખવાનો રીવાજ છે કે પંચમ કાળ કઠણ છે અને ધરમ કરશે તે સુખી થશે એનો અર્થ એ છે કે જેની વૃત્તિ આત્મા તરફ વળે છે તેને માટે આ કાળ કઠણ નથી પણ બહુ પોચો છે. આવી વૃતિથી કાળની દિશા ફરે છે અને સાચી દિશા મળે છે. તે દશામાં કાળની ગતિ વિધ્ન કરતી નથી પણ મદદ કરે છે.

ખરી રીતે, મરણ પછીનું જીવન, આપણા સામાન્ય કાળથી માપી શકાય નહિ. તે માણસને સુખ હોય તો આપણા સો વર્ષ તેને સો કલાક જેવા લાગે

અને દુઃખ હોય તો સો વર્ષ સો યુગ જેવા લાગે. કેટલાક બહુ દુઃખી માણસ પોતાનું મરણ તરત આવે એવું ભગવાન પાસે માગે છે તેથી એમ જણાઇ આવે છે કે મરણમાં પણ સુખ છે.

આપણા જીવનમાં જે કાળ આપણે મીનીટ, કલાક, દિવસ, વર્ષ વિગેરેથી માપીએ છીએ તે આપણો કાળ છે, તે ખરો કાળ નથી. તે કાળનો અંત આપણા મરણ વખતે આવે છે. તેથી મરણ પછીની દશાનો કાળ, મરણ પહેલાંની દશાના કાળથી માપી શકાય નહિ. મરણ વખતે એક પ્રકારના કાળનો અંત આવે છે. મરણ પછી જેવી વાસના રહે છે અને જેવા સંસ્કાર હોય છે તે પ્રમાણે જીવ પોતાનો કાળ ફરીથી તૈયાર કરે છે. આત્મજ્ઞાન થાય અને ઇચ્છા ન રહે તો તે પુરી કરવાનો વખત જોઇતો નથી. તેથી કાળની જરૂર પડતી નથી.

કીડામાંથી ભમરી થાય છે એ અનુભવ કેટલાક માણસો જાણે છે. કીડાનો કાળ અને ભમરીનો કાળ એ એક નથી. તે જીવ એક પ્રકારના ચક્કરની ગતિ ઉપરથી ઉતરી બીજા પ્રકારના ચક્કરની ગતિ ઉપર ચડે છે.

જેમ આપણા શરીરના અંગ જુદા જુદા પ્રકારના હોય છે તેમ કાળ પણ જુદા જુદા પ્રકારની ગતિના હોય છે. ઘડીઆળની અંદરના ચક્કરોની માફક તે જુદી જુદી ગતિએ ફરે છે.

શરીરનો કાળ એ પ્રાણનો કાળ નથી. શરીરનો નાનો ભાગ કપાઇ જાય તો પ્રાણને કાંઇ થતું નથી. પ્રાણનો કાળ એ મનનો કાળ નથી. ઉંઘમાં મન ચાલતું નથી પણ પ્રાણ ચાલે છે. મનનો કાળ એ આત્માનો કાળ નથી. મનના સંકલ્પથી જીવ સ્વપ્નામાં બીજે ગામ જાય છે, ત્યાં બે ત્રણ દીવસ કામ કરે છે પણ ઉઠે ત્યારે પોતાના ઘરમાં પોતાને વખતે ઉઠે છે. તેથી જણાઇ આવશે કે આત્માને મનના સંકલ્પથી ઉઠતા દેશ અને કાળની અસર થતી નથી. સ્વપ્નાના બનાવો વીષે વધારે હકીકત પાંચમા પ્રકરણમાં લખી છે. આત્માના કાળને જૈન ધર્મમાં સ્વ-કાળ કહે છે.

આટલા પ્રકારના કાળ હોવા છતાં, વિચારની ટેવથી, માણસ એક પ્રકારના કાળમાં ગુંથાયેલો રહે છે. આપણી સમાજમાં એક કહેવત છે કે "શાક બગડયું તેનો દીવસ બગડયો, અથાણું બગડયું તેનું વરસ બગડયું અને બાયડી બગડી તેનો ભવ બગડયો"

પણ જેને આ વસ્તુઓ જોઇતી નથી તેનો વખત અગડતો નથી. આવી ભાવનાઓથી એક પ્રકારના કાળના વિચાર રહે છે અને કાળની ખરી ગતિ કે કાળની ખરી દિશા અને કાળનો સ્વભાવ સમજાતાં નથી.

શરીર, પ્રાણ, મન અને આત્મા એ ચાર ક્ષેત્રમાંથી જે જે ક્ષેત્રનું સુખ વધારે પ્રમાણમાં જોઇએ તે ક્ષેત્ર માટે તેવો કાળ ગ્રહણ કરવો પડે છે.

નબળા વિચાર આવે, નબળાઇ વધે તેવા કર્મ પરાણે કરવા પડે, તે ખરૂં મરણ છે. તે દશામાં પોતાનો કાળ પોતાને સ્વાધીન રહી શકતો નથી. જ્ઞાન અને શક્તિ વધે એવા કર્મ કરવાથી, માણસ બધા પ્રકારના ભયથી મુક્ત થાય છે; કારણ કે સુખ વધવાથી કાળ ટુંકો થાય છે. તેથી કયા કર્મ કરવા લાયક છે તે જાણવા કરતાં કેવા જ્ઞાનથી કર્મ કરવા તે જાણવું વધારે જરૂરનું છે.

# પ્રકરણ ૨ જું

## માન્યતા

કેટલાક માણસો એમ માને છે કે માણસ સ્વભાવથી પશુ જેવો છે, કારણ કે તેના અંતઃકરણમાં પશુના જેવી વૃત્તિઓ છે. તેથી તે ધીરે ધીરે સુધરે છે. કેટલાક એમ માને છે કે માણસ નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત અને આનંદમય છે. તેના સ્વભાવમાં જે દોષ દેખાય છે તે અંતઃકરણના છે, તેના આત્માના નથી. આત્માનું સ્વરૂપ કાળથી અતીત હોવાથી, દોષ વખતે પણ તે બગડે નહિ, તેથી સ્વરૂપથી જે બગડતો નથી તેને સુધારવાની જરૂર નથી પણ તેને પોતાનું સ્વરૂપ સમજવાની જરૂર છે.

પહેલી માન્યતા સમજવી સહેલી છે પણ બીજી સમજવી સહેલી નથી. તેનું ખરૂં કારણ એ છે કે જે બુદ્ધિ વ્યવહારમાં ઉપયોગી થાય છે તે બુદ્ધિ સ્વરૂપની સમજણ માટે કામ આવતી નથી. તેથી કેટલીકવાર

એક માણસની વાતો બીજા માણસો સમજી શક્તા નથી અને એક યુગની વાતો પણ બીજા યુગના માણસો સમજી શક્તા નથી. નવા યુગના માણસોને નવી નવી જરૂરીયાત પ્રમાણે નવી નવી ટેવ પડે છે અને તેથી સમજણ શકિતની હદ બંધાય છે.

દરેક કાળે વ્યવહાર અને પરમાર્થનો સંબંધ બરાબર રાખવાનો પ્રયત્ન થાય છે. પણ વ્યવહાર ફરતો રહે છે તેથી તે સંબંધ બરાબર રાખવા માટે જે ઉપાય પહેલા કાળમાં લેવામાં આવ્યા હોય તે બીજા કાળમાં ચાલતા નથી.

જે કેળવણીથી માણસના જીવનનો હેતુ સમજાય તે સાચી કેળવણી કહી શકાય છે. પણ આવી કેળવણી કયારે શરૂ થાય છે તે કહેવું મુશ્કેલ છે. અભણ માણસમાં અને નાની ઉમરના માણસમાં આ વિદ્યા કેટલીકવાર જોવામાં આવે છે અને મોટી ઉમરના માણસોમાં આ વિદ્યા કેટલીકવાર આવતી નથી.

સત્ય કેને કહેવું એ નકી થઇ ગયેલ છે અને સત્યનો અનુભવ થયો હોય તેવા મહાપુરૂષો પણ આ દેશમાં થઇ ગયા છે પણ દરેક કાળે નવી નવી

પ્રકૃતિના માણસો જન્મતા હોવાથી તેજ સત્ય તે તે કાળના માણસોને સમજાવવા માટે નવી પદ્ધતિની જરૂર રહે છે. તેથી એકજ સત્ય સમજાવવા માટે ઘણા સંપ્રદાયો થયા છે અને થશે.

છતાં જેને સત્ય સમજવું હોય તેને કોઇ માન્યતા લઇને ચાલવું પડે છે. કોઇ માન્યતા લીધા વગર પોતે માણસ છે કે નહિ તે પણ નકી થઈ શકતું નથી. અવ્યકતની ઉપાસના કરનાર એટલે કોઇપણ વાત માન્યા વીના જે માણસ સત્ય શોધવા નીકળે છે તેને ઘણું દુ:ખ ભોગવવું પડે છે, એમ ગીતામાં કહેલું છે. આ જગતમાં થઇ ગયેલા મહાપુરૂષો જેને ઉત્તમ જીવન કહે છે તેમાં શ્રદ્ધા રાખવી જોઇએ.

પણ- મહાત્મા કહેવા કોને ! વેશથી કે ચમત્કારથી આ બાબતનો નિર્ણય થઇ શકતો નથી. કેટલાક ગરીબ માણસો પણ સાદો વેશ પહેરે છે અને કેટલાક અનીતિવાળા માણસો પણ ચમત્કાર બતાવી શકે છે. વળી કેટલાક સાચા સાધુઓ પણ સારી ટેવથી રહે છે અને તેમના આત્માની શક્તિથી કેટલાક ચમત્કાર સહજ દેખાઇ આવે છે.

તેથી એટલું માની શકાય કે જે માણસના સંબંધથી આપણું જીવન ઉંચ્ચ સ્થીતિમાં આવે તે માણસ આપણે માટે તેટલો વખત ગુરૂ તરીકે માની શકાય અને તેજ પ્રમાણે આપણા જીવનથી જે માણસો પોતાનું જીવન સુધારતા હશે તે આપણને ગુરૂ કહેશે.

આ ઉપરથી જડ અને ચેતન એ બે શબ્દોના અર્થ પણ સમજી શકાશે. જે વસ્તુના અથવા માણસના સંબંધથી આપણે મોટા બનીએ તે આપણે માટે ચેતન અને જેના સંબંધમાં આવવાથી આપણે નાના બનીએ અને હલકા બનીએ એ જડ લાગશે.

કુદ્રતની કોઇ વિશાળ જગ્યાએ જઇને બેસો, પર્વત ઉપર કે સમુદ્ર કિનારે બેસો તો તમારા દિલમાં મોટા જીવનના વિચાર આવશે પણ એક હલકા વિચારવાળા માણસ પાસે બેસશો તો તમે નાના થતા લાગશો. આવી સ્થીતિમાં જડ એ ચેતન લાગે છે અને ચેતન એ જડ લાગે છે.

ખાસ કરીને તમોગુણ આપણને નાના બનાવે છે તેથી તે દૃષ્ટીથી રજોગુણ એ ચેતન છે, પણ જેને રજોગુણ જડ બનાવે છે તેમને માટે સત્ત્વગુણ એ

ચેતન છે અને જેને સત્ત્વગુણ અભિમાનમાં રાખી જડ બનાવે છે તેને માટે નિરભિમાનપણું એ ચેતનનો માર્ગ છે.

કેટલાક મહાત્માઓને મરણથી, મોટા જીવનનો માર્ગ ખુલ્લો થતો જણાય છે. તેમને માટે તે ચેતન છે. મરણથી જેને પોતાનું જીવન ટુંકું થઇ જતું લાગતું હોય તેમને માટે એ જડ ભાવ છે.

તેથી સત્ય જ્ઞાન માટે એ જરૂરનું છે કે પોતાની ચાલુ માન્યતાઓ ઉપર અને સમાજ તરફથી પણ આપણા ઉપર નંખાએલ માન્યતાઓ ઉપર પહેલાં શંકાની નજરથી જોવું અને જે માન્યતાઓ ફેરવવા યોગ્ય હોય તે ફેરવવી.

સાચી માન્યતાને શ્રધ્ધા કહે છે, ખોટી માન્યતાને વહેમ કહે છે.

સાચી માન્યતા ઘડવામાં અને ખોટી માન્યતા દૂર કરવામાં બીજો પણ કેટલોક વિચાર જરૂરનો છે.

હાલના કાળમાં થતી સાયન્સની અનેક જાતની શોધો, દેશ પરદેશના રાજ્યતંત્રમાં થતા ફેરફાર, તેથી વેપાર અને ઉદ્યોગમાં મળતી સગવડો વિગેરેથી માણ-

સના જીવનમાં ઘણા ફેરફાર થયા છે. વેપારી બુદ્ધિવાળા ઘણા માણસ કહે છે કે એક ઠેકાણે બેસી આત્મ ચિંતન કરવાથી અથવા ભૂતકાળના જેવું ગ્રામ્ય જીવન સ્વીકારવાથી સુખ મળશે નહિ પણ બીજા દેશોની માફક આંહી પણ વેપાર, હુન્નર, ઉદ્યોગ વધારી આંહીનું સુખ વધારવું જોઇએ. આ પ્રકારનું સુખ જેને જોઇતું હોય તેમને માટે આ માન્યતા ખોટી નથી. તે માટે વધારે વિચાર છઠા પ્રકરણમાં કરેલ છે.

કેટલાક કહે છે કે બીજાનું ભલું કરવું એ ઉત્તમ જીવન છે; માણસ પણ ભગવાનનું રૂપ છે અને ગરીબ માણસની સેવા કરવી એ ભગવાનની સેવા કરવા બરાબર છે. પણ આ લોકો ભૂલી જાય છે કે ભગવાન ગરીબ નથી અને સેવા કરતી વખતે સેવા કરનાર માણસ ગરીબ માણસને ભગવાન રૂપે ઘણીવાર જોઇ શકતા નથી. જેમ પતિ મળ્યા વગર પતિ સેવા થઇ શકે નહિ તેમ ભગવાન મળ્યા વગર અથવા પોતાની અંદર ભગવદ્‌ભાવ આવ્યા વગર ભગવાનની સેવા થઇ શકે નહિ. જ્યાંસુધી ભગવાનમાં સંસાર જોઇ શકાશે નહિ ત્યાંસુધી સંસારમાં ભગવાન મળી શકશે નહિ.

વળી બીજાનું કલ્યાણ કરવા માટે ઘણીવાર આપણે હલકા ભાવમાં ઉતરવું પડે છે, તેમની હલકી માગણીઓને સંતોષ આપવો પડે છે અને તેવી દશામાં ધ્યાન ન રહે તો પોતાની ઉંચી દશા છુટી જાય છે. તેનાથી બીજાની હલકી વૃત્તિઓને સંતોષ થાય છે પણ તેને ઉંચા સંસ્કાર આપી ચડાવી શકાતો નથી. જગતના મહાપુરૂષો, હલકી સ્થીતિમાં રહેલા માણસોને ઉંચી દશામાં ચડાવવામાં ખરી સેવા સમજ્યા છે. તેવી સેવા માટે સેવા કરનારમાં કાયમ ઉંચો ભાવ રહેવો જોઇએ.

સેવા જેમ શરીરથી થાય છે તેમ વાણી અને મનથી પણ થાય છે. મન અને વાણીને શરીરની સેવામાં લઇ જવા કરતાં શરીર, વાણી અને મનને આત્માની સેવામાં વાપરવા એ ખરી સેવા છે.

એક મહાત્માએ એક વખત કેટલાક દુકાળમાં પીડાતા માણસોને જોયાં અને દયા આવવાથી, કોઇની પાસેથી મોટી રકમ ઉછીની લઇ ગરીબોની સેવા કરવી શરૂ કરી. તેના પરિણામે ગરીબોની સંખ્યા વધી અને મહાત્મા પોતાનું દેણું દઇ ન શકવાથી ચિંતામાં રહેવા લાગ્યા.

બીજા એક મહાત્માએ પોતાના બે શિષ્યોને પરણવાની રજા આપી. થોડા વખતમાં તેમના દેહનો અંત આવ્યો અને તેમની વિધવા સ્ત્રીઓ ગુરૂ પાસે પોતાના દુઃખ રોવા લાગી. આત્માને માર્ગે ચડયા પછી જે શિષ્યો સકામ ભાવથી ગુરૂ સેવા કરે છે અને જે ગુરૂ એવા લાભ આપવા પ્રયત્ન કરે છે તે બંને સાચો માર્ગ ચુકે છે. ખરી રીતે તેઓએ સમાજને ઉંચા સંસ્કાર આપી ચડાવવી જોઇએ પણ સમાજને હલકા લાભ જોઇએ તે માટે પોતે હલકા ભાવમાં ઉતરવું ન જોઇએ.

જગતમાં પરાણે ભગવાન જોવાની ટેવ કરવી જોઇએ નહિ. તેવી ટેવથી માણસ પ્રકૃતિના ક્ષેત્રમાં આવે છે અને પરાધીન બને છે. તે બાબત વધારે વિસ્તારથી પાંચમા પ્રકરણમાં સમજાવેલ છે. આપણી અંદરની દશામાં ભગવદ્ભાવ હશે તો પ્રયત્ન વગર જગત ભગવાન રૂપે દેખી શકાશે. મહાપુરૂષો જીવનમાં સુખ અને સૌંદર્ય જુએ છે, જીવનમાં સુખ અને સૌંદર્ય શોધતા નથી.

વળી હાલના વખતમાં સુખ માટે સત્યાગ્રહનો

નવો ધર્મ ઉત્પન્ન થએલ છે તેને અંગે કેટલીક નવી માન્યતા ઉત્પન્ન થઇ છે. કોઇ માન્યતા ગ્રહણ કરવી સહેલી છે પણ કોઇ માન્યતામાંથી ભૂલો કાઢી દૂર કરવી એ સહેલું નથી. આગલા વખતમાં સત્યાગ્રહ થતો હતો પણ હાલ તેનો જે અર્થ થાય છે તે તે વખતે થતો નહોતો. પ્રહ્લાદ અને સુધન્વાના સત્યાગ્રહ સત્ય જાણ્યા પછી થયા હતા. સત્ય જાણ્યા પછી સત્યના રક્ષણ માટે જે સત્યાગ્રહ થાય તેમાં અને સત્ય મેળવવા માટે જે સત્યાગ્રહ થાય તેમાં ફેર રહે છે. પ્રહ્લાદના સત્યાગ્રહ વખતે હિરણ્યકશિપુના જુલમ પ્રહ્લાદને અસર કરી શકતા નહોતા કારણ કે પ્રહ્લાદ બધે પ્રભુને જોઇ શકતા હતા એટલે કે દુઃખ આપનારને પણ પ્રભુરૂપે તે જોતા હતા તેથી તેના ઉપર દુઃખની અસર થતી નહોતી.

કોઇ કહે છે કે આ દેશ ઉપર આટલું દુઃખ પડે છે તેથી પ્રભુ જગતમાં નથી પણ જે હેતુ માટે સત્યાગ્રહનું દુઃખ ખપવામાં આવે છે તે દુઃખથી તે હેતુ સિદ્ધ થાય છે. પ્રભુ મેળવવા માટે દુઃખ સહન થાય તો પ્રભુ મળે, ગરીબાઇ દૂર કરવા માટે દુઃખ સહન થાય તો ગરીબાઇ દૂર થાય. પણ ગરીબાઇ

દૂર કરવા માટે બધા દેશોમાં કામદારોની જે હડતાલો પડે છે તેને સત્યાગ્રહ નામ આપવું એ ખોટા અર્થમાં તે શબ્દનો ઉપયોગ છે.

હાલ જે સત્યાગ્રહ થાય છે તેમાં સત્ય મળે તેમ નથી પણ સત્યની દિશા મળે તેમ છે. ક્રોધી માણસની સામે ક્રોધ વાપરવાથી જગતમાં ક્રોધનું પ્રમાણ વધે છે અને આખી માણસ જાતના સુખનો વિચાર કરતાં તે રીતે દુઃખ ઓછું થતું નથી પણ ક્રોધ અને લોભ સામે પ્રેમ વાપરવાથી આસુરી પ્રકૃતિનું જોર નરમ થાય છે. સત્યાગ્રહનો આ મુખ્ય સિદ્ધાંત છે. તે સાધન પોતાનો સ્વભાવ સુધારવાને માટે અથવા સમાજનો સ્વભાવ સુધારવા માટે વાપરવું જોઇએ. માત્ર ગરીબાઇ દુર કરવા માટે વાપરવામાં આવે, માત્ર પરિણામ તરફ દ્રષ્ટી રહે અને પોતાના ધારવા પ્રમાણે ફળ આવે નહિ ત્યારે ગરીબ માણસોમાં વધારે ક્રોધ ઉત્પન્ન થાય છે. જ્ઞાન વગર સંયમ રહી શકતો નથી.

એમ કહેવાય છે કે બારડોલીના સત્યાગ્રહમાં સત્યાગ્રહીઓને ભગવાન મળ્યા. પણ ભૂતકાળમાં

જે જે મહાત્માઓને ભગવાન મળ્યા છે તેમની દશા કાંઇક જુદા પ્રકારની હતી. ખરી રીતે આવા સત્યાગ્રહથી થોડીક શક્તિ વધે છે, આસુરી પ્રકૃતિનું જોર કાંઇક ઓછું થાય છે અને રાગદ્વેષ ઉત્પન્ન ન થાય તો સત્યની સાચી દિશા મળે છે.

જે મળ્યા પછી કાંઇ મેળવવાનું ન રહે તે મળે ત્યારે ભગવાન મળ્યા કહેવાય. સત્ય સમજવું મુશ્કેલ નથી પણ માણસનું માનેલું સત્ય સમજવું મુશ્કેલ છે. ખરૂં સત્ય કાળથી અતીત છે. તે શોધની શરૂઆતમાં મળી શકે તેવું છે. પણ માણસનું માનેલું સત્ય કાળને આધીન હોવાથી, હજારો વર્ષ સુધી થતી લડાઇઓને અંતે પણ મળતું નથી, અને અંતે જે મળે છે તે શરૂઆતથી રહેલું હોય તે મળે છે.

કોઇ એમ માને છે કે સાયન્સની નવી નવી શોધો થયાં કરે છે અને ભવિષ્યમાં શું નહિ બને તે કહી શકાય તેમ નથી તેથી હાલ કોઇ માન્યતા નકી કરી લેવી એ ઠીક નથી. આવી અચોકસ માન્યતાની અસર એ થઇ છે કે સુધારો એટલે "લડાઇ અને શાંતિ" બન્ને માટે તૈયારી રાખવી અને જે જ્ઞાનથી વિષય સુખ વધે તેનેજ જ્ઞાન માનવું. ડારવીનના મત પ્રમાણે

માણસ વાંદરામાંથી આવેલા છે અને હવે જ્યારે માણસનું શરીર બદલાઇને બીજું જે કાંઇ આવશે તે સારૂં આવશે તેથી કોઇ માન્યતા આગળથી નકી કરવાની જરૂર નથી. પણ યુરોપમાં જ્યારે પશુ જેવા માણસો હતા ત્યારે હિંદુસ્થાનમાં રૂષી મુનીઓનો જમાનો હતો. ત્યાં જ્યારે સ્ત્રીઓ અને મજુરોનો વેપાર ચાલતો હતો ત્યારે આંહી સીતા, દ્રોપદી, તારા અને દમયંતી જેવા સ્ત્રીરત્ન હતા અને વાલીઓ કોળી પ્રભુ કૃપાથી વાલ્મીક રૂષી થઇને રામાયણ જેવા અદ્દભૂત ગ્રંથ તૈયાર કરી શકયા હતા.

તેથી નવું બધું સારૂં કે જુનું બધું ખરાબ એમ કહી શકાય નહિ.

જે માણસો બરાબર વિચાર કરી શકતા નથી તેઓ યુગ ધર્મને વશ થાય છે અને કેટલીક ખોટી માન્યતાઓને સાચી માને છે. મહાત્મા ગાંધીજી જેવાની આત્મકથા અથવા સત્યના પ્રયોગોની કથા પણ હજુ પુરી થઇ નથી તેથી કેટલાક એમ માને છે કે સત્ય હજુ જગતમાં આવેલ નથી. શ્રી અરવિંદ અને બીજા પણ કેટલાક સારા મનાતા મહાપુરૂષો પણ એમ માને છે કે રૂષી મુનીઓના વખતમાં

સત્યની પુરી શોધ થઇ નહોતી તેથી ફરીથી તે શોધવાની જરૂર છે.

પણ સત્ય કહેવું કેને ! તે બાબત જ્યાંસુધી નક્કી નહિ થાય ત્યાંસુધી વારંવાર જીવન ફેરવવાથી કાંઇ ફળ મળશે નહિ. જે વસ્તુ પ્રાપ્ત થયાથી સત્ય મળ્યું કહેવાય તે શી છે તે પહેલાં સમજવું જોઇએ.

સત્ય માટે ઘણા પ્રકારની માન્યતાઓ ચાલી રહી છે અને ચાલશે. મહાપુરૂષો કહી ગયા છે કે સત્ય ત્રણે કાળમાં સત્ય રહેવું જોઇએ અને જે ત્રણે કાળમાં હાજર હોય તે ત્રણે કાળમાં મળી શકે તેવું પણ હોય. તે પરમાત્મા છે. આટલી હકીકત પહેલાં માનવી જોઇએ પણ કોઇ કહેશે કે એ પણ શા માટે માનવું ? શું એ માનવાથી પેટ ભરાય છે ?

પણ પેટ ભરવા માટે જુદા પ્રકારની માન્યતા જોઇએ. આત્મજ્ઞાનથી જે ફળ મળવાનું હોય તે મળે છે. માટે પહેલાં શું જોઇએ છીએ તે નક્કી કરવું જોઇએ, તે બુદ્ધિનું કામ છે. જ્યાંસુધી એક વસ્તુ મેળવવાનું નક્કી ન થાય ત્યાંસુધી મન અનેક વસ્તુમાં ભમે છે.

**કાળની ગતિ.**

નવી નવી શોધોમાં રમતા મનને એમ લાગે છે કે આત્મ સાક્ષાત્કાર માટે પણ નવી શોધ થશે માટે જુની માન્યતાઓની જરૂર નથી. પણ વિદ્વાન માણસ નવી કે જુની શોધનો વિચાર કરતો નથી પણ સાચી માન્યતાનો વિચાર કરે છે. આપણો અંતરાત્મા ઉત્તમ સ્થીતિમાં હોય ત્યારે તે દશાનો જે અનુભવ થાય તે બધા યુગમાં કિંમતી મનાય છે. આ અનુભવની કિંમત ન હોય તો જ્ઞાનનો કાંઇ અર્થ નથી.

સ્વતંત્રતાથી વિચાર કરવો હોય ત્યારે પણ આત્માના ક્ષેત્રના કેટલાક અનુભવ સાચા છે એમ માનવું જોઇએ. આવી માન્યતા સ્વીકાર્યા વીના જ્ઞાન મળશે નહિ. આગળના માણસોએ આત્મ સાક્ષાત્કાર માટે જે ઉપાય માનેલા છે તે બધા વહેમ છે અને કોઇને સત્ય મળ્યું નથી અથવા આ ક્ષણિક દેહે શાશ્વત ધર્મનો સાક્ષાત્કાર થઇ શકે નહિ એમ માનવામાં લાભ નથી. રૂષી મુનીઓ એમ કહી ગયા છે કે ભગવાનની પ્રાપ્તિ માટે જે સાધન ઉપયોગમાં લેવામાં આવે છે તે કરતાં ભગવાન માટે જે પ્રેમની જરૂર છે તે સમજવાની વધારે જરૂર છે.

આસ્તિક માણસો એમ માને છે કે ભગવાનના સંબંધથી માણસ સુખી, જ્ઞાની અને અમર થાય છે. આટલી બાબત શ્રદ્ધાથી સ્વીકારવી એ ખોટી માન્યતા નથી. આવી શ્રદ્ધાથી ઘણા આસ્તિક માણસો સુખી થયા છે.

પણ ભગવાન શબ્દનો અર્થ જુદા જુદા વિદ્વાનો જુદી જુદી રીતે કરે છે. માટે સમજનારને ભગવાન શબ્દથી કેટલી સમજણ આવે છે તે પહેલાં તપાસવું જોઇએ. જ્યારે ભગવાન શબ્દથી બધી સમજણ આવી જાય અને બીજું કાંઇ સમજવાની જરૂર ન રહે ત્યારે ભગવાન શબ્દનો અર્થ પુરો સમજાયો કહેવાય. ભગવાન શબ્દ પહેલી વખત જેણે વાપર્યો ત્યારે તે શબ્દમાં જે બોધ તેને મળેલો હોય તે બોધ મળે ત્યારે માનવું કે ભગવાન શબ્દનો અર્થ સમજાયો.

આ અર્થ સમજવામાં આગલા વખતમાં પણ કેટલીક ભૂલો થતી હતી. જે માણસ તે અર્થ બરાબર સમજી શકતા નહોતા તે કહેતા કે ભગવાન આપણી ઉપર રહેલા સ્વર્ગમાં છે અને એ માન્યતાથી ઇંદ્ર એટલે મેઘરાજા, સૂર્ય, જલ, વરૂણ, અગ્નિ વિગેરેની ઉપાસના કરતા હતા.

હાલના કર્મમાર્ગવાળા ભગવાનને ઉપર માનવાને બદલે જગતમાંથી મળી શકે તેવા માને છે પણ તેઓ બીજી ભૂલ એ કરે છે કે ભગવાન ભવિષ્યમાં રહેલા છે અને સમાજે માનેલા અમુક સારા કામ કરવાથી ભગવાન મળી રહેશે. આગળના માણસો ભગવાનની જગ્યા સંબંધમાં ભૂલ કરતા હતા. હાલની પ્રવૃત્તિમાં પડેલા ઘણા માણસો ભગવાનના કાળના સંબંધમાં ભૂલ કરે છે. ભગવાન ભવિષ્યમાં નથી. તે પરિણામનું પરિણામ નથી પણ કારણનું કારણ છે.

બધે વખતે વ્યવહાર અને પરમાર્થની એકતા કરવાની મુશ્કેલી રહે છે. જેઓ વ્યવહારને પ્રધાન પદે મૂકે છે તેઓ પરમાર્થ સંબંધમાં ગંભીર ભૂલો કરે છે અને ભગવાન શબ્દનો અર્થ પણ સમજી શકતા નથી અને જેઓ પરમાર્થને મુખ્ય ગણે છે તેઓ જગત અને જગતના વ્યવહારની નિંદાનો વખત મળે તો ચૂકતા નથી. આ મુશ્કેલી ચાલી આવે છે અને ભવિષ્યમાં પણ ચાલુ રહેશે. જેમ સમાજના બંધન મનુષ્ય ઉપર નાખવાથી મનુષ્ય સ્વતંત્ર થઇ શકતો નથી તેમ ખરી સ્વતંત્રતા સમજ્યા વગર મનુષ્ય સમાજ તરફ જોઇએ તેવું વર્તન રાખી શકતો નથી.

સમભાવ વગર રાગદ્વેષ જતો નથી અને રાગદ્વેષ ગયા વગર જે માણસો સત્યાગ્રહમાં જોડાય છે તે તેમાં લાંબો વખત રહી શકતા નથી. તેઓને મારામારી ગમે છે અથવા પોતાની ઇચ્છા પુરી ન થાય એટલે પોતાનો દ્વેષ અંદર અંદર બીજા સત્યાગ્રહીઓ પ્રત્યે વાપરે છે. બધા ધર્મોમાં સર્વાત્મભાવ અથવા બીજા પ્રત્યે સમભાવની જરૂર માનેલી છે પણ તે સમભાવ, રાગદ્વેષ છોડયા વિના આવી શકતો નથી. સમાજમાં કોઇ માણસને રાગદ્વેષ છોડવાની અનુકુળતા મળે છે પણ ઘણાને રાગદ્વેષ વધારવાની અનુકુળતા મળે છે. આ કારણને લઇને વ્યવહાર અને પરમાર્થની એકતા કરવી મુશ્કેલ પડે છે. છતાં જ્યાંસુધી તે કામ નહિ થાય ત્યાંસુધી પુરૂં જ્ઞાન થયું છે એમ કહી શકાય નહિ. તેને માટે બધા માણસ માટે બધે વખતે કામ આવે એવા નિયમ ઘડી શકાતા નથી. દરેક માણસે પોતાના સંજોગોનો વિચાર કરી, જ્યારે બે ત્રણ ફરજો એક સાથે આવી પડે ત્યારે બને ત્યાંસુધી ઉંચી ફરજો સ્વીકારીને ચાલવું એ માર્ગ મહાપુરૂષો બનાવી ગયા છે. એ વાત ભૂલી જવી ન જોઇએ કે સ્વભાવથી સંજોગો જીતવાના છે. તે મહાભારતનું યુદ્ધ આ કુરૂક્ષેત્ર

એટલે વ્યવહારમાં કરવાનું છે. જેને વ્યવહારનું સુખ પહેલાં જોઇએ છીએ તે પોતાના સંજોગો જીતી શકશે નહિ પણ જેને બીજાને સુખ આપવાની વૃત્તિ રહે છે અથવા બીજાને દુ:ખ આપ્યા વીના પોતાનું સુખ લેવાની ઇચ્છા રહે છે તે પોતાના સ્વભાવથી પોતાના સંજોગો જીતી શકશે.

આપણા જીવનમાં આપણે શું જોઇએ છીએ તે નક્કી કરવાની પહેલી જરૂર છે. જયાંસુધી અલ્પ સુખમાં વૃત્તિ રહેશે ત્યાંસુધી સંજોગો જીતી શકાશે નહિ એ બાબત એટલી બધીવાર સારા પુસ્તકો અને મહાત્માઓની વાણીઓ દ્વારા સમજાવવામાં આવે છે કે તે વીષે વધારે કહેવાની જરૂર રહેતી નથી. ભગવાન એ આખી વસ્તુ છે, અને આખી વસ્તુ બીજી કોઇ જગ્યાએ રહેલી છે અથવા ભવિષ્યમાં મળશે એમ માનવું એ ભૂલ છે. તેથી જગત કેવું હતું અને કેવું થશે તેનો વિચાર કરવા કરતાં જગત કેવું છે તેનો વિચાર બહુ ઉપયોગી છે. જગત કેવું છે તે સમજ્યા વગર તેને સુધારવા જતાં તેને બગાડવા જેવું થાય છે. જેવું જગત છે તેમાં આપણને પોતાને ન સમજાયું

હોય તેવું તત્ત્વ પહેલાં શોધી કાઢી તે જાણવાનો પ્રયત્ન કરવો જોઇએ. તે તત્ત્વ પોતાનો આત્મા છે. તે જાણ્યા પછી જગતમાં કાંઇ દોષ લાગશે નહિ, કારણ કે જેને અજ્ઞાન દશામાં જગત કહે છે તેજ વસ્તુ જ્ઞાન દશામાં જગત તરીકે જુદી લાગતી નથી.

આંહી ભાષાની મુશ્કેલી જણાઇ આવે છે. અજ્ઞાન દશામાં જે અર્થમાં જે શબ્દો વાપરવામાં આવે છે તે શબ્દો, જ્ઞાન દશામાં મળતા નવા અર્થ માટે કામ આવી શકતા નથી. તેથી જ્ઞાન દશાના અર્થ સમજાવવા માટે કેટલાક મહાત્માઓ નવા શબ્દ વાપરે છે. તે શબ્દોથી તેમના શિષ્યો અને એવી દશામાં રહેલા બીજા માણસોને ફાયદો થાય છે. પણ સમાજને એ શબ્દો કામ આવતા નથી. સમાજને પોતાના શબ્દોમાં નવા અર્થ જોઇએ છીએ અને તે કામ બરાબર બની શકતું નથી. તેથી, ઇશ્વર એક છે છતાં ધર્મને નામે જુદા જુદા સંપ્રદાયો નકામાં લડી મરે છે. સમાજના માણસોએ જ્ઞાનની ભાષા સમજવાની અને નવા પ્રકારના વિચારની ટેવ પાડવી જોઇએ.

આખું જગત ચિન્મય અને આનંદમય છે, પણ સામાન્ય માણસના અનુભવમાં અસત્, જડ અને

દુઃખ દેખાય છે. તેમાં મુખ્ય ભૂલ એ થાય કે દૂરબીન-માંથી જેટલું જગત જે વખતે દેખાય છે તેટલું સાચું મનાય છે અને તેને જગતના બીજા ભાગ સાથે સંબંધ નથી એમ મનાય છે. તે અજ્ઞાન અથવા માયા છે. સત્ય સમજવા માટે આ દશા ફેરવવી પડશે.

સાચા પ્રશ્ન ઉત્પન્ન થશે તો સાચા ઉત્તર મળશે. જે જગ્યાએ પ્રશ્ન છે ત્યાંજ ઉત્તર છે. દુરબીનમાંથી દેખાતું જગત એવું કેમ દેખાય છે એ પ્રશ્નનો ઉત્તર તેજ જગ્યાએ છે. સામાન્ય દ્રષ્ટીથી દેખાતા વિરૂદ્ધ સ્વભાવ, તે દ્રષ્ટી દૂર થતાં વિરૂદ્ધ રહેતા નથી.

સામાન્ય જીવનમાં જેને માણસ "હું" કહે છે તે દુરબીનમાંથી જોએલો "હું" છે. તે "હું" જ્ઞાન દશામાં રહેતો નથી. આ વાત અનુભવી માણસો બરાબર સમજી શકે છે. તેવીજ રીતે સામાન્ય ભાષાના શબ્દોના બધા અર્થ જ્ઞાનની દશામાં ફરી જાય છે.

આત્માના ક્ષેત્ર માટે જ્યાંસુધી ભાવ અથવા રસ ઉત્પન્ન નહિ થાય ત્યાંસુધી તે ક્ષેત્રના ધર્મ અને તેના અર્થ સમજાશે નહિ.

આ ક્ષેત્રમાં આખું સમષ્ટી જીવન એક સાથે ચાલતું હમેશાં નજર આગળ રહે છે અને તે

દ્રષ્ટીથી બહારની વસ્તુઓની કિંમત અંકાય છે. આવી દ્રષ્ટી પ્રાપ્ત કરવા માટે ટેવ પાડવી જોઇએ.

જેઓ જગતમાં સુખ અને સૌંદર્ય જોઇ શકતા નથી પણ દુઃખ અને દીલગીરી જુએ છે તે ખરૂં જગત જોઇ શકતા નથી. તેમનું જોએલું જગત એ આખું જગત નથી. તે તેમનું માનેલું જગત છે. જે જ્ઞાનથી ઓછી વસ્તુ દેખાય છે તે જ્ઞાનથી આખી વસ્તુ દેખાશે નહિ. આત્મજ્ઞાનની જીવનની શરૂઆતમાં જરૂર છે. જો જ્ઞાન હશે તો વ્યવહાર અને પરમાર્થની એકતા સમભાવે સહજ કરી શકાશે.

કેટલાક કહે છે કે જગત આપણને સુખરૂપ થવું જોઇએ. પણ એમ કોણ કહી શકે કે જગતમાંથી આપણી બધી ઇચ્છા પુરી થવી જોઇએ ? જ્યારે આપણે આવી માગણી જગત પાસે કરીએ છીએ ત્યારે એમ સમજવું કે આપણી કેટલીએક ઇચ્છા પુરી કરવાની માગણી કરીએ છીએ. તે ઇચ્છા પુરી કરવાની માગણી કરવી એ મુર્ખાઇ છે. મહાપુરૂષો તેવી માગણી કરતા નથી. જગત આપણને સુખરૂપ થવું જોઇએ એ કહેવું ઠીક છે પણ સુખરૂપ ન થાય તેથી જગત ખરાબ છે

એમ કહેવાય નહિ કારણ કે આપણી ઇચ્છાનું ઠેકાણું નથી. માટે કઇ જાતની ઇચ્છા સારી કહેવાય તે સમજવાની પહેલી જરૂર છે.

સત્ય આપણી ઇચ્છા પ્રમાણે વળે નહિ; વળે તો તે સત્ય નથી. ઉલટું સત્ય એવું જોઇએ કે તે આપણી ઇચ્છાને સત્ય બનાવે. તેથી સત્ય કેને કહેવું એ જાણવાની ખાસ જરૂર છે.

જ્યારે આપણે જગતને સામાન્ય દ્રષ્ટીથી જોઇએ છીએ ત્યારે જગતનો સામાન્ય ભાવ અનુભવમાં આવે છે અને જ્યારે વિશેષ દ્રષ્ટીથી એટલે જ્ઞાન દ્રષ્ટીથી જોઇએ છીએ ત્યારે વિશેષ ભાવ અનુભવમાં આવે છે, તેનું ખરૂં કારણ એ છે કે વસ્તુઓનો મૂળ ભાવ ફરતો નથી પણ આપણો માનેલ ભાવ ફરે છે. સામા ય બુદ્ધિથી માનેલ ભાવ સાચો માનવાથી વિશેષ ભાવ અનુભવની બહાર જાય છે. વ્યવહારિક સુખ સાચું છે પણ તે તે કામ પુરતું છે. તે એમ બતાવે છે કે જીવન સુખ માટે છે; પણ જ્યારે એ જીવનને બરાબર વાપરતાં આવડતું નથી ત્યારે સુખની હદ બંધાય છે કે જે પાછળથી દુઃખરૂપે દેખાવ આપે છે.

જે જ્ઞાનથી સુખ વધે તે જ્ઞાન ઉપયોગી છે. જુદા જુદા ધર્મો વિષે માત્ર ચર્ચા કરવાથી કેટલીકવાર વાદ વધે છે અને સુખને બદલે દુઃખ ઉત્પન્ન થાય છે. જ્ઞાની પુરૂષ આખી વસ્તુનો અનુભવ લે છે. સામાન્ય માણુસ એક ભાગનો વિચાર કરે છે. આખી વસ્તુની વાત કરવી મુશ્કેલ પડે છે છતાં મહાપુરૂષોની વાણીમાં તે જણાઇ આવે છે. ખરી રીતે જેમ અંદર પ્રેમ જાગ્રત હોય તો પ્રેમની વાત શોભે છે તેમ અંદર આત્મજ્ઞાન હોય ત્યારેજ આત્માની વાત શોભે છે. તે સીવાય આત્માની વાતો કરવામાં સામા માણુસ ઉપર અસર થતી નથી. સામાન્ય ભાવથી જ્યારે તેનો વિચાર થાય છે ત્યારે આખા કરતાં ઓછું માલુમ પડે છે. વળી આપનારમાં જ્ઞાન હોય પણુ લેનારમાં તે વિષે પુરી જીજ્ઞાસા ન હોય તો પણુ તેની અસર થતી નથી.

પુરૂં ગ્રહણુ ન કરવું તેને અજ્ઞાન કહે છે. અજ્ઞાન એક ભાગમાં રહે છે. પણુ તે ભાગ બહારના જગતમાં નથી. જીવ પોતાની મતલબથી પૂર્ણમાંથી થોડું ગ્રહણુ કરી તેને આખું માને છે અને વધારે વિચાર કરતાં પાછળથી તે અપૂર્ણ લાગતાં દુઃખી થાય છે.

ભગવાનનું અસ્તિત્વ દલીલથી સિદ્ધ થઇ શકે તેમ નથી. તે સિદ્ધ વસ્તુ છે. તેથી તે તર્કની પહેલાં સિદ્ધ છે. સિદ્ધ વસ્તુ બીજા સાથે સંબંધમાં આવવાથી ફેરફાર પામતી નથી. ભગવાનના જેટલા ગુણનો વિચાર કરી શકાય છે તેટલામાં તે સમાઇ જતા નથી તેથી તેને અનંત ગુણવાળા કહે છે. અનંત ગુણવાળાને વિચારથી પહોંચી શકાય નહિ પણ શ્રદ્ધાથી એટલે સાચી માન્યતાથી પહોંચી શકાય છે. જે વસ્તુ નજીક છે, નિત્ય છે, જેની સત્તાથી વિચાર ચાલે છે તેને શ્રદ્ધાથી સ્વીકાર્યા વીના તેને વિચાર પકડી શકશે નહિ.

ક્રિયાથી સત્તા પુરી ગ્રહણ કરી શકાતી નથી પણ સત્તાથી ક્રિયા પુરી ગ્રહણ કરી શકાય છે. જે જ્ઞાનથી એવી વસ્તુ મળે કે જે મેળવ્યા પછી કાંઇ મેળવવાની જરૂર ન રહે તે ખરૂં જ્ઞાન છે. ખરૂં જ્ઞાન કિંમતી છે. જો સાયન્સવાળા સાયન્સના જ્ઞાનથી સુખ વધારી શકે તો તત્ત્વજ્ઞાની તત્ત્વજ્ઞાનથી સુખ કેમ વધારી ન શકે? પણ જેમ સાયન્સથી મળતા સુખ માટે કેટલીક માન્યતા આગળથી માની લેવી પડે છે તેમ તત્ત્વજ્ઞાનના સુખ માટે કેટલીએક માન્યતા આગળથી સ્વીકારવાની

જરૂર છે. જે જ્ઞાનથી આખું જગત સમજાય છે તે બુદ્ધિની પર છે; છતાં તે જ્ઞાનનો સ્વભાવ સમજીને આગળથી સ્વીકારવામાં ફાયદો છે. તેથી જ્યારે વેદાન્ત સંપ્રદાયના આચાર્યો પ્રસ્થાનત્રય ઉપર ટીકા લખે છે ત્યારે ઉપનિષદ્‌ના સૂત્રો પ્રમાણ તરીકે વાપરે છે.

હાલના કેટલાક નવા લેખકો, આત્માની ઉંચ સ્થિતિમાં થએલ અનુભવ પ્રમાણ તરીકે સ્વીકારવાને બદલે, સમાજના લાભ સામે જે આવે તે ખોટું એમ સમજાવે છે. તેઓ પહેલાં સમાજના ગમે તેવા ધર્મને દેવવાણી માને છે અને પછી તેની સામે થઇ ન શકાય એવી માન્યતા ઉપર ચડી જાય છે. તેથી સત્ય સહેલાઇથી સમજાવી શકાતું નથી, સત્યના પ્રયોગો કરવા પડે છે અને તે કયારે પુરા થશે તે કહી શકાતું નથી. શુક્રાચાર્યનું ગુરૂપણું બલિરાજા જેવા શિષ્યને સંસારના લાભ બતાવે છે અને આત્માના લાભથી વિમુખ કરે છે.

આગળ કહ્યું તે ઉપરથી જણાશે કે સાચી માન્યતા બાંધવામાં ત્રણ બાબતની જરુર છે.

૧. ખોટી માન્યતાઓ દૂર કરવી.

૨. સત્ય કેને કહેવું તે આત્મજ્ઞાની પુરૂષોના અનુભવથી જાણવું, અને

૩. જ્ઞાન કેને કહેવું તે સમજવું.

જગતના પદાર્થો અને જીવો અવિભક્ત એવા પરમાત્મામાં એક સાથે રહેલા જે જ્ઞાનથી જણાય તેને સાત્વિક જ્ઞાન કહે છે. જે જ્ઞાનથી તે જુદા જુદા જોવામાં આવે તેને રાજસજ્ઞાન કહે છે અને જેથી જીવનનો હેતુ જાણી ન શકાય અને સંસારમાં આસક્તિ થાય તેને તામસજ્ઞાન કહે છે.

સાત્વિકજ્ઞાન એ સાચું જ્ઞાન છે. જીવનમાં વ્યવહાર વખતે પણ આપણી અંદર તેની જાગ્રતિ રહેવી જોઇએ. આવી જાગ્રતિ રહેશે તો નાનામાં નાની ક્રિયામાં અદ્ભૂત સૌંદર્ય જણાવા લાગશે.

જ્ઞાનના આવા ત્રણ પ્રકાર થવાનું મુખ્ય કારણ એ હોય છે કે ઘણીવાર જ્યારે મન એક વસ્તુ માગે છે ત્યારે પ્રાણ બીજી વસ્તુ માગે છે અને શરીર ત્રીજી વસ્તુ માગે છે. મનને સમજાય કે ભગવાન સૌથી પહેલા છે અને તેની સત્તાથી બધું ચાલે છે, છતાં પ્રાણ અને શરીર બીજી કોઇ વસ્તુને આપણી પાસે

પહેલી મુકે છે. તેથી જેને આત્મજ્ઞાનમાં નિષ્ઠા રાખવી હોય તેમણે એવી સ્થિતિ રાખવી જોઇએ કે મન, પ્રાણ અને શરીર ત્રણે એકજ વસ્તુ એટલે આત્માનો અનુભવ માગે.

પ્રાણ અને શરીરના ધર્મ સામાન્ય રીતે એવું મનાવવા પ્રયત્ન કરે છે કે જેટલું જગત દેખાય છે તેટલુંજ સાચું છે અને તેથી પ્રાણ અને શરીરના સુખ સીવાય બીજું સુખ છે નહિ. તેમાં સામાન્ય સ્વભાવવાળું મન પણ મદદ કરે છે. તેથી જ્ઞાનનું પહેલું કામ એ રહે છે કે જીવનનો હેતુ મનને સમજાવવો. મનને બરાબર ખાત્રી થયા પછી પ્રાણને અને શરીરને ખાત્રી આપવી પડશે કે જેથી તે વિરૂદ્ધ સ્વભાવ બતાવે નહિ.

પ્રાણ અને શરીરના સ્વભાવ ફેરવવા માટે ઘણા માણસને ધ્યાન કરવાની જરૂર રહે છે. કોઇ કહે છે કે ધ્યાન કેવી રીતે કરવું અને કેટલા કલાક કરવું? આ બાબતમાં પહેલાં ધ્યાન સીવાયનો વખત બરાબર ગાળતાં આવડવું જોઇએ. જો તે સમયમાં વિક્ષેપ હશે તો ધ્યાન વખતે પણ વિક્ષેપ રહેશે. ખરૂં ધ્યાન એવું હોય છે કે ધ્યાન કરવા માટે કોઇ જાતનો

પ્રયત્ન કરવો ન પડે પણ ધ્યાન છોડવામાં મહેનત પડે. આવી સ્થિતિ હોય તો તે આત્માના વિકાસનું ચિન્હ છે.

કેટલાક માણસ ધ્યાનમાં બેઠા હોય ત્યારે કાંઇક આનંદજનક દશાનો અનુભવ લે છે અને જગતને ભૂલી જાય છે પણ જો કોઇ માણસ તેમનું ધ્યાન ચુકાવી દે તો ક્રોધ કરી ઉભા થાય છે. ભગવાનનું માગણું દેવા માટે ધ્યાનમાં બેસવાનું નથી અને ધ્યાનમાંથી ઉતર્યા પછી પણ તે અનુભવ મુકી દેવાનો નથી. જીવનની નાનામાં નાની ક્રિયા પણ ભગવદ્ ભાવમાં ફેરવવાની જરૂર છે. આ સ્થિતિમાં કાંઇ નિરૂપયોગી નથી. ધ્યાન-માં થએલા સત્વગુણી જ્ઞાન પછી વ્યવહાર વખતે પ્રાણ અને શરીર તે જ્ઞાનમાં ભેદ ન પડાવે તેની સંભાળ રાખવાની છે. જગતનો વ્યવહાર પોતાના જાગ્રત ચૈતન્યથી ગ્રહણ કરવો જોઇએ. વળી એ પણ સમજવાની જરૂર છે કે પ્રાણના ધર્મ અને શરીરના ધર્મથી મૂળ આત્માનું સ્વરૂપ બગડતું નથી પણ જ્યારે પ્રાણના ધર્મ અને શરીરના ધર્મ પોતાના સ્વાર્થનું સુખ પહેલું માગે અને સાચી સમજણ અંદર જાગ્રત ન થઇ હોય ત્યારે આત્માનો અનુભવ થઇ શકતો નથી.

આત્માનો એટલે પરમાત્માનો અનુભવ થયો ન હોય તોએ કેટલાક ભક્ત પરમાત્માના ગુણનું વર્ણન કરે છે, તે ખોટું નથી કારણ કે તે ગુણ અનુભવ વખતે ઉત્પન્ન થતા નથી અને અનુભવ પછી જતા રહેતા નથી. જે વસ્તુ નિત્ય છે તે શરૂઆતમાં પણ હાજર હોય છે અને શ્રદ્ધા અને પ્રેમથી અનુભવમાં આવે છે.

અનુભવ વીના જ્ઞાન થતું નથી. પણ અનુભવ માટે કેટલુંક જ્ઞાન શ્રદ્ધાથી માની લેવું પડે છે. તેથી ગુરૂ અને શાસ્ત્રની જરૂર પડે છે, કે જેથી સાચી માન્યતાથી શરૂઆત કરી શકાય. જીવનનો હેતુ પ્રાપ્ત થયા પહેલાં સમજીને માની લેવામાં ફાયદો છે, નુકશાન નથી. તે માન્યતા વગર જ્ઞાનની વાતો સમજાશે નહિ. બધાં જન્મે છે અને બધાં મરે છે એટલુંજ જીવન જોવાથી અને જીવનની ખરી કિંમતનો વિચાર કર્યા વીના જીવનનું ફળ દેખાશે નહિ. તેથી જીવનની કિંમત સમજાવનાર ધર્મો અને સંપ્રદાયોની જરૂર છે. કપડાં માણસને શોભા આપતાં નથી પણ માણસ કપડાંને શોભા આપે છે.

## કાળની ગતિ.

જે લોકોને આત્માનો અનુભવ થયો હોય છે તેઓ પોતાનો માર્ગ સામાન્ય માણસને સમજાવવા માટે એક જાતની પદ્ધતિ ગ્રહણ કરે છે. તે પદ્ધતિ વખત જતાં સંપ્રદાય અથવા ધર્મનું રૂપ લે છે. વળી, માણસની પ્રકૃતિ પ્રમાણે સમજાવવાની પદ્ધતિમાં ફેર પડવાથી જૂદાં જૂદાં સંપ્રદાયો થયા છે. સંપ્રદાય વીના સત્ય સમજવાની પદ્ધતિ મળશે નહિ; પણ જે હેતુથી અને જે અનુભવથી સંપ્રદાયના મૂળ પુરૂષે સંપ્રદાય ઉત્પન્ન કર્યો હોય તે અનુભવ ઉપર દ્રષ્ટી રાખવી જોઇએ; નહિતર ખોટી રૂઢીઓમાં ફસાવાનું થશે. જે અનુભવ માટે સંપ્રદાય ઉત્પન્ન થયો હોય તે અનુભવ ન મળે ત્યારે સંપ્રદાય ફેરવવાનું મન થાય છે. કેટલાક એમ પણ કહે છે કે સંપ્રદાયથી ધર્મના વાડા બંધાય છે અને તેથી સત્ય સમજવાની મુશ્કેલી વધે છે. જેમ જેમ વાડા વધતા જાય છે તેમ તેમ ખરૂં સત્ય ઢંકાતું જાય છે.

જ્યાંસુધી જીવનનો હેતુ નક્કી થયો ન હોય ત્યાંસુધી સંપ્રદાયની જરૂર જણાતી નથી. જીવન એ એક એવી નદી હોય કે જેનું મૂળ ન હોય અને જેનો

છેડો ન હોય તો સંપ્રદાયની જરૂર નથી. જીવનનો અર્થ હોવાથી સંપ્રદાય જીવનનો ખરો અર્થ સમજાવે છે એટલુંજ નહિ પણ સંસારનું મૂળ અને સંસારનો અંત બતાવે છે. અને બન્નેને જીવનના મુખ્ય હેતુમાં એક કરી બતાવે છે પણ આખું જગત પૂર્ણ છે તેથી સંપ્રદાયની શી જરૂર છે? સંપ્રદાય પૂર્ણનો વધારો કે સુધારો કરી શકે નહિ. પૂર્ણમાં સુધારો થાય તો તે પૂર્ણ કહેવાય નહિ. સંપ્રદાય સામાન્ય રીતે અપૂર્ણ રહે છે. તેનું ખાસ કારણ એ છે કે મૂળ પુરૂષે આત્મજ્ઞાન માટે જે સરળ પદ્ધતિ બતાવી હોય તેના દેહાંત પછી તે પદ્ધતિ બરાબર સમજાવનાર પુરૂષ કેટલીકવાર તે સંપ્રદાયમાં મળતો નથી અને તેથી આત્મજ્ઞાનને બદલે અજ્ઞાન વધે એવી રૂઢીઓ, ધારા, ધોરણ વિગેરે બહારની દ્રષ્ટીને લલચાવે એવા નિયમો દરેક સંપ્રદાયમાં ઉત્પન્ન થાય છે.

પાણી જમીન ઉપર ઢોળવાથી કેટલાક જંતુઓ ઉત્પન્ન થતા હોવાથી તે ઓછું ઢોળવાની જૈન ધર્મમાં આજ્ઞા છે અને તે બાબતમાં એટલી બધી સંભાળ રહે છે કે એક જૈન કહેતા હતા કે " જુઓ, ધર્મ તો

જે રાખે તેનાથી રહે, હું ચાળીશ વર્ષ થયાં ન્હાયો નથી.”

પણ ખરી રીતે જોઇએ તો જે પાણીથી માણસ ઉત્પન્ન થાય છે તે નકામું ઢોળવાથી માણસની હિંસા થાય છે તેથી તે ઓછું ઢોળવું જોઇએ.

વેપારીની મંડળીઓ, કારખાનાના સંઘ, સ્વ-રાજ્યના સંઘ, હિંદુ મહાસભા, મુસ્લીમ સભા, રાષ્ટ્રીય મહાસભા, એ બધાં મંડળો અમુક અમુક હેતુ સિદ્ધ કરવા માટે ઉત્પન્ન થએલાં છે. કેટલાંક આશ્રમો, વનિતા વિશ્રામો, સમાજો, સોસાયટીઓ, કોન્ફરન્સો વિગેરે શરૂઆતમાં ઉત્સાહી અને સાહસિક માણસોએ અમુક અમુક હેતુ માટે ઉભા કરેલા છે. તેમાંથી ઘણાખરા સંપ્રદાય તેના સ્થાપક મૂળ પુરૂષના દેહાંત પછી એવા બની જાય છે કે તેમાં મૂળ હેતુ સચવાતો નથી. યુરોપમાં જાહેર જીવનમાં માણસ સામાન્ય રીતે આંહી કરતાં વધારે રસ લે છે તેથી ત્યાં એકની જગ્યાએ બીજો તેવોજ સારો માણસ તરત મળી રહે છે. આ દેશમાં, જે માણસ જે આશયથી આશ્રમ સ્થાપે છે, તેના ગયા પછી તે આશ્રમની વ્યવસ્થા, તે આશયથી

સંભાળનાર બહુ મળતા નથી. તેનું મૂળ કારણ એ છે કે ઉપર કહેલી સંસ્થાઓ પણ જીવનનો પરમ પુરૂષાર્થ સિદ્ધ કરી આપતી નથી. તે પુરૂષાર્થનો આધાર દરેક માણસના પોતાના આત્મબળ ઉપર છે અને જેને આત્મજ્ઞાન થાય છે તે કોઇ વાડામાં બંધાતો નથી પણ જરૂર પડે તો પોતાનો નવો સંપ્રદાય કાઢે છે. સંપ્રદાય કરતાં આત્મજ્ઞાની પુરૂષની કિંમત વધારે છે પણ તે પુરૂષને જે રીતે જ્ઞાન થયું હોય તે રીતે બીજાને સમજાવવું હોય તો પદ્ધતિની જરૂર પડે છે અને તેમાંથી સંપ્રદાય ઉત્પન્ન થાય છે. વળી લગભગ દરેક મહાત્માઓને આત્મજ્ઞાન જુદી જુદી રીતે થાય છે તેથી નવા નવા સંપ્રદાય ઉત્પન્ન થાય છે. જ્યાંસુધી તે આત્મજ્ઞાની પુરૂષ હૈયાત હોય ત્યાંસુધી તે સંપ્રદાયથી સારો લાભ લોકોને મળે છે પણ તે ગયા પછી જોઇએ તેવો લાભ મળતો નથી. સત્યની મૂર્તિ હાજર હોય ત્યારે જેવું સત્ય મળે છે તેવું તે મૂર્તિની ગેરહાજરીમાં મળતું નથી. મૂળ પુરૂષને મુશ્કેલીઓ નડી હોય તેથી તે શિષ્યોની મુશ્કેલી તપાસી રસ્તો બતાવી શકે છે પણ તે ગયા પછી તેની જગ્યાએ છેવટ સુધી પહોંચેલો પુરૂષ ન હોવાથી

બીજાઓને મુશ્કેલીમાં રસ્તો મળતો નથી. તેથી પોતાના સંપ્રદાયમાં જેને શ્રદ્ધા હોય તે માણસ પોતાના સંપ્રદાયના મૂળ પુરૂષના લખાણો વાંચે અને હાલ ગમે તે ઠેકાણે આત્માના અનુભવવાળા પુરૂષ મળે તે સાથે તે સરખાવશે તો તેની એકતા માલુમ પડશે પણ પોતાના સંપ્રદાયમાં જ્યારે શિષ્ય પરંપરા અથવા વંશપરંપરા ચાલે છે ત્યારે માત્ર પોતાનું એટલું સારૂં એમ માનવાથી સત્ય મળતું નથી. જેમ શિવાજી મહારાજના વખતના સંજોગો વખતે તેની આજ્ઞા પ્રમાણે ચાલવામાં ફાયદો હતો, હાલના સંજોગોમાં તે કામ આવી શક્તી નથી પણ મહાત્મા ગાંધીજીની આજ્ઞા ઉપયોગી થાય છે તેમ ભવિષ્યના સંજોગોમાં હાલનો મનાતો સત્યાગ્રહ કદાચ કામ આવી શકે નહિ.

ધાર્મિક સંપ્રદાયોએ જીવનનો હેતુ બહુ વિશાળ બતાવવો જોઇએ. કોઇ સંપ્રદાય, યોગ સમજાવે છે, કોઇ ભક્તિ, કોઇ જ્ઞાન સમજાવે છે અને પોતાનો સંપ્રદાય બીજા બધા કરતાં સારો કહે છે. પણ સંપ્રદાય જીવતો રહેવો જોઇએ એટલે કે તેમાં આત્મજ્ઞાની પુરૂષો નિત્ય રહેવા જોઇએ. જ્યારે આવું

સાધન મળે નહિ ત્યારે બીજાના સંપ્રદાયમાં રહેલા આત્મજ્ઞાની પુરૂષો પાસેથી જ્ઞાન લેવામાં હરકત નથી.

આ પ્રકરણની શરૂઆતમાં જણાવ્યું તેમ કેટલાક સંપ્રદાયવાળા માણસનો સ્વભાવ હલકો માને છે અને તેને ધીરેધીરે ઉત્તમ ગતિ મળે તેવી પદ્ધતિ બતાવે છે. કેટલાક માને છે કે માણસ સ્વભાવથી પૂર્ણ છે, પ્રભુ છે અને અજ્ઞાનથી સંસારમાં પડે છે. પહેલા પ્રકારના સંપ્રદાયવાળા સાધના એટલે ક્રિયા બતાવે છે. બીજા પ્રકારના સંપ્રદાયવાળા જ્ઞાન બતાવે છે. બન્નેમાં પદ્ધતિ છે અને જેવી પ્રકૃતિનો જીજ્ઞાસુ હોય છે તે પ્રમાણે તેને તે પદ્ધતિ કામ આવે છે.

આત્મજ્ઞાની પુરૂષોએ આત્માના બે મુખ્ય લક્ષણ માનેલા છે. એક, આત્મા નિર્મળ છે, નિર્લેપ છે, અસંગ છે, શુદ્ધ છે વિગેરે. બીજું, તેનાથી અલગ અથવા જુદું કાંઇ નથી. પહેલા લક્ષણને વ્યતિરેક ભાવ કહે છે, બીજા લક્ષણને અન્વય ભાવ કહે છે. ભગવાન પત્થરની મૂર્તિમાં નથી એમ કહેવું એ વ્યતિરેક ભાવ છે. વેદાંતમાં તેને 'નેતિ' 'નેતિ' કહે છે. જૈન ધર્મમાં તેને 'સ્યાદ્ નાસ્તિ' કહે છે.

ભગવાનથી અલગ કોઇ નથી તેથી પત્થરમાં પણ તે છે એમ કહેવું એ અન્વયભાવ છે. અન્વયભાવ વખતે તેને પત્થર કહેવાય નહિ પણ મૂર્તિ એટલે સાકાર ભગવાન કહેવાય. વૈષ્ણવો આ ભાવથી જગતને ભગવાનની આનંદમય મૂર્તિ કહે છે, જૈનધર્મવાળા તેને સ્યાદ્ અસ્તિ કહે છે. તેથી ભગવાન જગતમાં છે અને નથી એ બન્ને વાત સાચી છે. વાણીથી આ બાબત બરાબર સમજાવી શકાય નહિ. તેથી શંકરાચાર્ય આ ભાવને અનિર્વચનીય માયા કહે છે, વલ્લભાચાર્ય તેને વિરૂદ્ધ ધર્માશ્રયત્વ કહે છે અને જૈનધર્મમાં તેને સ્યાદ્ અવક્તવ્ય કહે છે.

જ્યારે વાતચીતમાં જગતથી શરૂઆત કરીએ ત્યારે જગતમાં ભગવાન નથી એમ કહેવું જોઇએ કારણ કે જગત એ એક ભાગનું નામ છે, સ્થૂલ જગત એ આખું જગત નથી. તેની અંદર તેથી મોટું સૂક્ષ્મ જગત રહેલું છે. જ્યારે ભગવાનથી શરૂઆત કરીએ અને ભગવાનને કદી કોઇ જગ્યાએ છોડીએ નહિ ત્યારે જગત એ ભગવાનજ છે. તે વખતે જગતને જગત કહી શકાય નહિ. આમાં કાળની ગતિનો પ્રશ્ન છે.

વાતચિત માટે અથવા વિચાર માટે બધી જગ્યાએ પહેલું કયું તત્ત્વ લેવામાં આવે છે તે ઉપર ઉત્તરનો આધાર છે.

સંસારમાં આસક્ત થએલા માણસોને અનાસક્તિ યોગ બતાવવાની જરૂર છે. તેમને પહેલાં વ્યતિરેક ભાવનો અનુભવ મળવો જોઇએ. પણ જે સાધુઓને સારો વૈરાગ્ય પ્રાપ્ત થયો હોય તેમને માટે અન્વયભાવ ઉપયોગી છે; તેઓ સંસારમાં ભગવાનના દર્શન સહેલાઇથી કરી શકે છે. જે માણસને સંસારમાં જરા-પણ આસક્તિ છે તે સંસારમાં ભગવાનનાં દર્શન કરી શકશે નહિ. અસંગત્વ વગર સર્વાત્મત્વ આવશે નહિ. આ બાબત બરાબર સમજવામાં નહિ આવવાથી ઘણે ઠેકાણે ખોટા ઝગડા થાય છે.

ભકતો મૂર્તિને સજીવ માને છે. જેમ આકાશ, વાયુ, તેજ, પાણી અને પૃથ્વી ભગવાનની સેવામાં કામ આવે છે તેમ મૂર્તિઓની પૂજા વખતે શંખ અથવા આરતી વગાડી આકાશ તત્ત્વથી તેનું આહ્‌વાહન થાય છે, ચમ્મર ઢોળી વાયુથી તેનું આહ્‌વાહન થાય છે, દીવો કરી તેજ દ્વારા તેને બોલાવાય છે, જલ છાંટી

જલ દ્વારા તેનો અભિષેક થાય છે અને ફૂલો ચડાવી ગંધ દ્વારા તેને આમંત્રણ અપાય છે. જેમ બાળકના પંચ મહાભૂત ભેગા થયા પછી માબાપ નાની ઉમરમાં તેને પોતાના ચેતનથી બોલાવવાનો પ્રયત્ન કરે છે તેમ ભક્તના ભાવ પ્રમાણે મૂર્તિ જવાબ આપે છે.

મૂર્તિની હાજરીમાં આપણે કોઇ ખોટું કામ કરીએ અને એમ માનીએ કે મૂર્તિ તે દેખતી નથી તો તે મૂર્તિ દર્શન આપશે નહિ. જ્યારે મૂર્તિને જમવા માટે ભોગ ધરાવીએ અને તે વખતે આપણે એમ માનીએ કે પાછળથી તે આપણને જમવામાં કામ આવશે તો તેનો સ્વીકાર મૂર્તિ કરશે નહિ. મૂર્તિને હમેશાં જીવતી માનવી જોઇએ. તે આપણી સાથે વાતો કરી શકે, આપણને જ્ઞાન આપી શકે તેવી છે એમ હમેશાં માનવું જોઇએ. આવો અન્વયનો ભાવ રહી શકતો ન હોય તો વ્યતિરેક ભાવથી પણ સેવા થઇ શકે છે.

આત્મજ્ઞાની પુરૂષો કે જેઓ મૂર્તિ પૂજા કરતા નથી તે જગતને અને જીવોને ભગવાનની મૂર્તિ માને છે પણ આ ભાવ દરેક વખતે દરેક જગ્યાએ ચાલુ

ન રહે તો ભૂલો થવાનો સંભવ છે. જ્યાં પોતાનો સ્વાર્થ સાધી શકાતો હોય ત્યાં કોઇ માણસ અથવા સ્ત્રીને ભગવાનની મૂર્તિ મનાય અને બીજે ઠેકાણે એટલે સર્પ કે વિંછી દેખાય ત્યારે જો તે ભાવ છૂટી જાય તો તે સાધક માટે અનાસક્તિનો માર્ગ એટલે વ્યતિરેક ભાવ વધારે સારો છે. બધા પ્રકારની બીક ગયા વીના અન્વયભાવ સ્થિર થઇ શકતો નથી.

જેઓ કર્મથી બંધન માને છે તે સારા કર્મ બતાવી ખોટા કર્મથી છોડાવે છે. જેઓ અજ્ઞાનથી બંધન માને છે તેઓ જ્ઞાન આપી છોડાવે છે. તે ઉપરાંત ત્રીજા પ્રકારના એટલે ભક્તિવાળા એમ માને છે કે ભગવાનની ઇચ્છાથી બંધન થયું છે તેથી ભગવાનની ઇચ્છાથી જશે. તેઓ ભગવાનના અનુગ્રહ માટે ભગવાન સાથે અનન્ય પ્રેમ બાંધે છે. શરીર, મન અને પ્રાણમાં જેનું વધારે જોર હોય તે પોતાને માટે આ ત્રણ માર્ગમાંથી એક માર્ગ સ્વીકાર કરાવે છે.

ઘણા સંપ્રદાયો મરણની વાતો કહી વૈરાગ્ય ઉત્પન્ન કરે છે પણ પ્રેમનું રહસ્ય સમજાવતા નથી. પ્રેમ માણસના તાબામાં આવતો નથી પણ માણસને તાબે કરે છે તેથી પ્રેમમાં પ્રભુતા છે.

જો પ્રેમમાં પ્રજા ઉત્પન્ન કરવા જેટલીજ શક્તિ રહેલી હોય તો તેથી વધારે શક્તિ કેમ જણાય છે ? આવા કામ માટે જે પ્રેમ વપરાય છે તે ખરા પ્રેમનો બહુ થોડો ભાગ છે. વ્યવહારમાં પ્રેમની થોડી શક્તિમાંથી પ્રજા ઉત્પન્ન થાય છે અને બાકીની સ્ત્રીપુરૂષો પોતાના સ્વાર્થ માટે વાપરે છે પણ બાકીની શક્તિનું તોફાન થતું ન હોય તો પ્રજાની ઉત્પત્તિ પણ બને નહિ. મીણબત્તી બળે નહિ તો પ્રકાશ આપે નહિ. પણ આથી પ્રાણુને અઘટીત છૂટ આપવાની નથી.

વળી આ શક્તિ જ્યારે પરમાત્મા તરફ વળે છે ત્યારે તેમાંથી સારા કાવ્યો, ભજનો, ચિત્રો, કળાઓ વિગેરે ઉત્પન્ન થાય છે. સ્ત્રીઓને જેમ દર મહિને રૂતુકાળ આવે છે તેમ પૃથ્વીને દર બે મહિને રૂતુકાળ આવે છે. વસંત રૂતુ શરૂ થવા લાગે છે કે પક્ષીઓના ગાયન શરૂ થાય છે અને ભાવી પ્રજા માટે માળા બાંધવાની તૈયારી થાય છે. માણસના સંસારમાં પણ અજાણ્યા કુટુંબના સ્ત્રીપુરૂષો પ્રેમથી એક બીજાના ગાઢ મિત્ર બની જાય છે.

પણ ખરા પ્રેમમાં પ્રેમ કરનાર પોતાનું સુખ લેવાની વૃત્તિ રાખતા નથી પણ જેના ઉપર પ્રેમ

હોય તેને સુખ આપવાની ઇચ્છા રાખે છે. પ્રેમ આપી ન શકાય તો લઇ શકાતો નથી.

જગતને સુખ આપવું હોય ત્યારે પણ ભગવાનને સુખ આપવાથી જગતને મળી જાય છે કારણ કે જગત ભગવાનથી જુદું નથી.

પ્રેમલક્ષણા ભક્તિ એ ભગવાનની રસમયી ઉપાસના છે. ભગવાન સાથે આપણો સંબંધ જેટલો નિકટ લાગે છે તેટલો પ્રેમરસ ગાઢ બને છે. જ્ઞાની-પુરૂષો પોતાના અંતરાત્મા ઉપર પ્રેમ કરી તેમાં પરમાત્માનો અનુભવ લઇ શકે છે. બીજાઓ કાંઇક આધાર લે છે, કેટલાક મૂર્તિની સેવા કરે છે અને હાલ કેટલાક સમાજને ભગવાનની મૂર્તિ માને છે.

જે આધાર સ્વીકાર્યો હોય તેની સાથે આપણો સંબંધ કેવો છે તે નક્કી કરવું જોઇએ.

રાજા અને નોકરના જેવો સંબંધ માન્યો હોય તો રાજા દયાળુ હોય છતાં તેનું ઐશ્વર્ય જોઇ, તેની સેવા કરવાની કે તેના ગુણનો લાભ લેવાની હિંમત ચાલતી નથી. તેવીજ રીતે અનંત ઐશ્વર્યવાળા ભગવાન-ના ગુણનો વિચાર જ્યારે આવા ભક્તને આવે છે ત્યારે

તે પોતાને અલ્પજ્ઞ, ક્ષુદ્ર, શક્તિહીન માને છે. આમાં નિષ્ઠા રહે છે પણ સંબંધ પ્રાપ્ત થતો નથી.

માણસ જીવભાવે ભગવાનનો અંશ છે એમ માનવાથી દાસભાવ રાખવો સુલભ પડે છે. દાસભાવમાં એ જ્ઞાન રહે છે કે ભગવાન મારા સ્વામી છે, હું તેનો સેવક છું. છતાં દાસને દર્શન દેવા કે નહિ તેમાં ભગવાન સ્વતંત્ર રહે છે. તેથી આ ભાવથી પણ ઘણા ભકતોને મૂર્તિમાં દર્શન થતા નથી. દાસભાવવાળા ભકતોને પણ સંભ્રમ, ભય અને કંઇક સંકોચ રહે છે.

તેનાથી ઉત્તમ મિત્રભાવ છે. તેમાં ભગવાનનું ઐશ્વર્ય છૂપાઇ જાય છે. રાજાનો પ્રભાવ તેની પ્રજા ઉપર અને સેવક ઉપર પડે છે પણ તેના મિત્રો ઉપર પડતો નથી. મિત્રભાવમાં સમાનતા છે. તેથી કેટલાક દેશભકતો પણ ઇંગ્લાંડ સાથે મિત્રભાવે રહેવા માગે છે.

છતાં મિત્રોમાં પરસ્પર પ્રેમની અપેક્ષા રહે છે. તેમાં વારંવાર હૃદયપલટા તરફ લક્ષ રહે છે. એક મિત્રમાં કોઇ વખત કાંઇ ન્યુનતા અથવા ઉદાસીનતા દેખાય તો બીજામાં પણ તે ભાવ આવી જાય છે. કોઇ વખતે ભગવાન તરફથી તરત જવાબ ન મળે તો ભક્ત

ગભરાય છે અને ભગવાન તૈયાર હોય પણ ભક્ત તે વખતે તૈયાર ન હોય તો ભગવાનને સંકોચ રહે છે. સ્ત્રીપુરૂષના સંબંધમાં પણ બન્નેને એક વખતે પ્રેમ ન હોય તો ખરો પ્રેમ મળતો નથી. સ્વરાજ્યની ચળવળમાં પણ જ્યારે ઇંગ્લાંડની લાગણી હોય ત્યારે આંહીના લોકો તે લાભ લેવા તૈયાર ન હોય અને આંહીના લોકો તૈયાર હોય ત્યારે ઇંગ્લાંડની લાગણી ન હોય; તેથી મિત્ર પ્રેમમાં ન્યુનતા રહી જાય છે. તે ભાવે મૂર્તિ દર્શન આપે અથવા ન પણ આપે.

મિત્ર પ્રેમથી અધિક વાત્સલ્ય એટલે માબાપનો પ્રેમ છે. માબાપ અને પુત્ર વચ્ચે વિશેષ પ્રેમ રહે છે. તેમાં નિરપેક્ષ ભાવ રહે છે. માબાપ પુત્ર તરફથી પ્રેમની અપેક્ષા રાખ્યા વગર પુત્ર ઉપર પ્રેમ કરે છે. પુત્રના સુખ માટે પોતાના સુખનો ત્યાગ કરે છે. પુત્રને સુખી કરવામાંજ માબાપનું ચિત્ત પ્રસન્ન રહે છે. જ્યારે ભક્ત અને ભગવાન વચ્ચે આવો સંબંધ થાય એટલે કે જ્યારે મૂર્તિની મા તરીકે સેવા થાય ત્યારે સેવામાં ભૂલ થાય તોએ ભગવાનને દર્શન આપવાની ફરજ પડે છે. આ ભાવથી શ્રી રામકૃષ્ણ પરમહંસ કાળીમાતાની મૂર્તિ સાથે વાતો કરી શકતા હતા.

કાળની ગતિ.

શ્રી રામકૃષ્ણુના જીવનમાં એક એવો બીજો પ્રસંગ પણ જાણવા જેવો છે. દક્ષિણેશ્વરમાં તે વખતે એક જટાધારી નામના મહાત્મા આવેલા હતા. તેની પાસે ધાતુની શ્રી રામચંદ્રની મૂર્તિ હતી. તેને તે "રામ-લાલા" કહીને બોલાવતા હતા. જટાધારીની આખી જીંદગી તેની સેવામાં ગઇ હતી. રામલાલાને સુખી કરવામાં તે પોતાનો બધો વખત ગાળતા. ફેર એટલો હતો કે શ્રી રામકૃષ્ણુ, કાળીની મૂર્તિને મા માનતા હતા અને જટાધારી રામલાલાને પુત્ર માનતા હતા. છતાં બન્ને વાત્સલ્ય પ્રેમના નમુના હતા. રામલાલા પણ જટાધારી જમવાનું આપે તે ખાતા, વધારે માગતા તેની સાથે વાતો કરતા અને ફરવા જતા. શ્રી રામ-કૃષ્ણુને આ વાતની ખબર પડી અને ધીરે ધીરે તેને પણ રામલાલાની સાથે સ્નેહ બંધાઇ ગયો. તેથી રામલાલા પણ શ્રી રામકૃષ્ણુની સાથે તેના ઓરડામાં જાય, તેની સાથે રમે, ન્હાવા જાય, તેની સાથે જમે, ફરે અને વાતો કરે. રામલાલાને શ્રીરામકૃષ્ણુના સંગમાં સુખી જોઇ જટાધારી તેને દક્ષિણેશ્વરમાં રાખી ગયા છે અને હજુ તે મૂર્તિ ત્યાં છે.

વાત્સલ્ય પ્રેમમાં ભગવાન કાંઇક પરતંત્ર બને છે, અને ભક્તના દોષ જોતા નથી. તેમાં સેવા પ્રમાણે ફળ નથી પણ ભાવ પ્રમાણે ફળ છે. સ્વરાજની ચળવળમાં પણ હવે મિત્રભાવથી વધારે નિકટ સંબંધની માગણી થાય છે. જો ઈંગ્લાંડ બધા સંસ્થાનોની મા તરીકે રહેવા માગતી હોય તો તે પોતાના હક પહેલા રાખવાનો દાવો કરી શકે નહિ. પુત્ર અથવા પુત્રી પાસે, મા પોતાનું સુખ પહેલાં માગતી નથી.

છતાં વાત્સલ્ય પ્રેમમાં પણ કાંઇક ન્યુનતા રહી જાય છે. તેમાં પાલ્ય પાલક સંબંધ છે, ઉમરમાં તફાવત રહે છે અને કર્તવ્ય અકર્તવ્યનો વિચાર રહે છે; ત્યાંસુધી વિશુદ્ધ પ્રેમ ઉત્પન્ન થતો નથી. વિશુદ્ધ પ્રેમમાં પ્રિયતમને પ્રસન્ન કરવા એજ કાર્ય રહે છે. જેના ઉપર પ્રેમ હોય તેને અનુકુળ કાર્ય કરવું એજ પરમ ધર્મ છે. શરીર ભગવાનનું કામ કરે, વાણી તેના ગુણનું વર્ણન કરે, મન તેનું સ્મરણ કરે અને બદલામાં પોતાના સુખની ઇચ્છા ન રહે તેને વિશુદ્ધ અથવા મધુર પ્રેમ કહે છે. સરસ્વતીચંદ્રની નવલકથામાં સરસ્વતીચંદ્રે કુમુદના સુખ માટે ઘર છોડયું હતું અને

કુમુદ પ્રમાદધનને પરણી તોએ સરસ્વતીચંદ્રને સુખી જોવાની તેની ઇચ્છા હતી. મધુરભાવમાં ભક્ત માત્ર ભગવાનને સુખી રાખવાની ઇચ્છા રાખે છે. આખો દીવસ મૂર્તિને કેમ સુખ મળે તેનાજ વિચાર તેને આવે છે, અથવા ભગવાનને મળવા માટે જે આશ્રય લીધો હોય તેનાજ સુખ માટે ભક્તને ચિંતા રહે છે. તે ગુરૂ હોય, મૂર્તિ હોય, મંત્ર દેવતા હોય, કે અંતરાત્મા હોય કે પોતાનો દેશ ભગવાનની મૂર્તિ રૂપે જોવાની ટેવ પડી હોય; તેમાં આધાર ઉપર આધાર નથી પણ પોતાના ભાવ ઉપર આધાર છે. પોતાનો દેશ ભગવાન રૂપે લાગે ત્યારે બીજા દેશ પણ ભગવાન રૂપે લાગવા જોઇએ કારણ કે ભગવાનથી કોઇ દેશ જુદો નથી. આવા ભાવવાળા બધાને સુખ આપવાની વૃત્તિ રાખે છે, બધા પ્રત્યે સમભાવ રાખે છે પણ પોતાના સુખની ઇચ્છા કરતા નથી.

સ્વરાજ્યની બાબતમાં આવો પ્રેમ ઉત્પન્ન થવો મુશ્કેલ છે. તેમાં કર્તવ્ય અકર્તવ્યનો વિચાર રહે છે. પોતાના દેશને ભોગે બીજા દેશનું ભલું કરવું એ ભાવના રજોગુણી રાજપ્રકરણમાં આવવી દુર્લભ છે.

છતાં વ્યક્તિ પરત્વે એવી ભાવનાવાળા થોડાક પુરૂષો દરેક દેશમાં ઉત્પન્ન થશે અને જો ઘણા માણસ આ સત્ય સમજશે તો જગતમાં લડાઇ બંધ થવાની શરૂઆત થશે. જગતમાં ખરો લાભ બહુ થોડા ડાહ્યા માણસોથી થયો છે. તેઓ બહારથી સુખને શોધતા નથી. તેમને પોતાના સ્વરૂપના સુખનો અનુભવ ચાલુ હોય છે.

વિશુદ્ધ પ્રેમમાં પ્રિયતમને પ્રસન્ન કરવા એજ કાર્ય રહે છે અને તેને પ્રતિકુળ થાય એવું કાર્ય કરવું તે અધર્મ મનાય છે. આવો પ્રેમ ગોપીઓએ ભગવાન ઉપર કર્યો હતો અને ભગવાને ગોપીઓ ઉપર કર્યો હતો.

ગોપીઓએ પોતાના વિરહમાંથી શ્રીકૃષ્ણને ઉત્પન્ન કર્યા હતા. જેટલા કૃષ્ણ, ગોપીઓએ ઉત્પન્ન કર્યા હતા તેટલા નંદ અને યશોદાજીને ત્યાં જન્મ્યા નહોતા. આવા પ્રેમમાં ભગવાનની પણ કસોટી થાય છે.

ગીતામાં શ્રી કૃષ્ણે અર્જુનને કહ્યું છે કે જે માણસ જે ભાવથી મારૂં ભજન કરે છે તેને હું તેવું ફળ આપું છું પણ ગોપીઓને તેમની ભકિત પ્રમાણે શ્રી કૃષ્ણ ફળ આપી શકયા નહિ. ગોપીઓ પોતાના

પતિ, ઘર વ્યવહાર વિગેરે સંસારના બંધન કાપીને ભગવાનને સુખી કરવા માટે રાસલીલામાં ગઇ હતી; પણ ભગવાનને ભિન્ન ભિન્ન ભાવથી ભજવાવાળા અનેક ભકત હોવાથી તે તે ભકતોનો ત્યાગ કરી માત્ર ગોપી-ઓને બધો પ્રેમ આપી શકયા નહિ તેથી ભગવાનનું વચન ખોટું પડયું છે અને ભગવાને ગોપીઓની માફી માગી છે.

આવા પ્રેમમાં ભકત ભગવાન ઉપર ગુસ્સે થાય છે અને કોઇ વખત ભગવાનને વિરહમાં નાખે છે. આ દશામાં પ્રેમરસની મધુરતા વધે છે. નાના મોટાનો ભેદ રહેતો નથી અને જેના ઉપર પ્રેમ હોય તેને સુખી કરવાનીજ ઇચ્છા રહેવાથી સંબંધ બહુ નિકટ રહે છે. આવા પ્રેમમાં સ્વાર્થ એ શત્રુ છે અને વિરહ એ મિત્ર છે અને વિઘ્ન એ પ્રેમને વધારે છે.

# પ્રકરણ ૩ જું

## ન્યુસપેપર.

ન્યુસપેપરનો જન્મ થયાં બહુ વર્ષ થયાં નથી. તેની ઉમર બહુ મોટી થઇ નથી છતાં એટલા વખતમાં તેણે માણુસના મન કબજે કરી લીધાં છે.

ન્યુસપેપરની શોધ છાપખાનાની શોધ પછી થએલ છે. લોકોમાં જ્ઞાનનો પ્રચાર કરવા માટે તેનો ઉપયોગ થાય છે. જ્યારે ન્યુસપેપર નહોતા ત્યારે મહાભારત અને રામાયણુમાંથી, ઇતિહાસના બનાવો સમાજના માણુસો જાણુતા હુતા અથવા ભાટચારણુ દ્વારા સાંભળતા હુતા.

હાલની સમાજમાં વેપારીઓ અને મજુરોના જીવનના સંસ્કાર વધારે પ્રમાણુમાં છે તેથી બ્રાહ્મણો અને કથાકારોની જગ્યા ન્યુસપેપરોના અધિપતિઓએ લીધેલી છે. વળી, સમાજને જે વખતે જે બનાવો વધારે ગમે છે તેને તે વખતે વધારે પ્રસિદ્ધી મળે છે.

તેથી એવી ટેવ થઇ જાય છે કે અમુક વસ્તુ કે બનાવ સારા હોય પણ જ્યાંસુધી ઘણા માણસ તેને સારા ન કહે ત્યાંસુધી તે સારા છે એમ માનવામાં આવતું નથી.

જે બનાવ મહાત્માઓના હૃદયમાં એકાન્તમાં બને છે, જે બનાવ પશુ પક્ષીઓના જીવનમાં બને છે તે ન્યુસપેપરમાં આવતા નથી કારણ કે હાલની સમાજને તેની જરૂર નથી પણ જે બનાવ શેર બજારમાં બને અથવા શયનગ્રહમાં બને અથવા સ્વરાજ્યની ચળવળ સંબંધમાં બને તેને તરત પ્રસિદ્ધી મળે છે.

એક બનાવ નાનો હોય, તેમાં કીડીને પણ નવાઇ લાગે તેવું ન હોય પણ જો સમાજમાં તેથી માણસના મનને આકર્ષણ થાય તેવું હોય તો તેની મોટી જાહેર ખબર આવે છે. લોકોને જે બાબત સાચી તરીકે મનાવી શકાય તે સાચી થઇ જાય છે સામાન્ય વાંચનારાઓના મન ચંચળ હોય છે, બાળક જેવા હોય છે, બીકણ હોય છે, કોઇનું કહેવું તરત માની લેવાની ટેવવાળા હોય છે; તેથી જાહેર ખબરવાળાને બહુ મહેનત પડતી નથી. સાધુઓના મન જાહેર ખબરવાળાને કાંઇ કામના નથી.

ન્યુસપેપરને મથાળે "નવા સમાચાર" એમ છાપ્યું હોય ત્યારે ઘણા વાંચનારાઓના મનમાં એવી માન્યતા બંધાઇ જાય છે કે તે જગ્યાએ નવા સમાચાર હશે. આવી ટેવથી "નવા" શબ્દ નીચે જે આવે તેમાં ઘણું લખાણ નવું તરીકે મનાય છે. તેથી કેટલીક જુની બાબતો પણ નવી બની જાય છે.

વાંચનારાઓ બાળકની માફક નાની વસ્તુમાં સંતોષ માને છે. નવા જુનાનો ભેદ જાણી શકતા નથી. ઘણા માણસ વખાણ કરે તે સાચું માને છે.

જે લખાણોથી વાંચનારાઓ પોતાનો સ્વભાવ સુધારી પોતાના સંજોગો પોતાની મેળે જીતી શકે તેવા લખાણો બહુ થોડા આવે છે. પોતાના સંજોગો જીતવા માટે પોતાનો આત્મા જાગ્રત થવો જોઇએ. તેનું જ્ઞાન થવું જોઇએ. તે જ્ઞાન માત્ર આત્માના અનુભવી પુરૂષો આપી શકે છે. રાજદ્વારી કે સામાજીક બાબતો ઉપર ન્યુસપેપરના અધિપતીઓ કોઇવાર સારા અભિપ્રાય આપે છે પણ જ્યાં માણસના આત્માની જાગ્રતિની વાત આવતી હોય ત્યાં તેમનો અભિપ્રાય કામ આવતો નથી અથવા તેઓ ખોટો માર્ગ બતાવે

છે અથવા તેવી બાબતોનો રાજદ્વારી દ્રષ્ટીથી વિચાર થાય છે.

જે વખતે જે બાબત લોકોને નવી લાગે છે તે વખતે તે બાબત નવી તરીકે ન્યુસપેપરો પ્રસિદ્ધ કરે છે. લોકોની વૃત્તિ કઇ દિશામાં દોડે છે, લોકો કયા બનાવના વખાણ કરે છે તે ઉપર સામાન્ય માણસ દોરવાઇ જાય છે.

ન્યુસપેપરવાળા, નાટકવાળા, સીનેમા અને ગ્રામો-ફોનવાળા અને કેટલાક ગ્રંથકારોનો આધાર સામાન્ય માણસના સ્વભાવ ઉપર રહે છે તેથી લોકોને શું ગમશે તેનો વિચાર પહેલો કરવો પડે છે. પણ આ બાબત સમજવી અઘરી નથી. જ્યારથી મનુષ્ય જાતિ ઉત્પન્ન થઇ ત્યારથી લોકોમાં ઘણા ભાગને પૈસો, સ્ત્રી અને પોતાના વખાણ ગમે છે અને એવી વૃત્તિઓને સંતોષ થાય એવાં લખાણો લખવાવાળા પણ ઘણા મળે છે.

નવીનતા કોઇ બનાવમાં નથી, પણ બનાવને કિંમત આપવામાં છે એક માણસને એક બાબતનો અનુભવ હોય અને બીજાને તે અનુભવ ન હોય પણ

તે અનુભવ તેને જોઇતો હોય તો બીજાને પહેલાંની વાત નવી લાગે છે. કોઇ માણસ કોઇ બાબત ઘણા વર્ષ સુધી ભૂલી ગયો હોય અને તે કોઇ યાદ આપે ત્યારે પણ તે નવી લાગે છે. કેટલીકવાર પોતાની પાસે હોય તે બીજાને નવું લાગે છે અને બીજાની પાસે હોય તે પોતાને નવું લાગે છે. તેથી પોતાની પાસે જે હોય તેથી વધારે મેળવવાની ઇચ્છા રહે છે અને જ્યાં રહેતા હોઇએ ત્યાંથી બીજી જગ્યાએ જવાની અને નવું નવું જોવાની વૃતિ રહ્યા કરે છે અને તેનો છેડો જણાતો નથી; આત્મજ્ઞાનથી જે વસ્તુ આપણી પાસે હોય, જે નજીક હોય તેમાં નવીનતા જણાવા લાગે છે.

ન્યુસપેપરમાં, નવલકથાઓમાં, નાટકોમાં, સીનેમાઓમાં ઘણી જુની બાબતો નવા રૂપે આવે છે, પણ તે જેવા રૂપમાં આપનારની ઇચ્છા હોય તેવા રૂપમાં આવે છે. જેવા રૂપમાં લોકોમાં પહોંચવી જોઇએ તેવા રૂપમાં પહોંચતી નથી. વળી તે બાબતોનો ઉપયોગ કરનારના મન, એટલી બધી દિશામાં વ્હેંચાયલા રહે છે કે સારી બાબતો ટકતી નથી. આજે જે કાંઇ નવા સમાચાર આવ્યા તેના કરતાં કાલે જે

આવશે તે સારૂં આવશે એમ માની સવારે ઉઠતાં પહેલો વિચાર ન્યુસપેપર જોવાનો થાય છે.

ન્યુસપેપરો અને નવલકથાઓથી વાંચન વધ્યું છે. તેથી ઘણું વાંચવામાંજ ફાયદો છે એમ મનાવા લાગ્યું છે. સારૂં વાંચન ધ્યાન દઇ ફરી ફરી વાંચવું અને ખાસ વખત લઇ તે બરાબર યાદ રાખવું એ વાત ભૂલી જવામાં આવી છે.

આજના ન્યુસપેપરોમાં ઘણું વાંચ્યુ હોય તો એ કાલે શું આવશે તેનો વિચાર થાય છે, કાલે પણ એવીજ દશા રહે છે અને તેનો છેડો કયારે આવશે તેની ખબર પડતી નથી.

પૈસો વધારવાની વાતો અથવા સ્ત્રીઓના મોહની વાતો અથવા પોતાના વખાણની વાતો લોકોના મનને બહુ આકર્ષણ કરે છે; તેથી ન્યુસપેપરો એવી વાતો પ્રકટ કરવામાં લાભ દેખે છે. જે કાળમાં ન્યુસપેપર નહોતા ત્યારે પણ આ બનાવોની વાતો સમાજમાં થતી હતી. પણ હાલ તેનું પ્રમાણ વધ્યું છે. પ્રમાણ વધે ત્યારે જીવન વધ્યું છે એમ કહી શકાય પણ જીવન સુધર્યું છે એમ કહી શકાય નહિ.

પુરાણોની કથાઓ ઉપરથી જણાય છે કે આગલા વખતમાં ગરીબાઇ નહોતી પણ સ્ત્રીઓનો મોહ હતો અને યોગીઓને પોતાની સિદ્ધીઓનું અભિમાન હતું. હાલ પ્રમાણમાં ગરીબાઇ વધારે છે અને ગરીબાઇ દુર થશે એટલે કદાચ ફરીથી મોહ અને અભિમાન વધે તો નવાઇ નથી. અર્થ, કામ અને અહંકાર, જુદા જુદા વખતે જુદા જુદા પ્રમાણથી માણસનું જીવન ચક્કરમાં નાંખે છે.

જ્યારે આસુરી પ્રકૃતિનું જોર હોય છે ત્યારે ન્યુસ-પેપરો તે પ્રકૃતિનું જોર વધારવાનું સાધન થાય છે, અને જ્યારે સમાજમાં દૈવી પ્રકૃતિનું જોર હોય છે ત્યારે ન્યુસપેપરો સારા વિચાર ફેલાવવાનું સાધન થાય છે.

છાપખાનું પોતે કહેતું નથી કે મારો ઉપયોગ ફક્ત સારા વિચાર ફેલાવવા માટે કેમ કરતા નથી. છાપખાનાવાળાને જે કામ કરવાથી વધારે નફો મળે તે તુરત હાથમાં લે છે. મોટરકાર કહેતી નથી કે મને સારા કામ માટે કેમ વાપરતા નથી. રેલ્વે અને સ્ટીમર બધા પ્રકારના સ્વભાવવાળા માણસને ભેગા કરે છે.

ટપાલ ઓફીસ માત્ર સારા કાગળોજ પહોંચતી નથી. તારમાં ઘણો ભાગ વેપાર અને સટ્ટાનો હોય છે. આત્મજ્ઞાન તારથી આપી શકાતું નથી.

રેલ્વે, તાર, ટપાલ, છાપખાનું, ન્યુસપેપર, મોટર, રેડીઓ, વિમાન વિગેરેથી આ પૃથ્વીના પ્રાણની નાડીઓ વધી છે. એક માણસના પ્રાણની નાડીઓ જુવાનીમાં વધે છે ત્યારે સંયમ ન રહે તો જે ફળ આવે છે તે ફળ આ પૃથ્વીના જીવનમાં આવ્યું છે. પ્રાણની નાડીઓ વધે ત્યારે શરીરના ભાગ પણ વધે છે.

રેલ્વે, સ્ટીમર, મોટર અને વિમાનથી માણસના હાથપગ લાંબા થયા છે. સીનેમા, રેડીઓ અને ગ્રામો-ફોનથી આંખ અને કાન લાંબા થયા છે. ચા, શરબત, દારૂ, ચટણી, મિષ્ટાન્ન વિગેરેથી જીભ લાંબી થઇ છે. ન્યુસપેપરથી સંકલ્પ વધ્યા છે. તેટલા પ્રમાણમાં પ્રજા પણ વધી છે. કર્મની ઇંદ્રિઓ કેટલી મોટી કરવી તેનું પ્રમાણ રહ્યું નથી. કેટલાક કહે છે કે દેશ અને કાળ ફરી ગયા છે માટે આપણે પણ કાંઇક કરવું જોઇએ પણ શું ફરી ગયું છે અને શું કરવું જોઇએ ?

કેટલાક કહે છે કે સાયન્સની શોધોથી માણસે કુદરત ઉપર પોતાની સત્તા જમાવી છે પણ ખરી રીતે સાયન્સની શોધોથી એક માણસે બીજા માણસને વશ કરેલ છે. લડાઇ શરૂ થયા પહેલાં એમ વાંચવામાં આવે છે કે બીજી લડાઇનો વખત આવી પહોંચ્યો છે. જે વેપારીઓને લડાઇથી ફાયદો થવાનો હોય તે આવા લખાણો પ્રસિદ્ધ કરાવે છે. નિયમસર લડાઇઓ બસો ત્રણસો વર્ષ થયાં થાય છે તે સાયન્સની શોધોનું પરિણામ છે. તે પહેલાના કાળમાં નિયમસર લડાઇઓ થતી નહોતી.

તેમાં ઘણા માણસનું જીવન બગડે છે તેથી ઘણા માણસનું ભલું થાય એવું જીવન ગાળવા માટે સમાજ મહેનત કરે છે. પણ ભલું કેને કહેવું તે સમજવાનો પ્રયત્ન થતો નથી.

એક દેશની ઉન્નતિમાં જ્યારે મનુષ્ય જીવનનો કોઇ ઉપયોગી ભાગ સુધર્યા વગર રહી જાય છે અને ઘણા વખત સુધી ભૂલી જવાયો હોય છે ત્યારે તે સુધારવા માટે જે બુદ્ધિની જરૂર પડે તેવી બુદ્ધિ કોઇ મહાપુરૂષમાં આવે છે. એટલુંજ નહિ પણ તે પુરૂષના નવા પ્રકારના જીવનથી, એક પ્રકારનો સંઘધર્મ એટલે કુલધર્મ ઉત્પન્ન થાય છે અને તે પહેલાંનો

સંઘધર્મ અથવા કુલધર્મ નાશ પામે છે. તેથી વર્તમાન-કાળના અર્જુનો પાસે બે ત્રણ ફરજ એક વખતે ઉત્પન્ન થાય છે અને જે મહાત્મા સારથી તરીકે રહેલ હોય તેને પૂછવામાં આવે છે કે વેપારીઓના જે સંઘનો અથવા કુલનો નાશ થવા બેઠો છે અને તેની જગ્યાએ મજુરોના સંઘ ઉત્પન્ન થવા લાગ્યા છે તેથી માણસ જાતને એકંદરે શો લાભ થવાનો છે ?

જીવનમાં કેટલીક સગવડો વધે તેથી જીવન સુધરે છે એમ કહી શકાય નહિ. કોઇ માણસ પોતાના ઘરમાં થોડું વધારે ફરનીચર વધારે, ઘરને નવો રંગ લગાવે, એક બે ઓરડા વધારે ત્યારે લોકો કહેવા લાગે છે કે તેણે ઘરમાં ઘણો સુધારો કર્યો અને રાજ્ય આવા ફેરફાર કરે, નવા પૂલ બાંધે, નવા રસ્તા બનાવે ત્યારે ન્યુસપેપરોમાં આવી બાબત સુધારા તરીકે પ્રસિદ્ધ થાય છે. પણ એ બાબત ભૂલવી જોઇએ નહિ કે ઘર કે ગામ જેવા જડ પદાર્થમાં વધારો થઇ શકે પણ સુધારો થઇ શકે નહિ.

દિલ્હીમાં હમણાં કેટલાક નવા મકાનો તૈયાર કરી તેને નવું દિલ્હી એવું નામ આપવામાં આવ્યું છે.

તે પહેલાં દિલ્હીમાં સાત વખત નવા શહેર ઉત્પન્ન થયા હતા. દરેક નવા શહેર વખતે પહેલાના જુના થઇ જાય છે. હાલનું નવું દિલ્હી પણ જુનું થઇ જતાં વાર લાગશે નહિ.

આવા ફેરફારથી દિલ્હીમાં વધારો થયો છે એમ કહી શકાય પણ સુધારો થયો છે એમ કહેવું હોય તો દિલ્હીના માણસોના જીવનમાં અને ખાસ કરીને જે નવા મકાનો બંધાયા છે તેમાં રહેનાર માણસોના મન કેટલા સારાં થયાં છે તે બતાવવું જોઇએ. જ્યાં મોટાં મકાનો હોય તે મોટું શહેર માની શકાય નહિ પણ જ્યાં મોટા મનના માણસો રહેતા હોય–પછી ત્યાં થોડા ઝુંપડા હોય તો પણ–તે મોટું શહેર છે.

ન્યુસપેપરોમાં ખોટી જાહેર ખબરોથી માણસને વશ કરી શકાય છે તેથી તેમને લાઠીના મારથી વશ કરવાની જરૂર નથી. આગલા વખતમાં કેટલાક યોગીઓ યોગ સિદ્ધીથી શિષ્યો બનાવતા હતા. હાલ સાયન્સની શોધથી ન્યુસપેપરમાં ગમે તે બનાવો વારંવાર પ્રસિદ્ધ કરી લોકોનાં મન ફેરવી શકાય છે. તેથી નવા પ્રકારના ગુરૂઓ અને નવા પ્રકારના શિષ્યો

થયા છે. હાલનું રાજદ્વારી જીવન એ એક જાતની વશીકરણ વિદ્યા છે. જીવનના બધા લાભની કિંમત માત્ર રાજદ્વારી દ્રષ્ટીથી આંકી શકાય નહિ.

હાલની નવીનતા એ વર્તમાન સુખની શત્રુ છે. તે ભવિષ્યમાં સુખ બતાવે છે. જે હાલ છે તે અપૂર્ણ લાગે છે. ભવિષ્ય વર્તમાનમાં આવે ત્યારે પણ તે અપૂર્ણ લાગે છે. ગુપ્તતામાં મહત્તા લાગવાથી વૃત્તિ હંમેશાં ભવિષ્ય તરફ દોડે છે અને તેનો અંત જોવામાં આવતો નથી.

ન્યુસપેપરનું જીવન એ એક દીવસનું જગત છે. જે ગયું તે સારૂં નહોતું, જે આવશે તે સારૂં આવશે પણ જે આવશે તે જતું રહે છે અને વાંચનારોની દશા એવીને એવી રહે છે. તેથી શું થશે તેનો વિચાર કરવાનો નથી પણ શું જોઇએ છીએ તે નક્કી કરવું જોઇએ.

શું જોઇએ છીએ એ બાબત નક્કી કરવા પહેલાં સારૂં જીવન કેને કહેવું એ નક્કી કરવું પડશે. ઘણા લોકો જેને સારૂં જીવન કહે તે સારૂં એમ માનવાની ટેવ પડી જવાથી એવી વૃત્તિ ઉત્પન્ન થાય છે કે આપણા

માટે કાંઇક વખાણ ન્યુસપેપરમાં આવે અને બીજા તે વાંચે ત્યારે મનને સંતોષ થાય છે. જ્યાં બહુમતી હોય ત્યાં ઘુસી જવાની ટેવ પડે છે. જ્યાં પ્રસિદ્ધ થવાના પ્રસંગ મળતા હોય ત્યાં વખતસર હાજરી અપાય છે. પોતાને માટે ન્યુસપેપરમાં કાંઇ સારૂં લખાણ આવે એટલે સ્વર્ગ મળ્યા જેટલો સંતોષ થાય છે. પોતાના કોઇ મિત્રો તે વાંચે નહિ તો પોતે જાતે તે પેપર લઇને તેમને વંચાવે છે.

ધારાસભાની ચુંટણી વખતે ધારાસભાના સભ્યો પોતાનાં વખાણ લોકોની જાણ માટે ન્યુસપેપરોમાં પોતેજ પ્રસિદ્ધ કરાવે છે. ઘણી જગ્યાએ એવું જણાય છે કે મત માગનાર કરતાં મત આપનારમાં ઓછી બુદ્ધિ હોય છે છતાં તેના મતથી મત માગનારને અભિમાન આવતાં વાર લાગતી નથી.

પરદેશી રાજ્યની ગુલામીમાંથી મુક્ત થવાની ઇચ્છા થાય છે પણ પોતાની પ્રસિદ્ધીથી જે અભિમાન વધે છે તેની ગુલામી કેટલી મોટી થાય છે તેની ખબર રહેતી નથી. વેપારી પોતાના માલની જાહેર

ખબર આપે છે. સંઘપતિ પોતાની જાહેર ખબર આપે છે.

મોટા થવામાં સુખ લાગે છે પણ નાના થવામાં કેટલું સુખ છે તે સમજવું જોઇએ. ઘણા સાધુઓના જીવન બીલકુલ પ્રસિદ્ધ થતા નથી છતાં તેમને તેમના આત્માના સુખ માટે કોઇ સાધનની જરૂર પડતી નથી.

રામ, કૃષ્ણ, બુદ્ધ, ક્રાઇસ્ટ, મહમદ વિગેરે અવતારી પુરૂષોના જીવન ન્યુસપેપરમાં પ્રસિદ્ધ થયા નહોતા છતાં જગતની બધી પ્રજા નિત્ય તેમને પૂજે છે. તેઓને પૂજાવાની ઇચ્છા નહોતી. ખરા મહાપુરૂષો પોતાના ગુણ ગાતા ફરતા નથી.

જેમ દેશનું અભિમાન વધ્યું છે તેમ દેશમાં અભિમાન વધ્યું છે. પણ એ અભિમાનમાંથી નવું કેટલું શીખવાનું છે. જે માણસ અમુક પ્રકારના અભિમાનમાંજ પોતાની હદ બાંધી લે છે તે કોઇ ઉત્તમ સદ્ગુણોનું અભિમાન લઇ શકતો નથી. જેમ અભણ સ્ત્રીના વખાણથી થોડા જ્ઞાનવાળો તેનો પતિ ફૂલાય છે તેમ ઘણા અભણ લોકોના વખાણથી આવા માણસ પુલાય છે. ઘણા માણસનું ભલું કરવું જોઇએ

એમ બતાવવું એ ઘણા માણસની ખુશામત કરી પ્રસિદ્ધ થવાની યુક્તિ છે. આવી સ્થીતિમાં લોકોને કેવા પ્રકારનો લાભ થાય છે તેનો વિચાર થતો નથી. એક માણસમાં ઘણી બુદ્ધિ હોય, તેનું ચારિત્ર સારૂં હોય, લોકોને તે બહુ સારા વિચાર આપી શકે તેવી તેની શકિત હોય, છતાં ઘણા લોકો વખાણ કરે અને તે વાત ન્યુસપેપરમાં પ્રસિદ્ધ થાય માટે તેમની સેવા કરવા હલકું કામ પસંદ કરે છે. આ દેશમાં એક સારા વિદ્વાન અને સાયન્સની સારી ડીગ્રી ધરાવનાર માણસ છે. તે વિલાયતી દવાની હરીફાઇમાં તેનાં જેવીજ સારી દવા બનાવતા હતા પણ લોકોએ તેમને મ્યુનિસીપાલીટીની ચુંટણીમાં દાખલ કર્યા એટલે મ્યુનિસીપાલીટીના સુધારા કરવામાં તેનું ધ્યાન ગયું. બીજા એવા એક સાયન્સના જ્ઞાનવાળા વિદ્વાન માણસ ઢેઢની નિશાળ ચલાવે છે. નાની ફતેહથી માણસ મોટા લાભ ગુમાવે છે. લોકોના વખાણ નાની બાબતને મોટી કરી મુકે છે.

સેવા કરતી વખતે પોતાની લાયકાત પ્રમાણે ઉત્તમ પ્રકારની સેવા થતી હોય પણ તેની લોકો કદર

ન કરે અથવા પોતાના વખાણ ન્યુસપેપરમાં ન આવે તોએ તે સેવા મુકવી ન જોઇએ. લોકોના વખાણ માટે હલકી સેવામાં પડવું ન જોઇએ. લોકોને ઉંચી સ્થિતિમાં લાવવા જોઇએ. લોકોને ખુશી કરવા કવિશ્રી રવિન્દ્રનાથ ટાગોર રોજ રેંટીઓ ફેરવે તો તે ખરી સેવા કહી શકાય નહિ.

સારૂં જીવન હંમેશાં સારૂં રહે છે. તે કાળથી અતીત છે. યુગધર્મમાં પકડાતું નથી અને વિવેકબુદ્ધિ હોય તો ન્યુસપેપરમાં પ્રસિદ્ધ ન થાય તોએ તે સમજી શકાય છે.

ન્યુસપેપરો આપણું જીવન સુધારવા માટે વિઘ્નકર્તા છે એમ માનવાનું નથી પણ તેમાં પ્રસિદ્ધ થતી કેટલીક બાબતો કેટલા સંકોચથી લખવામાં આવે છે તે જાણવાની જરૂર છે.

ન્યુસપેપરના અધિપતિનું એક મુખ્ય કામ એ રહે છે કે કોઇ પણ રીતે તેના ન્યુસપેપરનો બહોળો ફેલાવો થવો જોઇએ; તેથી નવા સમાચાર આપવામાં ચાલુ જમાનામાં જે બનાવો બનતા હોય તેમાંથી હાલના લોકોને કયા બનાવ ગમશે અથવા કેવી રીતે

લખવાથી તે લોકોને પસંદ પડશે તેનો વિચાર કરવો પડે છે. આ પ્રમાણે અધિપતિની પહેલી પરતંત્રતાની શરૂઆત થાય છે.

માણસનું જીવન સુધારવામાં રાજ્ય અને ધર્મ એ બે સાધન રહે છે. જ્યારે રાજ્ય ભૂલો કરે અથવા ધર્મગુરૂઓ લોકોને ખોટે રસ્તે દોરતા હોય ત્યારે તે ભૂલો બતાવવી એ અધિપતિની ફરજ છે પણ બહુ ભૂલો બતાવવાથી રાજ્ય, નવા કાયદાથી ન્યુસપેપર ઉપર દબાણ કરે અથવા કોઇ ધર્મવાળાને ક્રોધ ચડે એવા પ્રસંગ ઉભા થાય એવું હોય ત્યારે એ ભૂલો જેવી છૂટથી બતાવવી જોઇએ તેવી છૂટથી બતાવી શકાતી નથી. આહીં અધિપતિની બીજી પરતંત્રતા શરૂ થાય છે.

વળી જ્યારે લોકોમાં સારા વિચાર ફેલાવવા હોય ત્યારે તેવા વિચાર માટે અધિપતિના મગજમાં જે પ્રકારની શાંતિ રહેવી જોઇએ તે રાખવા જેટલી પુરસદ રહેતી નથી. તેઓ ઘણા ઉપયોગી લેખો ઉતાવળથી લખે છે અને તેથી થોડા દિવસ પહેલાં પોતે જે લખ્યું હોય તેની વિરૂદ્ધ કાંઇક લખવું પડે છે. છતાં લોકો તે

ફેરફાર સમજી ન શકે તેવી ઢબથી લખાણ પ્રસિદ્ધ થાય છે. શાંત વિચાર માટે જરૂર પડતી પુરસદ ન રહે તોએ જે વિચાર આવે તે લખી નાખવા અથવા લોકોને પસંદ આવે તેવા મથાળાં કરવા એ ત્રીજા પ્રકારની પરતંત્રતા છે.

વળી અધિપતિ પોતે જાતે બધી સભામાં હાજર રહી શકતા નથી તેથી કેટલાક રીપોર્ટરો રાખવા પડે છે અને તેઓ જે લખી આપે તે સાચું છે એમ માની પ્રસિદ્ધ કરવું પડે છે. રીપોર્ટરો ઉપર આધાર રાખવો એ ત્રીજી પરતંત્રતા છે.

તે ઉપરાંત હિંદુ ધર્મવાળાના પત્રો કેટલીકવાર હિંદુ ધર્મની રૂઢીઓને અનુમોદન આપે છે, બીજા ધર્મની સારી રૂઢીઓ તેમાં પ્રસિદ્ધ થતી નથી. ઘણી જ્ઞાતિઓએ પોતાની જ્ઞાતિના લાભ માટે માસિકો કાઢયા છે. તેમાં શરૂઆતમાં થોડા અંક સુધી સારા લખવાવાળા મળે છે પણ પાછળથી માસિક બરાબર વખતસર પ્રસિદ્ધ કરવું જોઇએ એ પરાધીનતાથી, ગમે તેવા લેખ પ્રસિદ્ધ કરવા પડે છે. અધિપતિઓ ગમે તેવા સાધારણ લેખકોને લેખ મોકલવા વારંવાર વિનંતી કરે છે.

યુરોપીઅનોના પત્રો યુરોપનો વેપાર વધે એવી જાતના લખાણ આપી લોકોના મન ફેરવવા પ્રયત્ન કરે છે.

આ પ્રમાણે જ્યારે ઘણા માણસો લોકોના મન ફેરવવાનો પ્રયત્ન કરે ત્યારે વાંચનારાઓની કેવી દશા થાય એનો ખ્યાલ કરવો જોઇએ. કોઇનું ધ્યાન સ્વરાજ્યની ચળવળ તરફ પહેલું જાય છે, કોઇ શેર બજારના ભાવ પહેલાં જુએ છે, કોઇ સ્ત્રીઓના ચિત્રો પહેલાં વાંચે છે, કોઇ નાટક કે સીનેમાની જાહેર ખબર વાંચે છે અને કોઇને પોતાને ગમતું કાંઇ પ્રસિદ્ધ થયું ન હોય ત્યારે કહે છે કે “ આજે કાંઇ આવ્યું નથી. ”

ન્યુસપેપરમાં બધા પ્રકારના બધા જીવનની હકીકત આવતી નથી. જે ક્રમથી લોકો ન્યુસપેપરના બનાવો વાંચે છે તે ક્રમથી તે બનાવો ઉત્પન્ન થતા નથી. ઉતાવળથી લખેલા લેખોમાંથી અને વાંચનારાઓની ઉતાવળી સમજણ ઉપરથી જે જોઇએ તે ઘણીવાર મળતું નથી. ન્યુસપેપર વાંચી રોજ આશા પુરી કરવા તરફ વૃત્તિ રહે છે અને રોજ નિરાશા ઉત્પન્ન થાય છે.

ન્યુસપેપરના અધિપતિઓના મન ચાલુ જમાનાના સંસ્કારની અસર નીચે રહે છે. જે રૂપમાં લોકોને સમાચાર મળવા જોઇએ તે રૂપમાં મળતા નથી છતાં તેને સાચા સમાચાર માની લોકો પોતાનું જીવન ગાળે છે. સવારે ઉઠયા પછી ચા અને ન્યુસપેપર હાથમાં ન હોય તો ચેન પડતું નથી. શરીરના દરદ માટે જેમ દાકતરની જરૂર પડે છે તેમ જે માણસ પોતે સારા વિચાર કરી શકતો નથી તેને ન્યુસપેપરના વિચારોથી થોડો વખત આરામ મળે છે.

ન્યુસપેપરનો અધિપતિ દેશ પરદેશથી આવેલા જુદા જુદા બનાવોના સમાચાર એકઠા કરે છે, તેમનો સંબંધ આગલા સમાચાર સાથે મેળવે છે અને તે ઉપરથી તે બનાવોનો ઇતિહાસ રચી પ્રસિદ્ધ કરે છે. તેમાં પોતાની માન્યતા ઉમેરે છે. આ માન્યતા અને આ ઇતિહાસ બહારના બનાવમાંથી આવતા નથી પણ અધિપતિના મગજમાંથી આવે છે. લોકોની માન્યતા ઉપર કાંઇક અંશે અધિપતિની માન્યતા બંધાય છે અને અધિપતિની માન્યતા ઉપર કાંઇક અંશે લોકોની માન્યતા બંધાય છે. જયાંસુધી કોઇ બનાવ ઉપર આવી માન્યતાઓ ચડતી નથી ત્યાંસુધી ઇતિહાસ ઉત્પન્ન થતો

નથી અને ઇતિહાસ ઉત્પન્ન ન થાય તો કાળની અસર લાગતી નથી.

આવા લખાણોમાં રાગદ્વેષ રહેલા હોય છે. તે બહાર કાઢવા માટે લોકોને તક જોઇએ છીએ. તે તક સત્યાગ્રહથી અથવા લડાઇથી મળે છે. જ્યારે રાગદ્વેષ બહાર કાઢવાના પ્રસંગ મળતા નથી ત્યારે લોકોને ગમતું નથી; તેથી તેઓના મન કોઇ વખતે વિક્ષિપ્ત, કોઇ વખતે આવરણવાળા, કોઇ વખતે શૂન્ય થઇ જાય છે; ભવિષ્યમાં શું થશે તેના વિચાર આવે છે અને એક બીજાના મત ભેગા કરી ભવિષ્યની અટકળો કરવામાં વખત જાય છે; પણ તેને પોતાને શું જોઇએ છીએ તે પૂછયું હોય તો તરત જવાબ આપી શકતા નથી. કોઇ આવીને તેમને કહે કે હું તમારી બધી ઇચ્છા પુરી કરી આપું, તમારે શું જોઇએ છીએ તે તરત કહો, તો તેઓ કોઇ હલકી ઇચ્છાની માગણી કરશે અથવા બે ત્રણ જાતની વિરૂદ્ધ સ્વભાવવાળી ઇચ્છા પ્રગટ કરશે, અથવા પોતાની શક્તિ જે સુખનો ઉપયોગ કરવા સમર્થ ન હોય તેવું કાંઇક સુખ માગશે.

હાલની સમાજનું આંતરિક જીવન, તેના સુખના સાધન, જોઇએ તેવા સારા નથી. માણસોમાં ઘણા

પ્રકારની બીક વધી છે અને સાધારણ માણસ પણ સમાજને અસર કરવા માગે તો કરી શકે છે.

કેટલીકવાર જે બનાવ વિષે વાંચવાથી પોતાને કાંઇ ફાયદો થવાનો ન હોય તે વાંચવામાં અને તેનો વિચાર કરવામાં નકામો વખત જાય છે અને શક્તિ ઓછી થાય છે. આપણા જીવનમાં નકામા વિચારનો વધારો એ મોટામાં મોટું પાપ છે. આવી દશામાં જીવનનો હેતુ જાણવાની પુરસદ રહેતી નથી.

ન્યુસપેપરથી લોકોને એક લાભ એ થયો છે કે તેણે લોકોને સાચી વસ્તુની શોધમાં મૂકયા છે પણ સાચી વસ્તુ કયાં છે તે બતાવ્યું નથી. તેઓ સુખથી કેમ જીવવું એનો રસ્તો બતાવે છે પણ સુખથી કેમ મરવું એ બતાવતા નથી.

સાચી વસ્તુ માણસ પોતે પોતાને માટે શોધી શકે એવું કરવું હોય તો દરેક માણસને અમુક કલાક રોજ એકાંતમાં રહેવાની ફરજ પાડવી જોઇએ, અને ત્રણ મહિનામાં ઓછામાં ઓછા સાત દિવસ સુધી કુદરતની કોઇ સુંદર જગ્યાએ એકાંતમાં કુદરતના દેખાવ સાથે વાત કરતાં શીખડાવવું જોઇએ. ત્યાં તેને એકે

ન્યુસપેપર દેવું ન જોઇએ અને જાણે કે આખી દુનિઆમાં પોતે, જગત અને ભગવાન એ ત્રણજ વસ્તુ હોય એવી માન્યતા તેના મગજમાં ઉત્પન્ન કરીને તેને કહેવું કે આ જગ્યાએ તારી અંદર જે બને છે તેનું બારીકાઇથી નિરીક્ષણ કરી તારો આત્મા જાગ્રત કર, તેનો સંબંધ પરમાત્મા સાથે જો અને પરમાત્માનો સંબંધ જગત સાથે જો; અને છેવટે તે, તું અને આ એ ત્રણેની એકતા કરી કુદરતી નિર્દોષ આનંદ લેતાં શીખ. આવી રીતે વિચારને રોકી તેને સારી દિશામાં વાળવાથી ઘણી શક્તિ અને ઘણું જ્ઞાન ઉત્પન્ન થાય છે કે જે જીંદગીભર વાંચવામાં આવતા ન્યુસપેપરમાંથી મળી શકતું નથી.

ખરી રીતે જગતમાં જે જે સારી શોધો અને સારા કામ થયા છે તે વિદ્વાન માણસોએ એકાંતમાં મેળવી સમાજને આપેલા છે અને સમાજે પોતાની ટેવ પ્રમાણે તેમના સારા કામની અસર ઘણીવાર બગાડી દીધી છે. તેમાંથી જેટલું જ્ઞાન બગાડયા વગર બાકી રહેવા પામે છે તે ખરા સુધારામાં મદદ કરે છે.

જ્યારે કોઇ માણસ શાંતિથી કુદરતના કોઇ સારા દેખાવ આગળ એકાંતમાં બેસે છે અને તે વખતે જો

તે પોતાના સંસારની ક્ષુદ્ર કલ્પનાઓ વીસરી શકે તો તેનું ચિત્ત એકદમ પ્રસન્ન થાય છે. એમ સમજવું જોઇએ કે જગતના બનાવોની ખરી કિંમત આપણા આત્માની જાગ્રતિથી થઇ શકે છે. ન્યુસપેપરોથી તે જાગ્રતિ ન થતી હોય તો સ્વામી રામતીર્થની સલાહ પ્રમાણે ન્યુસપેપરો વાંચવામાં ફાયદો નથી. તેને બદલે આત્મજ્ઞાની પુરૂષોના લખેલા ગીતા જેવા પ્રાસાદિક ગ્રંથો વાંચી, તેનું વારંવાર મનન કરી, અંતરાત્માને સારી ભુમિકાએ રાખવો એ જીજ્ઞાસુઓ માટે ઉત્તમ રસ્તો છે.

દરેક માણસ પોતાની સગવડ માટે કાંઇક ઉપાય શોધ્યા કરે છે છતાં જીંદગીના છેડા સુધી બધી અગવડ મટતી નથી. આ સાયન્સની શોધોનું પરિણામ છે. આગલા વખતમાં માણસો થોડી અગવડથી ચલાવી લેવાની વૃત્તિ રાખતા હતા પણ અંતરાત્માનો નિર્દોષ આનંદ લેવા માટે પુરતો વખત રાખતા હતા. અલ્પ સુખ અલ્પ ભાવમાં રહે છે અને અલ્પ ભાવ અલ્પ ભાગમાં રહે છે.

ઉપર જે જે બાબત જણાવી તે ઉપરથી એટલું સમજવાનું છે કે :—

૧. ન્યુસપેપરમાં નવા સમાચાર તરીકે જે જે આવે તે બધું નવું હોતું નથી.

૨. જુની વાતો નવા રૂપમાં આવે તેની તુલના કરવી જોઇએ.

૩. સંઘધર્મ અથવા સમાજ જે કહે તે બધું સાચું હોય એમ એકદમ માની લેવું ન જોઇએ.

૪. ન્યુસપેપરના અધિપતિઓ સંકોચથી લખાણ લખે છે અને તેમને સારા લખાણ લખવા જેટલી પુરસદ રહેતી નથી.

૫. તેઓ પરદેશના સમાચારો આપી આપણી ચિંતા વધારે છે, આપણા હૃદયની ચિંતાઓ કેમ ઓછી થાય તે બતાવતા નથી.

૬. ન્યુસપેપરમાં પોતાની પ્રસિદ્ધી માટે માણસો જેટલું લખાણ છપાવે છે તેના ટકા બાદ કરી યોગ્ય હોય તેટલું ગ્રહણ કરવું જોઇએ.

૭. ન્યુસપેપર જે જ્ઞાન આપે છે તે કરતાં વધારે જ્ઞાન આપણા આત્માને એકાંત અને

કુદરતી નિર્દોષ વાતાવરણમાં રાખવાથી અને સત્સંગથી મળે છે.

૮. ગરીબાઇ દૂર કરવામાં બીજા દેશોની પ્રજાની માફક સ્વભાવ ન બગડે તે ધ્યાન રાખવાનું છે નહિતર એક દુઃખ કાઢતાં બીજું દાખલ થઇ જશે.

હાલના કાળમાં જીવનની ક્રિયા સમજવાનો પ્રયત્ન થાય છે પણ જીવનનો અર્થ સમજવાનો પ્રયત્ન થતો નથી અથવા જીવનનો અર્થ યુગધર્મ પ્રમાણે સમજવામાં આવે છે. ઘણા માણસો અથવા સંઘ જેને સારૂં જીવન કહે છે તે સારૂં અને નવું મનાય છે. તે નવજીવનમાં સામાન્ય માણસ એવો ઘસડાય છે કે તેને હમેશાં નવું નવું ગમે છે અને તે નવાનો છેડો દેખાતો નથી. તેથી ખરૂં નવું શું છે અને જુનામાં શું સારૂં હતું તે ઘણી વખત ભૂલી જવાય છે. બધી શોધમાં, બધા સમાચારમાં, માણસ પોતાના આત્માને શોધે છે. તેથી નવી શોધ એ ખરી રીતે જુની શોધ છે. કોઇ એમ પ્રશ્ન કરી શકે કે જો આગળના માણસોને સત્ય મળ્યું હતું તો તેની શોધ હાલ કેમ થાય છે? અને તે

બાબત ન્યુસપેપરમાં કેમ પ્રગટ થતી નથી. પણ હાલના માણુસની સત્ય સમજવાની શક્તિ જુદા પ્રકારની થઇ છે, સત્યના અર્થ નવા થયા છે, મહાત્માના અર્થ નવા થયા છે. ન્યુસપેપરોને તે તે નવા અર્થ સાથે સંબંધ રહે છે, સાચા અર્થ સાથે સંબંધ રહેતો નથી.

માણુસ નિશાળમાં, વ્યવહારમાં અને ન્યુસપેપર દ્વારા કેટલી ખોટી માન્યતાઓ શીખી જાય છે તેની પહેલાં તપાસ કરવી જોઇએ. જુની વાતો નવા રૂપમાં કેવી રીતે આવે છે તેના થોડાંક દ્રષ્ટાંતો લઇએ.

આગલા વખતમાં ખાદી અથવા હાથનું બનાવેલું કાપડ ચાલુ વપરાશમાં હતું કારણ કે મીલો નહોતી; પણ મીલોના કપડાનો મોહ શરૂ થયા પછી ખાદીનો લાભ ભૂલી જવામાં આવ્યો અને ફરી ખાદીનો ઉપયોગ ન્યુસપેપરમાં નવા સમાચાર રૂપે આવે છે.

મુસલમાની રાજ્ય પહેલાં સ્ત્રીઓ પડદો રાખતી નહોતી. તે રાજ્યમાં પડદો દાખલ થયા પછી હવે પડદો કાઢી નાખવો એ નવો સુધારો મનાય છે.

ઘઉંમાં તેજી કે રૂમાં મંદી, સોનું નરમ કે ચાંદી ગરમ એ શબ્દો વેપારીની સમાજમાં નવા ઉત્પન્ન થયા

છે. પહેલાના કાળમાં પણ ભાવોમાં ફેરફાર થતા હતા પણ હાલ તેનું પ્રમાણ વધી ગયું છે. તેથી નવા શબ્દો તે પ્રમાણ બતાવવા ઉત્પન્ન થયા છે. ગામડાના માણસો પણ તાર અને ટપાલની મદદથી શહેરોના સટ્ટાબજારના ખેલ ખેલે છે.

માણસોના મગજમાં જે જે વિચારો આવે છે તે ખુલ્લા કરવાની સગવડ થાય અને તાર ઓફીસમાં અથવા ટપાલ ઓપીસમાં જેટલા તાર અને પત્રો આવે છે તે ફોડી તે બધા ન્યુસપેપરમાં પ્રસિદ્ધ કરવામાં આવે તો જણાઇ આવશે કે પૈસો, સ્ત્રી અને અભિમાન એ જુના વખતના માણસના મિત્રો તેમને હજુ છોડી ગયા નથી.

સારા વિચારો જુલમી શહેનશાહતને જડ મૂળથી ઉખેડી નાખે છે અને માણસને ભગવાનની નજીક લાવી મૂકે છે. તેવા વિચાર આપવાવાળો માણસ જ્યારે જન્મે છે ત્યારે ભવિષ્યકાળને બદલે વર્તમાનકાળની કિંમત વધે છે, પ્રારબ્ધ પુરૂષાર્થમાં સમાય છે, નાના માણસોમાં મોટા જેટલું બળ આવે છે; વાનરો રાક્ષસોને જીતતા શીખે છે.

જ્યારે સામાજિક કે રાજકીય ઉન્નતિની જરૂર હોય ત્યારે આપણે જે વિચાર કરવાની જરૂર હોય તે આપણી વતી બીજા માણસ કરી આપે તો ચાલી શકે છે અને તેથી ઘણા મતદારો ધારાસભાના સભાસદોને મત આપ્યા પછી પોતાની જવાબદારી સમજતા નથી પણ ધર્મ કે મોક્ષની જરૂર હોય ત્યારે આપણી વતી બીજા માણસ વિચાર કરી આપે તો ચાલતું નથી. જે ઉન્નતિમાં પોતાને વિચાર કરવાની જરૂર ન રહે તે ઉન્નતિની ખરી દિશા નથી. તેમાં થોડા નેતાઓ ઘણા માણસને પરાધીન કરી શકે છે. વિચારની ગુલામી એ પણ એક જાતની ગુલામી છે.

વીસમી સદીના માસીકથી પ્રસિદ્ધ થએલ તેના સદ્ગત તંત્રીનો એવો મત હતો કે ગુજરાતમાં ઘણા વાંચનારાઓ તત્ત્વજ્ઞાનના વિષયો ગ્રહણ કરી શકતા નથી. તેથી તેમણે ચિત્રો દ્વારા અને વાર્તા દ્વારા વિચારો ફેલાવવાનો પ્રયત્ન શરૂ કર્યો અને તેના અનુકરણથી બીજા કેટલાક માસીકોએ પણ ચિત્રો અને વાર્તા દાખલ કર્યા છે. આવા પત્રો વાંચનારાઓમાં ઘણાના મન પહેલાં ચિત્રો તરફ આકર્ષાય છે, પછી કથા તરફ

વૃત્તિ જાય છે અને છેવટે જ્ઞાનનો કોઇ નિબંધ હોય તો ખરો જીજ્ઞાસુ વાંચે છે.

સરસ્વતીચંદ્રના પ્રખ્યાત લેખક ગોવર્ધનરામભાઇ-ની ઇચ્છા સારા વિચારો નિબંધરૂપે આપવાની હતી પણ તેને એમ લાગ્યું કે કથારૂપે લોકો તે વધારે સારી રીતે ગ્રહણ કરશે. પણ કથા અને ચિત્રોના રસમાં જ્ઞાનનો ઉપયોગી ભાગ ઘણીવાર દબાઇ જાય છે. વાંચ-નારને કુમુદસુંદરી જેવી સ્ત્રી મેળવવાની ઇચ્છા થાય છે પણ સરસ્વતીચંદ્ર જેવી વિદ્વતા પ્રાપ્ત કરવાની ઇચ્છા થતી નથી. વળી સરસ્વતીચંદ્રે ઘરના કલેશથી ઘર છોડયું હતું એમ માની કેટલાક વાંચનારાઓ પોતાની મા અને સ્ત્રી વચ્ચે જરા પણ અણબનાવ થાય કે તરત ઘર છોડવાનો વિચાર કરે છે. પણ સરસ્વતીચંદ્રે સુખ છોડી દુઃખ સ્વીકાર્યું હતું. હાલના સુધારા દુઃખ સહન કરવાની શક્તિ આપતા નથી.

જેને સીતા જોઇએ તેણે રામ થવું જોઇએ, દ્રૌપદી જોઇએ તેણે અર્જુન થવું જોઇએ, તારા જોઇએ તેણે હરિશ્ચંદ્ર થવું જોઇએ. ન્યુસપેપરોમાં કે સીનેમામાં સ્ત્રીઓના ચિત્રો જોવાથી કે નવલ કથા ઉપરથી તરંગો

ઘડવાથી સીતા મળશે નહિ. તેવીજ રીતે જે સ્ત્રીઓને રામ જોઇતા હોય તેમણે સીતા થવું જોઇએ, અર્જુન જોઇતા હોય તેમણે દ્રૌપદી થવું જોઇએ.

પચીસ વર્ષ પહેલાં "મહાકાળ" નામના માસીકે ગુજરાતમાં સારૂં નામ કાઢયું હતું. હાલ હિંદી માસીક "કલ્યાણ" લોકોમાં સારૂં વંચાય છે. આવા માસીકો સમાજમાં સારા વિચાર ફેલાવે છે પણ તેમનું પ્રમાણ થોડું છે.

સારા પુસ્તકો અને સારા માસીકો લોકોની કેટલીક ખોટી માન્યતાઓ દૂર કરવામાં મદદ કરે છે અને કેટલીક સાચી માન્યતાઓ આપે છે.

લેખક થવું એ એક કળા છે. સારા લખાણ લખવા માટે આત્માની ઉંડી દશામાં ઉતરવાની ટેવ જોઇએ અને ત્યાંથી પ્રેરણા લેવી જોઇએ. તે ન મળે ત્યાંસુધી કાંઇ લખી નાખવાની ઉતાવળ કરવી ન જોઇએ.

ગુજરાતમાં સારા વિચાર ફેલાવવાની સફળ થએલી જો કોઇ સંસ્થા હોય તો તે કેટલેક દરજ્જે "સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય"ના ગ્રંથો છે. તે દ્વારા

જ્ઞાન જેવા રૂપમાં લોકો પાસે પહોંચવું જોઇએ તેવા રૂપમાં પહોંચે છે.

સમાજને સારા લખાણો જોઇતા હોય તો જ્યાં-સુધી પૈસાદાર માણસો સારા લેખકોને સારો બદલો આપી કમાવાની ચિંતામાંથી મુક્ત નહિ રાખે ત્યાંસુધી તેવા લખાણ મળી શકશે નહિ. કોઇ ન્યુસપેપરમાં સારા લખાણ પ્રસિદ્ધ કરાવવા હોય તો બે ત્રણ સારા પગારવાળા અધિપતિ રાખવા જોઇએ અને તેમને સારા વિચાર કરવા માટે શાંતિનો વખત આપવો જોઇએ. તેમના ઉપર બીજા કામની ચિંતા રહેવી ન જોઇએ. જે માણસ પોતે વિક્ષિપ્ત દશામાં હોય તે બીજાને સારા વિચાર આપી શકતો નથી. મહાત્મા ગાંધીજી પણ લેખ લખવા માટે સોમવારે મૌન રાખે છે. આટલી બાબત સમજી શકાશે તો ન્યુસપેપરથી લોકોને કેટલો લાભ મળી શકે છે તે જણાઇ આવશે.

# પ્રકરણ ૪ થું.

## માયા.

**मीयते अनया इति माया** એટલે જે સાધનથી કાંઇ પણ મપાય તેને માયા કહે છે.

આ પ્રમાણે માયાની વ્યાખ્યા થાય છે. સામાન્ય-રીતે જગતનો પ્રદેશ ફૂટથી મપાય છે અને જગતનો કાળ ઘડીઆળથી મપાય છે.

પણ પહેલા પ્રકરણમાં જણાવ્યું તેમ ઘડીઆળથી ખરો કાળ માપી શકાતો નથી; એટલુંજ નહિ પણ કાળનો સ્વભાવ પણ જગ્યાના ફેરફારથી, લાગણીના ફેરફારથી અને ઉપયોગના ફેરફારથી ફરતો રહે છે. એક પ્રકારના કાળના માપથી કાળના આખા સ્વભાવની ખબર પડતી નથી.

ઘડીઆળથી એક ભાગનો વખત જાણવામાં આવે છે; તે વખતનો ભાગ બતાવે છે તેથી તેને અંગ્રેજીમાં " ટાઇમ-પીસ " કહે છે.

તેવીજ રીતે ફૂટથી જગતનો બધો પ્રદેશ માપી શકાતો નથી. નાના ક્ષેત્રમાં તેનો ઉપયોગ રહે છે પણ મોટા ક્ષેત્રમાં તે સાધન કામ આવતું નથી. સૂર્ય, ચંદ્ર કે તારા આંહીથી કેટલા દૂર છે તે માપવા માટે ખગોળ-શાસ્ત્રીઓ તેજની ગતિથી હિસાબ કરે છે.

સાધારણ પ્રસંગોમાં પણ ફૂટથી કેટલીકવાર ખોટું માપ આવે છે. દ્રષ્ટાંત તરીકે એક ગોળ અરીસો હોય અને તેમાં આપણે આપણું શરીર જોઇએ તો ઘણું લાંબુ લાગે છે. તે વખતે જો આપણા હાથમાં ફૂટ હોય તો તે ફૂટ પણ લાંબો થઇ જાય છે. અરીસામાં દેખાતા પુરૂષમાં જવાબ દેવાની શક્તિ હોય અને જોનાર માણસ તેને પૂછે કે "તું લાંબો કેમ દેખાય છે?" તો તે તરત જવાબ આપશે કે "હું લાંબો થયો નથી, મને મારા ફૂટથી માપો તો જણાશે કે હું તમારા જેવડોજ છું; તમારો પુટ મારા પ્રદેશ માટે કામ આવે તેવો નથી."

જોનારને પોતાના સંસ્કારથી, એટલે પોતાના શરીરના અભિમાનથી અરીસામાં દેખાતું શરીર મોટું લાગે છે. જે વખતે જે જગ્યાએ જે માપ હોય તે જગ્યાના બનાવ તે માપથી જાણવા જોઇએ; નહિતર ખરૂં માપ

આવતું નથી. સામાન્ય માણુસ એકજ વખતે બધી જગ્યાએ રહી શકતો નથી તેથી પોતાના સંસ્કારથી જગતનું માપ કાઢે છે. તેથી જગત જેવું બીજા માણસને દેખાય છે તેવું તેને પોતાને દેખાતું નથી. પણ માપનો સ્વભાવ બરાબર સમજવામાં આવે એટલે કે ક્ષેત્ર પ્રમાણે અને વખત પ્રમાણે તેમાં ફેરફાર થાય છે તે જાણવામાં આવે તો જણાશે કે જે દેખાવ એક દ્રષ્ટીએ ફરતો લાગે છે તે બીજી દ્રષ્ટીથી બીલકુલ ફરતો નથી. તેથી ભગવાન નિર્ગુણ-સગુણ, અચળ-ચળ, અસ્તિ-નાસ્તિ વિગેરે વિરૂદ્ધ ધર્મને આશ્રય આપવાવાળા કહેવાય છે. પણ ખરીરીતે વિરૂદ્ધ ધર્મ જગતમાં નથી પણ જે વખતે જે જગ્યાએ જે માપ જે બનાવ સમજવા માટે લેવું જોઇએ તે દેહના અભિમાની માણસો લઇ શકતા નથી; તેથી પોતાના સંસ્કારના માપમાં એટલે માયામાં બંધાય છે.

કોઇ કહે છે કે આપણે મોટા થઇએ છીએ તે શું ખોટો દેખાવ છે? દશ વર્ષની ઉમરે આપણે જેટલા ઉંચા હતા તે કરતાં વધારે ઉંચા વીસ વર્ષની ઉમરે લાગીએ છીએ. આ બાબતમાં પણ માયા અથવા

માપ ભૂલમાં નાખે છે. દશ વર્ષની ઉમરના માણસના હાથના માપથી જોતાં જો તે તે વખતે પોતાના ત્રણ હાથની ઉંચાઇ જેટલો હોય તો વીસ વર્ષે પણ તે તે વખતના પોતાના હાથથી માપતાં ત્રણ હાથની ઉંચાઇ જેટલો રહે છે; તેથી ખરી રીતે તે મોટો થતો નથી. જો તે મોટો થાય છે એમ માનીએ તો એમ માનવું જોઇએ કે તેનું માપ ફરતું નથી અને તેનું માપ ફરે છે એમ માનીએ તો તે મોટો થતો નથી એમ માનવું જોઇએ. વીસ વર્ષે તે નાના છોકરાંને દેખી પોતાને મોટો માને છે અને દશ વર્ષની ઉમરે મોટા માણસને દેખી પોતાને નાનો માને છે. જગતમાં એકજ માણસ હોય અને બીજી કોઇ વસ્તુ ન હોય તો પોતે કેટલો મોટો છે તે કહી શકાય નહિ.

નાની ઉમરે પોતે જે ઘરમાં રહેતો હોય તે ઘર છોડી દીધા પછી ઘણા વર્ષે જો તે મોટી ઉમરે તે ઘર પાછું જોવા જાય તો તે ઘર તેને નાનું લાગે છે. તેનું કારણ એ છે કે તેનું શરીર મોટું થયું હોય છે અને શરીર મોટું થયું હોય ત્યારે પોતે મોટો થાય છે એમ તેને ભૂલથી લાગે છે.

વળી શરીર ફરતું હોય ત્યારે જુદો દેખાવ ઉત્પન્ન થાય છે. નાના બાળકો ઘણીવાર પુદડી ફરે છે અને પછી સ્થિર રહે છે ત્યારે તેમને આસપાસની વસ્તુઓ ચાલતી લાગે છે. એક છોકરો હાથમાં એક ઉંબાડીઉં લઇ ગોળ ચક્કર ફેરવવા લાગે તો જોનારની દ્રષ્ટીમાં તે ગોળ હોય એવું દેખાય છે.

જ્યારે જોનાર માણસ ગતિમાં હોય અથવા જોવાની વસ્તુ ગતિમાં હોય ત્યારે વસ્તુ જેવી હોય તેવી જોઇ શકાતી નથી. આપણું મન ચંચળ હોય અથવા આપણે અમુક પ્રકારનો મત બાંધી રાખ્યો હોય અથવા દેહનું અભિમાન છૂટયું ન હોય તે વખતે જો આપણે જગતને સમજવા જશું તો આપણા સંસ્કાર પ્રમાણે તેનું માપ આવશે, તે જેવું છે તેવું જણાશે નહિ. તેથી ઘણા જ્ઞાની અને યોગી પુરૂષો મનમાંથી બધી કલ્પના દૂર કર્યા પછી આત્માનો અનુભવ લઇને પછી જગતનો અનુભવ લે છે. જેને ઉંબાડીયું બરાબર જોવું હોય તેણે પહેલાં તે સ્થિર રહે તેમ કરવું જોઇએ. એક વાર તેનું સ્વરૂપ સમજવામાં આવી જાય કે તે ગોળ નથી પણ લાંબુ છે તો

પછી તે ચાલતું રહે તો પણ ભ્રમ ઉત્પન્ન થશે નહિ. તેજ પ્રમાણે એક વાર મન અને લાગણીને સ્થિર કરી આત્માનો અનુભવ લઇ શકાય અને તે દ્વારા જગતનો અનુભવ કરી શકાય તો પછી મન અને લાગણી ચાલવાથી તે જુદા પ્રકારનું લાગે તોએ તે એકજ વસ્તુ છે એવી ખાત્રી રહેશે.

જો જોખવાનો કાંટો બરાબર ન હોય તો વસ્તુનું વજન બરાબર આવતું નથી; તેથી પહેલાં તે બરાબર કરવાની જરૂર છે. તેટલું કામ કર્યા પછી પણ દ્રષ્ટી તોલા ઉપર અથવા જોખવાની વસ્તુ ઉપર રાખવાની નથી પણ ઉપરની કડી પાસે રાખવાની છે. કડી બરાબર મધ્યમાં આવી જાય ત્યારે માપ બરાબર થઇ ગયું એમ ખાત્રી થાય છે. તે જગ્યાનો એટલે કડીને મધ્યમાં આવવાનો વખત બરાબર જોવો જોઇએ. તેવીજ રીતે જ્યારે આત્માના અનુભવથી જગત સમજવામાં આવે છે ત્યારે તરત સમભાવ આવી જાય છે.

માણસમાં જેમ પોતાના શરીરનું અભિમાન રહે છે તેમ પોતાના પ્રાણ અને મનનું અભિમાન પણ રહે

છે એટલુંજ નહિ પણ શરીરમાં પાંચ કર્મેંદ્રિયો, પાંચ પ્રકારના પ્રાણ અને મનની અંદર પાંચ પ્રકારની જ્ઞાનેંદ્રિયો હોવાથી આ પંદર વૃત્તિઓ જુદી જુદી માગણી કરે છે. તેથી પહેલાં માણસની અંદર ભેદ ઉત્પન્ન થાય છે. તે ભેદ દૂર કર્યા વગર બહારના જગતમાં ભેદ દૂર થઇ શકતો નથી. અંદરના ભેદથી સ્વપ્ન અવસ્થામાં જ્યાં માણસ એકલો હોય છે ત્યાં પણ પોતાનું જગત બનાવી પોતે તેમાં રમે છે, સુખી થાય છે, દુઃખી થાય છે; છતાં જાગે ત્યારે તેમાનું કાંઇ હોતું નથી. તેથી જણાઇ આવશે કે મૂળ શુદ્ધ સ્વરૂપે તે નિર્મળ છે. સ્વપ્નાના સુખ દુઃખ અનિત્ય હોવાથી જતા રહે છે. તે માપના ધર્મ છે, માપનારના ધર્મ નથી.

સ્ત્રીઓના બહારના શરીરના ભાગ પુરૂષો કરતાં વધારે ઉંચા નીચા હોય છે. શરીરના આવા ફેરથી પુરૂષ અને સ્ત્રીના નામ પડયા છે. પ્રેમ બન્નેમાં સરખો છે. મન બન્નેના સરખા હોતા નથી તેનું કારણ શરીરના અભિમાનમાં રહેલું છે, અને પ્રાણના સુખ દ્વારા જો અમુક પ્રકારની લાગણી ઉત્પન્ન કરી ન હોય તો સ્ત્રીમાં પુરૂષને અને પુરૂષમાં સ્ત્રીને સુખ લાગે નહિ.

સ્ત્રીમાં સુખ હોય તો પુરૂષ વીના તેને મળવું જોઇએ અને પુરૂષમાં હોય તો પુરૂષને સ્ત્રી વીના મળવું જોઇએ. બન્નેને પોતાના સંસ્કારના માપથી સુખ લેવાની ટેવ પડેલી હોવાથી તે સંસ્કારને પોતાની ટેવ પ્રમાણે જ્યાંસુધી સુખનું સાધન મળે નહિ ત્યાંસુધી પોતાને સુખ છે એમ મનાતું નથી.

સંસ્કારનો બીજો સ્વભાવ પણ સમજવા જેવો છે. પુરૂષો કરતાં સ્ત્રીઓમાં ઘરેણા, કપડા વિગેરેનો મોહ બહુ રહે છે. કોઇ સ્ત્રીએ સારૂં ઘરેણું પહેર્યું હોય તો બીજી સ્ત્રીની નજર બહાર તે જતું નથી. સારા ઘાટની પસંદગી કરવાની ટેવથી પાણીના ટીપામાંથી સ્ત્રીઓ સારા ઘાટવાળા માણસો તૈયાર કરી સમાજને આપે છે.

જ્યાં જેવા દેશ અને કાળ વાળો પ્રેમ હોય છે ત્યાં તેવા દેશ અને કાળ વાળું ક્ષેત્ર ઉત્પન્ન થાય છે.

સુખ મેળવવાના બે પ્રકાર છે. એક, સુખની વસ્તુ જ્યાં હોય ત્યાંથી લઇ તેની સાથે આપણા સંસ્કારનો સંબંધ કરવો અથવા આપણો સ્વભાવ

એવો કરવો જોઇએ કે પરિણામી વસ્તુ મળે નહિ તો પણ આપણી અંદર વિક્ષેપ ઉત્પન્ન ન થાય.

આટલી બાબત મનથી સમજાય તેટલું પુરતું નથી કારણ કે આપણી પાસે મન ઉપરાંત પ્રાણ અને શરીર છે. મન એક બાબત કબુલ કરે પણ પ્રાણ બીજી વસ્તુઓ માગે તો બધે વખતે બધી જગ્યાએ એક વસ્તુ મળશે નહિ.

જ્યારે મન, પ્રાણ અથવા શરીરને જગતની કોઇ વસ્તુમાં લાલચ રહે છે ત્યારે તે સ્થિતિમાં માણસ જગતનો ભાગ થઇ જાય છે. જગતનો ભાગ થઇને આખું જગત સમજી શકાશે નહિ. કોઇ શબ્દ સાંભળવામાં આવે કે તરત તેનો જે અર્થ પોતાના સંસ્કારમાં હશે તે અર્થ એકદમ થઇ જાય છે. આવી દશામાં જેટલું જ્ઞાન વધે છે તેટલું અજ્ઞાન વધે છે. માટે ધીરજથી પોતાના સંસ્કારના દોષ જોવાની જરૂર છે.

ઉંઘમાં મન અને શરીર પ્રાણમાં સમાઇ જાય છે, ફકત પ્રાણ ચાલે છે. સમાધિમાં, સવિકલ્પ સ્થિતિમાં, શરીર અને પ્રાણ મનમાં સમાઇ જાય છે અને નિર્વિકલ્પ સ્થિતિમાં એ ત્રણે આત્મામાં સમાઇ જાય છે.

તેથી ઉંઘમાં કે સમાધિમાં વિક્ષેપ લાગતો નથી. સ્વપ્ન અવસ્થામાં મન અને પ્રાણ બન્ને ચાલતા રહે છે તેથી મન પોતાની સૃષ્ટી રચે છે; ત્યાં બે માપ એક સાથે રહે છે. જાગ્રત અવસ્થામાં મન, પ્રાણ અને શરીર ત્રણે કામ કરે છે તેથી ત્રણ માપ એક સાથે રહે છે. તેથી ખરૂં જગત મળતું નથી પણ આપણું જગત મળે છે અને તેને ખરૂં જગત માનવાની ભૂલ થાય છે.

સગાં સ્નેહીઓ જ્યારે જુદા થાય છે ત્યારે કહે છે કે "માયા રાખજો", "કાગળ-પત્ર લખતા રહેજો" વિગેરે. આ પ્રમાણે થતા વ્યવહારથી પોતાનું માપ બંધાય છે. કેટલાક માયાનો અર્થ "પૈસો" પણ કરે છે. માયાનો અર્થ "મોહ" પણ થાય છે. 'મમત્વ' અથવા 'અભિમાન'ને પણ માયા કહે છે. પૈસો, મોહ અને અભિમાન એ ત્રણ માયાના સાધન છે.

કોઇ માણસ કોઇ અજાણ્યા ગામમાં જાય છે. ત્યાં તે ગામનો એક માણસ તેને મળે છે. તે માણસનો સ્વભાવ ખરાબ હોય અથવા પહેલા મુસાફરનો સ્વભાવ તેની સાથે મળતો આવતો ન હોય તો તે કહે છે કે

"આ આખું ગામજ ખરાબ છે". પણ ખરી રીતે જોતાં આખું ગામ ખરાબ હોતું નથી પણ તેના અનુભવમાં જેટલું આવ્યું તેટલું તેને ખરાબ લાગ્યું હોય છે અને તેને તે આખું ગામ કહે છે.

કોઇ માણસને મરચું ખાવાની બહુ ટેવ હોય અને જો કોઇને ત્યાં કોઇ વખતે દાળમાં મરચું નાખ્યું ન હોય તો કહે છે કે "આજે દાળમા કાંઇ નાખ્યું ન હોતું". ખરી રીતે જોતાં દાળમાં બીજું ઘણું નાખ્યું હોય છે પણ તેને જે જોઇતું હતું તે ન હોતું તેથી તેણે કહ્યું કે "આજે દાળમાં કાંઇ ન હતું".

કોઇ માણસને કોઇ છોકરાનો સ્વભાવ કોઇ વખતે ન ગમે એટલે કહે છે કે "આ છોકરો જનમથી ખરાબ છે" પણ તપાસ કરતાં જણાશે કે તે જનમથી ખરાબ હોતો નથી. માણસોની વાતચીતમાં આવા ઘણા પ્રસંગ બને છે. પોતાના સંસ્કારની અસર જેવી તેવી નથી.

રસ્તે ચાલતા હજામો બધાની દાઢી કેટલી વધી છે તે જોવાનો પ્રયત્ન કરે છે અને મોચી કેના પગરખાં ફાટયાં છે તે જુએ છે. બીજું કાંઇ તેમને ઉપયોગી

લાગતું નથી. વળી જેને હજામત કરાવવી ન હોય અથવા પગરખા સંધાવવા ન હોય તેમને માટે રસ્તામાં મળતા હજામ કે મોચીની માયા કાંઇ કામની નથી. તેવીજરીતે બીજા માણસોની માયા આપણા ઉપર અસર કરવા તૈયાર હોય છે અને આપણી માયા તેમને અસર કરવા તૈયાર હોય છે. ઘણા વિદ્વાનો પણ પોતાના જમાનાના સંસ્કારની અસરમાંથી મુક્ત થઇ શકતા નથી.

આખામાંથી થોડું ગ્રહણ કરવું એ માયા છે. તેને સાચું માનવું એ અજ્ઞાન છે. તે જગતમાં નથી પણ જે સંસ્કારથી આપણે જગતને સમજીએ છીએ તેમાં રહેલી હોય છે.

આ બાબત નવી નથી. બધા ધર્મના શાસ્ત્રોમાં સમજાવવામાં આવે છે. જે પ્રશ્નો હાલ ઉત્પન્ન થાય છે તે હજારો વર્ષ પહેલાં પણ ઉત્પન્ન થતા હતા. હજારો વર્ષ પહેલાં વિદુરજીએ મૈત્રય રૂષિને પ્રશ્ન પૂછયો હતો કે "ભગવાન ચૈતન્ય સ્વરૂપ, નિષ્ક્રિય અને નિર્ગુણ છે માટે તેને ક્રિયા સાથે અને ગુણો સાથે સંબંધ નથી; તે અદ્વિતીય હોવાથી તેનાથી જુદો બીજો કોઇ પદાર્થ નથી તો પરમાત્મારૂપી જીવાત્મામાં

અજ્ઞાન કેવી રીતે રહી શકે ? મૈત્રય રૂષીએ જવાબ આપ્યો કે માયારહીત પરમેશ્વરને માયાનું બંધન છે અને કૃપણુતાનો સંબંધ છે એવો તર્ક કરવો એ પણ માયા છે.

આવા પ્રશ્નોમાં અને ઉત્તરમાં ભાષાની મુશ્કેલી જણાઇ આવે છે. માણુસની ભાષા એ આ પૃથ્વીના માણસોની ભાષા છે; તે ભાષાથી આત્માના ક્ષેત્રના અનુભવ સમજવા મુશ્કેલ પડે છે એ બાબત બીજા પ્રકરણમાં સમજાવેલ છે. ભાષા કેવા સંશય ઉત્પન્ન કરાવે છે તે નીચેના પ્રસંગથી પણ જણાઇ આવશે.

વેદાંતમાં ‘તત્ત્વમસિનો ઉપદેશ’ ભાગત્યાગ લક્ષણાથી સમજાવવામાં આવે છે. તત્ એટલે ઇશ્વર, ત્વમ્ એટલે તું, અને અસિ એટલે છો; એટલે તું ઇશ્વર છો, એમ ઉદાલક મુનીએ તેના પુત્ર શ્વેતકેતુને ઉપદેશ આપેલ છે. આંહી ઇશ્વર શબ્દથી જે અર્થ લેવાયો છે તે પૂર્ણ નથી. પૂર્ણ ઇશ્વરમાં જીવ જુદો રહેતો નથી. વાતચિત માટે શ્વેતકેતુને જુદો જીવ માન્યો, પછી તેના જીવભાવનો ત્યાગ કરી અને ઇશ્વરના ઐશ્વર્યના ભાગનો ત્યાગ કરી

બાકી જે શુદ્ધબ્રહ્મ રહે છે તે એક છે એમ સમજાવ્યું. જ્યારે ભાગ ગ્રહણ કરવામાં આવે છે ત્યારે તે ભાગનો ત્યાગ કરવાથી સત્ય મળે છે. ભાગ ગ્રહણ કરવો તેને આરોપ કહે છે, તેને છોડવો તેને અપવાદ કહે છે. તે પદ્ધતિથી એક શુદ્ધબ્રહ્મનો અનુભવ થાય છે. પણ 'એક' કહેવાથી કદાચ સંખ્યાવાચક 'એક' કોઇ સમજી જાય તેથી તેને 'અદ્વિતીય' એટલે જેમાં બેપણું નથી એવો તેનો સ્વભાવ છે એવી રીતે સમજાવવામાં આવે છે. વ્યતિરેક ભાવથી એટલે 'નેતિ' 'નેતિ', એમ પોતાની માન્યતા હઠાવીને ભગવાનનું સ્વરૂપ સમજાવવું સહેલું પડે છે. કોઇ માણસને કહેવું કે તેની માન્યતા ખોટી છે એ કામ સહેલું છે પણ સાચી માન્યતા કઇ કહેવાય, 'તત્' નો ખરો અર્થ શો છે, તે જણાવવામાં ભાષાની મુશ્કેલી હમેશાં રહે છે. સામાન્ય ભાષા વ્યવહારના ઉપયોગ માટે ઉત્પન્ન થઇ છે. મહાત્માઓ નવી જાતની ભાષા વાપરે છે અને તેના જેવો જેનો સ્વભાવ હોય તે તે સમજી શકે છે.

બલિરાજાએ અશ્વમેઘ કર્યો ત્યારે વામનજીએ ભિક્ષુકરૂપે તેની પાસે જઇ કહ્યું કે "હું ફક્ત મારા

પગથી માગેલા ત્રણ પગલાં પૃથ્વી લેવા આવેલો છું”. બલિરાજાને પોતાના પગના માપથી એમ લાગ્યું કે “આટલી થોડી વસ્તુ તે કેમ માગે છે ?” તેણે તે આપવાની પ્રતિજ્ઞા કરી ત્યારે ત્રણ ગુણવાળું વામનરૂપ વધવા લાગ્યું. વામન ભગવાને એક પગલાથી એટલે તમોગુણથી પૃથ્વી માપી લીધી, બીજા પગલાથી એટલે રજોગુણથી સૂક્ષ્મ જગત માપી લીધું અને સત્ત્વગુણરૂપી ત્રીજું પગલું મૂકવાની જગ્યા ન રહી એટલે બલિરાજાએ તેને માટે પોતાનું મસ્તક આપ્યું. આવી રીતે ભગવાન આપણા શરીર, પ્રાણ અને મનના ક્ષુદ્રભાવો તેને શરણ કરી દેવાનું આપણને કહે છે અને જો તે શરણ કરતાં આવડે તો ભગવાન ભક્તને વશ થાય છે અને તેના દ્વારપાળ તરીકે નિત્ય રહે છે.

બલિરાજાએ જ્યારે આ દાન કર્યું ત્યારે ત્યાં પ્રલ્હાદ (એટલે શાંતિ અને આનંદ) કે જે બલિરાજાના એટલે અસુરના દાદા થાય તે આવે છે અને ભગવાનને કહે છે કે બલિને તમે ઇંદ્રનું ( એટલે મનમાં રહેવાનું ) સ્થાન આપ્યું હતું અને તમે તે લઇ લીધું એ તેના ઉપર મોટો ઉપકાર કર્યો છે.

## કાળની ગતિ.

આગલા પ્રકરણોમાં જણાવ્યું તેમ પુરાણોમાં સમાધિભાષા એ મુખ્ય ભાષા છે. અશ્વ એટલે ઘોડો નહિ; અશ્વનો અર્થ પ્રાણ પણ થાય છે. એ અર્થમાં પ્રાણની વાસનાઓની જ્ઞાનરૂપી અગ્નિમાં આહુતિ આપવી તેને અશ્વમેધ કહે છે. તે વખતે પોતાના દેહનું અભિમાન મૂકવું પડે છે અને ત્રણ ગુણવાળી માયાને જીતવી પડે છે. આવું કામ કરી શકે તેણે પોતાનું બલિદાન આપ્યું છે એમ કહેવાય છે. હાલના સત્યાગ્રહમાં કોઇએ આ માયા જીતી ન હોય પણ લોકો વખાણ કરે એવું સાહસ કર્યું હોય તો પણ તેણે પોતાનું બલિદાન આપ્યું છે એમ માનવામાં આવે છે.

જગ્યા, કાળ અને લાગણીના ફેરફારથી આવા ઘણા પ્રકારના માપ ઉત્પન્ન થાય છે. તે માપ જ્યારે અર્થ, કામ અને નીતિ એ ત્રણ પુરૂષાર્થ ઉપર લાગુ કરીએ ત્યારે તેના સ્વભાવ વધારે સ્પષ્ટ જણાઇ આવે છે.

જ્યારે કોઇ ધનાઢય માણસને એક રૂપીઓ વાપરવાનો વખત આવે છે ત્યારે એક રૂપીઓ એક આનો હોય તેમ છૂટથી વાપરે છે પણ ગરીબ માણ-

સને એક રૂપીઓ વાપરવો હોય તો તેને તેની કિમત સો રૂપીઆ જેટલી મોટી લાગે છે. રૂપીઆની કિમત બધા માણસ માટે સોળ આના જેટલી રહેતી નથી. શેર અને મણના માપ પણ જગ્યા પ્રમાણે ફરતા રહે છે; પણ જે દેશમાં જે માણસો તે વાપરતા હોય છે તેમના જીવન માટે તે બરાબર હોય છે.

સંસારનું સુખ લેતા સ્ત્રી પુરૂષોને વધારે વખત અને વધારે જગ્યાની જરૂર લાગે છે; પણ પ્રાણ શક્તિ વધારે વખત આપતી નથી અને શરીરનું પ્રમાણ વધારે જગ્યા આપતું નથી. આંહી ટુંકી જગ્યા અને ટુંકો વખત સુખમાં વિઘ્ન કરતા હોય તેમ લાગે છે અને હકીમો અને દાકતરો જાણે કે નિત્ય સુખ આપતા હોય તેમ મદદે આવે છે. પણ તેથી માત્ર થોડો વખત અને થોડી જગ્યા વધારે મળે છે. આ પ્રેમ જો ભગવાન તરફ વળે તો ત્યાં નિરવધી કાળ અને નિરવધી જગ્યા છે. ત્યાં પ્રાણ અને શરીરને પુરો સંતોષ થાય એટલો વખત અને એટલી જગ્યા છે અને તેની કાંઇ કિમત આપવી પડતી નથી, તેમાં હાથ પગ હલાવવા પડતા નથી, દશ વીસ કોશ ચાલવું પડતું નથી, જ્ઞાન અને શક્તિ ઓછાં થતાં નથી, પણ દીવસે દીવસે વધે છે.

નીતિવાન માણસો બીજાનું ભલું કરવા પ્રયત્ન કરે છે. પોતાના કુટુંબનું સુખ તજીને પણ પોતાના દેશને સુખી કરવા ઇચ્છે છે. આવા ભાવમાં જરા મોટું માપ રહે છે, જગ્યા વધારે મળે છે, પ્રાણને પણ પરમાર્થમાં રોકવાથી વધારે વખત સંતોષ રહે છે; છતાં ત્યાં પણ પોતાનીજ માન્યતા સાચી એ ભાવ રહેવાથી પુરી જગ્યા અને પુરો વખત મળતા નથી. લડાઇ વખતે બીજા દેશોના માણસો સામે રાગ દ્વેષથી અથડાવું પડે છે. નીતિવાન માણસ ખરાબ ઇચ્છા મુકી શકે છે પણ બધી ઇચ્છા મૂકી શકતા નથી.

ભવિષ્યમાં જ્યારે જ્ઞાન વધશે ત્યારે પોતે જે દેશમાં રહેતા હોઇએ તે દેશ પોતાનો કહી શકાશે નહિ. કોઇ માણસ જે જગ્યાએ પોતે બેઠો હોય તે જગ્યાને વાતચીતમાં 'અહીંઆં' કહે છે. કોઇ પોતાના ગામને "અહીઆં" કહે છે. કોઇ પોતાના પ્રાંતને 'અહીંઆં' કહે છે. કોઇ પોતાના દેશને 'અહીંઆં' કહે છે. સાધુ પુરૂષો 'અહીંઆં' માં આખું જગત સમાવી દે છે.

નિશાળમાં જ્યારે ભૂગોળ શિખવવામાં આવે છે ત્યારે પહેલાં પોતાના પ્રાંતનો નકશો બતાવવામાં

આવે છે અને તે પોતાનો દેશ છે એમ મનાવવામાં આવે છે, તે પછી હિંદુસ્થાનનો નકશો બતાવવામાં આવે છે, તે પોતાનો દેશ છે એમ વિદ્યાર્થીને ધીરે ધીરે ખબર પડવા લાગે છે. તે પછી તે પૃથ્વીના બીજા દેશોના નકશા જાણે છે. કેટલાક કવિઓ તેને પણ પોતાના દેશ માને છે. તે પછી વિદ્યાર્થીને ખગોળ-વિદ્યા એટલે સૂર્ય, ચંદ્ર, તારા વિગેરેની ગતિ સમ-જાવવામાં આવે છે. કેટલાક વિદ્યાર્થીઓને પ્રશ્ન થાય છે કે આકાશ પછી તારા અને તારા પછી આકાશ તો તેનો છેડો ક્યાં આવતો હશે! આ પ્રશ્નમાં વિદ્યાર્થી ગભરાય છે અને ઘણા શિક્ષકો તેનો ઉત્તર આપી શકતા નથી. પણ બહારના જગતનો છેડો આપણી અંદર છે. સ્થૂલ જગતની અંદર તેથી મોટું સૂક્ષ્મ જગત રહેલું છે. ત્યાં આપણો ખરો દેશ છે. આંહી આપણે દેશ નિકાલ થયા છીએ. તે આપણા ખરા દેશની માહિતી રૂષી મુનીઓ આપે છે. તે સમજવા માટે આપણી હાલની સમજણથી બંધાએલ દેશ અને કાળ છોડવા જોઇએ.

ચંદ્ર આંહીથી જેવો દેખાય છે તેવો ચંદ્ર ત્યાં જઇને જોઇએ તો મળશે નહિ. સૂર્ય આંહીથી બહુ

નાનો લાગે છે પણ સૂર્યની જગ્યાએ તે પૃથ્વી કરતાં ઘણો મોટો છે. ત્યાં જઇને આંહીથી દેખાતા સૂર્ય મળવાની માગણી કરવી એ નકામી છે. તારામાં પણ કેટલાક સૂર્ય જેવા છે અને કેટલાક આપણી પૃથ્વી જેવા છે. તે તારા ઉપરથી કોઇ માણસ આપણી પૃથ્વીને જુએ તો એક નાના તારા જેવડી લાગે પણ તે તારાને લેવા તે આંહી આવે તો તારાને બદલે આપણે બધા તેના જોવામાં આવીએ. જગ્યા અને દ્રષ્ટી વચ્ચે જેમ અંતર ફરે છે તેમ એકજ વસ્તુના જુદા જુદા દેખાવ નજરે પડે છે. પણ માણસ તેને જુદી વસ્તુ માનવામાં ઘણીવાર ભૂલ કરે છે. તેથી જગત એ ભગવાનનુંજ રૂપ છે છતાં દ્રષ્ટી બરાબર ન હોય ત્યારે ભગવાનના એક દેખાવને પથ્થર, એકને ઝાડ, એકને માણસ નામ અપાય છે.

જે સાધનથી ચિત્ત ચંચળ રહે તે સાધનથી આત્મ સાક્ષાત્કાર થતો નથી. માળા ફેરવતી વખતે ચિત્ત ચંચળ હોય, મૂર્તિ પૂજા વખતે ચિત્ત ચંચળ હોય અને તે વખતે સંસારના અનિત્ય સુખ અથવા ન્યુસપેપરની વિક્ષેપ કરે તેવી બાબતો યાદ આવશે

તો આત્મ લાભ મળશે નહિ. આત્માનો આનંદ લેવા માટે, આનંદ લેવાનું સાધન સ્થિર જોઇએ. દોડતા ફૂટથી ઘર મપાય નહિ.

હવેલીઓમાં ભગવાનના દર્શન કરવા જતા કેટલાક વૈષ્ણવો એટલી ઉતાવળથી દોડે છે અને દર્શન વખતે ચિત્ત એટલું ચંચળ રાખે છે કે જો કોઇ વખતે મુખીયાજી, મૂર્તિના આસન ઉપર મૂર્તિને પધરાવતા ભૂલી ગયા હોય તો પણ તે વાતની ઉતાવળા વૈષ્ણવોને ખબર પડે તેમ નથી અને છતાં હવેલીમાંથી બહાર નીકળીને કહે કે અમે ભગવાનના દર્શન કરી આવ્યા. ભગવાનના દર્શન કર્યા પછી કેવી દશા ઉત્પન્ન થવી જોઇએ તેનો વિચાર થતો નથી. જેના દર્શન કર્યા પછી કાંઇ જોવાનું ન રહે તે દેખાય ત્યારે ભગવાનના દર્શન થયા છે એમ કહી શકાય.

સામાન્ય દ્રષ્ટી એવી રહે છે કે જે વસ્તુ બહુ દૂર હોય તે દેખાતી નથી. જે બહુ નજીક હોય તે દેખાતી નથી. આંખમાં કણું પડયું હોય તો દેખાતું નથી. કમળો થયો હોય તો વસ્તુ બરાબર દેખાતી નથી. કાંઇ આવરણ વચ્ચે હોય તો જેમ દીવસે તારા દેખાતા

નથી તેમ વસ્તુ દેખાય નહિ. મન બીજી જગ્યાએ ગયું હોય તો પણ પાસેની વસ્તુ દેખાતી નથી. કોઇ પર્વત કે ઝાડ દૂરથી નાના લાગે છે અને નજીકથી મોટા લાગે છે. તેના કદમાં ખરેખરો ફેરફાર થતો નથી.

એક વખત અકબર બાદશાહે બીરબલને એક લાકડી આપી કહ્યું કે આ લાકડીને કાપ્યા વીના નાની બનાવી દે અને આને બીજો કટકો જોડયા વગર મોટી બનાવી દે. બીરબલે તરત બે લાકડી વધારે મંગાવી; તેમાં એક પહેલીથી મોટી હતી અને એક પહેલીથી નાની હતી. મોટી લાકડી સાથે પહેલી લાકડી મૂકી બીરબલે બાદશાહને કહ્યું કે જુઓ આ લાકડી હવે નાની લાગે છે નાની લાકડી પાસે પહેલી લાકડી મુકી બીરબલે બાદશાહને કહ્યું કે આ લાકડી હવે મોટી લાગે છે. નાનું મોટું સાપેક્ષ છે.

છાપખાનાના બીબાં ગોઠવનારને ઉંધા બીબાં સવળા લાગે છે અને ઉંધુ લખાણ સવળા તરીકે તે વાંચી શકે છે. તેનું કારણ એ છે કે તેને હમેશની ટેવથી એવું લાગે છે કે જાણે પોતે બીબાંની જગ્યાએ બેઠો હોય અને વાંચતો હોય.

અરીસામાં આપણું શરીર જોઇએ અને તે વખતે આપણે આપણો જમણો હાથ ઉંચો કરીએ તો અરીસાનો માણસ પોતાનો ડાબો હાથ ઉંચો કરે છે, પણ આપણે એમ માનીએ છીએ કે અરીસામાં આપણેજ છીએ અને આપણો જમણો હાથ ઉંચો થાય છે.

આ પૃથ્વી ગોળ છે, તેમાં લગભગ બધે ઠેકાણે માણસો રહે છે; છતાં નીચેનાં માણસો પડી જતા નથી. પણ ખરી રીતે તે જગ્યાએ તે વખતે તે માણસોને તે ગોળ લાગતી નથી. આપણે બીજા માણસની જગ્યાએ રહીને તેને દેખાય છે તેવું જગત જોઇ શકતા નથી અને આપણી જગ્યા છોડયા વીના બીજાને કેવું દેખાય છે એમ માનવા જતાં બે દ્રષ્ટી ભેગી થાય છે.

માપ અથવા માયાના સ્વરૂપના આવા ઘણાં દ્રષ્ટાંત મળી શકે છે. પુરાણોમાં તેને માટે કેટલાક સારા દ્રષ્ટાંતો આપેલા છે. શ્રીકૃષ્ણે માયાનું સ્વરૂપ નારદજીને, અર્જુનને, સુદામાજીને અને અક્રુરજીને આશ્ચર્યકારક રીતે બતાવેલું છે.

નારદજીને શ્રીકૃષ્ણે જે માયા બતાવી તેની હકીકત શ્રીમદ્ ભાગવતના દશમસ્કંધના ૬૯ મા અધ્યાયમાં

આપેલી છે. શ્રી કૃષ્ણના જીવનમાં જુદા જુદા કાળે જુદા જુદા માપથી જગ્યા અને કાળમાં થતા ફેરફાર માણસની બુદ્ધિને આશ્ચર્યમાં નાખે છે. પણ જો માયાનું સ્વરૂપ બરાબર સમજાય તો તેમાં આશ્ચર્ય પામવા જેવું કાંઇ નથી. પરમાત્મા નિરપેક્ષ તત્ત્વ છે તેથી તેને જગ્યા માટે દેહનું પ્રમાણ રાખવાની જરૂર નથી અને વખત માટે સામાન્ય લાગણીનું બંધન રાખવાની જરૂર નથી. નારદજીને વિચાર આવ્યો કે શ્રીકૃષ્ણ એક દેહથી એકજ વખતે સોળ હજાર એકસો આઠ સ્ત્રીઓ સાથે કેવી રીતે રહી શકે છે એ જોવું જોઇએ, એમ માની જે ઘેર જાય ત્યાં તે શ્રીકૃષ્ણને જુએ અને શ્રીકૃષ્ણ પણ જાણે નારદજીને પહેલાં કોઇ વખત મળ્યા ન હોય તેમ દરેક વખતે આવકાર આપે. પણ જો નારદજી એમ આગળથી સમજી શકયા હોત કે જેને પોતાના દેહનું અભિમાન નથી તેનું જીવન સામાન્ય માણસ જેવું હોય નહિ અને ભગવાન પોતાની માયાથી ( માપથી ) એક વખતે બધા શરીરમાં રહી શકે તો નારદજીને એ સંશય થાત નહિ અને એક જગ્યાએથી પણ જે જે દેખાય તે બધું ભગવાનમય જાણી શકત.

ગીતાના ઉપદેશ વખતે વિભૂતિઓના વર્ણન પછી જ્યારે અર્જુને શ્રીકૃષ્ણને વિનંતી કરી કે આપે આપના જે રૂપનું વર્ણન કર્યું તે રૂપ, મારી લાયકાત હોય તો, મને બતાવવાની કૃપા કરો. તે માટે શ્રી કૃષ્ણે તેને નવી દ્રષ્ટી આપી અને એક જગ્યાએથી બતાવી આપ્યું કે આખું જગત, તેમાં રહેલા દેવો, બ્રહ્મા, રૂષીઓ, મુનીઓ, યક્ષ, ગંધર્વ વિગેરે પોતામાં છે. ત્યાં કઇ દિશા કેની તરફ છે તેનું ભાન અર્જુનને રહ્યું નહિ, જગતના આદિ, અંત કે મધ્ય જોવામાં આવ્યા નહિ કારણ કે બધું વિશ્વેશ્વરનું વિશ્વરૂપ હતું. તેમાં બીજો અર્જુન પણ હતો. પોતાના અંતરાત્મામાં બે પુરૂષની હયાતિનો અનુભવ ઘણા મહાત્માઓને થાય છે. કોઇ-વાર એમ લાગે છે કે જાણે પોતે પરમાત્મા છે અને આ શરીરમાં રહેલો જીવ તે પોતે નથી. કોઇવાર એમ લાગે છે કે આ શરીરવાળો જીવ તે પોતે અને તેની અંદર જે આત્મા છે અને જે સર્વ વ્યાપક થઇ શકે તેવો છે તે પોતાનું બીજું રૂપ છે. અંદર જુદી દશા થવાથી જુદા પ્રકારની દ્રષ્ટી ઉત્પન્ન થાય છે. છતાં બધે વખતે બધી દશામાં એકજ વસ્તુનો અનુભવ થાય છે અને માત્ર માપ ફરે છે.

સુદામાજીને શ્રી કૃષ્ણે જે માયા બતાવી તેમાં કાળની ગતિમાં બહુ ફેરફાર જોવામાં આવે છે. એક વખત શ્રી કૃષ્ણ અને સુદામા નદીએ ન્હાવા ગયા. ત્યાં સુદામાજીને ડુબકી મારતાં એમ લાગ્યું કે જાણે તેને કોઇ શક્તિ દૂર દેશમાં લઇ ગઇ, ત્યાં તે એક ગામમાં ગયા, પરણ્યા, છોકરાં થયાં અને પોતાને ગામ એટલે સુદામાપુરી કેમ પહોંચવું તેની ખબર રહી નહિ. તેમાં ઘણો વખત જતો રહ્યો એમ લાગ્યું. આ કથા બહુ લાંબી હોવાથી આંહી આપી શકાય તેમ નથી પણ તેનું એ બધું જીવન માત્ર ડુબકીની એક મીનીટમાં બન્યું હતું.

આ પ્રસંગ બન્યો હોય કે નહિ પણ સામાન્ય માણસની સ્વપ્નામાં ઘણીવાર આવી દશા થાય છે. સ્વપ્નાના બનાવ માપવા માટે ફુટ અને ઘડીઆળના માપ કામ આવતા નથી. સ્વપ્નામાં એક આત્મજ્યોતિનો બધો વિલાસ થાય છે.

સામાન્ય માણસની લાગણીથી જે સત્ય દેખાય છે તે આખા સત્યનો એક ભાગ અથવા પર્યાય હોય છે. આખા સ્વરૂપના એક ભાગને ગ્રહણ કરી તેને "હું"

એમ સંજ્ઞા અપાય છે. તે "હું"નું પરિવર્તન થાય છે. તે જન્મે છે અને મરે છે. ખરો "હું" એટલે આખું સ્વરૂપ જન્મતું નથી અને મરતું નથી. પોતાનું કલ્પેલું સત્ય ફરતું લાગે છે.

જ્યારે ભાગમાં ફેરફાર દેખાય ત્યારે કોઇ તેને સુધારો કે બગાડો કહે છે. તે વખતે પૂર્ણ પોતે કેવી રીતે પૂર્ણ રહી શકે તે, ભાગમાં રહેતી બુદ્ધિને સમજાય તેવું નથી.

બે વસ્તુના સંબંધ વખતે માપ ઉત્પન્ન થાય છે. જ્યારે વચલી જગ્યામાં પણ તેજ વસ્તુ દેખાય છે ત્યારે માપને માટે જગ્યા રહેતી નથી. તેથીજ ગીતામાં શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે કે ગુણવાળી આ મારી માયા તરવી મુશ્કેલ છે પણ જે મારૂંજ શરણ લે છે તે તે માયાને તરી જાય છે. શરણભાવમાં આપણું મમત્વ મુકવું પડે છે અને તે સાથે આપણી દ્રષ્ટી કે જે એક ભાગ બતાવતી હતી તે જતી રહે છે. ભગવાન કોઇને જુદા રાખીને રહેતા નથી. આપણે તેનાથી જુદા છીએ એમ લાગે તો તે આપણા સંસ્કારથી લાગે છે. તે વખતે પણ આપણે તેનાથી જુદા થતા નથી.

કાળની ગતિ.

ક્રિયાથી થોડીક શક્તિ પ્રગટ થાય છે. એક માણુસ બેઠો હોય ત્યારે ચાલતો નથી છતાં તેનામાં ચાલવાની ક્રિયા રહેલી હોય છે. ચાલે ત્યારે તેનો ફોટોગ્રાફ જુદો આવે પણ વસ્તુ એકજ મળે છે. ક્રિયાની શરૂઆતને ઉત્પતિ કહે છે, ક્રિયાની ગતિને સ્થિતિ કહે છે અને ક્રિયાના અંતને લય કહે છે. ત્રણે એક શક્તિમાં નિત્ય રહેલા હોય છે. જ્યારે કેટલાક માણુસ જન્મ લેતા હોય છે ત્યારે કેટલાક મરતા હોય છે અને કેટલાક પોતાનો વ્યવહાર કરતા હોય છે.

આ પૃથ્વી ઉપર જ્યારે એક ભાગમાં દિવસ હોય છે ત્યારે બીજા ભાગમાં રાત્રી હોય છે. તેથી જ્યારે કોઇ માણુસ જાગતા હોય છે ત્યારે કોઇ ઉંઘતા હોય છે, કોઇ સ્વપ્નામાં હોય છે અને કોઇ સમાધિમાં હોય છે. છતાં બધા એક વસ્તુ દેખે છે. ભગવાનમાં બધી ક્રિયા એક સાથે એક વખતે રહે છે અને જ્યાં એક વખતે બધું હાજર હોય ત્યાં ઉત્પતિ, સ્થિતિ કે લયનો વિચાર નથી. ભૂલનું મૂળ એ છે કે સામાન્ય સંસ્કાર ઘણીવાર એવા રહે છે કે બીજા માણુસની જગ્યાએ રહી આપણે કામ કરતા હોઇએ એવો અનુભવ લઇ

શકતા નથી. મહાત્માઓ આ કામ સરળતાથી કરી શકે છે તેથી તેમને એકજ વસ્તુનો જુદે જુદે પ્રકારે અનુભવ થાય છે.

દરેક વસ્તુમાં પોતાનું માપ રહેલું હોય છે. તે માપથી તેનું સ્વરૂપ સમજવું જોઇએ. જ્યારે કોઇ બનાવનું માપ કરવું હોય ત્યારે તે બનાવનો કાળ અને તેની જગ્યા ઉપયોગમાં આવવા જોઇએ. જ્યોતિષ-શાસ્ત્રવાળા પણ આ રીતે કામ કરે છે. તે વખતે તે જગ્યાનો તે બનાવ બરાબર લાગે છે. પણ જ્યારે તે બનાવનું માપ બીજી જગ્યાના બનાવ માટે વાપરવામાં આવે છે ત્યારે ખોટી સમજણ ઉત્પન્ન થાય છે.

અક્રૂરજી જ્યારે શ્રી કૃષ્ણ અને બલરામને રથમાં બેસાડી ગોકુળથી મથુરા લઇ જતા હતા ત્યારે રસ્તામાં જમનાજીમાં સ્નાન કરવાની તેમની ઇચ્છા થઇ. શ્રી કૃષ્ણ અને બલરામને સ્નાન કરાવી રથમાં બેસાડયા પછી અક્રુરજી પોતે સ્નાન કરવા જમનાજીમાં ઉતર્યા, પાણીમાં ડુબકી મારી અને ગાયત્રીનો જપ કરવા લાગ્યા; એટલામાં અક્રુરજીએ બલરામ અને શ્રી કૃષ્ણ બંનેને પાણીમાં સાથે દીઠા. તેના મનમાં તેથી એ

વિચાર આવ્યો કે વસુદેવજીના બન્ને પુત્રો તો રથમાં બેઠા છે. તે બન્ને આંહી કયાંથી આવ્યા ? તે રથમાં હશે નહિ એમ સમજી પાણીમાંથી બહાર નીકળી જોયું તો બન્નેભાઇઓને પ્રથમની માફક રથમાં બેઠેલા જોયા. તેણે ફરીથી પાણીમાં ડુબકી મારી તો ત્યાં હજાર મસ્તકવાળા શેષનાગના દર્શન થયાં અને તેના ખોળામાં ભગવાન પોઢયા હતા. તે જોઇ અક્રુરજીએ ત્યાં ભગવાનની સ્તુતિ કરી છે; તે જાણવા જેવી છે પણ સ્થળ સંકોચને લઇને આંહી આપી શકાય તેમ નથી.

આંહી અક્રુરજીની ભૂલ એ થઇ કે તેણે શ્રી કૃષ્ણને એક ઠેકાણે રહેલા માન્યા અને પોતાના સ્વભાવથી એમ માન્યું કે પાણીમાં પાણી સીવાય કાંઇ હોઇ શકે નહિ. પાણીના ટીપામાંથી મહાત્માઓ ઉત્પન્ન થાય છે એ વાત સંસારી માણસો પણ સમજી શકે છે. જીવભાવથી ઇશ્વર માટે જે કલ્પના થાય છે તે ખરા ઇશ્વર નથી.

પોતાના ક્ષેત્રના ધર્મમાં બંધાએલો જીવ પોતાના ક્ષેત્રની ભૂલો જાણી શકતો નથી. ટ્રેનમાં બેઠેલા માણસ પાસે ટ્રેનનો અવાજ થતો ન હોય અને બે ટ્રેન સાથે ચાલતી હોય તો કઇ ચાલે છે તેની ખબર રહેતી નથી.

જલતરંગ બજાવવાવાળો પહેલાં પોતાના સાધન માટે પ્યાલાઓમાં પાણી ભરે છે અને જે વખતે જે રાગ ગાવો હોય તે વખતે પ્યાલાઓમાં પાણી ઓછું-વધતું કરે છે. આ પ્રમાણે દરેક ગાયન વખતે તે પોતાનું માપ તૈયાર કર્યા પછી પોતે તે ઉપર સારો સુર કાઢી શકે છે. એક પ્રકારનું માપ બધા પ્રકારના ગાયન માટે ચાલતું નથી. હારમોનીયમમાં પણ રાગ પ્રમાણે અને માણસના કંઠ પ્રમાણે સારીગમ ઉપાડવી પડે છે.

આ પ્રકરણની શરૂઆતમાં ગોળ અરિસાના દ્રષ્ટાંતથી સમજાવેલું છે કે જે વસ્તુમાં એક દ્રષ્ટીથી ફેરફાર લાગે છે તેમાં બીજી દ્રષ્ટીથી બીલકુલ ફેરફાર લાગતો નથી. જે સ્વરૂપ છે તે અન્યથા થતું નથી એજ મહાન આશ્ચર્ય છે. કર્મ કરતા છતાં માણસ અકર્તા રહી શકે છે એ વાત બરાબર સમજાય તોજ વ્યવહારના કામ બીક વગર બરાબર થઇ શકે અને તે સાથે આત્માની નિત્ય મુક્તદશાનું ભાન પણ રહે. જે અકર્તૃત્વભાવમાં ખરૂં કર્મ જોઇ શકે છે અને જે કર્મમાં અકર્મ જોઇ શકે છે, એટલે કે અકર્તૃત્વ-

ભાવ જોઇ શકે છે, તે બુદ્ધિમાન છે, તે યોગી છે, તે ખરો જ્ઞાની છે, એવું ગીતાનું પ્રમાણ છે.

જ્યારે માપનું સ્વરૂપ સમજાતું નથી અને પોતાના સ્વભાવથીજ આખું જગત સમજવાનો પ્રયત્ન થાય છે ત્યારે દરેક દ્રષ્યમાં પોતાની મતલબ દાખલ થઇ જાય છે. આ બાબત હુમેશાં ઘણાના અનુભવમાં આવે છે છતાં ભૂલ એ થાય છે કે જે અન્યથા ગ્રહણ થાય છે તે અન્યથા ગ્રહણ થાય છે તેની ખબર રહેતી નથી. તેનું કારણ પોતાનું માનેલુંજ સાચું એવી ટેવ બંધાઇ જાય છે. તે વખતે પણ જે મળે છે તે એકજ વસ્તુ એટલે ભગવાન મળે છે પણ જીવને લાગે છે કે તે ભગવાન નથી. ભગવાન કેવા હોય તે માટે પણ આગળથી કેટલીક કલ્પના બાંધી રાખેલ હોય છે, તેથી જ્યાં ભગવાન છે ત્યાં ભગવાનને બદલે પોતાની મતલબ દેખાય છે. તે બાબત સમજાવવા માટે શ્રીમદ્ ભાગવતમાં એક સારો પ્રસંગ આપેલો છે.

જ્યારે શ્રી કૃષ્ણે કંસને મારવા રંગમંડપમાં પ્રવેશ કર્યો ત્યારે તેમને ઘણા માણસોએ જોયા; પણ

જોનારની મતલબ પ્રમાણે તે મલને મલ જેવા લાગ્યા, માણુસોને મહાપુરૂષ લાગ્યા, સ્ત્રીઓને કામદેવ લાગ્યા, ગોવાળીઆઓને સ્વજન, રાજાઓને દંડ દેવાવાળા, વસુદેવ અને દેવકીજીને બાળક લાગ્યા, કંસને કાળરૂપ, અજ્ઞાનીઓને વિરાટ રૂપ, યોગીઓને પરમ તત્ત્વ રૂપ અને યાદવકુળના માણુસોને પરદેવતા લાગ્યા. આ વખતે દ્રષ્ય એક પ્રકારનું હતું પણ જોનારાની મતલબથી મતલબવાળું દેખાતું હતું. તેથી ખરી રીતે ઘણાને બહારના દ્રષ્યમાં પોતાની મતલબ દેખાય છે. જૈન ધર્મમાં આવી દ્રષ્ટીને અનેકાંતિક વાદ કહે છે.

જ્યાં જોઇએ ત્યાંથી બધે વખતે એકજ વસ્તુ મળે અથવા જે મળે છે તે એકજ મળે છે એમ અનુભવમાં આવવા લાગે ત્યારે પોતાના માપમાંથી છૂટી શકાય છે. એક વખત વસુદેવજીએ નારદજીને પૂછ્યું કે "મને ભગવાનના દર્શન કરાવો". નારદજીએ જવાબ આપ્યો કે "તે તમારા ઘરમાંજ છે". વસુદેવજી કહે "જો ભગવાન મારા ઘરમાં હોય તો મને આનંદ કેમ થતો નથી". નારદજી કહે " તમે તેને તમારા પુત્ર રૂપે માનો છો તેથી ભગવાન રૂપે ભૂલો છો".

પશુમાં, ઝાડમાં કે પત્થરમાં જ્ઞાન અને આનંદ નથી એમ કહી શકાય નહિ. તેનામાં માણસના જેવું જ્ઞાન નથી તેથી માણસની બુદ્ધિને એમ લાગે છે કે તેનામાં જ્ઞાન નથી. સામાન્ય બુદ્ધિ જ્યાં ભગવાન છે ત્યાં જગત બતાવે છે તેથી તે બુદ્ધિથી સત્ય મળતું નથી. પશુપક્ષીનું જીવન આપણે જાણતા નથી તેથી તે જીવન પશુપક્ષી જાણતા નથી એમ કહેવાય નહિ.

અલ્પજ્ઞાનને સાચું મનાવવું એ જીવનો સ્વભાવ છે. સ્વપ્ન વખતે સ્વપ્નને સાચું મનાવવું એ સ્વપ્નનો સ્વભાવ છે. સ્વપ્નામાં જ્યારે એમ લાગે છે કે તે સ્વપ્નું છે ત્યારે તે સ્વપ્નું નથી. તેવીજ રીતે જ્યારે માણસને લાગે છે કે તેનું જ્ઞાન સાચું નથી ત્યારે તે સામાન્યભાવથી છૂટે છે અને પ્રભુ તરફ વળે છે.

દરેક વસ્તુમાં બે પ્રકારની ગતિ રહે છે. એક કે જે ઉપર ચડવાની છે તેને ઉર્ધ્વમૂખી કહે છે અને બીજી કે જે નીચે ઉતરવાની છે તેને અધોમૂખી કહે છે. જે માણસો પત્થરને ભગવાનની મૂર્તિરૂપે માને છે તેના પ્રત્યે તેની ગતિ ઉર્ધ્વમૂખી રહે છે. બીજા પ્રત્યે

તેની ગતિ અધોમૂખી રહે છે. આ સ્વભાવ બધી દેખાતી વસ્તુઓમાં છે. જે માણસ પોતે હમેશાં ઉંચી દશામાં રહે છે તેના પ્રત્યે બધી વસ્તુઓનો ઉર્ધ્વભાગ અનુકુળ રહે છે અને જે માણસ પોતે હલકી દશામાં રહે છે તેના પ્રત્યે બધી વસ્તુઓ પોતાનો અધોભાગ એટલે હલકો ભાવ બતાવે છે.

માણસની લાગણીમાં ફેરફાર થયા કરે છે તેથી જગ્યા અને કાળના સ્વભાવ ફરતા લાગે છે. જે જગ્યાએ જે વખતે જે દ્રષ્ટા ઉભો હોય ત્યાંથી તેના ક્ષેત્રનું જે માપ આવે તેમાં પોતાની મતલબ ન હોય તો તે માપ તે ક્ષેત્ર માટે સાચું છે. પણ બીજે વખતે આપણા આગલા સંસ્કાર યાદ આવે અથવા ભવિષ્યની આશા વિક્ષેપ કરે અથવા બીજા માણસના સંસ્કારથી આપણું જીવન માપીએ અથવા આપણા જીવનના સંસ્કારથી બીજાનું જીવન માપીએ અને તે સાચું છે એમ માનીએ ત્યારે માયામાંથી અજ્ઞાન ઉત્પન્ન થાય છે.

આ અજ્ઞાન દૂર કરવા માટે કોઇ ધર્મમાં શરીરની ખોટી ટેવો ફેરવવાના નિયમ બતાવવામાં આવેછે. તેઓ નિષ્કામભાવે કર્મ કરવાનું કહે છે. કોઇ પ્રાણની

ખોટી ટેવો દૂર કરવા માટે એવો ઉપાય બતાવે છે કે પોતાની બધી ઇચ્છા ભગવાનના પ્રેમમાં ફેરવી નાખવી. કોઇ મનની ખોટી માન્યતાઓ ફેરવવા માટે જ્ઞાનનો માર્ગ સમજાવે છે. આ બધા નિયમનું ખરૂં રહસ્ય એ છે કે સત્ત્વ, રજ અને તમ એ માયાના ત્રણ ગુણથી ઉત્પન્ન થએલ મન, પ્રાણ અને શરીર એક વસ્તુમાં જો પ્રીતિ રાખી શકે અને તે વસ્તુ નિત્ય રહે તેવી હોય તો સુખની ખરી જગ્યા અને સુખનો ખરો વખત મળે છે.

આવી સ્થિતિમાં આત્મજ્ઞાન પ્રયત્ન વગર ઉત્પન્ન થાય છે. તે ઉત્પન્ન થયા પછી વ્યવહારના કાર્ય તે ભાવથી કરવામાં જગતની જગ્યાએ વૈકુંઠ જોવામાં આવશે. નિત્ય વસ્તુમાં પ્રેમ રાખી તેનો અનુભવ લેવાનું ક્ષેત્ર તે આ જગતરૂપી વૃંદાવન છે.

# પ્રકરણ ૫ મું.

## પ્રારબ્ધ.

માણસ પોતાના પ્રારબ્ધને આધીન છે કે નહિ? એ બાબત સમજવી બહુ ઉપયોગી છે, તેમજ સમજવી મુશ્કેલ પણ છે. એમાં ઘણા વિદ્વાનોની બુદ્ધિની કસોટી થાય છે.

ઘણા માણસ એમ માને છે કે માણસને કર્મ પ્રમાણે ફળ મળે છે અને ફળ લેતી વખતે બીજા કર્મ ઉત્પન્ન થાય છે તેથી માણસ કયારે પોતાના કર્મમાંથી છૂટી શકે તેની તિથિ જોવામાં આવતી નથી.

વળી કોઇ જોશી માણસના હાથ જોઇને માણસના જીવનનું ફળ કહી આપે છે અને જોશી વિદ્વાન હોય તો તેની ગણત્રીથી જે ફળ તેણે કહી આપ્યું હોય તે ખરૂં પડે છે. આવી રીતે કહેલું થોડુંક ભવિષ્ય પણ સાચું પડતું હોય તો પ્રારબ્ધવાદને ટેકો મળે છે.

આપણા જીવનના સામાન્ય અનુભવ ઉપરથી પણ જણાય છે કે કેટલુંક કામ આપણે આપણી મરજી પ્રમાણે કરી શકીએ છીએ, કેટલાક કામ ઉપર આપણી સત્તા ચાલતી નથી અને કેટલાક કુદરતી અકસ્માત એટલે કે દુકાળ, વીજળી, વિગેરે ઉપર કોઇ માણસની સત્તા ચાલતી નથી.

એક માણસ પોતાના હાથમાં પાણીનો પ્યાલો ભરી વિચાર કરે કે તે પીવાને પોતે સ્વતંત્ર છે કે નહિ? આ બાબતમાં કોઇ તેને પરતંત્ર કહે તો તે માને નહિ. છતાં, પાણી પીધા પહેલાં કેટલાક સંજોગો ઉભા થાય, કોઇ વધારે જરૂરી કામ આવે અને થોડો વખત પાણીનો પ્યાલો એક બાજુ મુકી તે માણસ કોઇને જવાબ દેવા જાય અને એટલામાં તેને કાંઇ અકસ્માત થાય તો તેનું પાણી પીવાનું કામ પુરૂં થઇ શકે નહિ.

વળી વશીકરણ વિદ્યામાં એવા પ્રયોગો થાય છે કે કોઇ મંત્રવિદ્યા જાણનાર બીજા કોઇ માણસને એવી સુચના કરે છે કે આવતી કાલે સવારે ૮ વાગે તારે પાણી પીવું પડશે. થોડા વખત પછી તે તે વાત ભૂલી

જાય છે. બીજે દિવસે સવારે તેને તરસ લાગે છે, તે વખતે તે પાણી પીએ છે અને તેને પૂછીએ તો કહે છે કે મેં મારી મરજીથી પાણી પીધું છે. છતાં આ બનાવ મંત્રશક્તિથી બન્યો હતો અને પાણી પીનાર માણસ ખરીરીતે પરતંત્ર હતો. વશ કરનાર માણસ પણ માત્ર તે ક્રિયા સંબંધમાં સ્વતંત્ર હતો. કેટલાક નામધારી યોગીઓ આવી રીતે લોકોને વશ કરી શિષ્યો વધારે છે. તેઓ સમજે છે કે તેઓ અમુક શક્તિને વશ કરી પુરૂષાર્થ કરી શકયા છે; પણ એ વાત ભૂલી જાય છે કે તેમનાથી મોટી શક્તિ તેમને અભિમાનમાં રાખી અલ્પજીવનમાં દાબે છે. આવા પ્રયોગોથી અજ્ઞાની માણસોને છેતરવા એ કામ સહેલું છે પણ પોતે તેજ વખતે બીજી શક્તિથી છેતરાય છે તેની તરત ખબર પડતી નથી,

પ્રકૃતિના ક્ષેત્રમાં શક્તિનું રાજ્ય છે. પ્રકૃતિનું સુખ જોઇતું હોય તો જેમ બને તેમ વધારે શક્તિ ઉત્પન્ન કરવી જોઇએ. તેને માટે તાંત્રિક માર્ગમાં અનેક જાતના જુદા જુદા ઉપાય બતાવેલા છે. પણ આ પ્રમાણે એક સત્તાથી બીજી સત્તા વધારે બળવાન હોવાથી તે શક્તિનો

ક્યાં છેડો આવશે તે વિષે આવા માણસોને પૂછીએ તો જવાબ આપી શકતા નથી. સામાન્ય માણસની માફક આવા માણસો પણ પોતાનું કામ પુરૂં કરી લેવાની ઇચ્છા કરે છે અને તેજ વખતે નવું કામ ઉત્પન્ન કરતા જાય છે.

સંસાર પ્રકૃતિનું પરિણામ છે. પ્રકૃતિના કાર્યો કહેતા નથી કે પોતે શા માટે ઉત્પન્ન થયા છે. જો તે કાર્યો ઉપર આપણી માન્યતા ચડે નહિ તો તેમાં કાંઇ જોર આવતું નથી. મનની ટેવથી માન્યતા બંધાય છે. તે ટેવ પાંચ પ્રકારની છેઃ—

૧. આપણે જે બહારની વસ્તુ દેખીએ છીએ, તેની જે આકૃતિ આપણી અંદર પડે છે અને તે આકૃતિથી જે અસર આપણી અંદર ઉત્પન્ન થાય છે તે બહારની વસ્તુમાંથી આવતી નથી પણ આપણા મનમાં ઉત્પન્ન થાય છે.

૨. બહારની કેટલીક વસ્તુ જોયા છતાં તેના પ્રત્યે, તે ન જોઇ હોય તેવો ભાવ રાખવો હોય તો રાખી શકાય છે પણ આપણા સ્વભાવની અંદર કેટલીક બાબતો બનતી હોય તે નથી બનતી

એ માનવું વધારે મુશ્કેલ પડે છે. અહંકાર, મન, પ્રાણ, ઇંદ્રિયો અને શરીર વધારે નજીક હોવાથી પોતાનું અસ્તિત્વ વધારે સાબીત કરવા પ્રયત્ન કરે છે.

૩. બહારની વસ્તુઓ પોતે છે એમ જણાવે છે પણ પોતે ત્યાં શા માટે છે અને ત્યાં બીજી વસ્તુઓ શા માટે નથી તે કહેતી નથી. તેમનો હેતુ મન જણાવે છે.

૪. બહારની વસ્તુઓ છે એમ કહેવું એ પણ મનનો ઉપયોગ કર્યા પછી કહેવાય છે.

૫. બહારથી શબ્દ સંભળાય કે રૂપ દેખાય, તે બન્ને પોતાનો પરસ્પર સંબંધ કહેતા નથી. દ્રષ્ટાંત તરીકે કોઇ માણસનું માત્ર રૂપ યાદ આવે તો રૂપ કહેતું નથી કે નામ શું છે અને નામજ યાદ આવે તો નામ કહેતું નથી કે રૂપ કેવું છે. જ્યારે તેમનો સંબંધ યાદ આવે છે ત્યારે તે મનમાં ઉત્પન્ન થાય છે.

આ પ્રમાણે પાંચ પ્રકારની ટેવથી મન પોતાના સ્વભાવ પ્રમાણે જગત માગે છે. જગતને આંખ દેખતી નથી પણ મન દેખે છે.

તેથી સ્વતંત્રતા કેને કહેવી તે પહેલાં સમજવું જોઇએ. પોતાની મરજી પ્રમાણે જગતમાં બધું બને એવું જોઇએ તો તેવી સ્વતંત્રતા મળશે નહિ, કારણ કે માણસની ઇચ્છાનું ઠેકાણું નથી. પોતાની ઇચ્છાથી માણસ પ્રકૃતિના ધર્મમાં આવે છે અને તે ક્ષેત્રમાં પ્રકૃતિના ધર્મ પાળવા પડે છે. તેથી ઇચ્છા પ્રમાણે ક્રિયા થતી નથી. પ્રકૃતિના ક્ષેત્રમાં એક બનાવ ઉપર ઘણા કારણોની અસર રહે છે તેથી સ્વતંત્રતા મેળવવી મુશ્કેલ પડે છે.

મારે મુસાફરીએ જવું હોય અને ટ્રેનમાં બેસવા માટે સ્ટેશને જવું પડે ત્યારે રેલ્વેના વખત પ્રમાણે જવું જોઇએ. ટ્રેન મોડી આવે, રસ્તામાં કોઇ અકસ્માત થાય તો તેનું ફળ ભોગવવું પડે કારણ કે મેં એવું કામ કરવાની ઇચ્છા કરી કે જેમાં બીજા સંજોગોની સત્તા રહેલી હતી. પાણીમાં પડયા પછી ન ભીંજા-વાની આશા રાખી શકાય નહિ.

ખેડુત દાણો વાવે છે પણ કોઇ વખતે વરસાદ બરાબર ન આવે તો પાક સુકાઇ જાય છે અથવા અતિશય વરસાદ આવે તો પાક સડી જાય છે અથવા

તીડ વિગેરે જીવડાં આવીને પાક ખાઇ જાય છે. હિંદુસ્થાનમાં લગભગ ૭૫ ટકા માણસ ખેતી ઉપર જીવે છે અને ખેતીનો આધાર વરસાદ અને એવા બીજા કારણો ઉપર રહેવાથી આ દેશ પ્રારબ્ધવાદી બન્યો છે એમ કેટલાક માણસો માને છે. વળી તેઓ એમ પણ માને છે કે યુરોપ અને અમેરીકાના પ્રદેશોની પ્રજા, વેપાર હુન્નર ઉદ્યોગથી આગળ વધી ગઇ છે; અને આવી પ્રવૃત્તિનો આધાર પુરૂષાર્થ ઉપર રહેવાથી તે દેશો પુરૂષાર્થવાદી બન્યા છે. પણ વધારે વિચાર કરતાં જણાશે કે વેપારમાં પણ કેટલોક આધાર પ્રારબ્ધ ઉપર છે. જ્યારે લડાઇ જાગે છે ત્યારે એક દેશનો વેપાર વધે છે અને બીજા દેશનો ઘટે છે. મજુરોની હડતાલોથી વેપારમાં ફેરફાર થાય છે, પરદેશોની જકાત નીતિથી વેપારમાં ફેરફાર થાય છે. આંહીના સત્યાગ્રહીઓએ પણ પરદેશી વેપાર તદન કાઢી શકવાની હિંમત બતાવી છે. પ્રકૃતિના ક્ષેત્રમાં કયા દેશની સત્તા કયે વખતે વધારે બળવાન છે તે ઉપર આધાર છે. તે શક્તિનું ક્ષેત્ર છે. તે ક્ષેત્રમાં વધારે શક્તિ મેળવવી એ સદ્ગુણ મનાય છે. પણ કોઇ દેશ સૌથી વધારે શક્તિવાળો લાંબા

વખત સુધી રહી શકતો નથી; તેથી બધા પ્રારબ્ધને આધીન છે. ઈંગ્લાંડની કે અમેરીકાની ચડતી દશાથી મોહ પામવાનું નથી. તેનાથી વધારે શક્તિવાળા દેશ ઉત્પન્ન થાય અથવા તેમની પોતાની શક્તિ ઓછી થાય તો તેમની પડતી આવતાં વાર લાગે નહિ અને આ ન બને તેવી વાત નથી.

પ્રકૃતિ કેવી રીતે પોતાનું ફળ આપે છે તેના બનેલા દ્રષ્ટાંત જોઇએ. અંગ્રેજોએ પોતાના કાપડના વેપારની વૃદ્ધિ માટે, ઢાકાના હાથથી વણાતા સુંદર કાપડની કારીગીરીનો નાશ કર્યો એટલે પ્રારબ્ધે તેમના કાપડના વેપાર સામે ચરખો મુકયો. તેઓએ પોતાના વેપાર માટે સુરતમાં પહેલી કોઠી નાખી અને જમી-નની મહેસુલ ઉઘરાવવાનો હક લઇ ત્યાં કલેકટર એટલે પૈસા ઉઘરાવનાર અમલદાર નિમ્યો. પ્રારબ્ધે ત્યાંજ એટલે સુરતના બારડોલી જીલ્લાના માણસોને એવી પ્રેરણા કરી કે તે અમલદારોને જમીનની ઉપજ ન દેવી. અંગ્રેજોએ પોતાની સત્તા આંહી વધારવા માટે કોમ વચ્ચે અને ધર્મ વચ્ચે ભેદ ઉત્પન્ન કર્યા એટલે પ્રારબ્ધે તેમની પાર્લામેન્ટમાં ત્રણ ભાગ કર્યા અને તેના સંસ્થાનોને સ્વતંત્ર થવાની પ્રેરણા કરી.

બેલ્જીઅમે પોતાનો વેપાર વધારવા માટે આફ્રીકામાં કોંગોમાં રહેતા માણસો ઉપર ક્રુરતા વાપરી હતી એટલે પ્રારબ્ધે ઇ. સ. ૧૯૧૪–૧૭ ની લડાઇમાં પહેલાં બેલ્જીઅમના માણસોનો ભોગ માગ્યો.

આ બાબતમાં આપણી ભૂલો પણ જોવી જોઇએ. આપણે બીજાને નુકશાન કરવા જઇએ તો વખત આવ્યે આપણને નુકશાન થાય છે. આર્યોએ હિંદુસ્થાનમાં આવી તે વખતે આંહી રહેતા અનાર્યોને શૂદ્ર માની હલકી દશામાં રાખ્યા અને વેદ ભણવાનો તેમનો અધિકાર નથી એમ ઠરાવ્યું. તેના પરિણામમાં કરોડો માણસ ગુલામી ભોગવવા લાગ્યા. પ્રારબ્ધે તેથી આર્યોના ઉપર હજારો વર્ષની ગુલામી શરૂ કરી દીધી. જ્યાંસુધી આંહી પરસ્પર સમભાવ, ભ્રાતૃભાવ અને સહકાર ઉત્પન્ન નહિ થાય ત્યાંસુધી આ ગુલામી જશે નહિ.

વળી એમ પણ જણાઇ આવે છે કે મરણ પછી પણ આ પ્રકૃતિ માણસને તરત છોડતી નથી. યુરોપની ૧૯૧૪–૧૭ ની લડાઇ પછી ત્યાં છોકરીઓ કરતાં છોકરાના જન્મ વધારે પ્રમાણમાં થાય છે અને તે ઘણા તોફાની પ્રકૃતિવાળા હોય એવું લાગે છે. તેઓ

તેમની ઉમરે કદાચ બીજી લડાઇમાં કામ આવવાના હોય. આંહી પણ ૧૯૦૫ થી ૧૯૧૦ સુધીની સ્વદેશી ચળવળમાં જેમણે પોતાના મન, પ્રાણ અને શરીર અર્પણ કર્યાં હતા તેઓ ફરીથી જન્મ લઇ ૧૯૩૦ ના સત્યાગ્રહમાં તૈયાર થઇ ગયા અને એ વાત સાચી હોય તો ૧૯૩૦ ના સત્યાગ્રહમાં જેમણે ભોગ આપેલો છે તેઓ કદાચ ૧૯૫૭ ના સત્યાગ્રહ વખતે તૈયાર થઇ જાય. જે ઇચ્છાથી માણસ મરે છે તે ઇચ્છાથી જન્મે છે. જે ઇચ્છાથી માણસ રાત્રે સૂએ છે તે ઇચ્છાથી સવારે જાગે છે.

માણસના જીવન પ્રમાણે તેનો સ્વભાવ બને છે અને સ્વભાવ પ્રમાણે તેનું જીવન ચાલે છે. એક માણસે એવો પ્રશ્ન કર્યો હતો કે "ભગવાન પાપી માણસને એકદમ સજા કેમ કરતા નથી?" ખરીરીતે જોતાં જે માણસ જે વખતે પાપ કરે છે તે વખતેજ તેનો સ્વભાવ બગડે છે. તે સ્વભાવથી જ્યારે તે પોતાનું જીવન ગાળે છે ત્યારે તેને તેના જીવનમાં અનેક જાતના વિઘ્ન નડે છે કે જે બીજા લોકો તરત જોઇ શકતા નથી.

કેટલાક માણસ દેણું કરી, બીજાને પૈસે સુખી થવાની ઇચ્છા કરે છે પણ તેમના જીવનમાં આવા

સ્વભાવથી બીજી કેટલી અડચણો આવે છે તે કોઇ જોતું નથી. આ નિયમ બીજા દોષોના સંબંધમાં પણ સમજવાનો છે.

સામાન્ય માણસ એમ સમજે છે કે તેની ઇચ્છા પુરી થવામાં કોઇ વિઘ્ન ન આવે તો તે સ્વતંત્રતા કહી શકાય, પણ કેટલીકવાર બહારનું વિઘ્ન ન હોય તોએ તેની અંદર તેનો સ્વભાવ તેને સુખ લેવા દેતો નથી. માણસ પોતાની પ્રકૃતિ પ્રમાણે કર્મ કરે છે. તેથી કર્મ ફેરવવાની જરૂર કરતાં પ્રકૃતિ ફેરવવાની વધારે જરૂર છે. પ્રારબ્ધ જીતવા માટે આ ખરો ઉપાય છે.

ધારાસભાના કાયદાઓ બહારથી રક્ષણ આપે છે, કયું કામ કરવા લાયક છે, કયું કરવા લાયક નથી તે બતાવે છે; પણ જે સ્વભાવથી કામ થાય છે તે તરફ બહુ લક્ષ આપતા નથી. તેઓ રોગનું ઔષધ આપે છે પણ રોગ કેમ ઉત્પન્ન ન થાય તે બતાવતા નથી. ધર્મગુરૂઓ રોગ કેમ ન થાય એ બતાવે છે પણ રોગનું ઔષધ આપી શકતા નથી. તેથી રાજ્ય અને ધર્મ બન્નેની જરૂર છે.

**કાળની ગતિ.**

સંસારમાં સ્ત્રી, પુત્ર, પૈસો, કીર્તિ વિગેરે જેને મળ્યા હોય છે તેમનું પ્રારબ્ધ સારૂં મનાય છે પણ આ વસ્તુઓ કોઇને સંપૂર્ણ રીતે મળતી નથી અને જેને મળેલી હોય છે તેની પાસે કાયમ રહેતી નથી. ખરીરીતે સ્ત્રી, પૈસો કે વ્યવહાર, સુખ કે દુઃખ આપતા નથી પણ જે વૃત્તિથી તેનો ઉપયોગ થાય છે તે વૃત્તિમાં સુખ કે દુઃખ માનવાની ટેવ પડી ગએલી હોય છે.

એક માણસની સ્ત્રી મરી ગઇ એટલે તેને પોતાનું ઘર ગમતું નહોતું અને જાણે કે ઘર દુઃખ આપતું હોય તેમ તેણે ઘર વેચી નાખ્યું. ખરીરીતે જોતાં, ઘરના પથરા અને લાકડા દુઃખ આપતા નહોતા પણ પોતાની અધુરી રહેલી વાસના દુઃખ આપતી હતી. જ્યારે સુખ માટે બહારના સાધન ભેગા કરવા પડે છે ત્યારે પોતાના સ્વભાવમાં તેટલી અપૂર્ણતા જણાઇ આવે છે.

પ્રારબ્ધ કોઇ બનાવમાં નથી, માણસમાં નથી, સંબંધમાં નથી પણ માણસની જરૂરીઆતથી ઉત્પન્ન થએલ સંબંધ સાચો માનવાથી ઉત્પન્ન થાય છે. તેમાં

રસ લેવાથી તે મજબૂત થાય છે અને સંજોગો જીતી શકાતા નથી. સંજોગોને આધીન રહેવામાં જીવનનો ખરો લાભ મળશે નહિ. માણુસ એ પત્થર નથી. સંજોગો જીતવામાં અને પોતાના અંતરાત્માની શક્તિ ઓળખવામાં પુરૂષાર્થ છે. સંજોગો જીતવામાં પહેલાં દુઃખ લાગે છે, પોતે સાચે રસ્તે છે કે નહિ તેની શંકા થાય છે, વિઘ્નો નડે છે, મન મુંઝાય છે, હૃદય કંપે છે, થાક લાગે છે. સ્વરાજની લડાઇમાં લોકોના વખાણુથી અને દેખાતા ભવિષ્યના લાભની આશાથી હિંમત રહે છે પણ પોતાની વાસના છોડવી, વિચાર છોડવા, અભિમાન છોડવું અને લોકોની નિંદા સહન કરી સત્યને માર્ગે વળવું એ મહાભારતનું યુદ્ધ છે. છતાં કુશળ પુરૂષો આવા યુદ્ધ સહેલાઇથી જીતી શકે છે.

તેમાં ખાસ ઉપાય એ છે કે વિષયો અને વાસનાઓ આપણુને દબાવી શકે તેવા છે એ વાત માનવી જોઇએ નહિ. પ્રાયશ્ચિત કરવું જોઇએ એટલે કે ચિત્ ફરીથી નવું બનાવવું જોઇએ અને પછી ભગવાનની શક્તિનો શ્રદ્ધાથી આશ્રય લેવો જોઇએ. વિશેષ બળવાળી સત્તા આગળ પરિણામ ફરી જાય છે.

## કાળની ગતિ.

કોઇ માણુસ પોતાના સ્વભાવમાં થોડોક ફેરફાર કરી એમ માને છે કે જાણે પોતે પોતાની પ્રકૃતિ બરાબર જીતી હોય. એ માન્યતા ખોટી છે. મહાત્મા ગાંધીજી જેવા તપસ્વી પુરૂષ પણ આત્મકથામાં લખે છે કે "વિષયોને ખોરાક નહિ આપવાથી વિષયોમાંથી ઇચ્છા જતી નથી પણ ગીતામાં કહ્યું છે તેમ વિષયો-માંથી વિષયોનો રસ, માત્ર પરમાત્માના દર્શનથીજ દૂર થઇ શકે તેમ છે."

વિષયો અને વિષયોની ઇચ્છાને એવા પ્રકારનો સંબંધ છે કે ઇચ્છા વીના વિષયો આકર્ષણ કરતા નથી પણ વિષયો છોડયા વીના વિષયની ઇચ્છા પણ છૂટતી નથી. વળી, વિષયો ન હોય તોએ આત્મજ્ઞાન ન હોય ત્યાંસુધી સામાન્ય સ્વભાવ ગમે ત્યાંથી વિષ-યની વસ્તુઓ ભેગી કરી લે છે; અથવા, પોતાના અભિમાનથી છોડેલા વિષયો દ્વેષને લઇને પાછા આકર્ષણ કરે છે. જેમ કપડું ફાટી ગયું હોય પણ તેની જરૂર હોય તો બજારમાંથી વેચાતું લઇ લેવાય છે તેમ વિષયોની જરૂરથી શરીર ગયા પછી પણ પાછું લઇ શકાય છે.

એક માણુસને દારૂ પીવાની બહુ ટેવ હતી. દારૂથી થતા નુકશાનનો વિચાર કરી એક વખત તેણે

દારૂ ન પીવાનો નિશ્ચય કર્યો. ધીરેધીરે તેની દારૂ પીવાની વૃત્તિ જતી રહી અને કેટલાક વર્ષ સુધી તેણે દારૂ પીધો નહિ. અંતે દારૂ જોઇને તેને અણગમો ઉત્પન્ન થતો હતો. આવી રીતે કેટલાક વર્ષ ગયાં છતાં સ્વપ્નામાં તે કોઇ કોઇવાર દારૂ પીતો હતો. તેનું કારણ તેને સમજાતું નહોતું.

એવીજ રીતે કેટલાક ગ્રહસ્થાશ્રમી માણસો બ્રહ્મચર્યનું વ્રત લે છે. તે બરાબર પાળે છે છતાં સ્વપ્નામાં તેમને સ્વપ્નદોષ થાય છે. કેટલાક સંન્યાસીઓ કે જેણે ઘણા વર્ષનું બ્રહ્મચર્ય પાળેલું હોય છે તેમને પણ સ્વપ્નદોષ થાય છે. તેનું કારણ સમજવું હોય તો સ્વપ્નાનો સ્વભાવ સમજવો જોઇએ.

સ્વપ્નાના બનાવો તદન સાચા હોતા નથી તેમજ તદન ખોટા હોતા નથી. તેમાં ભેળસેળ બહુ હોય છે, તેથી માણસને સત્ય સૂઝતું નથી.

એક માણસ બી. એ.ની પરિક્ષામાં છ વર્ષ પહેલાં પાસ થયો હતો. તેને એમ સ્વપ્નું આવ્યું કે "હું બી. એ. માં નાપાસ થયો." તે વખતે વધારે તપાસ કરતાં એમ માલુમ પડયું હતું કે તે દિવસે તે બીજા કોઇ કામમાં નાપાસ થયો હતો.

## કાળની ગતિ.

એક વખતે એક માણુસ સુતો હતો. તેને કાંઇ સ્વપ્નું આવ્યું હતું. તે વખતે તેની પથારીની પાસેથી એક બીજો માણુસ બતી લઇને જતો હતો એટલે સ્વપ્નામાં રહેલ માણુસને એમ સ્વપ્નું આવ્યું કે તેનું ઘર સળગ્યું !

એક વખત એક સારા વક્તાનું અંગ્રેજી ભાષણ, સાંભળનારાઓમાંથી થોડાક લોકોને ગમ્યું નહિ. રાત્રે તેને સ્વપ્નું આવ્યું કે લોકોએ તેને ભાષણ વખતે મકાન બાર કાઢી મુકવા માટે "આઉટ, આઉટ" એમ બુમ મારી. તેનાથી જાગી ઉઠતા તેણે સાંભળ્યું કે બહાર એક કુતરો "વાહુ વાહુ" કરતો હતો. સ્વપ્નાના બનાવ સાથે કુતરાનું ભસવું ભળી ગયું હતું અને તેમાંથી " આઉટ, આઉટ " થયું હતું.

સ્વપ્નાના બનાવોના કારણો જાણવાની ટેવ પાડી હોય તો તે જાણી શકાય છે. તે માટે અર્ધ-સ્વપ્નાવસ્થામાં રહેવાની ટેવ પાડવી જોઇએ.

એક માણુસને એવું સ્વપ્નું આવ્યું કે તેના પગ કાદવમાં ખૂંચી ગયા અને મહેનત કરતાં નીકળતા નહોતા. બહુ જોર કરી કાઢવા જતાં તે જાગી ઉઠયો

અને કારણ શોધતાં માલુમ પડયું કે તેના પગ ઓઢવાના ધાબળામાં એવા વીંટાઇ ગયા હતા કે તરત છૂટે તેમ નહોતા.

એક વખત એવી સ્થિતિમાં તેનો હાથ તેના ઘુંટણ નીચે ઉંઘમાં દબાઇ ગયો હતો. તે વખતે તેને એવું સ્વપ્નું આવ્યું કે જાણે એક કુતરો તેનો હાથ કરડતો હતો અને તે તે છૂટો કરી શકતો નહોતો.

રાત્રે મોડેથી જમ્યા પછી તરત ઉંઘવાની ટેવથી કેટલીકવાર પાચન ન થએલ ખોરાકનું વજન શરીરના નીચેના ભાગ ઉપર આવે છે. તે વજનથી જાણે કે તે ભાગ દબાતો હોય એવું જણાય છે. તે દબાણથી કેટલાકને ભોગની લાગણી ઉત્પન્ન થાય છે અને સ્વપ્નદોષ થાય છે.

કેટલીકવાર માણસોને એવા સ્વપ્ના આવે છે કે જાણે તેના પગ કપાઇ ગયા હોય અને તે ચાલી શકતો નહોય પણ તેનું કારણ ઉંઘમાં તેના પગની સ્થિતિ ઉપર હોય છે.

કેટલાકને સ્વપ્નામાં લાગે છે કે જાણે તે કોઇ લાંબી સીડી ઉપર ચડી આકાશમાં અદ્ધર જતા હોય. દિવસમાં ઘણી શેરીઓમાંથી અને બારણામાંથી પસાર

થતાં જે વૃત્તિઓ બંધાઇ જાય છે તેના આવા પરિણામ આવે છે.

સ્વપ્નાના બનાવો એ અંતઃકરણની વૃત્તિના બનાવો છે. સ્વપ્નામાં બીજે ગામ જતો દેખાતો આત્મા તે ગામમાં ઉઠતો નથી. આત્માને પોતાને સ્વપ્નાના ધર્મોથી કાંઇ અસર થતી નથી. તે માપના ધર્મ છે. માપનારના ધર્મ નથી. માપમાં મમત્વથી અને આત્માના ધર્મના અજ્ઞાનથી તે પોતાના ધર્મ હોય એમ માનવાની ભૂલ થાય છે.

ઉપર આપેલ દ્રષ્ટાંતો ઉપરથી જણાઇ આવશે કે સ્વપ્નાની અવસ્થામાં ઘણા બનાવોની સેળભેળ થાય છે. જે વિષયની ઇચ્છા છોડી દીધી હોય તે વિષય ભોગવવાના સ્વપ્ના આવે તો તેનું કારણ ઉંઘમાં શરીરની સ્થિતિ ઉપર રહે છે અથવા તે માણસને બીજા કોઇ વિષયમાં ઇચ્છા રહી ગઇ હોય છે અને બીજા વિષયની ઇચ્છા પહેલા વિષયની ઇચ્છાને ઘસડી લાવે છે; તેથી વિષયોનો નિગ્રહ કરવાને બદલે સંયમથી એટલે સમભાવથી તે જીતવા જોઇએ. નિગ્રહમાં બલાત્કારે વિષયો જીતવાની વૃત્તિ રહે છે અને તે વૃત્તિ સ્વપ્નામાં બીજી ઇચ્છા સાથે અથડાતાં જાગ્રત થાય છે.

સંયમમાં કોઇ ઇચ્છાની જરૂર રહેતી નથી. સંયમી પુરૂષોને આત્મામાંજ સંતોષ રહે છે. આત્માના સુખથી બીજી ઇચ્છા છૂટે છે. પણ આત્માનું સુખ મળ્યા પહેલાં અને વિષયોમાં વૈરાગ્ય આવ્યા પછી, ઘણો વખત વચલી સૂકી દશા રહે છે. તે દશામાં ચિત્ત બહુ શાંત રાખવાની જરૂર છે. તેનો ઉપાય મારા પુસ્તક "સેવાકુંજ" માં બતાવેલ છે.

આત્માના માર્ગમાં સ્વભાવની જેમ જેમ શુદ્ધી થવા લાગશે તેમ તેમ કેટલીક ગુપ્ત વાસનાઓ અને ઇચ્છાઓ પ્રગટ થશે. આવી વાસનાઓ ઉપર પહેલાં મનનો અંકુશ જતો રહે છે અને આત્માનો અંકુશ આવ્યો ન હોય ત્યારે બધી ઇંદ્રિયોની ભૂખ છૂટી થાય છે. તે દોડી આવે છે અને જીવ ઉપર હલ્લો કરે છે. વાસનાના જોરનું ખરૂં કારણ એ છે કે લોકો તેમના વિષે બહુ વિચાર કરે છે. વળી આત્માના માર્ગે પડયા પછી તેની સામે ક્રોધ કરે છે, બળજોરીથી વશ કરવાનો નિશ્ચય કરે છે, અંદર દાબી રાખે છે અને બહાર નીકળી ન જાય તેની સંભાળ રાખે છે; પણ જેમ જેમ તમે એક વસ્તુનો વિચાર કરતા રહો તેમ તેમ તમને

તેનું વધારે બંધન ઉત્પન્ન થશે. તમારે ખરીરીતે તે વસ્તુઓ પાસે રાખવી નહિ, તેનાથી અલગ રહેવું, તેનો વિચાર ન કરવો અને વિચાર આવે તોએ તેના તરફ લક્ષ ન આપવું અને જાણે કે કાંઇ બન્યું નથી એવા ભાવથી શુદ્ધ રહેવું.

આત્માને માર્ગે પડયા પછી જે ઇચ્છાઓ અને વાસનાઓ જાગે તેની સામે અસંગતા અને ગંભીરતા રાખવી. એમ માનવું કે તે આપણું રૂપ નથી. આપણા અંતરાત્માની અનુમતિ વીના ઇચ્છાઓમાં બળ આવતું નથી; એ બાબત જેમ જેમ અનુભવ થતો જાય છે તેમ તેમ સમજાતી જાય છે.

પ્રકૃતિના ક્ષેત્રમાં પ્રારબ્ધ સાચું છે. ત્યાં જે કાર્ય થાય છે તે ઉપર ઘણા કારણની અસર રહે છે. માણસ પોતાના અલ્પ સ્વભાવથી માત્ર એક બે કારણ તેમાં જોઇ શકે છે અને જ્યારે પોતાના માનવા પ્રમાણે ફળ આવતું નથી ત્યારે ગભરાય છે, દુઃખનું કારણ શોધી શકતો નથી અને પ્રારબ્ધને વશ થાય છે. જે વસ્તુ ઉપર કોઇની અસર થતી નથી તે કેવળ પરમાત્મા છે. તે અખંડ છે, આખી વસ્તુ છે, તેને દોષ લાગતો

નથી અને તેથી તે નિત્ય સુખ રૂપ છે. જે માણસોને આખી વસ્તુનો અનુભવ રહે છે તે એક ભાગના સુખ તરફ દૃષ્ટી કરતા નથી.

તે દશામાં વ્યવહારિક કાળ નથી, તેથી પ્રારબ્ધ નથી. તે દશામાં આપણે જે જોઇએ છીએ તે આપણે છીએ તેમ લાગે છે. આપણે સ્વતંત્ર છીએ કે પરતંત્ર તે પ્રશ્ન આ દશામાં નથી, કારણ કે જે મનુષ્યભાવથી આ પ્રશ્ન ઉત્પન્ન થયો હતો તે ભાવ આ દશામાં નથી. ત્યાં સ્વતંત્રતા સિદ્ધ છે, પ્રાપ્ત છે.

આગળ કહ્યું તેમ પ્રકૃતિના કાર્યો પોતે કહેતા નથી કે પોતે શા માટે ઉત્પન્ન થયાં છે તેથી જો તેના ઉપર આપણી માન્યતા ચડે નહિ તો તેનામાં કાંઇ જોર આવતું નથી. વિષયોના રસનું કારણ પોતાના સ્વભાવમાં છે અને સ્વભાવ ફેરવવાનું પોતાની સત્તામાં હોવાથી, આત્મજ્ઞાની પુરૂષ કાર્ય કારણ ભાવથી પોતાને મુક્ત જુએ છે; તે ખરો પુરૂષાર્થ છે.

જે માણસને પોતાને માટે ભવિષ્યમાં મળે તેવું કાંઇ જોઇતું નથી તેને પ્રારબ્ધનો વિચાર આવતો નથી. તેને લોકોના વખાણની ઇચ્છા નથી. મૂર્ખ માણસ

કહે છે કે મને અમુક રાજાએ સારૂં ઇનામ આપ્યું, અભિમાની માણસ પોતાનું ઘર અને ઘરની વસ્તુઓ બીજાને બતાવે છે, મુસાફર પોતાની મુસાફરીના વર્ણન બીજા પાસે કરે છે, પોતાના મિત્રોના વખાણ કરે છે, સ્ત્રીઓ પોતાના ઘરેણા અને કપડા બીજી સ્ત્રીઓને બતાવે છે, વિદ્વાન પોતાના લખેલા પુસ્તકો બીજાને બતાવે છે, સત્યાગ્રહી પોતાના શુરાતનનાં વખાણ કરે છે અને જેલમાં પોતે શું શું કર્યું તે કહી બતાવે છે, પણ આત્મજ્ઞાની સરળ અને સાદો હોય છે. તે પોતાની બડાઇ કોઇને બતાવી કોઇના વખાણ લેવાની ઇચ્છા રાખતો નથી. પોતાના જીવનમાં જે જે પ્રસંગ આવે તે સંતોષથી સ્વીકારી વિષયોને તાબે થયા વીના જીવનને જીતે છે. સંસારી માણસને કોઇ પૈસાની બક્ષીસ આપે તો ગમે છે. મુક્ત પુરૂષને તે ભારરૂપ લાગે છે કારણકે તે બહુ ઓછા પરિગ્રહથી રહે છે. યુરોપમાં એક માણસ માટે વધુમાં વધુ કેટલી સગવડ જોઇએ તેનો વિચાર થાય છે. આ દેશમાં એક માણસને ઓછામાં ઓછું કેટલું જોઇએ તેના પ્રયોગો થાય છે. ઓછા પરિગ્રહથી માણસ પ્રારબ્ધને વશ કરી શકે છે પણ હાલ અંગ્રેજી વિદ્યાના સંસ્કા-

રથી થોડી અગવડથી ચલાવી લેવાની શક્તિ ઓછી થતી જાય છે, સગવડ વધારવા લાલચ થાય છે અને અંતે તેમાંથી કેમ છૂટવું તે સૂઝતું નથી. હાલની વિદ્યા દુઃખ સહન કરવાની શક્તિ આપતી નથી.

હાલના વખતમાં એક માણસ ઉપર એકજ વખતે ઘણી ફરજો આવી પડે છે અને તે વખતે શું કરવું તે તેને સૂઝતું નથી. તેથી તેને એમ લાગે છે કે માણસ હમેશાં પરતંત્ર રહેવા જન્મેલો છે. તેને શંકા થાય છે કે જો માણસ સ્વતંત્ર હોય તો તેની મરજી પ્રમાણે બનાવો કેમ બનતા નથી.

આપણી ઇચ્છા પ્રમાણે બધું ચાલે તો ઠીક એ વિચારમાં આપણે એટલે 'કોણ' તે સમજવું જોઇએ. અરીસામાં આપણું જે રૂપ દેખાય છે તે આપણે નથી. દેહાભિમાની માણસની ઇચ્છા પોતાના માપમાં બંધાય છે અને બંધાએલી ઇચ્છા પરતંત્ર રહે છે.

આત્મજ્ઞાનીને કોઇ વસ્તુ ન મળે તોએ આત્માની સ્વતંત્રતા ઓછી થાય છે એમ તે માનતો નથી. તે પોતાની ઇચ્છા પ્રમાણે બધું બને તેમ માગતો નથી પણ જે બને છે તે એકનીજ ઇચ્છાથી બને છે એમ

માની હમેશાં મોટી સત્તાના આધારે જીવે છે. તેથી તેના સંજોગો તેને નડતા નથી. પારમાર્થિક માણસનું સુખ વર્તમાનમાં રહે છે.

મોટરકારનો કોઇ હુશીઆર હાંકનાર હોય તેને રસ્તામાં શું આડું આવશે તેનો વિચાર આવતો નથી. સામેથી બીજી મોટર ઝડપથી આવતી હોય, અથવા તેના માર્ગની આડે બાળક રમતું હોય કે કુતરો ઉંઘતો હોય તો પણ તે પોતાની મોટરની ગતિ જરા ફેરવી પોતાનો રસ્તો કરી લે છે, અથવા પોતે સ્થિર રહી રસ્તા ઉપરની વસ્તુઓને જવા દે છે. આ દૃષ્ટીએ જોતાં સામે આવતી મોટરકાર, બાળક કે કુતરો તેની દૃષ્ટીએ સરખા બનાવ છે.

જે ક્ષણે જે બનાવ ઉત્પન્ન થાય તે ક્ષણે તે સંભાળી લેવાની જેનામાં શક્તિ છે તે માણસ પ્રારબ્ધનો વિચાર કરતો નથી. એક માણસની દૃષ્ટીએ જે બનાવ ભયંકર લાગે છે તેને બીજો માણસ સહેલાઇથી ઓળંગી જાય છે.

મુશ્કેલીમાંથી પોતાનો રસ્તો કાઢવો તેમાં પુરૂષાર્થ છે. તેમાં નવી જાતનું સુખ છે કે જે બનાવમાંથી

મળતું નથી. ક્રિકેટની રમતમાં સુંદર બેટસમેન ગમે તેવા દડા ઝીલી શકે છે. દડો ફેંકનારના હાથમાંથી છૂટે કે તરત તે કયાં પડશે તેની તેને ખબર પડી જાય છે. તેની દૃષ્ટી તે વખતે દડાની જગ્યાએ એકદમ જઇ પહોંચે છે. સારો ગણીતશાસ્ત્રી ગમે તેવા અઘરા દાખલા મોઢે ગણી આપે છે. ગંજીપાની રમતમાં સારો રમવાવાળો થોડા પાનાથી સારી રમત દેખાડેછે. શિલ્પશાસ્ત્રી પત્થરની મૂર્તિ ઘડવામાં પત્થરની કઠ-ણાઇથી બીતો નથી. સાધુઓ ગમે તેવી મુશ્કેલીમાં આનંદ માની શકે છે. આવા પુરૂષોને પોતાના ક્ષેત્રમાં બનવાના બનાવની આગળથી ફીકર રહેતી નથી. તેઓ કાળની ગતિને શરૂઆતમાં પકડે છે. તેમને પોતાના ક્ષેત્ર માટે કાળ નથી અને તેથી પ્રારબ્ધ નથી. આ નિયમથીજ મુક્ત પુરૂષો જગતના કાયદા માનતા નથી. જંગલમાં સાધુઓના સમભાવની સંનિધિમાં પશુઓનો સ્વભાવ દૂર થાય છે અને જગતના કાયદા તૂટે છે.

નિઃસ્વાર્થી પુરૂષો મોટરકારના સારા ડ્રાઇવરની પેઠે હમેશાં પોતાના કામ માટે તૈયાર રહે છે. રસ્તામાં

જે બનાવ બને તેમાં પોતાનું ચેતન વાપરે છે અને તે પછી જાણે કે કાંઇ બન્યું ન હોય તેમ બીજા બનાવ માટે તૈયાર રહે છે. તેથી પુરૂષાર્થને માટે જગ્યા રહે છે.

વિશેષ બલવાળી સત્તા આગળ પરિણામ ફરી જાય છે. જો કોઇ મિત્ર માંદો હોય અને તેને સાજો કરવો હોય તો જાણે કે તંદુરસ્ત સ્થિતિમાં પાસે બેઠો હોય એવી ભાવના કરી તેનો વિચાર ભગવાનની શક્તિ ઉપર છોડી દેવાથી તે સાજો થાય છે. તેમાં બે સત્તાનો અનુભવ રહે છે. એક, તે માંદો છે એ વાત માનવી ન જોઇએ નહિતર તેમાં ફેરફાર થઇ શકશે નહિ. બીજી તંદુરસ્તીની જે વાત માની તેને ભગવાનની સત્તા લાગુ કરવી જોઇએ. આવા પ્રયોગોથી પોતાના દરદ પણ સાજા કરી શકાય છે.

પોતાના શરીરનો જે ભાગ માંદો થયો હોય તે જાણે કે જુદો માણસ હોય તેમ ઉપર કહ્યા પ્રમાણે તેને તંદુરસ્ત સ્થિતિમાં જોવો અને તેનો આધાર ભગવાનની શક્તિ ઉપર છોડવો. માન્યતા ફેરવવાની પહેલી જરૂર છે અને તેને ભગવાનની સત્તા લાગુ

પાડવી એ બીજી જરૂર છે. આ નિયમથી ગામડાના કેટલાક અભણ માણસો પણ દેવ દેવીઓની માનતા કરી કંઇક વ્યવહારિક લાભ મેળવી શકે છે. આ નિયમથીજ મહાત્મા ગાંધીજી રાજદ્વારી બાબતમાં પુરૂષાર્થનું બળ બતાવી શકયા છે. તેમણે પહેલાં અંગ્રેજોની સત્તા માની નહિ અને પછી ભગવાનને આધારે પોતાનું જીવન રાખ્યું. આમાં ચમત્કાર જેવું કાંઇ નથી.

કોઇ પૂછે છે કે જગત એ શી વસ્તુ છે? સામાન્ય માણસ કહે છે કે આપણી દૃષ્ટી આગળ દેખાય છે તે જગત છે. જે માણસો આ વાત નથી માનતા તે મહાત્મા છે. કર્મયોગનો ખરો અર્થ એ છે કે જો માણસ પોતાની મનોદશા જગતના બનાવો પ્રત્યે બરાબર રાખી શકે તો તેને સાચી દિશામાં ફેરવી શકે છે.

જે સ્થિતિમાં પોતાના મતનો આગ્રહ રહે છે તેમાં અશાંતિ ઉત્પન્ન થાય છે. તે અશાંતિ માટે સ્થૂલ કારણ શોધવા જવું નહિ પણ ધીરજથી અંતરાત્માને પૂછશો તો તમને ત્યાંથી સાચો જવાબ મળશે. જેને ભગવાનને માર્ગે ચાલવું હોય તેણે પોતાની પાસે સ્વાભાવિકરીતે

જે કામ આવે તે સ્વીકારવું અને બીક વગર પુરૂં કરવું અને જેવી સરળતાથી તે સ્વીકાર્યું હોય તેવીજ સરળતાથી મૂકી દેવું જોઇએ. તેમાં આસક્તિ ન જોઇએ.

આવી દશામાં ભવિષ્ય વર્તમાનમાં છે કારણ કે આંહી આત્માથીજ તૃપ્તિ છે. જે સ્વતંત્રતા પ્રકૃતિની દશામાં શોધતા હતા તે આંહી નિત્ય પ્રાપ્ત છે. પ્રકૃતિની દશામાં એમ લાગતું હોય છે કે જાણે કે કોઇ ધર્મરાજા કે યમરાજા કે તેનો પ્રધાન ચિત્રગુપ્ત આપણા કર્મની નોંધ રાખતા હશે અને આપણું પ્રારબ્ધ ઘડતા હશે. તે દશામાં કાર્ય કારણ ભાવ છે. મનના સંકલ્પો રૂપી ગુપ્ત ચિત્રો કર્મ પ્રમાણે ફળ આપે છે. ત્યાં પ્રકૃતિ કેવી રીતે ચાલે છે તે ખબર પડે છે પણ શા માટે એમ ચાલે છે તે જોવું હોય તો આપણી ઇચ્છાનો પ્રદેશ તપાસવો પડશે.

એક ઉંદરને પુરૂષાર્થ કરી પેટ ભરવાની ઇચ્છા થઇ તેથી એક કરંડીઆ પાસે જઇને અંદરથી કાંઇક ખાવાનું મળે એવી ઇચ્છાથી તેમાં કાણું પાડયું પણ અંદરથી સર્પ નિકળ્યો અને ઉંદરને ખાઇ ગયો.

એક ગામમાં એક કુતરો નદી કાંઠે પાણી પીવા ગયો અને પાણીમાં મોઢું નાખ્યું કે તરત એક મગરે તેને પકડી મારી નાખ્યો.

વીજળીની બતીમાં આનંદ કરતાં ઘણા જીવડાં- ઓને ઢેઢગરોળી તરત ખાઇ જાય છે. વાઘ અને સિંહ બકરા અને હરણ જેવા જનાવરને છોડતા નથી.

ઉપરના દ્રષ્ટાંતોમાં બરાબર વિચાર કરીએ તો જણાશે કે સર્પ ઉંદરને ખાઇ જતો નથી પણ સર્પનો સ્વભાવ ઉંદરના સ્વભાવને ખાઇ જાય છે, મગરનો સ્વભાવ કુતરાના સ્વભાવને ખાય છે, ઢેઢગરોળીનો સ્વભાવ જીવડાના સ્વભાવને ખાય છે, વાઘની પ્રકૃતિ, બકરીની પ્રકૃતિને ખાય છે, માણસનો સ્વભાવ હરણ, પક્ષી, કીડી, માંખી, માંકડ, મચ્છર વિગેરેના સ્વભાવને મારી નાખે છે. આવી રીતે કુદ્રતમાં એક જાતની પ્રકૃતિ બીજી જાતની પ્રકૃતિનું અન્ન બને છે. ખાનાર જીવ ભૂખ્યો રહે તેનો પણ વિચાર કરવો જોઇએ. કુદ્રતની રચનાના અર્થ ઉતાવળી સમજણથી સમજી શકાશે નહિ. ગાય કે ભેંસના મડદા ગામના પરામાં પડયા હોય અને ગામની હવા બગાડતા હોય ત્યારે ગીધને ઘણા

ગાઉથી સારી વાસ આવે છે. ત્યાં આવી તે તેનો ખોરાક તરીકે ઉપયોગ કરી હવા શુદ્ધ કરે છે. બધું જીવન એક સાથે ચાલે છે. પશુપક્ષીઓના જનમની જેમ વ્યવસ્થા થઇ છે તેમ તેના મરણની વ્યવસ્થા પણ તેની સાથેજ થઇ છે. બધી રચના આખીને આખીજ સમજવી જોઇએ. પણ માણસનું જીવન બીજા જીવો કરતાં ઉત્તમ છે. તેનું કારણ એ છે કે તે ધારે તો બીજાનું અન્ન પોતે થઇ ન જાય, અને સૌથી મોટી શક્તિના આધારે નિર્ભયતાથી સુખમાં રહી શકે. જે મળવાનું હોય તેમાં પ્રારબ્ધ સાચું છે પણ જે મળવાનું હોય તે જોઇતું ન હોય અથવા જે મળેલું હોય તેમાં સંતોષ હોય અથવા જે મળે તેમાં પણ સંતોષ રહે તો તે માણસને માટે પ્રારબ્ધનો કાંઇ અર્થ નથી. અનીતિમાંથી છૂટવું હોય તો સારી ઇચ્છાઓ રાખવી જોઇએ અને ખરાબ ઇચ્છાઓ છોડવી જોઇએ; પણ પ્રારબ્ધમાંથી છૂટવું હોય તો બધી ઇચ્છાઓમાંથી છૂટવું જોઇએ.

કોઇ ડોશી એમ કહે કે "મારે તો એવું સ્વર્ગ જોઇએ કે જ્યાં હું અને મારી ભેંસ રહી શકીએ" અથવા કોઇ ડોશો કોઇ સાધુને એમ કહે કે 'મને

એવું સ્વર્ગ બતાવો કે જ્યાં હું અને મારો હોકો સાથે રહી શકીએ ' તો આવા માણસ માટે સ્વતંત્રતા નથી.

પ્રકૃતિના ક્ષેત્રમાં માણસ અને પશુ બન્ને પરતંત્ર છે. ત્યાં ' પર ' ઉપર આધાર રહે છે. જ્યારે આત્મ-જ્ઞાન થાય છે ત્યારે ' સ્વ ' ઉપર આધાર રહે છે. તેથી માણસ સ્વતંત્ર રહે છે. તે જ્ઞાન, આપણે જે જે વસ્તુ જોઇએ તેની સાથે આપણને એકદમ એકતા કરી આપે છે. જાણે કે આપણેજ બધા રૂપ લીધા હોય તેમ જણાવા લાગે છે. જેમ આપણા દાંત આપણી જીભને કાપતા નથી તેમ આપણા બહારના રૂપ, આપણા માણસના રૂપને વિઘ્ન કરતા નથી. આત્મા શબ્દથી જવાબ આપતો નથી પણ જે વસ્તુ જોઇએ તે આપીને જવાબ આપે છે.

સંસારની વસ્તુ જોઇએ ત્યારે બીજે ઠેકાણેથી લાવવી પડે છે અને તેનો ઉપભોગ કરવો પડે છે. તેમાં વખતની જરૂર પડે છે. જેને આત્માજ જોઇએ તેને માટે બધી વસ્તુ જેમ છે તેમ બરાબર છે. જ્ઞાની પુરૂષો એક જગ્યાએથી એકજ વખતે બધા સાથે સંબંધ રાખી શકે છે.

ભગવાન તરફથી જે વસ્તુ આવે તે સહેલાઇથી જાણી શકાય છે. તેના પરિણામમાં મન છૂટું રહે છે, અંદર આરામ અને શાંતિ મળે છે. ભગવાન સાથે સંબંધ થવાનું ખાસ લક્ષણ સમતા છે. પ્રારબ્ધ સાથે લડાઇ કરતાં હારવાનો વખત આવે તો જાણવું કે તે માણસને ભગવાનમાં પુરી શ્રદ્ધા નથી અને સમતાનો અનુભવ નથી.

આસુરી શક્તિઓ માણસને વિક્ષેપ કરે છે તેનું કારણ એ છે કે તે તેને રહેવા માટે જગ્યા આપે છે, અને જ્યાંસુધી તેમને જગ્યા મળે છે ત્યાંસુધી તેને રહેવાનો હક છે. જો માણસના સ્વભાવનો કોઇ ભાગ તેને જવાબ આપે નહિ તો તે જતી રહેશે. કામ અને બીક સાથે રહે છે. જેને કામ નથી તેને બીક નથી.

માટે બધું જીવન વિધાતાને આધીન નથી. બધું પ્રારબ્ધને આધીન નથી. જ્યારે વિધાતાની સૃષ્ટીમાં દાખલ થઇએ ત્યારે તેના ધર્મ પાળવા પડે છે, નોકરી કરવી હોય તો નોકરના ધર્મ પાળવા જોઇએ, વેપાર કરવો હોય તો ગ્રાહકને સંતોષ આપવો જોઇએ, સ્ત્રી જોઇએ તો સ્ત્રીનું મન ખુશી રાખવું જોઇએ, સ્ત્રીને

પતિ જોઇએ તો પતિનું મન ખુશી રાખવું જોઇએ, લોકોના વખાણ જોઇએ તો લોકોને ખુશી રાખવા જોઇએ, ભગવાન જોઇએ તો ભગવાન ખુશી રહે તેમ વર્તવું જોઇએ.

સંસારમાં રહીને પ્રારબ્ધ જીતવું મુશ્કેલ પડે છે તેનું ખરૂં કારણ એ છે કે સંસારમાં સંસારના ધર્મ સાચા માનીને વર્તવું પડે છે. તેથી તેમાં પોતાનું ચૈતન્ય વાપરવાનો અવકાશ બહુ થોડો રહે છે અને પોતાના કરતાં ઓછું જ્ઞાન હોય તેવા માણસની મરજી પ્રમાણે ઘણીવાર વર્તવું પડે છે. છતાં સંસારમાં પણ આત્માનો અનુભવ રહી શકે અને પોતાના ચૈતન્યનું ભાન સતત રહી શકે તો તે માણસ જગતમાં વૈકુંઠનો અનુભવ કરી શકે છે. તેમાં મુખ્ય સાધન સમતા છે. ગમે તેવા સંજોગો હોય પણ જો પોતાના સ્વભાવમાં ખોટી ઇચ્છા કે ખોટી બીક ઉત્પન્ન થાય નહિ અને સમતા રહી શકે તો સંસાર જીતી શકાય છે.

કોઇ ઝાડ ઉપર એક પક્ષી બેઠું હોય, આસપાસ ઘણું તોફાન થતું હોય અને ઝાડ પડી જવાની તૈયારીમાં હોય ત્યારે પણ પક્ષીને સમતા રહે છે કારણ

કે તે જાણે છે કે ઝાડ પડી જશે તોએ પોતે ત્યાંથી ઉડી શકે તેવી સ્થિતિમાં છે. જ્ઞાની માણસ પણ આ પક્ષીની માફક પોતાના ચૈતન્યથી જગતના બનાવો સમજે છે. તે પોતાનો વ્યવહાર આગળથી નકી કરતા નથી. તેને જે બને તેમાં સંતોષ રહે છે. તે પોતાનું સુખ જગતમાંથી લેવા માગતા નથી. તેનું સુખ તેના આત્મામાંથી નીકળે છે તેથી તેનું ભવિષ્ય હમેશાં તેની પાસે રહે છે. તે સમજે છે કે તેને જે મળે છે તે એકજ વસ્તુ મળે છે. હમેશાં જેને બધે ઠેકાણે એકજ વસ્તુ મળે તેને માટે ભવિષ્ય નથી અને પ્રારબ્ધ નથી.

# પ્રકરણ ૬ ઠું.

## સુધારા.

આ પૃથ્વીના માણસો સુધારાના વિચાર લગભગ બસો વર્ષ થયાં કરે છે. તે પહેલાના કાળના માણસોને સુધારાના વિચાર હાલની માફક આવતા નહોતા. તેનું મુખ્ય કારણ એ છે કે બસો વર્ષ થયાં સાયન્સની નવી શોધો થઇ છે, તેનાથી નવી સગવડો મળી છે અને તેથી માણસની બુદ્ધિને એમ લાગે છે કે આવી શોધોમાં અને તેનાથી મળતી સગવડોમાંજ સુધારાનો અર્થ છે.

પણ જેમ સાયન્સની શોધોથી સગવડો થઇ છે તેમ કેટલીક અગવડો પણ ઉત્પન્ન થઇ છે. તે અગવડો ગુપ્ત રહી શકે તેવી નથી. જેને જોવાની ઇચ્છા હોય છે તેને તે દેખાઇ આવે છે.

એક માણસના જીવનમાં, બાળક અવસ્થામાં કેટલીક સગવડો અને કેટલીક અગવડો રહેલી હોય છે. તેનાથી

જુદા પ્રકારની સગવડો અને અગવડો જુવાનીમાં ઉત્પન્ન થાય છે અને વૃદ્ધાવસ્થામાં પણ કેટલીક નવી સગવડો અને અગવડો ઉત્પન્ન થાય છે. તેવીજ રીતે જુદા જુદા કાળે જુદા જુદા દેશમાં જુદી જુદી શોધથી ઉત્પન્ન થતા જુદા જુદા પ્રકારના જીવનમાં નવી નવી સગવડો અને નવી નવી અગવડો ઉત્પન્ન થયા કરે છે.

વળી એ સગવડો અને અગવડોને માણસના સ્વભાવ સાથે એવા પ્રકારનો સંબંધ છે કે જે બાબત એક માણસને સગવડ પડતી લાગતી હોય તે બીજા માણસને અગવડ પડતી લાગે છે. તેમાં પોતાના સ્વભાવના ગુણદોષ કારણભૂત થાય છે. એ બાબત ચોથા પ્રકરણમાં કાંઇક અંશે આવી ગએલ છે.

પ્રાચીન કાળમાં બ્રહ્મજ્ઞાનની કિંમત ઘણી હતી. જેને બ્રહ્મજ્ઞાન હોય તે બ્રાહ્મણ કહેવાતા હતા. થોડે-ઘણે અંશે પણ જેને આત્માનું તેજ મળ્યું હોય તેને બહુ માન આપવામાં આવતું હતું. બ્રાહ્મણોએ લોકોને એમ સમજાવ્યું કે માણસના જીવનમાં ખરા સુધારા આત્મજ્ઞાનથી થાય છે. તે પ્રાપ્ત કરવા માટે માણસના સ્વભાવમાં રહેલી પશુના જેવી વૃત્તિઓનો નાશ કરવો

જોઇએ. તેને માટે જે કર્મ કરવા પડે તેને 'યજ્ઞ' એવું નામ આપ્યું. તે વખતે ગરીબાઇ નહોતી પણ પુરાણો જોતાં એમ જણાય છે કે સ્ત્રીઓનો મોહ અને અભિમાન હતા. તે દૂર કરવા માટે અધિકાર પ્રમાણે કોઇ માણસને બહારની ક્રિયાઓ બતાવવામાં આવતી હતી અને કોઇને ઉપાસના અને જ્ઞાન આપવામાં આવતાં હતાં. તે પછીના કાળમાં સાચા બ્રાહ્મણો ઓછા થવાથી અને અજ્ઞાન વધવાથી કેટલીક નવી અગવડો ઉત્પન્ન થવા લાગી. યજ્ઞનો અર્થ પશુના જેવી વૃત્તિઓનો નાશ કરવાને બદલે પશુઓનો નાશ કરવામાં થવા લાગ્યો. સકામ ભક્તોને એમ પણ સમજાવવામાં આવતું હતું કે યજ્ઞથી સ્વર્ગમાં અપ્સરાઓનું સુખ મળશે. સામાન્ય માણસને પોતાના પ્રયત્ન વગર બીજા માણસો સુખ લાવી આપે તો બહુ ગમે છે. બ્રાહ્મણોના વંશની હાજરીમાં સારા શબ્દોના ખોટા અર્થ થવા લાગ્યા. પણ સમષ્ટીજીવન એક સાથે ચાલે છે. જ્યારે જ્યારે ધર્મની ગ્લાની ઉત્પન્ન થાય છે ત્યારે તેજ વખતે તે દોષ દૂર કરનાર મહાત્મા ઉત્પન્ન થાય છે. આ હેતુ માટે ક્ષત્રીય વંશમાં ભગવાન બુદ્ધનો જન્મ થયો હતો.

તેમણે માણસના જીવનમાં સુધારા કરવા માટે "ધર્મ" શબ્દ ઉત્પન્ન કર્યો; સંયમ, દયા અને જ્ઞાનનો માર્ગ બતાવ્યો, ખોટી ક્રિયાઓ બંધ કરાવી, માણસ એકાંતમાં આત્માનો અનુભવ લઇ શકે તેને માટે સારી ગુફાઓ અને વિહારો બનાવ્યા. તેમના ગયા પછી તેમના શિષ્યોના શિષ્યોએ પોતાનો ધર્મ રાખવા માટે અને બીજા દેશોમાં ફેલાવવા માટે કેટલીક નવી ક્રિયાઓ દાખલ કરી. તેથી કેટલીક નવી અગવડો ઉત્પન્ન થઇ. 'ધર્મ' નો અર્થ સંયમ, દયા, જ્ઞાન વિગેરે થવાને બદલે અમારો ધર્મ અને તમારો ધર્મ, હિંદુધર્મ અને મુસલમાની ધર્મ, જૈન, વૈષ્ણવ, ખ્રિસ્તી, પારસી વિગેરેના અનેક જુદા જુદા ધર્મ થઇ ગયા. ધર્મને માટે લડાઇઓ થવા લાગી. સંયમ માટે જુદા જુદા સ્વભાવના માણસો માટે જુદી જુદી ક્રિયાઓની જરૂર પડે છે તે વાત ધ્યાનમાં રાખ્યા વગર, અમારી ક્રિયા સાચી અને તમારી ખોટી એવા મત ઉત્પન્ન થવા લાગ્યા. તેમાં ક્ષત્રીય રાજાઓ પોતાની સત્તાથી મદદ આપવા લાગ્યા. બ્રાહ્મણો કરતાં ક્ષત્રીયોની સત્તા વધી.

પણ જ્ઞાન વગરની સત્તા માણસને લોભ, મોહ અને અભિમાનમાં રાખે છે. તેમનું અભિમાન તોડવા માટે સાયન્સની નવી શોધો થવા લાગી. તેનો પહેલો લાભ વેપારીઓએ લીધો. તેઓએ પોતાની કંપનીઓ સ્થાપી. યંત્રોની મદદથી પોતાનું ધન અને પોતાની સત્તા વધારી રાજાની સત્તા ઓછી કરી, લોકોના સુખ માટે કેટલીક સગવડો વધારી અને લોકોને એમ કહેવામાં આવ્યું કે આવા ફેરફારથી જીવનમાં ખરા સુધારા કરી શકાય છે. તેની સાથે કેટલીક અગવડો પણ ઉત્પન્ન થઈ. યંત્રોની મદદથી ઘણું ધન થોડા માણસના હાથમાં આવ્યું અને ગરીબ માણસો વધારે ગરીબ થયા. હાલના સુધારા એ વેપારીના સુધારા છે. તેનાથી જીવન વધ્યું છે. જીવન વધે ત્યારે સુધરે છે એમ કહેવું એ આ યુગનો ‘ સુધારા ’ શબ્દનો ખોટો અર્થ છે.

માણસનું જીવન સુધારવા માટે બે સાધનની જરૂર છે. ૧. ધર્મ. ૨. રાજ્ય. ધર્મ, નીતિનો માર્ગ બતાવી આત્મ સાક્ષાત્કાર કરાવે છે; રાજ્ય, કમાવાના સાધન કરી આપે છે અને સામાજીક સુખ માટે

સગવડ આપે છે. તે બન્ને સાધનના ક્ષેત્ર બરાબર સમજવા જોઇએ. રાજા અથવા રાજદ્વારી બાબતમાં પડેલ મહાપુરૂષો મોક્ષનો રસ્તો બતાવી શકશે નહિ અથવા ખોટો રસ્તો બતાવશે અને ખરો ધર્મગુરૂ માણસને સંસારના લાભ આપવાની ઇચ્છા કરશે નહિ. રાજ્ય, અર્થ અને કામ એ બે પુરૂષાર્થમાં મદદ કરેછે, લોકોમાં નીતિ જાળવવા પણ ન્યાયની અદાલતો સ્થાપી સગવડ કરે છે પણ ત્યાં તેના લાભનું ક્ષેત્ર સમાપ્ત થાય છે. લોકોને આત્મજ્ઞાન જોઇતું હોય તો તે જેને મળ્યું હોય તેની પાસે જવું જોઇએ.

ઉપર કહ્યું તેમ સાયન્સની શોધોથી જેમ કેટલીક સગવડો વધી છે તેમ ઘણા માણસોની ગરીબાઇ વધી છે. તેથી હાલની સમાજ પાસે માત્ર તે અગવડ દૂર કરવાનોજ પ્રશ્ન રહે છે. જે વખતે આવી સ્થિતિ ઉત્પન્ન થવા લાગી તેજ વખતે ગંધીયાણું વેચનાર રાજકોટના એક વેપારી કુટુંબના એક ગૃહસ્થને પોરબંદરની દીવાનગીરી મળી અને તેને ત્યાં ગરીબોની અગવડ દૂર કરનાર પુરૂષનો જન્મ થયો. વિશ્વમાં બધી ક્રિયા એક સાથે ચાલે છે. જ્યારે કોઇ

રોગ ઉત્પન્ન થાય છે ત્યારે તેનો ઉપાય પણ ઉત્પન્ન થાય છે.

કોઇ કહે છે કે આ દેશ ગરીબ થઇ ગએલ છે પણ તે વાત તદન સાચી નથી. જો આ દેશ પૈસાથી ગરીબ થઇ ગએલ હોય તો અંગ્રેજો પાંચ હજાર માઇલથી આંહી રાજ કરવા આવે નહિ. ગરીબ દેશમાં ધનવાન પ્રજા રાજ કરવા જતી નથી. ખરીરીતે જે માગવા આવે છે તેને ગરીબ કહી શકાય.

પોરબંદરમાં જન્મેલ મહાત્માને એમ લાગ્યું કે ગરીબાઇ યંત્રોની મદદથી આવી છે. યંત્રોની મદદથી થોડા ધનવાનોએ ઘણું ધન મેળવ્યું છે પણ યંત્રો પોતાની મેળે ચાલતા નથી; તેથી જો ગરીબ માણસોને એમ સમજાવવામાં આવે કે તમારે યંત્રો ચલાવવા નહિ તો વગર લડાઇએ ગરીબાઇ દૂર થઇ શકે. તેને માટે સંઘબળ તૈયાર કરવાની શરૂઆત થઇ. સંઘબળ માટે જરૂર પડતા સાધનો પણ તૈયાર થઇ ગયા અને મૂડીવાળા ચિંતામાં પડી ગયા છે.

સંઘબળથી ગરીબોના જીવનમાં કેટલાક સુધારા થશે, તેમને પોતાનું જીવન સુધારવા માટે કેટલીક

નવી સગવડો મળશે, પણ તે સાથે કેટલીક અગવડો પણ ઉત્પન્ન થશે. મજુરોને એમ લાગવા માંડશે કે તેમના વીના સમાજ નભી શકે તેમ નથી, રાજ નભી શકે તેમ નથી, ધર્મ નભી શકે તેમ નથી. તેઓ પોતાના હકનો પહેલો વિચાર કરશે અને પોતાની માન્યતાઓ સમાજ ઉપર નાખશે. દરેક યુગે સત્તાવાળી જ્ઞાતિ પોતાના હકનો વિચાર પહેલો કરે છે, પોતાની જવાબદારીનો વિચાર કરતી નથી.

સમજણ વગરની સેવામાં ઓછું કામ કરી વધારે પગાર લેવાની ઇચ્છા રહે છે. જ્ઞાનપૂર્વક સેવા થાય છે તેમાં પ્રમાણિકપણું હોય છે. પ્રમાણિક માણસો ભગવાનને અર્થે સેવા કરે છે. પ્રમાણભૂત વસ્તુ માત્ર ભગવાન છે. તેને માટે જે સેવા કરતા નથી તે અપ્રમાણિક છે.

સંઘમાં સામાન્ય બુદ્ધિના ઘણા માણસના ઘણા મત ભેગા થાય છે, ઉંચી બુદ્ધિવાળા થોડા સારા અને ડાહ્યા માણસનું કહેવું સંભળાતું નથી. તેથી કોઇ એમ મનાવે છે કે દેશમાં વસ્તી વધે અને ઉપજ વધે તે સારી સ્થિતિ માનવી. કોઇ કહે છે કે આપણી

શક્તિ સારે માર્ગે વપરાય તેને સુધારો કહેવાય. કોઇ કહે છે કે આપણને જીવનના છેડાની ખબર નથી તેથી જે રીતે જીવનનું સાધન સુધરે તેવા ફેરફાર કરવા. પણ તે સાધન કયા ફળ માટે વાપરવાનું છે તેની ખબર આગળથી ન હોય તો ખોટે માર્ગે ચડી જવાનો સંભવ છે.

જ્યારે મજુરોનું જોર વધારે લાગે છે ત્યારે મૂડી-વાળા નમી પડે છે અને જ્યારે મજુરોનું જોર ઓછું થાય છે ત્યારે મૂડીવાળા તેમને વશ કરવાના ઉપાય શોધે છે. તેથી મજુરો માત્ર સંઘબળથી જીવી શકે છે. તે પણ એક જાતની પરતંત્રતા છે. સંઘ બહુમતિથી ચાલે છે. બહુમતિમાં બહુ વિવેકબુદ્ધિ હોતી નથી. જ્યારે વિવેકબુદ્ધિ ન હોય અને કાયદા ભાંગવાનું તેમને શીખડાવવામાં આવે ત્યારે જીવનમાં ઉપયોગી હોય એવા કાયદા ભાંગવામાં પણ મોટાઇ માનવામાં આવે છે. પુરૂષ વારંવાર પરણે છે તો સ્ત્રીઓએ શા માટે ન પરણવું, માબાપ અથવા ગુરૂ કે શિક્ષક ઠપકા આપે તો તેમની સામે શા માટે ન થવું, શેઠને નોકરની ગરજ હોય અને નોકરની તંગી હોય તો શેઠને ગભરાવીને વધારે પગાર શા માટે ન લેવો વિગેરે

બાબતોમાં પોતાના હક માગવાનો યુગ આવ્યો છે. પણ હકનું પ્રમાણ વધી પડે અને જવાબદારીનું પ્રમાણ ઓછું થાય તો નવી જાતની અગવડો ઉત્પન્ન થશે અને તે દૂર કરવા માટે નવી જાતના મહાત્માનો જન્મ થશે કારણ કે વિશ્વની બધી રચના એક સાથે ચાલે છે.

હાલની સ્ત્રીઓ કહે છે કે હું મારી મા કરતાં સારી છું, તેની દીકરીઓ કહે છે કે હું મારી મા કરતાં સારી થઇશ, અને તેમની દીકરીઓ પણ તેવું કહેવા લાગે તો સુધારાનો છેડો સમાજના માણસોને ક્યાં અને ક્યારે મળશે ? બ્રાહ્મણોની સત્તાના યુગમાં કેટલીક અગવડો આવી હતી. તેઓએ ભગવાનને આપણી ઉપર કોઇ જગ્યાએ અથવા સ્વર્ગમાં બતાવવાની શરૂઆત કરી; તેમ આ યુગમાં કેટલીક અગવડો ઉત્પન્ન થઇ છે, ખરૂં જ્ઞાન ઢંકાતું જાય છે અને ચાલુ જ્ઞાન ભગવાનને ભવિષ્યમાં રાખે છે.

માણસ રાજદ્વારનો ગુરૂ થવાને બદલે પશુ થયો છે, બધી બાબતમાં રાજદ્વારી લાભ શોધે છે અને ભવિષ્યના વિચારમાં તરફડે છે. સમાજમાં હોય ત્યારે પોતાને માણસ માને છે અને એકલો હોય ત્યારે

પોતાને ઢોર સમજે છે. સમાજની સામે કાંઇ બોલાય નહિ એવી બીક રાખે છે. તેથી સમાજમાં ઘણે ભાગે માણસો હોતા નથી પણ હાલતા ચાલતા સંચા દેખાય છે.

સંઘધર્મથી ગમે તે લાભ થતો હોય તો પણ જે બાબતને જેટલી કિંમત સંઘ આપે છે તેટલી કિંમત તે બાબતમાં હોવી જોઇએ એ માન્યતા સાચી નથી. ઘણા રસોઇઆ ભેગા કરી રસોઇ કરાવવાથી રસોઇ સુધરતી નથી. જો વેપારીઓના સંઘથી જીવનને નુકશાન થયું છે એમ માનીએ તો મજુરોના સંઘથી તે સુધરશે એમ માની શકાય નહિ. વેપારી વસ્તુઓની જાહેર ખબર આપે છે. સંઘપતિ પોતાની જાહેરખબર આપે છે.

સંઘ એમ માને છે કે સંઘબળથી પ્રજામાં સારૂં જીવન ઉત્પન્ન થશે. હાલ જે જીવન છે તે ખરાબ છે. આ માન્યતાથી થોડા વર્ષ સુધી ફેરફાર થાય છે. વળી થોડા વરસ પછી સંઘ કહે છે કે હજુ જીવન સુધારવાની જરૂર છે. આમ કહેતા જીવનનો છેડો તે સંઘ બતાવતો નથી અને તેથી સંઘ કોઇ દિવસ દ્વારકા પહોંચતો નથી.

આત્માના અનુભવવાળા માણસો અને ઉંચી કોટીના વિદ્વાનો સંઘધર્મમાં રહી શકશે નહિ. સંઘધર્મ પાળવાવાળા તેમને માટે જરૂર પડતી થોડી સગવડો પણ આપી શકશે નહિ. બધાને હાથે કામ કરી કમાવાની ફરજ પડશે તેથી જ્ઞાન અને વિદ્યાના વિકાસ માટે જોઇતી પુરસદ મળશે નહિ.

રામાયણના યુદ્ધનું મુખ્ય કારણ રાવણનો સીતા ઉપર મોહ હતો. પણ મહાભારતના વખતમાં પૈસાના લોભથી સંઘધર્મના દોષ ઉત્પન્ન થયા હતા. કૌરવોએ પોતાનો સંઘ બનાવી પાંડવોને રહેવા માટે થોડી જમીન આપવા ના પાડી હતી. તેથી સંઘધર્મ એટલે કુલ ધર્મને તોડવા માટે શ્રી કૃષ્ણે અર્જુનને મદદ કરી હતી.

ગરીબાઇ વધવાનું એક કારણ બધા દેશમાં પ્રજાની વૃદ્ધિ છે. સામાન્ય માણસના જીવનમાં પણ જ્યારે પ્રજા વધે છે ત્યારે પોતાની કમાણી ઓછી લાગ્યા કરે છે. આપણી કમાણી વધે અને તે સાથે ખરચ વધે તો ગરીબાઇ દૂર કરવી મુશ્કેલ થઇ પડે છે. પ્રજા ઓછી ઉત્પન્ન કરવામાં રાજ્ય કાંઇ

મદદ આપી શકતું નથી. તેથી સ્વભાવ સુધારવા માટે ધર્મગુરૂની જરૂર પડે છે. તે વ્યકિતના વિકાસનો માર્ગ બતાવે છે. તેનાથી સંયમ વધે છે, પ્રજા ઓછી થાય છે અને ગરીબાઇ પણ તેથી ઓછી થાય છે. પણ ગરીબાઇ ઓછી હોય ત્યાં સ્ત્રીઓનો મોહ રહે છે તેથી ફરીથી રામાયણની શરૂઆત થાય છે અને રામાયણ પછી મહાભારત શરૂ થાય છે.

છતાં મહાભારત કરતાં રામાયણમાં નીતિ, સંયમ વિગેરેની વાતો વધારે પ્રમાણમાં છે. રામચંદ્રજીએ પિતાની આજ્ઞા ખાતર ભરતખંડનું રાજ્ય છોડયું હતું. મહાભારતમાં સંઘધર્મ અથવા કુલ ધર્મ સાચવવા માટે બહુ સંભાળ રાખી છે. તેથી કેટલીક અનીતિને નીતિ માનવામાં આવી છે. પાંડવો, કર્ણ, દ્રોણ, કૃપાચાર્ય, વ્યાસ વિગેરેની ઉત્પતિ વિચિત્ર પ્રકારે થએલ છે.

જ્યારે પાર્લામેન્ટનું રાજ્ય હોય ત્યારે તેના સભાસદોનું ખાનગી જીવન નીતિવાન ન હોય પણ પાર્લામેન્ટનું કામ કરવા જેટલી બુદ્ધિ હોય તો કોઇ તેને પૂછતું નથી. સંઘધર્મમાં માત્ર સંઘની નીતિ રહે છે.

નાત ગંગાનો પ્રવાહ કહેવાય છે. ગીતાના ઉપદેશની શરૂઆતમાં, અર્જુનની એક બીક એ હતી કે મહાભારતના યુદ્ધથી કુલધર્મ નાશ પામશે. વ્યક્તિના ધર્મમાં જેમ સગવડ અને અગવડ રહે છે તેમ કુલ ધર્મ અથવા સંઘધર્મમાં પણ સગવડ અને અગવડ રહે છે.

પ્રજાતંત્ર રાજ્યમાં પ્રજાના ઘણા ભાગને રોજ રાજનીતિના વિચાર કરવા પડે છે તેથી તેમને બીજા સદ્ગુણો પ્રાપ્ત કરવાનો વખત મળતો નથી. તેઓ રાગ-દ્વેષ શીખે છે અને સમાજની અંદર અંદરના જીવનમાં પણ તે વાપરતાં શીખી જાય છે. ધનવાનોને નોકર બનાવી પોતે શેઠ બનવું એ આદર્શ મજુરીવાળા ગુપ્ત રીતે બતાવે છે. તેથી પ્રજામાં સારા સંસ્કાર વધારવાનો ઉપાય થતો નથી. ખરીરીતે સમાજમાં ઘણા માણસ સુધરતા નથી પણ બહુ થોડા સુધરે છે.

પ્રજાતંત્ર રાજ્યમાં બહુ મતવાળા, ઓછા મતવાળા ઉપર ઓછો જુલમ કરતા નથી. રાજ્યતંત્ર ગોઠવવામાં આ દોષનો વિચાર આ દેશમાં પ્રાચીનકાળમાં થયો હતો. તેથી રૂષીમુનીઓએ એમ નક્કી કર્યું

હતું કે એક લાયક માણસને રાજા બનાવી તેના ઉપર રાજ્ય ચલાવવાની જવાબદારી રાખવાથી પ્રજાના ઘણા માણસોને રાજ્યના વિચાર કરવાની જરૂર પડશે નહિ અને તેથી લોકો બીજી સારી પ્રવૃતિ કરી શકશે. મજુરોના સંઘો કે વેપારીઓની મંડળીઓના રાજ્યો કરતાં આ પદ્ધતિમાં ઘણો લાભ છે પણ હાલના સંજોગોમાં રાજા તરત વેપારી બની જાય છે. તેથી આ પદ્ધતિ કામ આવી શકતી નથી.

એક કામ માટે જ્યાં ઘણા માણસ જવાબદાર હોય ત્યાં તે કામ માટે કોઇને પુરી ચિંતા રહેતી નથી. સંઘના પૈસાની વ્યવસ્થા તદન પ્રમાણિકપણે બહુ થોડી જગ્યાએ થાય છે. એ બાબત ધ્યાનમાં રાખી, આગળના વખતમાં રાજ્યની ચિંતા એક સારા વિદ્વાન રાજા ઉપર નાખવામાં આવતી, લોકોને જ્ઞાન આપવા માટેની જવાબદારી એક સારા બ્રહ્મનિષ્ઠ ધર્મગુરૂ ઉપર નાખવામાં આવી હતી અને સમાજના સુધારા કરવાની જવાબદારી એક નગર શેઠ ઉપર નાખવામાં આવી હતી. તેઓની ફરજો નકી કરવામાં આવી હતી તેથી રાજા વેપારી થઇ શકતો નહિ અને વેપારી રાજા થઇ શકતો નહિ.

## કાળની ગતિ.

વેપારના કારણથી હાલ જુદા જુદા દેશના માણસો એક બીજાના સંબંધમાં આવતા જાય છે અને એક બીજાના ગુણદોષ ગ્રહણ કરતા જાય છે. સાયન્સની શોધોથી મળેલ સગવડથી આ પૃથ્વીના માણસોના જીવનની સેળભેળ થઇ છે. તેનો હેતુ ઉંડો હોય છે. એ એકદમ જાણવો મુશ્કેલ પડે છે. દેશ અને કાળના બંધન તૂટતા જાય છે. એ એક પ્રકારનો સુધારો છે. પણ જ્યાંસુધી સુધારો પોતે શું કહેવાય તે સમજાશે નહિ ત્યાંસુધી ખરો સુધારો થશે નહિ.

બ્રાહ્મણોની સત્તા વખતે સુધારાનું મધ્યબિંદુ હિંદુસ્થાનમાં હતું. ક્ષત્રીઓની સત્તા વખતે સુધારો મુસલમાની રાજ્યોમાં ગયો હતો. વેપારીઓની સત્તા વખતે સુધારાનું ક્ષેત્ર લંડનમાં ગયું છે. મજુરોની સત્તા વખતે સુધારાવાળાની દ્રષ્ટી રૂશીઆ તરફ વળી છે. આ પ્રમાણે કાળચક્રમાં પહેલાંની માફક જ્ઞાની પુરૂષો એશીઆમાં ઉત્પન્ન થાય તો નવાઇ નથી. બ્રાહ્મણો એટલે બ્રાહ્મણ જ્ઞાતિ સમજવાનું નથી.

રૂશીઆના વિદ્વાનો હવે મનુસ્મૃતિનો અભ્યાસ કરવા લાગ્યા છે. સાયન્સવાળાએ આ પૃથ્વી ઉપર રહેતા

ઘણા માણસોના લોહી તપાસી એમ નકી કરેલ છે કે બધા માણસોમાં કુલ ચાર પ્રકારનું લોહી છે. તે મનુસ્મૃતિમાં બતાવેલ ચાર જ્ઞાતિની સૂચના આપે છે. હાલની મનુસ્મૃતિમાં કેટલીક સેળભેળ થએલ છે પણ તેના મુખ્ય સિદ્ધાંત નવી સમાજની રચનામાં ઉપયોગી થાય તેવા છે.

રૂશીઆના વિદ્વાનોને હવે એમ જણાવા લાગ્યું છે કે માત્ર મજુરોની સમાજથી માણસનું કલ્યાણ થશે નહિ. સેવાભાવમાં શરણભાવ વધે છે; તેથી વિચાર વગર વિદ્વાન માણસો, સમાજમાં રહેલા મજુરોના વખાણ માટે, તેમની હલકી માગણીઓને ટેકો આપે છે. સત્ત્વગુણી માણસ રજોગુણીની સેવા કરે છે અને રજોગુણી તમોગુણીની સેવા કરે છે. ખરા સુધારામાં દરેક માણસ પોતાનાથી ઉંચા સંસ્કારવાળાની સેવા કરે છે કારણ કે જેની સેવા થાય છે તેના જેવા ગુણ સેવા કરનારમાં આવે છે.

આ કારણને લઇને મનુસ્મૃતિમાં લખેલું છે કે શૂદ્રો કે જે બીલકુલ વિચાર કરી ન શકે તેવા હોય તેમણે વિદ્વાનોની સેવા કરી વિચાર કરતાં શીખવું, વૈશ્યોએ

ક્ષત્રીઓની સેવા કરી નિઃસ્વાર્થતા શીખવી, ક્ષત્રીઓએ બ્રહ્મજ્ઞાનીની સેવા કરી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવું. હિંદની સેવાની આ પદ્ધતિ રૂશીઆના નવા વિદ્વાનોને બહુ સારી લાગે છે. પણ હાલ આ દેશમાં રૂશીઆના એક જુના સાધુ ટોલ્સ્ટોયની પદ્ધતિ પ્રમાણે, વિદ્વાનોએ પણ મજુરોની સેવા કરીને અથવા પોતાનું બધું કામ પોતાની મેળે કરી, મજુર જેવા થવું એમ શીખવવામાં આવે છે.

જીવનનો હેતુ સમજ્યા વગર જીવનના સુખના સાધનો ભેગા કરવામાં જીવનને અંતે સુખને બદલે દુઃખ મળે છે. માણસનો સ્વભાવ બહુ વિચિત્ર છે. તેનું શરીર શરીરનું સુખ માગે છે, પ્રાણ પ્રાણનું સુખ માગે છે, મન મનનું સુખ માગે છે અને આત્મા આત્માનું સુખ માગે છે. વળી, આ બધી માગણીઓમાં કઇ સારી છે એ સામાન્ય માણસને સમજવું બહુ મુશ્કેલ પડે છે. જીવન સુધારવું હોય તો તે જીંદગીને છેડે સુધરી શકે નહિ. તે જીંદગીની શરૂઆતમાં સુધારવું જોઇએ. જીંદગીની શરૂઆતમાં કાચી બુદ્ધિ હોય છે તેથી જગતના મહાપુરૂષો સુધરેલું જીવન કેને કહે છે તે સમજીને તે પ્રમાણે જીવન ઘડવું જોઇએ. આ બાબત

સમજવી મુશ્કેલ છે પણ કોઇપણ દેશના સુધારા કરવામાં બહુ ઉપયોગી છે.

કૃષ્ણ, બુદ્ધ, ક્રાઇસ્ટ વિગેરેના જીવનથી જે સુધારા થયા છે તેવા સુધારા હાલ બહુ જોવામાં આવતા નથી કારણ કે સુધારાની દિશા ફરી ગઇ છે. જે સુધારા ખરૂં સુખ બતાવી ન શકે અને દુઃખ સહન કરવાની શક્તિ ન આપે તે ખરા સુધારા નથી.

અંદર અને બહાર અશાંતિ વધી છે, ભવિષ્યમાં શું થશે અને શું નહિ થાય તેની ચિંતા રાજકર્તાઓને, ધર્મગુરૂઓને અને જ્ઞાતિઓના પ્રમુખોને થવા લાગી છે. તેઓ હવે સમજવા લાગ્યા છે કે હાલની કેળવણીથી જેટલું જ્ઞાન વધે છે એટલું અજ્ઞાન વધે છે.

સાચું સુખ ગુમ થયું નથી પણ આજના માણસ સમજે તેવી રીતે તે બતાવવામાં આવતું નથી. સાયન્સ આ વાત સમજાવી શકે તેમ નથી. નિશાળો અને કોલેજોમાં પણ આ બાબત બરાબર સ્પષ્ટ થતી નથી.

સાયન્સની દ્રષ્ટીએ જીવન સુખમય નથી. સાયન્સવાળા કહે છે કે સાયન્સથી જીવન સુખમય થશે. સમાજના સુધારા કરવાવાળા કહે છે કે સમાજ

સુધારાથી જીવન સુખમય થશે. મજુરોના સંઘ કહે છે કે સંઘધર્મ પાળવાથી જીવન સુખમય થશે. એટલે કે તેઓ માણસને એમ કહે છે કે **तत्त्वम् भविष्यसि** એટલે તું સુખી થઇશ. આગલા કાલના રૂષીમુનીઓ કહેતા હતા કે **तत्त्वमसि** એટલે તું સુખરૂપ છો.

મન અને ઇંદ્રીયને સુખ મળે તેજ છેવટનું સુખ નથી. કેટલીક વખત અમુક વસ્તુ મળી ન હોય છતાં તે વસ્તુના જ્ઞાનથી સુખની લાગણી ઉત્પન્ન થાય છે. જ્યારે માત્ર જ્ઞાનથી સુખ થાય છે ત્યારે તે સામાન્ય જ્ઞાન હોતું નથી.

પણ આત્મજ્ઞાનથી સુખ થતું હોય તો બધાને તે કેમ મળતું નથી ? બધાને મળે તેજ સુખ કહી શકાય એ ખોટી માન્યતા છે. કેટલાક સુખ એવા હોય છે કે જે બધાને મળતા નથી છતાં તે છે એ વિષે શંકા હોતી નથી. જે હોય તે સુખરૂપ હોઇ શકે પણ તે ઉપરથી એમ ન કહી શકાય કે તે સુખ બધાને મળે તોજ તે સુખરૂપ કહેવાય. માણસ પોતાની મતલબ પ્રમાણે સુખ માગે છે. જેવું જગત છે તેવું સુખરૂપ છે એ વાત મતલબી ભાવને લઇને સમજાતી નથી. જીવન

અને સુખ એ સાથે રહે છે પણ મતલબ પાસે તે જુદા થાય છે.

જ્યારે ઉંચી વાતો ન સમજાય ત્યારે તે ખોટી છે એમ માનવાનું નથી પણ તે સમજવામાં જુદા પ્રકારની બુદ્ધિની જરૂર રહે છે. કોઇ માણસ કોઇ વખત એમ કહે છે કે તે અમુક માણસનું વર્તન સમજી શકતો નથી. તેનો અર્થ એ છે કે તે માણસની જગ્યાએ રહીને કામ કરતો તે પોતાને અનુભવી શકતો નથી. જે હેતુથી જે વખતે જે માણસના જીવન ચાલતા હોય તે વખતે તે હેતુ સમજી શકાય તો કોઇ સાથે વિરોધ થવાનો પ્રસંગ આવશે નહિ. જ્યારે મતલબી બુદ્ધિ જતી રહે છે અને પરમાર્થિક બુદ્ધિ ઉત્પન્ન થાય છે ત્યારે જગત સાથે આપણો સંબંધ આધ્યાત્મિક થાય છે. તે દશામાં ભગવાનથી કોઇ અલગ નથી એવો અનુભવ રહે છે.

તેથી જ્યારે એમ કહેવામાં આવે કે જીવનનો વિકાસ થતાં થતાં ભગવાન મળશે ત્યારે સમજવું કે તે ઉપદેશમાં ભૂલ છે અને તેમાં ભગવાનથી કાંઇક ઓછું મળવાની વાત છે. ભગવાન હવે પછી મળવાના હોય તો ભગવાન પછી પણ કાંઇક મળવું જોઇએ.

છતાં સુધારાના વિચાર ચાલ્યા કરે છે અને ચાલશે. તેનું ખરૂં કારણ એ છે કે માણસની બુદ્ધિ આખી વસ્તુને પકડી શકતી નથી. સુધારા અમુક ભાગમાં થઇ શકે છે. જ્યારે એક માણસના સુધારાની વાતો થાય ત્યારે તે વાત સમજી શકાય છે. કોઇની નાતમાં સુધારાની વાતો થાય ત્યારે પણ તે સમજી શકાય છે, કોઇ દેશમાં સુધારાની વાતો થાય ત્યારે પણ તે સમજી શકાય છે પણ જ્યારે આખી પૃથ્વીનું જીવન સુધારવાની વાતો થાય ત્યારે તે સમજી શકાતી નથી. તે વખતે જે વાતો થાય છે તેમાં ખરીરીતે પૃથ્વીના અમુક ભાગનું જીવન સુધારવાની વાતો હોય છે.

તેવીજ રીતે સો બસો વર્ષના સુધારાની વાતો કરીએ તો સમજી શકાય છે પણ ચાર પાંચ હજાર વર્ષમાં કે દશ હજાર વર્ષમાં આ પૃથ્વીના માણસોનું જીવન સુધર્યું છે કે બગડયું છે તે કોણ કહી શકશે ?

જ્યારે મોટી જગ્યા કે મોટો કાળ સુધારાની ગણત્રીમાં લેવામાં આવે અને તે ભગવાનના જીવનને લાગુ કરીએ અને એમ વિચાર કરીએ કે ભગવાન સુધરે છે કે નહિ ત્યારે માણસની વાણી હાસ્યજનક

થાય છે. ત્યારે શબ્દોના વ્યવહારિક અર્થની અપૂર્ણતા તરત જણાઇ આવે છે. તેથી જ્ઞાની પુરૂષો મૌન થઇ જાય છે.

ગંગા વહે છે એમ ગંગાના એક ભાગને જોઇને કહેવામાં આવે છે અને ગંગા સમુદ્રમાં મળે છે એ પણ એક ભાગને જોઇને કહેવામાં આવે છે. ખરીરીતે આખી ગંગા નિત્ય વહે છે અને નિત્ય સમુદ્રમાં મળેલી છે તેથી વહેવું અને મળવું એ ઉપચારિક છે. તેવીજ રીતે ભગવાનને મળવું એ ઉપચારિક છે. ભગવાન સૌને નિત્ય મળેલા છે. તે દ્રષ્ટીએ જીવનનો છેડો જીવનની શરૂઆતમાં છે; એટલે કે જીવન ભગવાનમાંથી આવ્યું છે અને તેમાં રહેલું છે.

જીવનનું ધ્યેય જીવનની શરૂઆતમાં નક્કી થવું જોઇએ નહિતર જીવન નકામું જાય છે, એટલુંજ નહિ પણ એ ફળ જીવનની શરૂઆતમાં મેળવવું હોય તો મળી શકે તેવું હોવું જોઇએ; કારણ કે માણસનું શરીર કયારે પડશે તે નક્કી નથી. જ્યાં જીવનની કિંમતનો વિચાર થતો નથી ત્યાં થોડું જીવ્યા કે વધારે જીવ્યા તે સરખુંજ છે. આપણે લાંબા જીવનની જરૂર છે તે કરતાં સારા જીવનની વધારે જરૂર છે.

## કાળની ગતિ.

ખરા તત્ત્વવેત્તાઓ જગત કેમ બન્યું છે અને તેનું શું થશે તે કહેતા નથી પણ જગત અને આપણે આંહી શા માટે છીએ તે સમજાવે છે. વળી તેઓ કહે છે કે જીવનનું સાચું ફળ જીવનની શરૂઆતમાં આપેલું છે તેથી જીવન સુધારવાનું નથી પણ સમજવાનું છે. આ બાબત સામાન્ય જ્ઞાનથી સમજાતી નથી કારણ કે સામાન્ય જ્ઞાન જીવનનો વિકાસ જોઇ શકે છે પણ જીવનનો હેતુ જોઇ શકતું નથી. જીવનના વિકાસમાં પ્રકૃતિનો ધર્મ કામ કરે છે. જીવનના હેતુમાં પુરૂષનો એટલે આત્માનો ધર્મ કામ કરે છે. ખરા વિદ્વાનો એમ વિચાર નથી કરતાં કે જગતનું શું થશે અને તેનો અંત કયારે આવશે પણ તેઓ એમ વિચાર કરે છે કે ટુંકા સુખમાં રમતી તેમની ટુંકી વાસનાઓનો અંત કયારે આવશે.

કેટલુંક સુખ એવું હોય છે કે જે મેળવવા વખતની જરૂર નથી પણ સમજણની જરૂર છે. સમજણનો આધાર વખત ઉપર નથી પણ માણસ ઉપર છે. કોઇ માણસને કોઇ બાબત તરત સમજાઇ જાય છે અને કોઇને તે સમજતાં વાર લાગે છે. ખરા મહાત્માઓ

કહે છે કે જે સુખ સમજણથી આવે છે અને જેને મેળવવા વખતની જરૂર નથી તે આત્માનું સુખ છે.

સામાન્ય માણસોને બધી બાબત વિગતવાર સમજવી ગમે છે પણ કેટલીક બાબતો સમજાવી શકાતી નથી પણ માની લેવી પડે છે. **तत्त्वमसि** નો અર્થ કેટલાક બરાબર સમજી શકે છે પણ બરાબર વિગતવાર સમજાવી શકતા નથી. તેથી તેનો અર્થ ખોટો છે એમ કહી શકાય નહિ. કાવ્યોમાં, ભજનોમાં, ભગવાનના કેટલાક નિત્ય ગુણોના વર્ણન આવે છે. તે ભક્તો બરાબર સમજે છે, પણ તે વિગતવાર સમજાવી શકતા નથી.

તેથી પહેલું એ સમજવાની જરૂર છે કે આખી વસ્તુના ભાગનો સુધારો થઇ શકે પણ સુધારાનો ભાગ થઇ શકે નહિ.

આત્માના સ્વરાજના ભાગ બની શકતા નથી. ભાગમાં આત્માનું સ્વરાજ આવે એટલે કે અમુક માણસને આત્મજ્ઞાન થાય અને બીજાને ન થાય; પણ આત્મજ્ઞાનના ભાગ થઇ શકે નહિ. જ્યાં ભેદ છે ત્યાં આત્મજ્ઞાન નથી.

સુધારો એટલે પૂર્ણ સુધારો. વળી પૂર્ણ સુધારો વખતો વખત ફરે નહિ. પૂર્ણ સુખ અંતમાં નથી પણ શરૂઆતમાં છે. તેથી એમ કહેવું કે ભૂતકાળમાં સુધારો હતો, ભવિષ્યકાળમાં થશે, પણ હમણા નથી એ વાત માની શકાય તેવી નથી. દરેક વખતે પોતાનું ચાલુ જીવન હલકું માનવામાં લાભ નથી. જેને હલકું લાગે છે તેણે પોતાના જીવનમાં શું જોઇએ છે તેનો પુરો વિચાર કરેલો હોતો નથી. ઉત્તમ વસ્તુ ધ્યાનમાં રાખ્યા વીના સુધારાનો કાંઇ અર્થ નથી. છતાં ઉત્તમ વસ્તુ મળે એટલે પણ સુધારાનો કાંઇ અર્થ નથી.

આત્મજ્ઞાન એ મનુષ્ય જીવનનું ઉત્તમ ફળ છે એમ માની સુધારાના વિચાર કરીએ તો તે વિચાર ખોટા થશે નહિ એટલુંજ નહિ પણ સુધારાને સાચી દિશા મળશે. વારંવાર સુધારાનું ધ્યેય બદલાવવું પડે તેનું નામ સુધારા નથી. છેવટ શું મળવાનું છે તે સુધારા શરૂ કર્યા પહેલાં સમજવું જોઇએ.

માટે એવા સુધારાની જરૂર છે કે જેથી સુધારાનો અંત આવે. સરકાર સુધારા કરે તે પહેલાં

કવીઓ અને મહાત્માઓ સુખ મેળવી લે છે. સૂર્ય, ચંદ્ર, તારા, પર્વત, સમુદ્ર, પક્ષીઓ, સ્ત્રી, બાળક વિગેરેનાં વર્ણન કવિઓ એવી રીતે આપે છે કે જાણે દરેક સુખમય હોય, જાણે કે સુખ માટે સુધારાની જરૂર ન હોય અને વખતની જરૂર ન હોય. આત્માના અનુભવો સંસારના અનુભવો જેવા હોતા નથી.

હાલના ઘણા માણસ ઉત્ક્રાન્તિ ( એટલે evolution ) ને સુધારા કહે છે. તેઓ એમ કહે છે કે માણસ આગલા જન્મમાં પશુ હતો અને સુધરતો સુધરતો માણસ થયો છે. આપણું જીવન પણ ખરાબ છે માટે સુધારવાની જરૂર છે એ હાલના યુગની વાતો છે. પણ સુધરતાં સુધરતાં કયાં પહોંચવું છે, અને કઇ દિશામાં સુધારો કરવો જોઇએ? બીજા દેશો વધે છે તેમ વધવું એને સારૂં કહિ શકાય નહિ. તેઓ કઇ બાબતમાં આગળ વધી ગયા છે અને આપણે કઇ બાબતમાં પાછળ રહી ગયા છીએ એ જાણવું જોઇએ. વિષય સુખની દ્રષ્ટીએ તેઓ આગળ વધી ગયા છે પણ આધ્યાત્મિક સુખની દ્રષ્ટીએ તેઓ આગળ વધી ગયા નથી અને આપણે પાછળ રહી ગયા નથી.

સંસારી સુખ કરતાં આત્માનું સુખ મોટું અને સારૂં છે એવું કહેનારા વ્હેમી છે એમ માની શકાય નહિ. માણસને ચીરી ચીરીને તેના જુદા જુદા ભાગ જોવાથી માણસ મળશે નહિ. તેમજ જગતના જુદા જુદા ભાગ જોવાથી ખરૂં જગત મળશે નહિ.

વળી બીજી એક મુશ્કેલી એ છે કે ઘણાને વ્યવહાર અને પરમાર્થ એ બન્ને સાથે રહે એવું ગમે છે. ભગવાન જો સર્વત્ર સર્વદા છે તો સંસારમાં કેમ ન મળે? આપણે પણ જનકની પેઠે સંસારમાં રહીને ભગવાન કેમ મેળવી ન શકીએ. પણ ખરીરીતે જોતાં જણાશે કે સંસારમાં રહીને ભગવાન મેળવવાના નથી પણ ભગવાનમાં રહીને સંસાર ચલાવવાનો છે. જનક-રાજા પણ ભગવાનમાં રહીને રાજ્ય ચલાવતા હતા. રાજ્ય ચલાવ્યા પહેલાં તેણે એકાંતમાં જઇ આત્મ-જ્ઞાન મેળવ્યું હતું.

વ્યવહારના કાર્યોમાં ભગવાનનો સાક્ષાત્કાર થઇ શકે છે પણ તે લાભ જેને જોતો હોય તેનામાં ભગ-વદ્‌ભાવ પહેલાં આવવો જોઇએ. જ્યાં જ્યાં આપણે જે જે વખતે ફરીએ ત્યાં ત્યાં તે તે વખતે જો સંસાર

આપણી આગળ પહેલો રહેશે તો સંસારમાં ભગવાન મળશે નહિ. ભગવાન મરી ગયા નથી પણ જોનારમાં જે ભાવ અંદર હોય તે બહાર મળે છે. અંદર વિષ-યોની ઇચ્છા હોય તો બહાર પણ ભગવાન વિષયો રૂપે દેખાશે પણ તે વખતે ભગવાન તેવે રૂપે આવે છે તેની ખબર રહેશે નહિ. જેવા રૂપે આપણે આપણો આત્મા આપણી આગળ માગીએ છીએ તેવા રૂપે તે તેવું રૂપ લઇને આપણી આગળ આવે છે. આપણા સંજોગો આપણી ગુપ્ત ઇચ્છાઓને સંતોષ થાય તેવા થઇને આપણી પાસે આવે છે. તેને ફેરવવા હોય તો ઇચ્છા ફેરવવી જોઇએ; તેમાં દ્રઢતા જોઇએ અને ધીરજ જોઇએ.

હાલના સુધારા માણસને પોતાની બહાર કાઢે છે. આગલા યુગના સુધારા તેને તેના હૃદયમાં સુખ આપતા હતા. હાલના સુધારા જીવનના શરૂઆતના ધર્મ અને જીવનના છેડાના ધર્મને પ્રથક કરે છે, આગલા કાળમાં બ્રહ્મચર્ય અવસ્થામાંજ પરોક્ષ જ્ઞાન મળી જતું હતું. તેથી માણસો ભગવાનમાં રહીને સંસારનો અનુભવ કરતા હતા. હાલના માણસ જ્ઞાન વગર સંસારમાં

પડે છે અને કોઇ પાસેથી સાંભળ્યું હોય કે ભગવાન સંસારમાં પણ મળી શકે છે તેથી જ્યાં પોતાનો સ્વાર્થ હોય ત્યાં ભગવાનને જોવાને પ્રયત્ન કરે છે. હાલના વખતમાં સમાજના ધર્મના જોરને લઇને ગરીબ માણસોને ભગવાન રૂપે જોવાની અને તેની સેવા કરવાની ઇચ્છા થાય છે, પણ જ્ઞાન વગર હલકી સેવામાં ઉતરવું પડે છે. તેમ ભવિષ્યમાં જ્યારે ગરીબાઇ નહિ હોય ત્યારે સ્વાર્થથી સ્ત્રીઓમાં ભગવાન જોવાની ઇચ્છા થશે પણ જ્ઞાન વગર માત્ર ખોટા ક્ષેત્રનો મોહ વધશે. પોતાના ગુપ્ત દોષો કેટલા હોય છે અથવા પોતાની દ્રષ્ટીમાં દરેક વખતે દરેક જગ્યાએ ભગવાન આવે છે કે નહિ તે જાણવાની સંભાળ રહેતી નથી.

માત્ર ફેરફાર થાય તેને સુધારા કહી શકાય નહિ. ફેરફાર કઇ દિશામાં અને કેવા પ્રકારનો થાય છે તે જોવું જોઇએ. કેટલાક કહે છે કે જીવનમાં ફેરફાર કરતા રહો એટલે કોઇ વખત સુધારો થઇ જશે. પણ સુધારો ફેરફારને લાગુ કરીએ તોએ ફેરફાર કરનારને લાગુ પડતો નથી. ફેરફાર કરનાર ફરતો નથી. તેની દ્રષ્ટીએ છેડો અને શરૂઆત બન્ને સરખા છે.

માત્ર ફેરફારથી કાંઇ સમજાશે નહિ. જે ફેરફારનો અંત નથી તે ફેરફારનો અર્થ નથી.

હાલના ઘણા માણસોને નવું નવું બહુ ગમે છે. તેઓ એમ માને છે કે જગતમાં નવું નવું ઉત્પન્ન ન થાય તો જગત શા કામનું? પણ તે છતાં એ પણ સમજવું જોઇએ જે નાટકને અંતે બધા મરી જાય તે નાટક પણ શા કામનું? આગળના યુગના માણસો જીવનનો હેતુ સમજતા હતા. હાલના માણસ કહે છે કે અમે હેતુ ન સમજતા હોઇએ તોપણ આગળ વધીએ છીએ. અમે નવું નવું જોઇએ છીએ. જ્યારે તેઓને એક હેતુ ન મળે ત્યારે બીજો હેતુ શોધી કાઢે છે અને ભવિષ્યમાં સાચો હેતુ મળી રહેશે એમ કહે છે. જીવનનો હેતુ સમજ્યા પછી જીવન ઘડવાને બદલે જીવન ઘડીને જીવનનો હેતુ સમજાશે એમ માને છે.

જીવનનો છેડો જીવનનો હેતુ સિદ્ધ કરવામાં રહેલો છે. તે હેતુ આત્મસાક્ષાત્કાર કરવાનો હશે તો જીવનના અંત પહેલાં પુરો થવાનો સંભવ છે પણ જો વાસનાની તૃપ્તિ એટલે વિષયભોગની ઇચ્છા તે હેતુમાં

હશે તો જીંદગીને અંતે પણ તે પુરી થવાની નથી. નાટકને અંતે જો સારો ભાવ ઉત્પન્ન ન થાય અને દુઃખમાં તેનો અંત આવે તો તે નાટક લોકપ્રિય થતું નથી.

ઇતિહાસમાં સમજાવેલ સુધારા રાગદ્વેષથી લખાએલા હોય છે. રાગદ્વેષ બાદ કરીએ તોપણ ઇતિહાસમાં બતાવેલા સુધારામાં અમુક પ્રકારનો હેતુ રહેલો હોય છે. કયે વખતે કયા દેશના માણસોએ કયા પુરૂષાર્થ કરેલા હતા તે ઇતિહાસમાં બતાવેલું છે. કોઇએ વેપારમાં વધારો કર્યો છે, કોઇએ ધર્મની ઉન્નતિ કરી છે, કોઇએ હુન્નર ઉદ્યોગ વધાર્યા છે.

કોઇ ઇતિહાસકાર કોઇ વખતે કોઇ દેશની પડતી બતાવે છે, કોઇ કહે છે કે ચડતી પડતીનું ચક્કર ચાલ્યા કરે છે. જ્યારે અમુક દેશની વાત થતી હોય, અમુક કાળની વાત થતી હોય અને એક હેતુ સારો મનાતો હોય ત્યારે તે દ્રષ્ટીએ ચડતી પડતીના વિચાર થઇ શકે છે પણ જ્યારે જીવનનો હેતુ ફરતો હોય ત્યારે ચડતી પડતીના વિચાર ગોટે ચડે છે. તેથી જીવનના ફેરફાર સાથે જીવનનો હેતુ કાયમ રહે તેવો હોવો જોઇએ.

ખરા સુધારા માટે જીવનની કિંમત સમજવી જોઇએ. તે કિંમત આત્મજ્ઞાનમાં છે. આ વાત નક્કી છે છતાં દરેક યુગમાં માણસ સુધારાના વિચાર કરે છે. તેનું કારણ એ છે કે 'આત્મજ્ઞાન' એ શબ્દનો અર્થ સામાન્ય બુદ્ધિ ગ્રહણ કરી શકતી નથી અને જ્યારે સાચી વાત ગ્રહણ થતી નથી ત્યારે ખોટી વાત પકડાય છે.

આત્મજ્ઞાન એ જીવનનું ફળ છે એમ માની સુધારા કરીએ તો તે વિચાર ખોટા થશે નહિ એટલું જ નહિ પણ સુધારાને સાચી દિશા મળશે. હાલમાં રાજકીય સુધારામાં ઘણે ભાગે આ વાત ભૂલાઇ જવાય છે. પહેલાના વખતમાં રાજાઓ પણ આ બાબતની કિંમત સમજતા હતા, તેમને રાજ્ય પણ એટલું તુચ્છ લાગતું હતું કે તેઓ રાજ્ય છોડી એકાંતમાં જઇ કોઇ સદ્ગુરૂ પાસેથી આત્મસાક્ષાત્કારનું સાધન મેળવતા હતા.

હાલના રાજકીય સુધારા એ વેપારી અને મજુરના સુધારા છે. તેમાં માણસનો સ્વભાવ સુધારવાનું સાધન બહુ ઓછું છે. જ્યાં સ્વભાવ સુધરે નહિ ત્યાં ખરો સુધારો થતો નથી

પોતાને કેવું થવું છે તે સમજી જીવન ઘડવું જોઇએ. સામાન્ય જ્ઞાનથી જે કર્ત્તવ્ય પ્રાપ્ત થાય છે તે ખરૂં કર્ત્તવ્ય નથી. છતાં, સાચી દિશામાં કામ કરતાં કર્ત્તવ્યની ખબર પડે છે. માટે જે જ્ઞાનથી સત્યનો અનુભવ થાય તે જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ અને તે જ્ઞાન પ્રમાણે જીવન ગાળવું જોઇએ.

સરળતાથી પરમાત્મા તરફ વળવું જોઇએ. માણુસના દુર્ગુણોમાં તેની સત્તા સામે થવાની શક્તિ નથી. બહુ સારા થવાની મહેનત કરવાની નથી. બહુ સારા થવાથી બીજાના દોષો જોવાનું મન થશે અને બીજા પાસે પોતાના વખાણ કરાવવાની આશા રહેશે. જીવન સરળ અને શ્રદ્ધાવાળું જોઇએ. તેવા ભાવથી પરમાત્મામાં માણુસ ભળે છે અને તેની તેને ખબર રહેતી નથી.

સુખને લોભથી શોધવું નહિ અને દુઃખથી બીવું નહિ. બન્ને ખોટા છે. પરમાત્મામાં આપણી કલ્પનાના જેવું સુખ નથી અને દુઃખ નથી. વનસ્પતિ, ડુંગરો, સમુદ્રો આપણા ભાઇઓ છે. હવા અને તેજ આપણા સગાં છે. દીવસે દીવસ સુખ આપશે, રાત્રે રાત્રી

સુખ આપશે. જીવનમાં જેમ સૌંદર્ય છે તેમ મરણમાં પણ સૌંદર્ય છે.

જેઓને સત્ય સમજાઇ ગયું છે અને અસત્યમાં જેમની વૃત્તિ જતી નથી તેઓ જીવન મુક્ત છે; તેમને માટે કાળની જરૂર નથી. જેમને ઘણું કામ કરવાનું રહી ગયું હોય છે તેમને ઉતાવળ રાખવી પડે છે કારણ કે તેમની માનેલી જીંદગી લાંબો વખત રહેતી નથી. તેથી તેઓ કાળને કહે છે કે " જરા અટકી જા તો કેવું સારૂં ! " છતાં જો કાળ પૂછે કે તારૂં કામ કયારે પુરૂં થશે તો તેનો જવાબ તેઓ આપી શકશે નહિ કારણ કે પુરૂં થાય એવું કામ તેઓ શરૂ કરતા નથી. તેમનું દરેક કામ પુરૂં થયા પછી કાંઇક કરવાનું રહી જાય છે; તેથી મરણની બીક લાગે છે. જેણે પોતાનું કામ કરી લીધેલ છે તેને માટે મરણ આજે આવે કે પચાસ વર્ષ પછી આવે તે સરખુંજ છે. જેણે જમી લીધું છે તેને રસોડામાં બેસાડો કે દીવાનખાનામાં બેસાડો તેમાં ફેર લાગતો નથી.

માણસ પોતાની ઇચ્છાથી ઉંઘવાનો પ્રયત્ન કરે તો ઉંઘી શકશે નહિ પણ શરીરના, પ્રાણના અને

મનના બધા કરણ ઢીલા કરી નાખે તો તરત ઉંઘી શકે છે. તેવીજ રીતે સ્વભાવમાં સરળતા આવી જાય તો સમતાથી તરત આનંદ આવે છે. સ્વર્ગ ઉપર નથી પણ આત્માની અંદરની દશામાં છે.

વળી જ્યારે વ્યવહારિક લાભનો વિચાર થતો હોય ત્યારે પ્રવૃતિથી લાભ છે એમ કહેવામાં હરકત નથી; પણ જ્યારે આત્મ કલ્યાણનો વિચાર થતો હોય અને તે કલ્યાણ પ્રવૃતિથી મળવાનું હોય તો આત્માને ભવિષ્યમાં રાખવો પડશે અને હાલ તે નથી એમ કહેવું પડશે; એક પરિણામમાંથી બીજું પરિણામ આવશે ત્યાં આત્માની જગ્યા રાખવી પડશે.

પણ આત્મ જ્ઞાની પુરૂષોનો અનુભવ એવો છે કે આત્મા પરિણામનું પરિણામ નથી પણ કારણનું કારણ છે. તે અનુભવ વખતે ઉત્પન્ન થતો નથી પણ તે છે તેથી તેનો અનુભવ થાય છે. તેની શોધ બીજી વસ્તુ-ઓની શોધ જેવી નથી. આપણે ભગવાનને પકડવા નહિ પણ તે આપણને પકડે તેમ રહેવું જોઇએ. આપણે તેનાથી જુદા થતા નથી એવી શ્રદ્ધા રાખવી જોઇએ. જેની સત્તાથી સાધના થાય છે તેને સાધના

પહોંચી શકે નહિ પણ શ્રદ્ધા અને પ્રેમ પહોંચી શકે છે.

જે લોકોને આ સુખ મળ્યું હોય છે તેઓ નવી જાતની ભાષા બોલે છે. તેને સમાધિ ભાષા કહે છે તે સમજવા જેટલી તૈયારી જોઇએ.

જે સ્વરૂપમાં કર્તૃત્વનો નાશ છે, જેમાં હમેશાં પ્રજ્વલીત, સ્વપ્રકાશરૂપ, સ્વયંજ્યોતિ પોતાના પ્રકાશથીજ પ્રકાશીત છે, તે સ્વરૂપ સમજીને પ્રાપ્તિ અથવા અપ્રાપ્તિના કોઇ ભાવથી અલગ ન રહેવું, પોતાનું મહત્ત્વ વધારવાની ઇચ્છાથી અથવા વૃથા ચેષ્ટાથી પરિભ્રમીત ન થવું, સહજ અને સરળ પ્રકૃતિવાળું કર્મ મળે તે કરવું એ માનવ જીવનનું કર્તવ્ય છે, જગતનું વૈકુંઠ છે, એજ સહજ સરળ આનંદ છે.

સુધારાના મોજાંઓ ચડે છે અને ઉતરે છે પણ જુનું જ્ઞાન જુનું થતું નથી, જુની વસ્તુઓ જુની થતી નથી, જુની વાતો જુની થતી નથી. બાળકો જેમના તેમ રમે છે, જુવાનીઆઓ જેમના તેમ વર્તે છે, વૃદ્ધો જેમના તેમ પોતાના જીવન યાદ કરે છે. બધું બરાબર છે અને લાખો વર્ષ પછી પણ બરાબર રહેશે.

વિશ્વ તમારૂં ઘર છે. આકાશ તમારા ઘરનું છાપરૂં છે, પૃથ્વી આંગણું છે, પ્રાણી સગાં છે.

ઘર રહેશે, ઘણુ ઘરની ચિંતા રહેશે નહિ;

જ્યાં પગ મૂકીએ ત્યાં પૃથ્વી ઉપર પડે છે, તેમ જે કામ કરીએ તે ભગવાનમાં રહે છે;

કોઇ વાતની ન્યુનતા નથી;

જેને મળ્યા પછી કાંઇ જોવાનું રહેતું નથી તે હાજર છે;

જેને જોયા પછી કાંઇ જોવાનું રહેતું નથી તે બોલાવે છે;

જે માણુસ પહેલો મળે તેને બરાબર જુઓ;

ભગવાન મરી ગયા નથી;

સુખ સામું આવે છે;

ભાષા ભૂલાવે છે, મૌન સમજાવે છે.

# પ્રકરણ ૭ મું.

## માણસ અને રૂષી.

અંગ્રેજી વિદ્યાના સંસ્કાર આ દેશમાં આવ્યા ત્યારથી આંહીની વિદ્યામાં ઘણા ફેરફાર થયા છે. તેનાથી કેટલોક લાભ થયો છે અને કેટલોક ગેરલાભ થયો છે. કેટલીક ખોટી માન્યતાઓ દૂર થઇ છે અને કેટલીક ખોટી માન્યતાઓ આપણી કેળવણીમાં દાખલ થઇ ગઇ છે.

માણસની ઉત્પત્તિની બાબતમાં યુરોપનું સાયન્સ એમ સમજાવે છે કે આ પૃથ્વી ઉપર લાખો વર્ષ પહેલાં માણસો નહોતા પણ પશુ, પક્ષી, સર્પ વિગેરે ભૂચર અને ખેચર પ્રાણીઓ હતા. તે પહેલાના કાળમાં તેમના કહેવા પ્રમાણે પૃથ્વી એવી ગરમ હતી કે કોઇ જીવ તે ઉપર રહી શકે તેમ નહોતું. તે વખતે જળમાં માત્ર જળચર પ્રાણીઓ એટલે માછલા, મગર વિગેરે હતા. માણસોમાં પશુઓના જેવી વાસનાઓ છે તેથી માણસ પશુમાંથી આવ્યા હશે એમ એક પુરાવો તેઓ

આપે છે. બીજો પુરાવો એ આપે છે કે સ્ત્રીના ગર્ભમાં રહેલ જીવ પહેલાં માછલા જેવો દેખાય છે, તે પછી સર્પ જેવો આકાર ધારણ કરે છે, પછી પશુ જેવો દેખાય છે અને પછી માણસ જેવો આકાર લઇ બહાર આવે છે. આ મતને ઉત્ક્રાન્તિવાદ એટલે 'ઇવોલ્યુશન' કહે છે.

પૃથ્વીની ઉત્પત્તિ માટે એમ કહેવાય છે કે પહેલાં તે જળમય હતી. જળ ઉત્પન્ન થયા પહેલાં તે તત્ત્વો સૂર્યમાં હતાં. સૂર્ય વાયુ અને આકાશમાં રહેલા ગ્રહ-મંડળમાંથી છૂટો પડયો હતો. તે ગ્રહ-સમૂહને અંગ્રેજીમાં "નેબ્યુલા" કહે છે. "નેબ્યુલા"ની બનાવટ માટે એમ કહેવાય છે કે કોઇ બીજી પૃથ્વીના પ્રલય વખતે તેના છૂટા થએલા રજકણો ભેગા થઇને "નેબ્યુલા"ના તત્ત્વરૂપે બંધાઇ ગયા હશે. આવી રીતે સ્થૂલ જગતની ઉત્પત્તિનું સ્થૂલ કારણ આપવામાં આવે છે. પણ જેમ પવનના ઝપાટાથી કોઇનું ઘર પડી જાય તેમ કુદ્રતના કોઇ કારણથી પૃથ્વીનો પ્રલય થાય પણ પવનના ઝપાટાથી કોઇનું ઘર બંધાઇ જતું નથી તેમ નવી પૃથ્વી પોતાની મેળે બંધાઇને "નેબ્યુલા"રૂપે તૈયાર થઇ શકે નહિ.

વળી આંહી ચેતનવાળા પ્રાણી પહેલાં કેવી રીતે ઉત્પન્ન થયા અને મનવાળા મનુષ્ય પહેલાં કેવી રીતે આવ્યા તે યુરોપનું સાયન્સ બરાબર સમજાવી શકતું નથી. જડમાંથી ચેતન ઉત્પન્ન થતું નથી. એક પુરૂષનું મડદું અને એક સ્ત્રીનું મડદું ભેગું કરવાથી તેમાંથી ત્રીજું શરીર ઉત્પન્ન થતું નથી. પણ ચેતનમાંથી નખ અને વાળ જેવી જડ વસ્તુઓ પણ ઉત્પન્ન થઇ શકે છે. સ્થૂલ વસ્તુની ઉત્પત્તિનું કારણ સૂક્ષ્મ તત્ત્વમાં રહેલું હોય છે. સૂક્ષ્મ તત્ત્વ સ્થૂલ કરતાં મોટું હોય છે. મોટામાંથી નાની વસ્તુ ઉત્પન્ન થઇ શકે પણ નાનામાંથી મોટી ઉત્પન્ન થઇ શકે નહિ.

બીનો વિચાર છોડીને ઝાડનો વિચાર કરી શકાય નહિ પણ બીની ક્રિયા ક્યાંથી શરૂ થાય છે તે સમજવું જોઇએ. માત્ર બીનો સ્થૂળ દેખાવ જોઇને આ બાબત નકી કરી શકાય નહિ. શરીરનો રસ, પ્રાણની ગતિ વગર બહાર આવતો નથી. પ્રાણ મનની ગતિ વગર ચાલતો નથી. મન સંસ્કાર પ્રમાણે એટલે હૃદયની લાગણી પ્રમાણે ચાલે છે અને સંસ્કાર મન પ્રમાણે બંધાય છે. તેથી પહેલાં સંસ્કાર ક્યાંથી આવ્યા તે જોવું જોઇએ.

પ્રાણની ગતિ માણસની લાગણીથી સમજાય છે, મનની દશા પણ માણસ સમજી શકે છે, પણ જ્યારે મનની ઉપરના તત્વોની વાત થાય છે ત્યારે સમજણમાં મુશ્કેલી વધતી જાય છે.

હિંદમાં તાંત્રિક મતવાળા અને કર્મ માર્ગવાળા જીવની ઉત્પતિ તેના સંસ્કારથી સમજાવે છે. મરણ વખતે સંસ્કારનો સૂક્ષ્મ પ્રદેશ મોટો થાય છે, તેને વિકાસ શક્તિ કહે છે. જનમ વખતે તે સંસ્કારનો સંકોચ થાય છે અને તે એક સૂક્ષ્મ બિંદુનું રૂપ લે છે. દેખાવમાં તે બિંદુ અણુ લાગે છે પણ શક્તિની દ્રષ્ટીએ તેમાં મહાન ક્રિયાઓ રહેલી હોય છે. ઝાડના નાના દેખાતા બીમાં ઘણી શક્તિ દેખાય છે. હોમીઓ-પેથિક દવામાં અને દેશી વૈદોની માત્રામાં શક્તિ માટે બહુ ઝીણી દવા આપવામાં આવે છે. સંસ્કારથી ઉત્પન્ન થએલ ચેતન-બિંદુ એટલું નાનું હોય છે કે તેના ભાગ થઇ શકતા નથી. તે મનની ઉપરના પ્રદેશમાંથી આવે છે અને તેના ભવિષ્યના માબાપના મનમાં દાખલ થાય છે. ત્યાં પોતાનું કામ કરી પછી તેમના પ્રાણમાં દાખલ થાય છે અને તે

પછી શરીરમાં દાખલ થાય છે. તે વખતે સ્ત્રી પુરૂષો પોતાના શરીરમાં સમાઇ શકતા નથી. તેમનો પ્રદેશ મોટો થાય છે અને સુખમાં વખત ટુંકો થાય છે. તે માપવા માટે પુટ અને ઘડીઆળના માપ કામ આવતા નથી. એ વિશાળ ભાવમાં તેમની વૃત્તિ ક્ષણવાર શાંત થઇ જાય છે. તેમને તે વખતે ખરીરીતે આત્માનું સુખ મળે છે પણ ભૂલથી એમ લાગે છે કે તે શરીરનું સુખ છે. વૃત્તિનો ચંચળ સ્વભાવ અને આવનાર જીવના સંસ્કાર તેમના પ્રાણોની વિશાળતા સ્થિર રહેવા દેતા નથી.

ચેતન-બિંદુ, આ પ્રમાણે પોતાના સંસ્કારની અસરથી અને કાંઇક અંશે માબાપના ક્ષેત્રના સંસ્કારની અસર લઇને જ્યારે જન્મે છે ત્યારે પોતાને જીવ માને છે. શરૂઆતમાં નાની ઉમરના બાળકને તેની મા ઉપાડીને ચાલે છે. ત્યાંસુધી તેને તેના દેહનું બહુ ભાન હોતું નથી. જ્યારે તે ચાલવા શીખે છે ત્યારે તેને એમ જોવામાં આવે છે કે પોતાનું શરીર ચાલે છે તોએ ઘરની બીજી વસ્તુઓ ચાલતી નથી. આ વખતે પોતાનું જે શરીર ચાલે છે તેને “ હું ” કહે છે અને જે તે વખતે ચાલતું લાગતું નથી તેને “ હું નહિ ”

એમ માને છે. તેના જીવ ભાવની ઉત્પતિ વખતેજ તેનું જગત ઉત્પન્ન થાય છે. તેથી જ્યાંસુધી તેના સામાન્ય સંસ્કાર જતા નથી ત્યાંસુધી ખરૂં જગત તેના જાણવામાં આવતું નથી.

પણ આંહી સુધી માત્ર સૂક્ષ્મ તત્ત્વોનો વિચાર થયો. સંસ્કાર પહેલાં કયાંથી આવ્યા તે નકી થયું નહિ. કર્મ પ્રમાણે ફળ મળે છે એટલું સમજવામાં આવ્યું. તેટલામાં પ્રકૃતિનો સ્વભાવ કામ કરે છે પણ પુરૂષનો એટલે આત્માનો સ્વભાવ સમજવો હોય તો ચેતન-બિંદુમાં, બિંદુના સ્વભાવ કરતાં ચેતનનો સ્વભાવ પહેલાં સમજવો જોઇએ. તેમાં સૂક્ષ્મ સંસ્કારનું કારણ રહેલું છે. તે સમજાય ત્યારે જ્ઞાન પ્રમાણે ફળ છે, કર્મ પ્રમાણે ફળ નથી.

ચેતનનો સ્વભાવ જેના અનુભવમાં આવ્યો હોય છે તેમને જણાય છે કે ચેતનથી બિંદુ કદી જુદું થતું નથી. બાળક પણ માબાપની દ્રષ્ટીએ માબાપથી જુદો થતો નથી. બાળકનું શરીર એ માબાપનું પોતાનું શરીર હોય તેમ માબાપ તેને પોષણ આપી, રમાડી, ઉછેરે છે. જેમ જેમ બાળક શરીરે મોટો થતો જાય

છે તેમ તેમ તેનામાં વાસના વધતી જાય છે અને તે પોતે પોતાના સંસ્કારથી માબાપથી દૂર થતો જાય છે. પરણ્યા પછી માબાપને ઘણીવાર ભૂલી જાય છે. છતાં મોટી ઉમરે પણ માબાપની દ્રષ્ટીથી પુત્ર કે પુત્રી જુદા થતા નથી. આ નિયમથી જોતાં જણાશે કે જે મા-બાપના પણ માબાપ છે, પ્રભુ છે, તેનાથી તેની દ્રષ્ટીમાં જીવ કદી જુદો થતો નથી. પણ જીવ જેમ પોતાના સંસ્કારના દોષથી પોતાના શરીરના માબાપને પોતાથી જુદા માનતા શીખે છે તેમ પોતાના સ્વભાવના માબાપ પ્રભુને પણ પોતાના સંસ્કારથી જુદા માનતા શીખેછે.

ચેતન-બિંદુનાં, ચેતન ભાગમાં સત્તા, જ્ઞાન અને આનંદ રહે છે. બિંદુના ભાગમાં શક્તિ રહે છે. પહેલા ભાગને ચિદાકાશ પણ કહે છે. જ્ઞાન માર્ગવાળાને પહેલો ચિદાકાશનો અનુભવ થાય છે અને પછી તેમાં જીવ અને જગત દેખાવા લાગે છે. યોગ માર્ગવાળાને પહેલાં તેજોમય બિંદુનો અનુભવ થાય છે અને પછી ચિદાકાશનો અનુભવ થાય છે. છતાં આ બન્ને નિત્ય સાથે રહે છે. તેને શિવ-શક્તિ પણ કહે છે. તેમનો સંબંધ સામાન્ય ભાષાથી સમજાવવો મુશ્કેલ પડે છે.

કાળની ગતિ.

વેદમાર્ગમાં મૂળ કારણથી એટલે બ્રહ્મથી ઉત્પત્તિ બતાવેલ છે. બ્રહદારણ્યક ઉપનિષદ્‌માં એક એવી કથા છે કે બ્રહ્મા (અથવા બ્રહ્મ) પહેલાં એકલા હતા. તે વખતે તેને આનંદ લાગ્યો નહિ એટલે તેમણે પોતાના સ્વરૂપમાંથી પુરૂષપ્રકૃતિનું જોડલું ઉત્પન્ન કર્યું. પુરૂષ મનુ થયા અને સ્ત્રી શતરૂપા થઇ. શતરૂપાને આ સમાગમમાં એમ શંકા થઇ કે મને ઉત્પન્ન કરી તે મારી સાથે કેમ રમે છે? તેથી શતરૂપા ગાય થયા એટલે મનુ બળદ થયા. તેમાં પણ તેવોજ સંબંધ રહેવાથી શતરૂપા ઘોડી થયા એટલે મનુ ઘોડો થયા. તેમાં પણ ફેરફાર ન થયો એટલે શતરૂપા બકરી થયા એટલે મનુ બકરો થયાં વિગેરે. જેમ જેમ અરીસાના આકારમાં ફેર પડતો ગયો તેમ તેમ નવા સંસ્કારમાં નવા શરીર અને નવા ક્ષેત્ર ઉત્પન્ન થતા હોય એમ શતરૂપાને લાગવા માંડયું; પણ મનુને પોતાની દ્રષ્ટીએ ફેરફાર લાગતો નહોતો કારણ કે તે બધા શરીરમાં શતરૂપાને જોતા હતા. ઉત્પત્તિની આ રીત હાલના નવા સાયન્સની શોધને ઘણે અંશે મળતી આવે છે.

યુરોપના હાલના નવા સાયન્સે થોડાં વર્ષ થયાં પ્રયોગથી એમ સિદ્ધ કર્યું છે કે જગતની બધી

વસ્તુઓ બે તત્ત્વથી બની છે. એકને વીજળીનું તત્ત્વ કહે છે, બીજાને આકર્ષણનું તત્ત્વ કહે છે. વીજળીનું તત્ત્વ તેજ આપે છે, આકર્ષણનું તત્ત્વ તે તેજની દિશા ફેરવી અથવા ગતિ ફેરવી તેમાંથી ઘાટ ઉત્પન્ન કરે છે.

વીજળીનું તત્ત્વ સત્તા આપે છે, આકર્ષણનું તત્ત્વ માપ ઉત્પન્ન કરે છે. બંને સાથે રહે છે. જે જગ્યાએ જે પ્રકારનું આકર્ષણ રહે છે ત્યાં તે પ્રકારના દેશ અને કાળ ઉત્પન્ન થાય છે. તેથી દરેક જીવ માટે પોતાની ભૂમિતિ રહે છે. તે જીવથી કયો પદાર્થ કેટલો દૂર છે એ જાણવું હોય તો તેને તે પદાર્થ ઉપર કેટલો પ્રેમ છે તેનું માપ કરવું જોઇએ. બધા માણસ માટે બધી વસ્તુ સરખી દૂર હોતી નથી. જેને જે વસ્તુ ઉપર પ્રેમ હોય છે તે દૂર છતાં નજીક લાગે છે. ઘણા વખત પહેલાં બની હોય તે હાલ બનતી હોય તેમ લાગે છે. હાલના નવા સાયન્સવાળા હિસાબથી સિદ્ધ કરી શકે છે કે સ્થૂલ તત્ત્વોની જગ્યા અને કાળ પણ નિયત નથી. બધા પદાર્થો પોતાના ક્ષેત્રના આકર્ષણના નિયમને અનુસરે છે. ક્ષેત્ર ફેરવવાથી આકર્ષણ ફરે છે, આકર્ષણ ફેરવવાથી ક્ષેત્ર ફરે છે. નવા આકર્ષણમાં

દેશ અને કાળનું જે માપ ઉત્પન્ન થાય છે તે માપથી તે ક્ષેત્રનું જીવન બરાબર હોય છે. પણ જ્યારે એક ક્ષેત્રના માપથી બીજા ક્ષેત્રનું માપ કરવા જઇએ છીએ અથવા પોતાના એક વખતના સંસ્કારથી બીજા વખતનું જીવન માપીએ છીએ ત્યારે જીવન નાનું કે મોટું લાગે છે અથવા સારૂં કે નરસું દેખાય છે.

માણસનું શરીર માણસના ક્ષેત્રના આકર્ષણથી ઉત્પન્ન થાય છે. પણ શરીર એ માણસ નથી. તે માણસના જીવનનું માપ છે. પ્રાણ અને મન પણ તેના જીવનના માપ છે. તે માપથી તે આં જગતનો અનુભવ લે છે. બીજા ક્ષેત્રના આકર્ષણથી બીજા પ્રકારના શરીર મળે છે. ભરતમુનિને હરણમાં પ્રીતિ થવાથી હરણનો જન્મ આવ્યો હતો તોપણ તે શરીરમાં પણ ભરતમુનિ હતા. આ દ્રષ્ટીએ જોતાં પશુઓના શરીરોમાં કેટલા મહાત્મા હશે અને મહાત્માના શરીરોમાં કેટલા પશુ હશે તે કોણ કહી શકશે! હરણના શરીરની પ્રીતિનો વેગ પુરો થયો એટલે પાછા જડભરત થઇ નાની ઉમરમાં આશ્ચર્યકારક જ્ઞાન પ્રાપ્ત કરી તેણે રહુગણ રાજાને ઉપદેશ આપેલ છે. હલકા પ્રકારના આકર્ષણથી હલકા

પ્રકારનું શરીર આવે છે અને ઉત્તમ પ્રકારના આક-ર્ષણથી ઉત્તમ પ્રકારનું શરીર આવે છે. કાળની ગતિ એક પ્રકારની નથી. જેવું આકર્ષણ તેવું શરીર અને તેવો કાળ ઉત્પન્ન થઇ જાય છે. તેની દિશા ઉપર છે તેમજ નીચે છે. નવા નવા આકર્ષણથી ઉત્પન્ન થતા નવા નવા ક્ષેત્રોને વેદમાં મનુની સ્ત્રી શતરૂપા (એટલે સેંકડો રૂપ ઉત્પન્ન કરનાર) કહે છે.

તેજનું તત્ત્વ ન હોય તો આકર્ષણનું તત્ત્વ પોતાનું કામ કરી શકતું નથી. સામાન્ય રીતે તેજનું તત્ત્વ અવિચળ છે, પણ આકર્ષણના ક્ષેત્રમાં તેની દિશા ફરે છે. યોગી યોગબળથી જ્યારે મનની ઉપરના ક્ષેત્રમાં જાય છે ત્યારે ત્યાં તેને સૂક્ષ્મ તેજનો અનુભવ થાય છે. તે તેજની દિશા જોઇ તે પોતાના પૂર્વજન્મ અને કર્મ જાણી શકે છે અને કોઇ વખતે બીજા માણસના જન્મ અને કર્મ વિષે કેટલીક હકીકત આપી શકે છે. આ સૂક્ષ્મ તેજનો અનુભવ સમજવા માટે, કાંઇક અંશે નવા સાયન્સવાળાએ શોધેલ સ્થૂલ તેજનો સ્વભાવ જાણવો ઉપયોગી થઇ પડશે.

નવા સાયન્સમાં શોધાએલ સ્થૂલ તેજની ગતિ એક સેકન્ડમાં ૧૮૬૦૦૦ માઇલ છે. તે સીધી લીટીમાં

જાય છે. તેની ગતિને તેજ આપનાર પદાર્થની ગતિ સાથે સંબંધ નથી. દ્રષ્ટાંત તરીકે, સૂર્યનું તેજ સામાન્ય રીતે આંહી સીધું આવે છે પણ સૂર્ય પોતે પોતાની ધરી ઉપર ગોળ ફરે છે. તેની પોતાની ગતિ, તેના તેજની ગતિ જેવી નથી. તેજની ગતિ હમેશાં સરખી રહે છે પણ જો વચ્ચે કોઇ આકર્ષણવાળું ક્ષેત્ર આવે તો તેજની દિશા ફરી જાય છે. તારાનું તેજ આંહી આવતા સૂર્યના આકર્ષણ આગળ તેની દિશા ફરી જાય છે; તેથી જ્યાં તારા છે ત્યાં આપણને તે દેખાતા નથી પણ જ્યાં નથી ત્યાં દેખાય છે. આ પ્રયોગ ઇ. સ. ૧૯૧૯ ના સૂર્ય ગ્રહણ વખતે થયો હતો. માણસોના પરસ્પર સંબંધમાં પણ, દ્રષ્ટીના કિરણોમાં મતલબી ભાવને લઇને, ખરા માણસો દેખાતા નથી.

રેડીઓ મારફત જ્યારે મુંબઇથી કોઇ ગાયન બીજી જગ્યાએ ફેકવામાં આવે છે ત્યારે જે જગ્યાએ જેવી જાતનું સામું યંત્ર હોય ત્યાં આકર્ષણ ઉત્પન્ન કરેલ હોવાથી, તેજની ગતિ વળીને ત્યાં ભટકાય છે અને ગાયન સંભળાવા લાગે છે. આ નિયમથી માત્ર સમાન સંસ્કારવાળા માણસ એક બીજાની વાતો સાંભળી

શકે છે અને સમજી શકે છે. જેની વાતો આપણને ગમતી ન હોય તે પુરી સાંભળવામાં આવતી નથી.

યોગીને અંતરાત્મામાં સૂક્ષ્મ તેજ દેખાય છે, અને જો તેમને આ તેજની દિશા ફેરવવાની શક્તિ મળી હોય તો તે શક્તિના પ્રમાણમાં તેઓ દૂરના પ્રદેશોના બનાવ કહી આપે છે. જે જગ્યાએ જે વખતે જે બનાવ બનતો હોય ત્યાં આ તેજ દ્વારા પહોંચી શકાય છે. આ તેજની ગતિ કોઇ માપી શકતું નથી. સ્થૂલ તેજની ગતિ એક સેકન્ડમાં ૧૮૬૦૦૦ માઇલ છે તો સૂક્ષ્મ તેજની ગતિ તે કરતાં વધારે હોવી જોઇએ.

યોગીને જે સૂક્ષ્મ તેજ જોવામાં આવે છે તેમાં બધું સત્ય સમજાઇ જતું નથી. ઘણીવાર આવા અનુભવમાં તેઓ પોતાની મતલબ તરત દાખલ કરી દે છે; તેથી તેજની દિશા તરત ફરી જાય છે. તેથી જે હોય તે તેઓ જોઇ શકતા નથી પણ જે જોવાની ઇચ્છા આગળથી રાખી હોય તે દેખાય છે. આ કારણને લઇને ભકતોને પોતાની ઇચ્છા પ્રમાણે ભગવાનના રૂપના દર્શન થાય છે અને વાસનાવાળા યોગીઓને વાસનાના રૂપ દેખાય છે.

અંદર સૂક્ષ્મ તેજ આપનાર તત્ત્વ, શક્તિ, જ્ઞાન અને આનંદ પણ આપે છે. જેનામાં બુદ્ધિનું જોર હોય તેને તેજને બદલે જ્ઞાન વધારે મળે છે, ભક્તિનું વધારે જોર હોય તેને આનંદ વધારે મળે છે, કર્મમાં બહુ જોર હોય તેને શક્તિ વધારે મળે છે. છતાં, એક અનુભવ પછી પુરતી સમતા હોય તો તેની સાથે રહેલા બીજા તત્ત્વોનો લાભ પણ મળી રહે છે.

પોંદેચેરીમાં ઘણા વર્ષ થયાં યોગ સાધનામાં રહેલ શ્રી અરવિંદ ઘોષ એમ માને છે કે આટલો અનુભવ પણ પુરતો નથી. તેજ, શક્તિ, જ્ઞાન, આનંદ મળ્યા પછી તેની મદદથી આપણા મન, પ્રાણ અને શરીરમાં ફેરફાર થવો જોઇએ. તે કહે છે કે ભૂતકાળના રૂષી-મુનિઓ આ રીતે મન અને પ્રાણના સ્વભાવ ફેરવી શક્યા હતા પણ શરીરનો સ્વભાવ ફેરવી શક્યા નહોતા. તેથી ફરીથી તે દિશામાં પ્રયત્ન કરવાની જરૂર છે. તે એમ માને છે કે માણસનું શરીર એ આ પૃથ્વી ઉપર છેલ્લું શરીર નથી. પશુ, પક્ષીઓ ઉત્પન્ન થયા પછી જ્યારે મનને રહેવા લાયક સંજોગો આ પૃથ્વી ઉપર ઉત્પન્ન થયા ત્યારે માણસના શરીર

ઉત્પન્ન થયા અને જ્યારે આત્માને સહજ ભાવે આ પૃથ્વી ઉપર રહેવા લાયક સંજોગો ઉત્પન્ન થશે ત્યારે દિવ્ય શરીરવાળા માણસો ઉત્પન્ન થશે અને તેમાંથી દેવ જાતિ થશે. આ મતમાં પણ કાંઇક અંશે યુરોપના જુના સાયન્સના ઉત્ક્રાન્તિવાદનું અનુકરણ છે. આ માન્યતામાં દ્રષ્યના કાળનો અને દ્રષ્યના દેશનો વિચાર રહેલો છે. પણ નવા સાયન્સની શોધો પ્રયોગથી સિદ્ધ કરી આપે છે કે પ્રદેશ અને કાળ એક પ્રકારના નથી. જેવી તેની ભાવના તેવો તેનો પ્રદેશ અને કાળ બંધાઇ જાય છે.

આ બાબત સમજવામાં બે મુખ્ય પ્રશ્નનો વિચાર રહે છે. ૧. પહેલાં શું ઉત્પન્ન થયું છે? ૨. તે તત્ત્વને માણસના કાળનું અને માણસના પ્રદેશનું માપ લાગુ કરી શકાય કે નહિ?

જ્યારે આત્માનો અનુભવ લેવો હોય છે ત્યારે સામાન્ય જીવન સંકોચવું પડે છે અને પાછું વાળવું પડે છે, પોતાના સંસ્કારના દોષ તપાસી કાઢવા પડે છે. વિષયોમાં પડેલ કોઇ માણસને આત્મજ્ઞાન થયું નથી. તેથી ભણેલું ભૂલવું પડે છે. સામાન્ય માણસના

જ્ઞાનને અજ્ઞાન માનવું પડે છે. તેથી એમ માની શકાય કે માણસનું શરીર એ આ પૃથ્વી ઉપર છેલ્લું શરીર છે. કુદ્રતે ઘણા પ્રકારના શરીર બનાવ્યા પણ જે શરીરમાં રહેલો જીવ પોતે પોતાની મેળે પોતાના મૂળ સ્વરૂપ તરફ વળી શકે એવું માણસનું શરીર બનાવ્યું ત્યારે કુદ્રતને સંતોષ થયો છે, એવી કથા ઉપનિષદોમાં બે જગ્યાએ આવે છે. બીજા પ્રાણીઓ પોતાની મેળે પોતાના આત્મા તરફ વળતા નથી.

પણ શ્રી અરવિંદ બાબુનું માનવું એમ છે કે માત્ર આત્મા તરફ વળવાથી આપણું કામ પુરૂં થવાનું નથી. આત્માનો અનુભવ લઇ પાછું જીવનમાં આવવાનું છે. પણ આત્માનો અનુભવ લીધા પછી ભેદ રહેતો નથી, બધું જીવન એક સાથે ચાલતું અનુભવમાં આવે છે. આપણે ભગવાનથી જુદા થયા નથી અને જગત પણ તેનાથી અને આપણાથી જુદું નથી એવો અનુભવ તે વખતે થાય છે. આ દશામાં જગત એ પોતાનું શરીર બની જાય છે.

આ કારણને લઇને વેદના કાળના રૂષીમુનિઓએ પોતાનું માણસનું શરીર ફેરવવાનો પ્રયત્ન કર્યો નહોતો.

તે પછીના વખતમાં આવેલ બીજા ઘણા મહાત્માઓને પણ આવો સર્વાત્મભાવ થયા પછી કાંઇ વિશેષ કર્તવ્ય ન જણાવાથી, પોતાનું શરીર ફેરવવાની સિદ્ધી માટે પ્રયત્ન કરેલ નથી. તેઓ પહેલાં પરમાત્મામાં જગતને રહેલું જોઇ શકતા હતા અને પછી તેમને જગતમાં પરમાત્મા દેખાતા હતા. જુની માન્યતા દૂર થયા પછી જુની માન્યતાનું જગત રહેતું નથી. કઠોપનિષદ્‌માં એક રૂષી સર્વાત્મભાવે કહે છે કે "અન્ન હું છું અને અન્ન ખાનાર પણ હું છું". આવા ભાવવાળા મહાત્માને પોતાનું શરીર ફેરવવાની ઇચ્છા રહેતી નથી. તેમના હાથ પગ વિગેરે સર્વત્ર હોય છે;

**सर्वतः पाणिपादं तत् सर्वतोक्षिशिरोमुखं ॥**

ઉપર કહ્યું તેમ શ્રી અરવિંદની યોગ સાધનામાં મુખ્ય બે ક્રિયાઓ માનેલી છે. ૧. પોતાના સ્વભાવના દોષ કાઢી ભગવાન પાસે જવું અને ૨. ભગવાનના સ્વભાવની અસર લઇ તેની મદદથી આપણા મન, પ્રાણ અને શરીરના ધર્મ ફેરવવા. જ્ઞાનમાર્ગમાં પહેલી ક્રિયાને અસંગત્વભાવ કહે છે, બીજી ક્રિયાને સર્વાત્મભાવ કહેછે. ભક્તિમાર્ગમાં પહેલી ક્રિયાને

વ્યતિરેક ઉપાસના કહે છે, બીજી ક્રિયાને અન્વય ઉપાસના કહે છે. અસંગત્વ પ્રાપ્ત કરવામાં પુરૂષ પ્રયત્નની જરૂર છે કારણ કે વૈરાગ્ય વગર આત્મલાભ થતો નથી પણ સર્વાત્મભાવ એ આત્માનો નિજ-સ્વભાવ છે. તેમાં પુરૂષ પ્રયત્નની જરૂર નથી. તે ક્રિયા વખતે પુરૂષ પ્રયત્ન વાપરવાની જરૂર માનવાથી તે સાધક પાછો ભેદબુદ્ધિમાં દાખલ થાય છે. પોતાના શરીર, પ્રાણ અને મન પોતાના માનવા લાગી જાય છે અને એ ત્રણનો ભેદ પણ દૂર થતો નથી.

યોગમાર્ગમાં મુખ્ય ભૂલ એ થાય છે કે જાણે કે બન્ને ક્રિયા પોતાને કરવાની હોય એમ સાધક માને છે. તેથી પોતાના પ્રદેશ અને પોતાના કાળનું માપ છૂટતું નથી. આત્માના ક્ષેત્રમાં વ્યાપ્તિ એ આત્માનો ખાસ સ્વભાવ છે. તે વખતે તેને બીજાના શરીર પણ પોતાના લાગે છે અને પોતાના કયા શરીરનો સ્વભાવ ફેરવવો એનો વિચાર કરવો પડતો નથી; કારણ કે આખી વસ્તુમાં દોષ નથી. આત્મજ્ઞાન માટે શરીર નડતું નથી પણ સ્વભાવ નડે છે. શરીરના ધર્મથી આત્માને કાંઇ થતું નથી. શરીર કપાવાથી આત્મા કપાતો નથી.

આપણી અંદર જે પ્રત્યકબોધરૂપ આત્મા છે તેજ અદ્વયાનંદ રૂપ પરમાત્મા છે અને જે અદ્વયાનંદ રૂપ પરમાત્મા છે તેજ પ્રત્યકબોધરૂપ આત્મા છે. તેના ઉપર અનન્ય પ્રેમ હોય તો તેના સ્વરૂપની ખબર પડે છે. તે અદ્વય હોવાથી તેનાથી જુદું કાંઇ નથી. આત્મજ્ઞાન થયા પછી પોતાનું માણસનું શરીર ફેરવવાની જરૂર રાખવાથી, પૂર્ણ પૂર્ણતાને હમેશાં ભવિષ્યમાં રાખવી પડશે, આપણામાંથી ભગવાન નીકળશે એમ આશા રાખવી પડશે, આપણા પ્રયત્ન ઉપર ભગવાનનો આધાર રહેશે અને તે ભવિષ્યનો અંત દેખાશે નહિ. ભગવાન પાસે આપણા જેવો કાળ નથી. તે ભવિષ્યમાં નથી પણ વર્તમાનમાં છે. વર્તમાનમાં હોવાથી આત્મજ્ઞાનીને હમેશાં તે જ મળે છે. જેમ આપણો કોઇ મિત્ર હોય, તેની ઉમર વધતી હોય પણ જ્યારે તે આપણને મળે છે ત્યારે તે જ મળે છે એમ લાગે છે તેમ જગતમાં ગમે તેવા ફેરફાર થાય તોપણ જ્ઞાનીને એકજ વસ્તુ સર્વત્ર મળે છે. ગામડાની કોઇ ડોશીઓ પણ શ્રદ્ધાથી આ વાત એવી માની બેસે છે કે તેમને તરત આત્મસાક્ષાત્કાર થાય છે. એક વખત કાઠીઆવાડમાં લાઠી ગામમાં એક એવી ડોશી હતી.

તેને રામચંદ્રજી ઉપર અનન્ય પ્રેમ હતો. એક વખત ઘરમાં સર્પ નિકળ્યો, એટલે તે તેને કહેવા દોડી કે "હે રામ, તમને કોઇ મારી નાખશે;" એમ કહી તેણે સર્પને ઉપાડયો અને ઘર બહાર એકાંત જગ્યાએ તેને મૂકી આવી. આવા ઘણા અનુભવો ખરા જ્ઞાનીને મળી રહે છે.

આ દ્રષ્ટીએ જોતાં કોઇ મહાત્માને ભૂતકાળમાં સર્વાત્મભાવ મળ્યો નહોતો એ વાત સાચી નથી. પણ તેને માટે મુખ્ય બે માર્ગ છે ૧. જ્ઞાન. ૨. ક્રિયા. ક્રિયામાર્ગવાળા પોતાના સ્વભાવથી શરૂઆત કરે છે અને જ્ઞાનમાર્ગવાળા આત્માનો સ્વભાવ જાણવાની શરૂ-આત કરે છે. પહેલા માર્ગમાં સુધરવાના ઉપાય રહે છે, બીજા માર્ગમાં સમજવાના ઉપાય રહે છે. પહેલામાં આપણે હલકામાં હલકા થવાનું છે કે જેથી આપણા કરતાં કોઇ હલકું રહે નહિ. બીજા માર્ગમાં આપણે મોટામાં મોટા થવાનું છે કે જેથી આપણાથી કોઇ મોટો રહે નહિ. બન્ને રીતે પોતાનો પહેલો સ્વભાવ દૂર થાય છે અને તેની સાથેજ પોતાનો પ્રદેશ અને પોતાનો કાળ પણ જતો રહે છે.

કોઇ બાળકને જોઇ કોઇ પૂછે કે "આ બાળક કેનો છે"? તો જવાબમાં તેની માનું નામ આપવું જોઇએ કારણ કે પ્રશ્ન વખતે બાળકનું નામ પહેલું લીધું છે અને બાળક મા પાસેથી મળે છે. પણ કોઇ એમ પ્રશ્ન કરે કે "કેનો બાળક છે?" તો તેના ઉત્તરમાં તેના પિતાનું નામ દેવું જોઇએ કારણ કે પ્રશ્નમાં "કેનો" એ શબ્દ પહેલાં આવેલ છે. સિદ્ધાંતમાં જ્યારે જીવભાવ પહેલો ગ્રહણ થાય છે ત્યારે ક્રિયામાર્ગમાં પ્રવેશ કરી ભગવતી મા પાસેથી જ્ઞાન, શક્તિ, આનંદ વિગેરે મેળવવા પ્રયત્ન થાય છે. જ્યારે આત્માનો સ્વભાવ પહેલો ગ્રહણ થાય છે ત્યારે સાચી સમજણથી આત્માની વિશાળતા શક્તિ, આનંદ, પહેલા અનુભવમાં આવે છે.

ક્રિયામાર્ગવાળા, અંકગણીતની રીતે, ત્રિરાશીમાં ગણાતા દાખલાની માફક, મન, પ્રાણ અને શરીરના ત્રણ વિકારી સ્વભાવ જોઇને, તેને સત્તા આપનાર અવિકારી આત્મા શોધે છે. જ્ઞાનમાર્ગમાં બીજ ગણીતની રીતે બીજ એટલે આત્મા હાજર છે એમ જવાબને શરૂઆતમાં માની તેને x કહે છે અને "ઇકવેશનથી"

એટલે સમતાથી દરેક વખતે દરેક જગ્યાએ તેનો અનુભવ લઇ તેની કિમત જાણે છે. બન્ને રીતે એકજ જવાબ આવે છે. ઘણા માણસો પોતાનો જીવભાવ ભૂલી શકતા નથી, તેથી તેમને માટે અંકગણિતની રીતે, યમ, નિયમ, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન વિગેરે ક્રિયાની જરૂર છે. પણ જો કોઇને માત્ર સર્વત્ર સર્વદા આત્માનો સ્વભાવ પોતાના જીવનમાં રહી શકતો હોય તો બીજ ગણિતની રીતે તેનો જવાબ શરૂઆતમાં મળે છે. બન્નેમાં વૈરાગ્યની જરૂર છે અને બન્નેમાં એકજ જવાબ આવે છે. સાંખ્ય અને યોગ પ્રથક છે એવું બાળક બુદ્ધિવાળા માણસો કહે છે, પંડીતો તેને જુદા કરતા નથી. એક રીતે જો જીજ્ઞાસુ બરાબર સ્થિત થાય તો બન્નેનું ફળ લઇ શકે છે એવું ગીતાનું પ્રમાણ છે.

જે સત્તા તેજ આપે છે તે સત્તાને તેજની ગતિથી કે તેજની દિશાથી અસર થતી નથી એમ નવા સાયન્સવાળાએ પ્રયોગથી અને ગણીતથી સિદ્ધ કર્યું છે. તે પ્રયોગ અંદરના અનુભવમાં લાગુ કરીએ તો જણાશે કે જો કે આપણા મનના ધર્મ, પ્રાણના ધર્મ

અને શરીરના ધર્મ આપણા સંસ્કાર પ્રમાણે તેજની દિશા ફેરવવાથી બંધાએલા રહે છે છતાં આપણો આત્મા તેજ આપનાર હોવાથી તેને તે સંસ્કારની કાંઇ અસર થતી નથી. તે હમેશાં શુદ્ધ, જ્ઞાનસ્વરૂપ અને આનંદમય રહે છે. તેનાથી કોઇ તેજ જુદું નથી; તેથી બીજા જીવ કે જગત પણ જુદાં નથી. તે દશામાં જીવને જીવ કહી શકાય નહિ અને જગતને જગત કહી શકાય નહિ. બધું પોતામાંથી ઉત્પન્ન થઇ પોતામાં ચાલતું લાગે છે. જે માણસ આવો અનુભવ લઇ શકે છે તેને જ્ઞાનથી ફળ છે, કર્મથી ફળ નથી. યોગીને પોતાની અંદર જે સૂક્ષ્મ તેજનો અનુભવ થાય છે તે કરતાં પણ જ્ઞાનનું તેજ વધારે સૂક્ષ્મ છે. તેનો પ્રકાશ બહુ આશ્ચર્યકારક છે. સ્વપ્નામાં તેની અસરથી જીવ સંકલ્પ પ્રમાણે પોતે દ્રષ્ટા બને છે, પોતેજ દ્રષ્ય બને છે અને પોતેજ દર્શન બને છે. જાગ્રત અવસ્થાના ભેદના સંસ્કાર, જ્યાં ભેદ નથી તેવી સ્વપ્નાની દશામાં, ભેદ ઉત્પન્ન કરે છે. તેથી જ્યારે તેજ આપનાર સત્તાનો અનુભવ લેવો હોય ત્યારે બહુ સંયમની જરૂર રહે છે અને બ્રહ્મનિષ્ઠ ગુરૂ પાસેથી આત્મજ્ઞાન મેળવવું જોઇએ.

કાળની ગતિ.

આત્મજ્ઞાનના માર્ગમાં પહેલું એ જાણવાની જરૂર છે કે આપણે પહેલાં ભગવાનથી જુદા થયા શી રીતે? ભગવાનને પૂછીએ તો તે કહે છે કે મારાથી કોઇ જુદું થયું નથી. તેથી જ્યારે માત્ર તેનો વિચાર કરીએ ત્યારે જણાઇ આવશે કે આપણે હમેશાં તેની સાથેજ છીએ. બધી ક્રિયા એક સાથે ચાલે છે.

બીમાંથી અંકુર ઉત્પન્ન થાય છે, તે પછી પાંદડા, તે પછી ફૂલ અને પછી ફળ ઉત્પન્ન થતા દેખાય છે. પણ ખરીરીતે જોતાં જ્યારે અંકુર ઉત્પન્ન થાય છે તેજ વખતે ફૂલ અને ફળના તત્ત્વોની ઉત્પતિ શરૂ થઇ હોય છે. બીની બીજી દશાને અંકુર કહે છે, બીની ત્રીજી દશાને છોડ કહે છે, તેની ચોથી દશાને ઝાડ કહે છે, તેની પાંચમી દશાને ફૂલ અને ફળ કહે છે. બધી દશામાં એકજ વસ્તુ મળે છે. છતાં પાંદડા, ફૂલ અને ફળના કાળ જુદા જુદા હોય છે. જ્યારે ફૂલ પડી જાય છે ત્યારે ફળ પડી જતા નથી અને ફળ પડી જાય છે ત્યારે પાંદડા પડી જતા નથી. જુદા જુદા કાળવાળા આ ભાગો એક તત્ત્વમાં એક સાથે સમાઇને રહે છે; તેવીજ રીતે પરમાત્મામાં આખું જગત પરમાત્મારૂપ થઇને રહેલું છે.

નાના છોકરાને દાંત પહેલાં આવે છે અને મૂછ પછી આવે છે; છતાં, મૂછ ઉગવાનું કામ દાંત આવતી વખતેજ શરૂ થએલું હોય છે. પણ માણસની દ્રષ્ટીએ જ્યારે મૂછ દેખાવા લાગે છે ત્યારે કહે છે કે મૂછ આવી. આવીજ રીતે જગતના બધા બનાવ એક સાથે બને છે, પણ સામાન્ય દ્રષ્ટીથી તે એક પછી એક બનતા હોય એમ દેખાય છે.

દીકરો ઉત્પન્ન થાય છે ત્યારે બાપ ઉત્પન્ન થાય છે. બાપને બાપ કહેનાર કોઇ ન આવે ત્યાંસુધી તે બાપ થતો નથી. દેશી રાજ્યોમાં રાજાના કુંવરને નાની ઉમરથી તેના નોકરો અને પ્રજા સલામ કરવા લાગે છે ત્યારે તેને લાગે છે કે હું રાજા છું. રાજા ગાદીએ બેસે છે ત્યારે તેની સ્ત્રી રાણી થઇ જાય છે; ખરી રીતે રાણીને રાજાની માફક કોઇ ગાદીએ બેસાડતું નથી. કન્યા પરણે છે ત્યારે પત્ની કહેવાય છે અને તે વખતેજ કુંવર, પતિ થાય છે. એક બનાવમાં આ પ્રમાણે ઘણા શબ્દોની અને ઘણા અર્થોની ઉત્પત્તિ એક સાથે થાય છે. વળી, ઉપયોગ વખતે પણ ઘણા જીવો એક બનાવ માટે એક સાથે કામ કરે છે. પાણી

ઉત્પન્ન થયું કે પાણીના જીવ ઉત્પન્ન થાય છે. ઝાડ ઉત્પન્ન થયાં કે ઝાડનો ઉપયોગ કરનાર પક્ષીઓ ઉત્પન્ન થાય છે.

તેવીજ રીતે વિનાશની ક્રિયા પણ એક સાથે ચાલે છે. વસ્તી વધે એટલે દુકાળ, રોગ કે લડાઇનું કામ શરૂ થાય છે. જ્યાં ઝાઝા જીવડા ઉત્પન્ન થાય છે ત્યાં તેને ખાનારા પણ તેજ વખતે ઉત્પન્ન થાય છે.

સમાજમાં પણ મૂડીવાળાની જ્ઞાતિ ઉત્પન્ન થાય છે તેજ વખતે મજુરોનો સંઘ, પોતાના નવા કાયદા બાંધી, મૂડીવાળાની જ્ઞાતિનો નાશ કરવા માટે ઉત્પન્ન થાય છે. બીનો નાશ થાય છે ત્યારે ઝાડ ઉત્પન્ન થાય છે. ઉત્પત્તિ અને નાશ એ જુદી જુદી ક્રિયાઓ નથી. જગતની ક્રિયાઓમાં ભેદ જોવો એ અજ્ઞાન છે. બધી ક્રિયા સાથે ચાલતી અનુભવમાં આવવી જોઇએ. તેમાં નવા પ્રકારનો વિચાર અને નવા પ્રકારની લાગણી રહે છે. તેની ટેવ પાડવી જોઇએ. સામાન્ય સંસ્કારથી તે બાબત સમજી શકાતી નથી.

માણસના સંસ્કારની ભૂલ માટે બીજો એક સારો દ્રષ્ટાંત આપવામાં આવે છે. કોઇ આંધળો માણસ

હાથીના પગને પકડે છે ત્યારે કહે છે કે હાથી થાંભલા જેવો છે. તે પછી પૂંછડી હાથમાં આવે ત્યારે કહે છે કે તે સોટી જેવો હશે, પગ હાથમાં આવ્યા પછી પુંછડી હાથમાં આવે છે તેથી તે કહે છે કે પગમાંથી પૂંછડી ઉત્પન્ન થઇ હશે; પણ હાથી પહેલેથી આખોને આખોજ હોય છે. યોગમાર્ગમાં એક એક ભાગના અનુભવ એક પછી એક થાય છે. જ્ઞાનમાર્ગમાં આખી વસ્તુનો વિચાર પહેલો રહે છે. તેથી આપણી સમજણનો છેડો કેવો આવશે તે જોવાની જરૂર નથી પણ આપણી સમજણની શરૂઆત કેવી રીતે થાય છે તે જોવાની જરૂર છે.

આ પુસ્તકમાં છાપેલી લીટીઓ ઉંધી વાંચવી હોય તો વાંચી શકાશે પણ તેનો અર્થ સમજાશે નહિ. અર્થ સમજવા માટે જેવી રીતે છાપેલી છે તેવી રીતે વાંચવી જોઇએ. તેવીજ રીતે પહેલાં પરોક્ષ જ્ઞાન મેળવી તે રીતે જીવન ગાળવાથી, સામાન્ય જ્ઞાનવાળા મનનો નાશ થાય છે, વાસનાનો ક્ષય થઇ પ્રાણમાં ફેરફાર થાય છે અને પ્રત્યક્ષ જ્ઞાનથી શરીરનું અભિમાન જાય છે. આ રીતે મન, પ્રાણ અને શરીરના ધર્મ ફરે છે.

## કાળની ગતિ.

માણસનો હાથ કેમ જન્મે છે અને પગ કેમ જન્મે છે એ જાણવા કરતાં માણસ કેમ જન્મે છે એ જાણવું સહેલું છે; તેવીજ રીતે આખું જગત પરમાત્મામાં રહેલું છે તે જાણવું સહેલું છે. ખરા મહાત્માઓના વિચારમાં સમષ્ટીનો સમન્વય રહે છે. તે ચિત્રને આખુંને આખુંજ જુએ છે. સામાન્ય માણસ તેમાં કેવો રંગ અને કેટલો રંગ વાપરેલો છે તેની ગણત્રી કરે છે. આખું ચિત્ર સમજવા માટે ભવિષ્ય વર્તમાનમાં મળવું જોઇએ.

આખું ચિત્ર બનતાં જેટલો વખત લાગે છે તેટલો વખત તેને જોતાં લાગતો નથી. જોવામાં દ્રષ્ટાનો ઉપયોગ રહે છે. જ્યારે દ્રષ્ય વસ્તુઓનો ઉપયોગ માણસ પાસે રહે છે ત્યારે ભવિષ્ય ઉત્પન્ન થાય છે કારણકે દ્રષ્ય વસ્તુઓની કાંઇક દશા ભવિષ્યમાં બનવાની રહે છે. દ્રષ્ટાની બીજી દશા ભવિષ્યમાં બનવાની હોતી નથી.

અંદરની દશા સારી હોય તો નજીવી વસ્તુઓમાં ઘણું સૌંદર્ય જોવામાં આવે છે. અંદરની લાગણીમાં કેટલી વિશાળતા અને ઉંડાણ છે તે ઉપર દ્રષ્ટીનો આધાર છે. સામાન્ય લાગણીથી જે જગત જોવામાં

આવે છે તે જગતનું ખરૂં સત્ય નથી. તે વખતે પણ એકજ વસ્તુ મળે છે, પણ તેનો એક ભાગ મળે છે. જગત જીવના સુખ માટે છે પણ સુખનો આધાર જીવની અંતર્દશા ઉપર છે. જગત પ્રત્યે આપણે જેવી લાગણી રાખીએ છીએ તેમાં જીવનનું બધું રહસ્ય સમાયલું છે.

પુરૂષોને પૂછીએ તો કહે છે કે સ્ત્રીઓમાં સૌંદર્ય છે. પણ પુરૂષોમાં કયાં ઓછું સૌંદર્ય છે? સ્ત્રીઓમાં સ્વતંત્રતા વધતી જાય છે અને પ્રાચીન કાળની માફક ફરીથી સ્વયંવરના રીવાજ દાખલ થશે ત્યારે પુરૂષોના સૌંદર્યની અને ગુણની પરિક્ષા કન્યાઓ કરશે. તે વખતે સમાજમાં વિદ્યાની કિમત વધારે હશે તો કન્યાઓ પુરૂષો પાસે વિદ્યાની આશા રાખશે, શૂરવીરતાની કિમત હશે તો પુરૂષોએ શૂરવીરતા બતાવવી પડશે, પૈસાની કિમત અથવા મજુરીની કિમત ભવિષ્યની કન્યાઓને બહુ ઓછી લાગશે; ઘણી કન્યાઓ રૂષીઓને પરણવાની ઇચ્છા કરશે.

તત્ત્વ દ્રષ્ટીએ બધા પ્રકારના ઘાટમાં સૌંદર્ય છે. જડ જેવી દેખાતી સ્થૂલ વસ્તુઓમાં પણ અદભૂત

સૌંદર્ય છે. તે ન હોય તો માણસો જંગલોમાં, નદી કાંઠે, સમુદ્ર કિનારે અથવા બગીચાઓમાં ફરવા જાય નહિ.

આત્મજ્ઞાની પોતાની અંતર્દશા સમજી શકે છે પણ બરાબર સમજાવી શકતો નથી. તેના જ્ઞાનમાં 'હું નથી' એવું કાંઇ રહેતું નથી. જીવન જોઇ શકાય છે, સત્યનો વિચાર કરી શકાય છે પણ સુખ માટે અંતર્દશા ઉપર આધાર છે. તે જોવાની વસ્તુ નથી. તે વિષે દલીલ કરવી નકામી છે. સત્ ચિત્ આનંદ વિગેરે શબ્દો વાંચવામાં આવે પણ તેને માટે જેવી લાગણીની જરૂર છે તેવી લાગણી ન હોય તો તેનો અર્થ સમજાતો નથી.

ઉંચી લાગણી માટે જ્ઞાનની ભૂમિકામાં ફેર પડવો જોઇએ. ખરૂં જ્ઞાન વધતું નથી પણ ખોટું જ્ઞાન ફેરવવું પડે છે તેથી એમ બોલાય છે કે જ્ઞાન વધે છે. જે જ્ઞાનથી ભગવાનજ મળે અને બીજું કાંઇ ન મળે તે ખરૂં જ્ઞાન છે. ધીરેધીરે ભગવાન મળે તેનું નામ ભગવાન નથી. ભગવાનને કાળનું બંધન નથી. માણસની બુદ્ધિને કાળનું બંધન હોવાથી તે બુદ્ધિ બધી બાબતમાં

કાળનું બંધન માની બેસે છે. ભગવાનની તરફથી ધીરેધીરે આવવાપણું નથી.

જ્યાં સત્ મળે ત્યાં સત્સંગ થયો કહી શકાય. સત્સંગ પછી જે કામ કરવાનું હોય તે કામના વિચાર અથવા તેની જરૂરીઆત સત્સંગનું ફળ લેવામાં આડા આવે છે. જે વસ્તુની જરૂરીઆત રાખી હોય તે દૂર હોય અથવા બની ગઇ હોય પણ યાદ આવ્યા કરે તો તે છોડી છે એમ કહેવાય નહિ.

જે જ્ઞાનથી જગતની વસ્તુઓ દેખાય છે તે જ્ઞાનથી ભગવાન મળશે નહિ. જે જ્ઞાનથી ભગવાન મળે છે તે સ્વયંપ્રકાશ છે. તે જ્ઞાનથી જગતને જોવું અને અંદર બહારનો ભેદ કાઢી બધું એકરૂપ છે એમ અનુભવ લેવો. આવા જ્ઞાનથી જે ક્રિયા થાય તે સાચી ક્રિયા છે. ભાવમાં જ્યારે અભેદપણું હોય ત્યારે તે ભાવ ભગવાનજ છે. તેથી કોઇના ગુણ કે દોષ જોવા એ દોષદ્રષ્ટી છે; કોઇના ગુણ કે દોષ ન જોવા એ ગુણ દ્રષ્ટી છે.

આવા માણસને જ્ઞાની, રૂષી, મહાત્મા કે ભગવાન જે કહો તે કહી શકાય. આવો માણસ બહારના ચિન્હથી બહુ ઓળખાતો નથી. તે ગુપ્ત રીતે ફરે છે,

ઓછું બોલે છે, એકાંત સેવે છે. તેના જેવી જેની અંતર્દશા હોય તે તેનું જીવન સમજી શકે છે.

આ શકયતાનું ક્ષેત્ર છે. આંહી કાંઇ જોઇતું નથી છતાં બધું પાસે છે. આ દશામાં નવું જગત છે. આંહી કોઇ બનાવ વહેલો નથી, કોઇ મોડો નથી, કોઇ આગળ નથી, કોઇ પાછળ નથી, કોઇ ઉંચે નથી, કોઇ નીચે નથી. દ્રષ્યના જે કાળ પ્રમાણે સામાન્ય જીવન ચાલે છે તે કાળ પોતેજ આંહી નથી. આજે, કાલે, હમણા, પછી, ધીરે, ઉતાવળા વિગેરે ભાવ આંહી નથી. જે છે તે હમેશ છે. તે પૂર્ણ છે, આ પૂર્ણ છે, પૂર્ણમાં પૂર્ણ મળવાથી પૂર્ણ થાય છે, પૂર્ણમાંથી પૂર્ણ બાદ કરતાં બાકી પૂર્ણ રહે છે.

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥